વર્ષ ૧ લું.

ઉપયોગી જ્ઞાનમાળા.

મણકો ૧ લો.

સાહિત્ય પ્રચાર કમંડળ

બેકનના નિબંધો.

અનુવાદક,

રત્નસિંહ દીપસિંહ પરમાર.

અમદાવાદ.

પ્રકાશક,

રત્નસિંહ દીપસિંહ પરમાર.

નવાવાસ—અમદાવાદ.

નારાયણલાલ ગુપ્ત.

નાવલી. વાયા આણંદ.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

કિં. ૦-૬-૦.

છૂટક નકલના છ આના

એપ્રિલ ૧૯૧૫

લવાજમ રૂ. ૨-૦-૦

વર્ષ ૧ લું.
ઉપયોગી જ્ઞાનમાળા.
અંક ૧ લો.

સાહિત્ય પ્રચારક મંડળ

બેકનના નિબંધો.

અનુવાદક,

રત્નસિંહ દીપસિંહ પરમાર.

અમદાવાદ.

પ્રકાશક,

રત્નસિંહ દીપસિંહ પરમાર.

નવાવાસ—અમદાવાદ.

નારાયણલાલ ગુપ્ત.

નાવલી. વાયા આણંદ.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

કિં. ૦-૬-૦.

છૂટક નકલના છ આના

એપ્રિલ ૧૯૧૫

લવાજમ રૂ. ૨-૦-૦

આવૃત્તિ ૧ લી. પ્રત ૨૩૦૦.

અમદાવાદ.

શ્રી ડાયમંડ જ્યુબિલી પ્રીન્ટીંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યા.

Foreword.

I am a simple man with simple habits often doing the simplemost work for the betterment of humanity. I have never used my humble self as a peg for hanging fashionable flipperies on and have never tried, by means of what may significantly be termed male coquetry, to get introduced into wealthy and pompous society. There may reasonably be two reasons for such condust on my part: either I may be totally incapable of shining in brighter society or I may have a shere contempt for trying to do so, as a man in solitude must either be a beast or a god. Whichever one of the two may be the true cause it remains certain that I have never shone as a bright star in the blazing firmament of the upper ten, and that I have remained true to the earth. My knowledge is little, my education less, and my intellectual capacity the least of all. In the presence of intellectual worthies I often find myself at sea if required to express myself. Prompt questions I cannot answer as promptly, and I have never been an expert in the art of debating, by the favour of which many a sycophant transforms himself into a true patriot and dozens of cowards become heroes for the moment. Over and above all these faults,

defects and deficiencies I possess the most extraordinary vice of all ages, periods and sub-periods—I mean the folly of proclaiming in as well as out of place intention to do some little service to the people. And this idiosyncracy of mine has been openly attacked by my friends—for foes I have none–with clubs and daggers of old in addition to the modren deadly weapens of warfare. And after they have been gleeing over its total extinction from this plane, it has the upright audacity to appear afresh in all its manifold deformities as if phœnix-like from its ashes! And I too inspired as I am with that very idiosyncracy whirl round and round with it until I fall down totally exhausted and am lost in the delirium which follows soon after.

In brief, I possess the desire to do some service of the people and very often this desire of mine is expressed in unmistakable words either in speech on in writing. Some three or four months ago I with the consent of two or three friends of mine founded the Dharmottejak Mandal, the aims and objects of which will be made clear by the following few lines extracted from its memorandum :—

An Appeal.

The Province of Gujarat is very backward as regards philanthropy. In our province very

few persons can be found to devote themselves to philanthrophic work. In Gujarat or among the Gujarati Speaking classess where are to be found institutions such as the National College of Bengal, the Fergusson College and Servants of India Society of Deccan and Dayanand Anglo-Vernacular College of the Punjab. Can we Gujaratis boast of men of the stamp of Sir Tarkanath Palit and Dr. Rosh Behari Ghosh of Bengal, the professors of the Fergusson College, the Hon. Mr. Gokhale and his followers of the Servants of India Society and Lala Lajpatrai of the Punjab? And the Dharmottejak Mandal has been established with a view to point out to the Gujarati community the necessity and usefulness of following in the same direction. Its aims and objects are as follows:—

(1) To disseminate broadcast the useful literature in the Gujarati language.

(2) To establish a library consisting of the best books found in all the languages of the earth.

(3) To provide the villagers and town people with the useful knowledge by the system of travelling libraries.

(4) To protect the orphans and educate them.

(5) To found night schools for the children of the poorer classes and try to enlighten them in every possible way.

(6) To establish Temperance Societies and try by means of lectures, pamphlets and books to root out the evil of Drinking.

(7) To try to regenerate the indigenous Industry, Arts, Agriculture &c.

(8) To diffuse religious and moral instruction.

These are the aims and objects of this institution. But as the resources at its command are very limited, no effective work can be carried on unless and until sound and substantial help from the public at large is forthcoming. And these are the ways in which the people can help the institution :—

(1) To purchase the books published by the institution.

(2) To give donations to undertake and and effectively carry on any of the above-mentioned works.

(3) To work as volunteers for the institution.

The institution is shortly going to publish "Upayogi Gnan Mala" (The Useful Literature Series). The books published in this series will be handy, beautiful and inspiring &c.

Now you have seen that the first object of the Dharmottejak Mandal is the spread of useful literature in the vernaculars. The first book published in consonance with this object is "Mansik Unnati" a very small pamphlet indeed

but a readable, instructive and useful one notwithstanding. Then Mr. Narayanlal Gupta of Navli desired to get the life of Swami Dayanand Saraswati translated by me and called me to his house to arrange for the same. I readily accepted the offer and went to Navli. There upon learning the aims and objects of the Dharmottlejak Mandal he at once promised me to give monetary help to carry out the first object. And the result has been the establishment of the 'Sahitya Pracharak Mandal' as a branch of the original 'Dharmottejak Mandal.' And I take this opportunity to express my deepest gratitude to Mr. Narayanlal for the very useful service he has rendered to the cause of the vernacular literature. I should not here miss the name of Mr. Desaibhai, also a resident of Navli, who has equally helped the institution. He also deserves the best compliments. Finally, I exhort my countrymen to help the work I have undertaken to the best of their capabilities.

Ratnasingh Deepsingh Parmar,

President, Dharmottejak Mandal.

Navavas Danapith,

Ahmedabad.

મંત્રીના બે બોલ.

આ મંડળની સ્થાપના આ રીતે થઇ છેઃ અમારો વિચાર સ્વામિ દયાનંદનું જીવન ચરિત્ર રા. રત્નસિંહ દીપસિંહ પરમાર પાસે લખાવવાનો હતો અને તે માટે અમે એમને અમારે ઘેર બોલાવ્યા હતા. ત્યાં એમણે અમને એમના "ધર્મોત્તેજક મંડળ"ના ઉદ્દેશો સમજાવ્યા. આ ઉદ્દેશો અમને લોકકલ્યાણના જણાયા, તેથી અમે સાહિત્યનો પ્રચાર કરવાનો જે એમનો પ્રથમ ઉદ્દેશ છે તે પાર પાડવાને યથાશક્તિ આર્થિક મદદ કરવાનું કામ માથે લીધું અને "ધર્મોત્તેજક મંડળ"ના એક અંગ તરીકે "સાહિત્ય પ્રચારક મંડળ"ની સ્થાપના કરી. હવે એમના સાત ઉદ્દેશો આ પ્રમાણે બાકી રહે છેઃ

(૧) જગતની સર્વ ભાષાઓના ઉત્તમોત્તમ ગ્રંથોનું એક પુસ્તકાલય સ્થાપન કરવું.

(૨) ફરતા પુસ્તકાલયની યોજનાથી ગામડાના તેમજ શહેરના લોકોને ઉપયોગી જ્ઞાન પૂરૂં પાડવાનો પ્રયત્ન કરવો.

(૩) અનાથોનું રક્ષણ કરી તેમને શિક્ષણ આપવું.

(૪) રંક લોકોના છોકરાઓને માટે રાત્રિશાળાઓ સ્થાપન કરવી તથા તે સમુદાયમાં જ્ઞાનનો પ્રચાર કરવાને દરેક પ્રયત્ન કરવો.

(૫) દારૂ નિષેધક ચળવળ કરવી, તે કાર્યને માટે ઉપદેશો રાખવા, પૅમ્ફલેટો, પુસ્તકો વગેરે પ્રકટ કરવાં.

(૬) દેશનો ઉદ્યોગ, કારીગરી, કૃષિવિદ્યા, વગેરેને સજીવન કરવાને માટે પ્રયત્ન કરવો.

(૭) ધર્મ અને નીતિનો પ્રચાર કરવો.

સાહિત્ય પ્રચારનું કાર્ય જો બહોળો ફેલાવો પામે તો બીજા ઉદ્દેશો પાર પાડવાને ઘણી અનુકૂળતા થશે માટે અમને આશા છે કે પ્રત્યેક ગુજરાતી ભાષાભિજ્ઞ આ મંડળ તરફથી પ્રકટ થતાં પુસ્તકોના ગ્રાહક થઈ આ કાર્યને ઉત્તેજન આપશે તથા એમના ઇતર ઉદ્દેશો પાર પાડવામાં સાહાય્ય કરવાને સ્વયંસેવકો તથા શ્રીમંતો બહાર પડશે.

નારાયણલાલ ગુપ્ત.

મંત્રી—સાહિત્ય પ્રચારક મંડળ.

બેકનના નિબંધો.

(૧)

સત્ય.

“સત્ય એટલે શું ?” એવો પ્રશ્ન પાયલેટે મશ્કરીમાં પૂછ્યો;* અને તેનો ઉત્તર મળતાં સુધી તે થોભ્યો નહિ. ખરેખર, પાયલેટના જેવાજ કેટલાક લોકો હોય છે. તેમને ઘડી ઘડીમાં મત બદલવામાંજ આનંદ થાય છે. એકજ મત ઉપર દ્રઢ વિશ્વાસ રાખવો એ તેમને બંધનરૂપ લાગે છે. વિચાર કરવામાં અને વર્તનમાં સ્વતંત્રતા હોવી જોઇએ એવી ઇચ્છા તેઓ પ્રદર્શિત કરે છે. એવા તત્વજ્ઞાનીઓના× પંથ ટકી રહ્યા નથી તોપણ તેમના જેવાજ ચંચલબુદ્ધિના કોઇક માણસો હજી દ્રષ્ટિગોચર થાય છે. પરંતુ તે પ્રાચીન તત્વજ્ઞાનીઓમાં જે ધમક હતી તે આ લોકોમાં જણાતી નથી.

સત્ય શોધી કાઢવામાં શ્રમ અને આયાસ પડે છે અથવા તે જડયા પછી મનુષ્યના વિચાર ફાવે તેમ—યથેચ્છ—ભ્રમણ કરવા ન દેતાં તેને દાબમાં રાખે છે, એટલા માટે મનુષ્યને અસત્ય પ્રિય લાગે છે એમ

---

* ઇશુ ખ્રિસ્તના સમયમાં જુડિયા પ્રાંતમાં પાનશિયસ પાયલેટ નામનો સુબેદાર હતો. તે રોમન હતો. ખ્રિસ્તને ગુન્હેગાર તરીકે તેની આગળ આણવામાં આવ્યો, ત્યારે પાયલેટે તેને પ્રશ્ન કર્યો કે “ તું કોણ છે અને તેં આ ધાંધલ કેમ કરવા માંડી છે ? ” ખ્રિસ્તે ઉત્તર આપ્યો “ હું સત્યના પ્રસારાર્થે ઉદ્યોગ કરૂં છું ” આ સાંભળી પાયલેટે પુનઃ પ્રશ્ન કર્યો “ સત્ય એટલે શું ? ” અને ઉત્તરની રાહ ન જોતાં તે ઉઠી ગયો.

× સ્કેપ્ટિક્સ—પરિશિષ્ટ જુઓ.

નથી. પરંતુ સ્વાભાવિક રીતેજ મનુષ્યને અસત્ય તરફ પ્રીતિ હોય છે. (જો કે તે દોષ રૂપ છે.) ગમ્મતની ખાતર કવિ મિથ્યા ભાષણ કરે છે અને વ્યાપારી લોકો નફાને માટે અસત્ય બોલે છે. પરંતુ જ્યારે ગમ્મત કરવાનો કે નફો મેળવવાનો ઉદ્દેશ ન હોય ત્યારે પણ લોકો અસત્ય ભાષણ કરે છે, તે કેમ? જુઠાણાની ખાતર જુઠાણું કરે છે એવા જુઠાણામાં છે શું? એ વિષે એક ગ્રીક તત્ત્વવેત્તાએ બહુ વિચાર કર્યો, પણ તેને કાંઇ કારણ જણાયું નહિ; **તેને કપાળે હાથ ધરવા પડયા.** મને લાગે છે કે એમ તો નહિ હોય કે સત્ય એ નિરભ્ર દિવસના શુદ્ધ પ્રકાશના જેવું છે, અને રાત્રિના સમયે દીવાના પ્રકાશમાં વેશો જેટલા ખુલે છે તેનાથી અર્ધા ભાગે પણ તે દિવસે ખુલતા નથી, તેજ પ્રમાણે જગતમાંના વેશો, તમાશાઓ અને અસત્યની મદદથી રંગ ચઢે છે તેવો સત્યના પ્રકાશમાં તેમને રંગ ચઢતો નથી? સત્યને મોતીની ઉપમા આપીશું તો તે શોભશે; કારણકે મોતીનું તેજ દિવસે ઉત્તમ પ્રકારે જણાય છે. પરંતુ તેને હીરાની ઉપમા શોભશે નહિ. કારણ કે હીરાનું તેજ દિવસે સારૂં પડતું નથી; રાત્રિના સમયે ભિન્ન ભિન્ન બાજુથી દીપકનો પ્રકાશ હીરા પર પડતાં તે અત્યંત ચમત્કાર આપે છે. અસત્યના મિશ્રણથી સદા આનંદ ઉત્પન્ન થાય છે. મનુષ્યના મનમાં પોતાને વિષે જે શેખી, જે મોહક આશા, જે વૃથા અભિમાન, જે તરંગી કલ્પના, ઇત્યાદિ હોય છે તે સર્વેનો જો નાશ થાય તો ઘણા લોકોનાં મન લાચાર, સંકુચિત, ઉદાસ અને અસ્વસ્થ બની જશે; અને તેમને પોતાની જાતનો કંટાળો આવશે, આ વિષે કોને શંકા છે વારૂ?

એક ખ્રિસ્તી ધર્માધિકારીએ અત્યંત ક્રોધથી કવિતાને "અસુર પેય" કહી છે. કારણ કે કવિતાના સેવનથી મનુષ્યના મનમાં મિથ્યા કલ્પના ભરાય છે, એમ તેનું કહેવું છે. પરંતુ આવી કલ્પના કેવળ

અસત્યની છાયા છે. પરંતુ જે અસત્ય મનમાં આવીને નીકળી જાય છે તે અપાયકારક નથી; જે મનમાં વ્યાપી જાય છે અને ત્યાંનું ત્યાંજ રહે છે, તેજ અપાયકારક થાય છે. મનુષ્યની પાતકી બુદ્ધિને અને અભિરૂચિને અસત્ય ગમે તેટલું ઉત્તમ લાગે તોપણ સત્યજ આપણને શીખવે છે કે સત્યની શોધ (ઉપાસના) કરવી, તેનું જ્ઞાન (પ્રાપ્તિ) મેળવવું અને તે પર વિશ્વાસ રાખવો (તેનો ઉપભોગ કરવો) એમાંજ માનવી સ્વભાવનું પરમ કલ્યાણ છે. સૃષ્ટિ ઉત્પન્ન કરતી વખતે ઈશ્વરે ઇંદ્રિયગોચર પ્રકાશ પ્રથમ નિર્માણ કર્યો; અને સૌથી અંતે બુદ્ધિ પ્રકાશ નિર્માણ કર્યો; અને ત્યારથી પોતાના આત્મા વિષે પ્રકાશ આપવો એ તેનું સબાથ* કામ છે.

પ્રથમ તેણે પ્રકૃતિ અથવા અપંચીકૃતભૂત× સ્થિતિમાં પ્રકાશની પ્રેરણા કરી. ત્યાર પછી તેણે મનુષ્યમાં પ્રકાશની પ્રેરણા કરી; અને તે પોતાના પ્રિય લોકોમાં નિત્ય પ્રકાશની પ્રેરણા કર્યેજ જાય છે.

પ્રાચીનકાળનો એક કવિ જણાવે છે કે કિનારાપર ઉભા રહી સમુદ્રમાં નૌકાને આમ તેમ હેલકારા ખાતી જોઇ આનંદ થાય છે;

---

* યાહુદી અને ખ્રિસ્તી લોકોની એવી માન્યતા છે કે ઈશ્વરે છ દિવસ પર્યંત સૃષ્ટિ નિર્માણ કરવાનું કામ કર્યું અને સાતમા દિવસે વિશ્રાંતિ લીધી. આ સાતમા દિવસને યાહુદી ભાષામાં 'સબાથ' કહે છે. યાહુદી અને ખ્રિસ્તી લોકો આ દિવસને પવિત્ર માને છે અને તે દિવસે પ્રાપંચિક કામો કરતા નથી. યાહુદી લોકો શનિવારે અને આધુનિક ખ્રિસ્તીઓ રવિવારે 'સબાથ' પાળે છે.

× ઈશ્વરને પુરુષ કિંવા આત્મા (Spirit) અને જગતના આદિ રૂપને પ્રકૃતિ કિંવા માયા કિંવા પ્રધાન (Matter) કહેવામાં આવે છે. જગતને સાંપ્રતનું સુવ્યવસ્થિત સ્વરૂપ પ્રાપ્ત થયું તે પૂર્વે પંચમહાભૂતની જે અવ્યવસ્થિત સ્થિતિ હતી તેને અપંચીકૃતભૂત સ્થિતિ (Chaos) કહેવામાં આવે છે.

કિલ્લાની બારીમાં ઉભા રહી નીચે ચાલતી લડાઇ અને તેમાં થતી હારજીત જોઇ હર્ષ થાય છે; પરંતુ સત્યના ઉચ્ચ સ્થાન પર ઉભા રહી નીચેના લોકોની ભૂલો, તેમની ભ્રાંતિ, તેમનો અજ્ઞાનાંધકાર અને તેમના કલહ જોઇને જે આનંદ થાય છે તે તો અનુપમેયજ છે. પરંતુ પ્રેક્ષકે માત્ર દયાર્દ્ર દ્રષ્ટિથી જોવું, અભિમાન વા ગર્વથી જોવું નહિ. ખરેખર, પરોપકારમાં નિમગ્ન થવું, ઇશ્વરમાં વિશ્રાંતિ પ્રાપ્ત કરવી અને સત્યની ધરીપર ફરવું એ મનુષ્યને માટે પૃથ્વી પરજ સ્વર્ગ સુખ છે.

હવે આપણે પરમાર્થવિષયક અને તત્ત્વજ્ઞાનવિષયક સત્યથી વ્યવહારવિષયક સત્ય તરફ વળીશું. જેનું વર્તન નિષ્કપટી અને પ્રમાણિક ન હોય, તે પણ કબુલ કરશે કે નિષ્કપટી અને પ્રમાણિક વર્તન મનુષ્ય સ્વભાવને ભૂષણાર્હ છે; અને સોના રૂપામાં હીન ધાતુનું મિશ્રણ કરવાથી જે પરિણામ આવે છે તેજ પરિણામ વ્યહારમાં અસત્યના મિશ્રણથી આવે છે. સોના રૂપામાં હીન ધાતુનું મિશ્રણ કરવાથી તેના શિક્કા સારા પડે છે; પરંતુ તેનો કસ ઉતરી જાય છે. માટે આ વક્ર અને કુટિલ માર્ગ સર્પની ગતિ સમાન છે. સર્પ અધમતાથી પેટ ઘસડીને ચાલે છે, પગે ચાલતો નથી.+ મનુષ્યની અસત્યતા અને કૃત્રિમ ભાવ જાહેર થયાથી તેને જેટલી શરમ ઉત્પન્ન થાય છે તેટલી શરમ બીજો એકાદ દુર્ગુણ જાહેર થયાથી ઉત્પન્ન થતી નથી. "જૂઠો" એ શબ્દ આટલો લજ્જાસ્પદ અને ઘૃણાસ્પદ શા માટે હશે વાર? આ વિષે વિચાર કરતાં માન્ટીની સુંદર રીતે કહે છે કે "બારિક વિચાર કરી જોતાં એમ જણાય છે કે કોઇ માણસને જૂઠો કહેવો એ તેને ઇશ્વર સમક્ષ ધીટ અને મનુષ્ય સમક્ષ ડરપોક કહેવા સમાન

+ માનવી કુટુંબના આદિ પિતૃઓને સર્પે ફસાવ્યા હતા તેટલા માટે "હવે પછી તું પેટ ઘસડીને ચાલશે" એવો તેને દેવે શાપ દીધો હતો, એવી ખ્રિસ્તી લોકોની માન્યતા છે.

છે. કારણ કે અસત્ય ઈશ્વર સમક્ષ ઉભું રહે છે અને મનુષ્યની આગળ લપાય છે. અસત્ય અને વિશ્વાસઘાત અતિશય વૃદ્ધિંગત થતાં આખરનો તતુડીનો× અવાજ થશે અને ઈશ્વર માનવ પ્રજાનો ન્યાય કરશે. એમ કહેવામાં આવ્યું છે કે જ્યારે ખ્રિસ્ત આવશે ત્યારે તેને પૃથ્વીપર વિશ્વાસ પ્રાપ્ત થશે નહિ. ખરેખર, અસત્ય અને વિશ્વાસઘાતની દુષ્ટતાનું વર્ણન આથી અધિક કરવું શકય નથી.

---

(૨)

મૃત્યુ.

જેવી રીતે બાલકને અંધારામાં જતાં ડર લાગે છે તેવી રીતે મનુષ્યને મરણની ભીતિ લાગે છે. અને જેવી રીતે વાત વગેરે સાંભળી બાળકની ભીતિ વૃદ્ધિંગત થાય છે તેજ પ્રમાણે મનુષ્યનો ડર પણ વૃદ્ધિંગત થાય છે. મૃત્યુ એ પાપનું પ્રાયશ્ચિત *અને પરલોકમાં જવાનો માર્ગ છે, એમ તેને લેખવું એ સાધુત્વનું અને ધર્મશીલતાનું લક્ષણ છે. પરંતુ તેનો ભય રાખવો એ દુર્બલતાનું ચિન્હ છે. મૃત્યુ એ નિસર્ગનો કર છે; અર્થાત્ જન્મેલાં પ્રાણીની પાછળ મરણ લાગેલુંજ છે. તથાપિ ધર્મ સંબંધી વિચારમાં કવચિત્ કવચિત્ અભિમાન અને અંધશ્રદ્ધાનું મિશ્રણ હોય છે. મઠવાસી ખ્રિસ્તીઓનાં કેટલાંક પુસ્તકોમાં

× ખ્રિસ્તી લોકો એમ માને છે કે જગત્‌ના અંતકાળે એક દેવદૂત તતુડી વગાડશે, તેનો ધ્વનિ સાંભળી સર્વ મૃત માણસો પુનર્જીવિત થશે અને ત્યાર પછી ઈશ્વર તેમનો ન્યાય કરશે.

* આદમ અને ઈવ એ માનવ જાતિનાં આદિ પિતા માતા હતાં; અને તેમણે દેવની આજ્ઞા અમાન્ય કરી એટલા માટે દેવે તેમને અને તેમની પ્રજાને મરણ આપ્યું, એમ ખ્રિસ્તી શાસ્ત્રમાં જણાવવામાં આવ્યું છે.

તમને એવો ઉલ્લેખ પ્રાપ્ત થશે કે આપણી આંગળીનું ટેરવું દાઝે કિંવા ચગદાય ત્યારે કેટલી વેદના થાય છે તે મનુષ્યે લક્ષમાં લેવું અને તે પરથી સર્વ દેહનું વિસર્જન થતી વખતે કેટલી વેદના થતી હશે તેનું અનુમાન કરવું. પરંતુ આમ કહેવામાં ઝાઝો અર્થ નથી. આપણે જોઇએ છીએ કે ઘણીવાર જરાપણ વેદના થયા વિના મરણ આવે છે. કારણ કે આવા દાખલામાં શરીરના એક ભાગને જે વેદના થાય છે તે શરીરનાં સર્વ મર્મસ્થાનો પર્યંત તાબડતોબ જઈ પહોંચતી નથી. સેનેકા નામનો એક તત્ત્વવેત્તા રોમ શહેરમાં થઇ ગયો તેણે આ સંબંધે એક સ્થળે એમ જણાવ્યું છે કે "મૃત્યુ કરતાં મરણ-કાળનો દેખાવ અધિક ભયંકર લાગે છે." શુષ્ક અને કરમાયેલું અંગ, કદરૂપું મુખ, આપ્તોનો વિલાપ અને પ્રેતસંસ્કાર વગેરે પ્રકાર મૃત્યુને ભયંકર સ્વરૂપ આપે છે.

આ સંબંધમાં એક વાત લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. અને તે એ છે કે મૃત્યુ ગમે તેટલું ભયંકર કાં ન હોય, તો પણ તેને પઃકુશ્રિત માનવાને પ્રવૃત્ત કરે એવા મનોવિકાર મનુષ્યમાં નથી એમ નથી. અને મૃત્યુપર સત્તા ચલાવનારા એટલા સેવકો મનુષ્યની પાસે હોવાથી મૃત્યુ કાંઇ ઘણો ભયંકર શત્રુ ગણાતો નથી. વૈર લેવું હોય તો મૃત્યુની પરવા જણાતી નથી; પ્રેમબદ્ધ મનુષ્ય તેને કાંઇ લેખામાં ગણતો નથી; યશસ્વી મનુષ્યને લાગે છે કે જ્યાં સુધી આપણી કીર્તિ નિષ્કલંક છે ત્યાં સુધી મરણ આવે તો સારૂં; દુઃખી મનુષ્ય તો મરણને આમંત્રણજ કર્યા કરે છે; અને ડરપોક માણસ સંકટ સમયે પોતાના પ્રાણનો ત્યાગ પોતાને હાથેજ કરી નાંખે છે. એટલુંજ નહિ પરંતુ મનુષ્યસ્વભાવ એટલો ચમત્કારિક છે કે, કોઇ કોઈ વાર અન્યની વેદના જોઇને પણ મનુષ્ય પોતાનો પ્રાણઘાત કરે છે. રોમનો બાદશાહ ઑથો મરણ પામ્યો ત્યારે તેના કેટલાક અનુયાયીઓએ

પોતાની રાજભક્તિ અને પોતાનું દુઃખ પ્રદર્શિત કરવાને માટે પોતાને હાથે પોતાના જીવનનો અંત આણ્યો હતો! અને સેનેકા જણાવે છે કે જગતમાં એવા પણ માણસો હોય છે કે જેઓ શૂરા હોતા નથી કિંવા આપદ્ગ્રસ્ત પણ હોતા નથી, પરંતુ એકજ પ્રકારનું કામ પુનઃ પુનઃ કરવું પડયાથી કંટાળીને જેઓ પોતાના જીવનનો ત્યાગ કરે છે.

મરણકાળ સમીપ આવ્યા છતાં પણ કેટલાક માણસોની વૃત્તિમાં જરા પણ ફરક પડતો નથી, એ વાત પણ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. અંતકાળ પર્યંત તેમની વૃત્તિ એક સરખીજ રહે છે. ઑગસ્ટસ સિઝર પ્રસન્નતાપૂર્વક બોલતાં બોલતાં મરણ પામ્યો હતો. પ્રાણોત્ક્રમણ સમયે તે પોતાની સ્ત્રીપ્રત્યે બોલ્યોઃ—"લિવિયે! હવે જાઉં છું હું! મારૂં સ્મરણ રાખજે અને દીર્ઘાયુ થજે." ટિબેરિયસ મરણ પામ્યો ત્યાં સુધી તેના હોઠપર જૂઠું અને તેના હૃદયમાં જૂઠું હતું. ટૅસિટસે તેના સંબંધમાં જણાવ્યું છે કે "શક્તિ અને દેહે ટિબેરિયસનો પ્રરિત્યાગ કર્યો, પરંતુ કપટે તેનો પરિત્યાગ કર્યો નહિ." વેસ્પેશિયને અંતપર્યંત પોતાનો વિનોદી સ્વભાવ છોડયો નહોતો. મરણકાળે બાજઠપર બેસી તે બોલ્યો "હું દેવલોક થાઉં એમ લાગે છે."* ગૅલબા પાદશાહને મારવાને માટે જ્યારે મારાઓ આવ્યા ત્યારે ભયંકર સંકટ પોતાના શીરપર ઝઝુમતું હોવા છતાં જરા પણ ભય પામ્યા વિના પોતાની ગરદન પોતાના હાથમાં પકડી તે તેમના પ્રત્યે બોલ્યો "જો મારા મરણથી રોમને લાભ થતો હોય તો ખુશીથી મને મારી નાંખો. સેપ્ટિમિયસ સૅવેરસ કામ કરતાં

---

* રોમન ભાષામાં પણ "દેવલોક થવું" એટલે "મરવું" એવો અર્થ થાય છે. વળી રોમન કવિઓ જણાવતા કે પાદશાહને મરણ પશ્ચાત્ સ્વર્ગમાં દેવ પદની પ્રાપ્તિ થાય છે.

કરતાં મરણ પામ્યો હતો. "બીજું કાંઈ કામ હોય તો સત્વર લાવો." એમ બોલતાં બોલતાં તેના પ્રાણ ગયા. આ પ્રકારનાં બીજાં પણ ઉદાહરણો છે.

સ્ટોઇક પંથના લોકો મોટો ઠાઠમાઠ અને ભારે તૈયારી કરીને મરણને અધિક ભીતિપ્રદ સ્વરૂપ આપતા હતા. તેના કરતાં "આયુષ્યનો અંત એ એક નૈસર્ગિક બક્ષિસ છે." એમ જે એક કવિએ કહ્યું છે તે વિશેષ ઉત્તમ છે. વાસ્તવિક રીતે જોતાં જન્મ થવો જેટલો સ્વાભાવિક છે, તેટલુંજ મરણ થવું પણ સ્વાભાવિક છે. અને નાના બાળકને કદાચ એ ઉભય એક સરખીજ વ્યથા આપતાં હશે.

મનુષ્ય વ્યાસંગમાં નિમગ્ન હોય તે સમયે તેનું મરણ થવું એ આવેશમાં મરણ થવા સમાન છે. આવેશમાં રહેલા માણસને દુઃખ થાય તો પણ તેને જેમ તત્કાળ તેની અસર થતી નથી, તદ્વત્ સત્કાર્યમાં લીન થઈ ગયેલા માણસને મરણથી યાતના થતી નથી.

મરવાનો ઉત્તમ માર્ગ તો એજ છે કે ઇચ્છા તૃપ્ત થઇ જાય અને જન્મનું સાર્થક્ય થઇ જાય એટલે "હવે આપો રજા અમને" એ અત્યંત મધુર ગીત ગાતાં ગાતાં મરણ પામવું.

મૃત્યુથી એક લાભ પણ થાય છે. અને તે એ છે કે લોકો મરેલા માણસોના ગુણોનું વર્ણન કરતાં તેમના દુર્ગુણોપર ઢાંકપિછેડો કરે છે અને તેમના સદ્‌ગુણોની પ્રશંસા કરે છે. આથી કોઇ કોઇ વાર એમ બને છે કે મનુષ્ય જીવંત હોય ત્યારે તે સ્તુતિપાત્ર ન થયો હોય તો પણ તેના મરણ પશ્ચાત્ તેના અંગમાં સદ્‌ગુણો લાવી તેની પ્રશંસા કરવામાં આવે છે અને તે સમયે તેનો કોઇ દ્વેષ પણ કરતું નથી. માટે મરણ એ સુકીર્તિનું દ્વાર છે એમ કહીશું તો પણ ચાલશે.

(૩)

ધર્મની એકતા.

ધર્મ એ માનવ સમાજની મુખ્ય ગ્રંથિ હોવાથી તે ઐક્યના ખરા બંધમાં સુવ્યવસ્થિત હોય તો સારું. ધાર્મિક ટંટા અને મતભેદ એ અનિષ્ટો મૂર્તિપૂજક લોકોને જ્ઞાત નહોતાં. આનું કારણ એ હતું કે મૂર્તિપૂજક લોકોનો ધર્મ પુષ્કળ નિયત સંસ્કાર અને વિધિનોજ બનેલો હતો; તેમાં અચલ શ્રદ્ધાવિષયક સિદ્ધાંત વિશેષ નહોતા. તેમનો ધર્મ કયા પ્રકારનો હતો તેની કલ્પના તમે એક વાત પરથી કરી શકશો. આ વાત એ છે કે કવિઓ તેમના ધર્મના મુખ્ય અધ્યાપક અને આચાર્ય હતા. પરંતુ ખરા દેવ ઈર્ષાખોર હોય છે; અને તેટલા માટે તેમની પૂજા અને તેમના ધર્મમાં કોઈ પણ પ્રકારનું મિશ્રણ કિંવા કોઈ પણ ભાગીદાર હોતા નથી. હવે હું પંથની એકતા, તેનાં ફળો, તેની મર્યાદા, તેના ઉપાય, એ સંબંધે થોડુંક કહીશ.

એકતાનાં ફળો (દેવ પ્રસન્ન થાય છે અને એમાંજ ઇતિકર્તવ્યતા છે, એ મુખ્ય ફળ; પરંતુ તે શિવાય) એ છે; એક, જેઓ 'ચર્ચ'ની* બહાર હોય તેમના સંબંધી. અને બીજું, જેઓ 'ચર્ચ'ની અંદર હોય તેમના સંબંધી. હવે આપણે પહેલાના સંબંધમાં વિચાર કરીશું:—ખરેખર, પાખંડો અને તડો એ સૌથી અત્યંત મોટા દોષ છે; અરે, એ દોષ ભ્રષ્ટાચાર કરતાં પણ મોટા છે. કારણ કે જેમ સ્થૂલ દેહમાં એકાદ ખરાબ દોષ કરતાં એકાદ વણ અથવા ચાંઠું વિશેષ અનિષ્ટ હોય છે, તેમ સૂક્ષ્મ દેહમાં પણ હોય છે. અર્થાત્ લોકોને ચર્ચની બહાર રાખવાને અને જેઓ ચર્ચની અંદર હોય તેમને તેની

* ખ્રિસ્તી ધર્મસંસ્થા.

બહાર કાઢવાને ઐક્યનો ભંગ જેટલો કારણભૂત થાય છે તેટલો બીજી કોઇ પણ વસ્તુ થતી નથી. એટલા માટે જ્યારે કેટલાક લોકો ખ્રિસ્તને પાખંડીઓના પંથમાં શોધતા હોય અને કેટલાક ચર્ચના બાહ્ય સ્વ-રૂપમાં શોધતા હોય ત્યારે "બહાર જશો નહિ" એ શબ્દો લોકોના કાનમાં નિરંતર સંભળાવવા જોઇએ. મૂર્તિપૂજકોનો અધ્યાપક§ (જેની સ્વાભાવિક વૃત્તિ ખ્રિસ્તી ધર્મની બહારના લોકોની વિશેષ કાળજી લેવા તરફ હતી) જણાવે છે કે "જો એકાદ મૂર્તિપૂજક આવે અને તમારા કલહોની વાત સાંભળે તો શું તે તમને ગાંડા ન કહે કે?" અને ખરેખર, જ્યારે નાસ્તિક અને ધર્મબાહ્ય લોકો ધર્મની આટલી અસંબદ્ધ અને પરસ્પર વિરૂદ્ધ વાતો સાંભળે છે ત્યારે તેઓ ચર્ચથી પરાઙ્‌મુખ થાય છે અને નિંદક બને છે. આવા ગંભીર વિષયમાં ઠઠ્ઠાનો ઉપયોગ કરવો યથાયોગ્ય નથી. પરંતુ તે દ્વારા ઐક્યનો અભાવ સારી રીતે વ્યક્ત થતો હોવાથી તેમ કરવું પડે છે. ઉપહાસ કરવામાં નિષ્ણાત એવો એક ગૃહસ્થ છે‡ તેણે કાલ્પનિક ગ્રંથાલયની એક યાદી કરી તેમાં એક પુસ્તકનું નામ "પાખંડીઓનો નાચ" એવું નિર્દિષ્ટ કર્યું છે. તેમના પ્રત્યેક પંથમાં ભિન્ન ભિન્ન આસનો કિંવા પ્રણામ હોય છે, તે જોઇને પવિત્ર વસ્તુઓનો ઉપહાસ કરવાને ઉદ્યુક્ત થનારા પ્રપંચાસક્ત માણસો અને પાપબુદ્ધિ રાજકારણી પુરુષોને હસવું આવ્યા વિના રહેતું નથી.

જેઓ ચર્ચની અંદર હોય છે તેમના સંબંધી ફળ શાંતતા છે. શાંતિમાં અનંત સુખો રહેલાં છે. તે શ્રદ્ધા સ્થાપિત કરે છે; તે પરોપકાર વૃત્તિને પ્રજ્વલિત કરે છે; ચર્ચની બાહ્ય શાંતિ હૃદયમાં શાંતિ ઉત્પન્ન કરે છે; અને તેને લીધે વાદવિવાદ લખવાનો તથા વાંચવાનો શ્રમ ઇંદ્રિયદમન તથા ભક્તિમાં પર્યવસાન પામે છે.

---

§ સેન્ટ પૉલ. ‡ રાબેલે. પરિશિષ્ટ જુઓ.

હવે ઐક્યની મર્યાદા સંબંધે બોલીશ. એ મર્યાદાનું ખરૂં સ્થાન નિશ્ચિત કરવું અત્યંત મહત્વનું છે. આ સંબંધે બે પરમાવધિ દેખાય છે. કારણ કે કેટલાક ધર્મઘેલાઓને સંધિ કરવાની વાત તિરસ્કરણીય લાગે છે. "સામનું કેમ થયું, યેહૂ ?"–"તને સામની સાથે શું કામ છે? મારી પાછળ આવ."× તેને સામની કાંઈ સ્પૃહા નથી. પોતાનો પક્ષ મજબૂત થાય અને પોતાના અનુયાયી થાય એટલે પત્યું. અન્ય પક્ષે, કેટલાક લાયોડિસિયન* અને અશ્રદ્ધાળુ લોકો હોય છે; તેઓ ધારે છે કે જ્યારે ધર્મ સંબંધી બે મતો હોય ત્યારે આપણે તેમાં રહીએ અને ઉભય મતોમાં ભાગ લઇએ ત્યારે આપણે તેનું ઐક્ય કરાવ્યા સમાન થશે. આ ઐક્ય ચતુરાઇ ભરેલુંજ સમજવું ! જાણે દેવ અને મનુષ્યની વચ્ચે ઇન્સાફનો કરનારો તો તેજ ! આ ઉભય પરમાવધિથી દૂર રહેવું જોઇએ; આપણા ઉદ્ધારકે§ ખ્રિસ્તીઓના જે નિયમો સ્વતઃ લખ્યા છે તેમાંનાં બે વિપરીત વાક્યોનું જો યથાયોગ્ય અને સ્પષ્ટ વિવરણ કરવામાં આવે તો આ પરમાવધિ ટાળી શકાશે. તે વાક્યો આ છેઃ "જે અમારા પક્ષમાં નથી તે અમારી વિરુદ્ધ છે." અને "જે અમારી વિરૂદ્ધ નથી તે અમારા પક્ષમાં છે." અર્થાત્ જો ધર્મના આધારભૂત અને તાત્વિક મુદ્દાઓ અને શ્રદ્ધાને માટે અનાવશ્યક પરંતુ મત, અનુક્રમ અને સદ્હેતુની સાથે સંબંધ ધરાવતા મુદ્દાઓ, એમની વચ્ચેનો ભેદ લક્ષ્યમાં લઇ તેમને વેગળા રાખવામાં આવે તો ઉપર્યુક્ત પરમાવધિ ટાળી શકાશે. કેટલાક માણસોને આ વાત ક્ષુલ્લક અને પૂર્વેંજ થઈ ગયેલી લાગશે. પરંતુ તે જો

× આ બાઇબલમાંનો ઉતારો છે. (૨ કિંગ્સ ૯,૧૮)

* લાયોડિસિયન ખ્રિસ્તી લોકો સ્વધર્મ પ્રત્યે ઉદાસીન હતા. તેઓ ઠંડા પણ નહોતા અને ગરમ પણ નહોતા.

§ ઇશુ ખ્રિસ્ત.

કમી પક્ષપાતથી થશે તો તેનો સ્વીકાર અધિક થશે.

આ સંબંધે હું મારી અલ્પમતિ પ્રમાણે માત્ર આટલી સલાહ આપવા ઇચ્છું છું: મનુષ્યે બે પ્રકારના વાદવિવાદથી દેવના ચર્ચમાં ફૂટ ન પાડવાની સાવધગીરી રાખવી જોઇએ. એક પ્રકાર એ છે કે જ્યારે વાદના મુદ્દાનો વિષય અત્યંત ક્ષુદ્ર અને નિર્જીવ હોય, આવેશ અને ઝઘડો કરવા જેવો નહોય, અને કેવળ પ્રતિષેધથીજ સળગી ઉઠે એવો હોય ત્યારે વાદવિવાદ કરવો તે. એક (ખ્રિસ્તી) આચાર્યે આ સંબંધે લખ્યું છે કે "વાસ્તવમાં ખ્રિસ્તના અંગરખાને શિવણ નહોતું; પરંતુ ચર્ચનાં વસ્ત્રો ભિન્ન ભિન્ન રંગનાં હતાં." આ પર તે કહે છે કે વસ્ત્રોમાં વૈચિત્ર્ય હોવું જોઇએ, પરંતુ છિદ્રો હોવાં જોઇએ નહિ. ઐક્ય ભિન્ન અને એકરૂપતા ભિન્ન. વાદના મુદ્દાનો વિષય મહાન હોય, પરંતુ તેને વાજબી કરતાં વિશેષ સૂક્ષ્મ અને દુર્બોધ કરવામાં આવે તે એટલે સુધી કે તેમાંનાં ખરાં તત્ત્વો તો બાજુએજ રહી જાય અને તે કેવળ બુદ્ધિની કુશાગ્રતા દર્શાવનારજ બની જાય, એ બીજો પ્રકાર છે. વિચારવંત અને સમજુ માણસો કોઇ કોઇ વાર અજ્ઞાન માણસો એકાદ બાબતમાં વિરુદ્ધ મતો આપે તે સાંભળે છે; તેઓ સારી રીતે જાણે છે કે તે ભિન્ન મતવાદીઓનાં મનનો આશય એકજ હોય છે; પરંતુ તેમના મતો કદિ એક થતા નથી. અને મનુષ્ય એમ જાણે છે ત્યારે આકાશસ્થ દેવ કે જે અંતઃકરણનો ભાવ જાણે છે તે દુર્બળ માણસો કેટલીક બાબતમાં એક બીજાની રુદ્ધ મત આપે છે, તો પણ તેમનાં મનનો ભાવ એકજ હોય છે એ શું જાણતો નહિ હોય કે? અને ઉભય મતો તેને એક સરખાજ પ્રિય હશે એમ આપણે શા માટે ધારવું નહિ જોઇએ? આવા વાદવિવાદનું સ્વરૂપ સેંટ પૉલે પોતાની સૂચના અને ઉપદેશમાં ઉત્તમ રીતે જણાવ્યું છે." નવીન નવીન શબ્દ જાલ અને ખોટાં નામના

શાસ્ત્રના વિરોધ ટાળો. "જ્યાં વિરોધ ન હોય ત્યાં મનુષ્ય તેને ઉત્પન્ન કરે છે; અને તેને નવીન શબ્દોદ્વારા વ્યક્ત કરે છે; આ નવીન શબ્દો એટલા નિશ્ચિત હોય છે કે અર્થ અનુરૂપ શબ્દ હોવો જોઇએ તેને બદલે શબ્દ અનુરૂપ અર્થ કરવામાં આવે છે. ખોટા મિલન અને ઐક્યમાં પણ બે પ્રકાર છે; એક, ઐક્યનો આધાર માત્ર ગાઢ અજ્ઞાન હોય તે—અંધકારમાં સર્વ રંગોની એકવાક્યતા થાય છે. બીજો મુખ્ય મુદ્દાઓ સંબંધે વિરુદ્ધ મતો સ્વિકારી એકતા કરવામાં આવે તે—આવા કામમાં સત્ય અને અસત્ય એ નાબુકાડનાઝારની* મૂર્તિનાં આંગળાંમાંના લોખંડ અને માટી સમાન હોય છે; તેમાં ફૂટ પડશે, પરંતુ એક જીવ થશે નહિ.

હવે ઐક્ય સાધવાના ઉપાયો વિષે બોલીશઃ ધર્મ સંબંધી ઐક્ય સાધવાનો વા દ્રઢ કરવાનો પ્રયત્ન કરતી વખત પરહિતબુદ્ધિ વા માનવ સમાજના નિયમો શિથિલ વા નષ્ટ ન થાય એવી ખબરદારી માણસે રાખવી જોઇએ. ખ્રિસ્તી લોકોમાં બે તલવારો છે—પારમાર્થિક અને ઐહિક; ધર્મરક્ષણના કામમાં આ ઉભયનો ઉપયોગ અને સ્થાન છે. પરંતુ આપણે ત્રીજી તલવાર ધારણ કરવી જોઇએ નહિ; એ મહમદની તલવાર અથવા તેના જેવી તલવાર છે. અર્થાત્ અત્યંત નિંદ્ય કામ, દેવનિંદા, કિંવા રાજ્યવિરુદ્ધ કાવતરાં એવા એવા પ્રસંગો બાદ કરી યુદ્ધો કિંવા રક્તપાતથી ધર્મનો પ્રચાર કરવો નહિ; તો પછી રાજદ્રોહને સ્થાન આપવું, કાવતરાં અને બંડોને ઉત્તેજન આપવું અને લોકોના હાથમાં તલવાર આપવી ઇત્યાદિ વાતો તો દૂરજ રહી; આમ કરવાથી સર્વ પ્રકારની રાજ્ય વ્યવસ્થાની ધૂળધાણી થાય છે; અને રાજ્ય વ્યવસ્થા એ તો ઇશ્વરનો કાયદો છે. એમ કરવું

---

* બાબિલોનના રાજા નાબુકાડનાઝારે સ્વપ્નમાં એક 'પૂતળું' જોયું હતું તેનો આ નિર્દેશ છે. તે સ્વપ્નનો અર્થ ડેનિયલે કહ્યો હતો.

એ પહેલો પાષાણ[1] બીજા પર અફાળવા સમાન છે; અર્થાત્ પોતે મનુષ્ય છે એ વાત લોકો વિસરી જાય એવી રીતે પોતે ખ્રિસ્તી છે એમ દર્શાવવા સમાન એ છે. આગામૅમનોને પોતાની પુત્રીનું બલિદાન આપ્યું એ કૃત્ય જ્યારે કવિ લુક્રેશિયસે જોયું ત્યારે તે બોલ્યો "આટલું અઘોર કૃત્ય કરવાને ધર્મ સમર્થ થયોને!" પરંતુ તેને જો ફ્રાન્સની કતલ[2] અને ઈંગ્લાંડનું દારૂગોળાનું કાવતરું[3] માહિત હોત તો તેણે શું કહ્યું હોત વારૂ? તે હતો તે કરતાં સાત ગણો અધિક એપિક્યુર[4] અને નાસ્તિક થયો હોત. ધાર્મિક બાબતમાં જેમ તલવાર ઉપાડવાનું કામ ગંભીર વિચારપૂર્વક કરવાનું છે તેમ તે તલવાર સામાન્ય લોકોના હાથમાં આપવી એ પણ રાક્ષસી કામ છે. આ કામો એનાર્બૅપ્ટિસ્ટ અને ઇતર હત્યારાઓના હાથમાં રહેવા દેવાં. જ્યારે સેતાન એમ બોલ્યો હતો કે "હું ઉપર ચઢીશ અને ઈશ્વર સરખો થઇશ" ત્યારે તેનું બોલવું દેવનિંદાત્મક હતું; પરંતુ

---

૧ સિનાઇ પર્વત પર ઈશ્વરે પોતાની આંગળીથી લખેલા બે પાષાણો મોઝિઝને આપ્યા હતા. પહેલા પર મનુષ્યનાં દેવ પ્રત્યેનાં કર્તવ્યો અને બીજા પર મનુષ્ય પ્રત્યેનાં કર્તવ્યો લખેલાં હતાં.

૨ ફ્રાન્સના રાજા નવમા ચાર્લ્સની આજ્ઞાથી ફ્રાન્સના પાખંડી લોકોની કતલ ઈ. સ. ૧૫૭૨ માં કરવામાં આવી હતી.

૩ પાર્લામેન્ટના મકાનની નીચે ભોંયરૂં બનાવી તેમાં દારૂગોળો ભરવામાં આવ્યો હતો અને સભા મળ્યા પછી દારૂગોળો સળગાવી સર્વ સભાસદોનો એકદમ નાશ કરવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો હતો. પરંતુ આ કાવતરૂં નિષ્ફળ થયું. આ દુષ્કૃત્ય રોમન કૅથોલિક પંથના લોકોએ કર્યું હતું એવી સાધારણ માન્યતા હતી. ઇ. સ. ૧૬૦૫.

૪ એપિક્યુરસે એક પંથ સ્થાપન કર્યો હતો. આ પંથના લોકો ઈશ્વરને માનતા નહોતા. ખાવું, પીવું અને મોજ કરવી એવો તેમનો મત હતો. આ પંથના માણસને એપિક્યુર કહેવામાં આવતા હતા.

ઇશ્વરનો વેષ પહેરાવી "હું નીચે ઉતરીશ અને સેતાન સરખો થઇશ" એમ તેની પાસે બોલાવવું એ તેથી પણ અધિક દેવનિંદાત્મક છે. અને ધર્મના નામે રાજાનું ખૂન કરવું, લોકોની કતલ કરવી, સંસ્થાન તથા રાજવ્યવસ્થાને ઉથલાવી નાંખવી, ઇત્યાદિ ક્રૂર અને અતિ દુષ્ટ કૃત્યો કરવાં એ શું દેવનિંદા કરતાં ઉત્તમ છે કે? એમ કરવું એ ખરેખર પવિત્ર આત્માને કબુતરના સ્વરૂપમાં નીચે નહિ આણતાં ગીધ કિંવા કાગડાના રૂપમાં આણવા સમાન છે; અને ખ્રિસ્તી ચર્ચરૂપી નૌકાપર ચાંચીઆ લોકોની કિંવા ખૂની લોકોની નૌકાનો વાવટો ચઢાવવા સમાન છે. માટે જે વાતો અને જે મતો આ પ્રમાણે કરનારા હોય તેમને ચર્ચે પોતાના અનુશાસનથી તથા અમીરો અને રાજાઓએ પોતાની તલવારથી અને સર્વ વિદ્વાનોએ (ખ્રિસ્તી ધર્મના અથવા નૈતિક) પોતાની લેખિનીથી સદૈવ ઠેરવી નરકની વાટ દેખાડવી અત્યંત આવસ્યક છે. આમ ઘણે અંશે થયુંજ છે. ખરેખર, ધર્મ સંબંધી વિચારોના શિરોભાગે પ્રેષિતોનો આનિમ્ન લિખિત વિચાર મૂકવો:—"મનુષ્યના ક્રોધથી ઇશ્વરના ન્યાયકર્તૃત્વનું કામ આપણાપર લઇ લેવું નહિ" અને એક સુજ્ઞ આચાર્યનું કથન ધ્યાનમાં રાખવા યોગ્ય છે. તે ખૂબીથી કહે છે કે "જેઓ અન્યોના મત જોર જુલમથી ફેરવવાના સંબંધમાં પોતાનું અનુમોદન આપે છે અને તે પ્રમાણે વર્તે છે તેમનો તેમ કરવામાં કાંઇ ને કાંઇ સ્વાર્થ હોય છે.

(૪)

વૈર લેવું.

વૈર લેવું એ એક પ્રકારનો જંગલી ન્યાય છે. તે કાયદેસર નથી. એટલા માટે મનુષ્યનું મન જેમ જેમ વૈર લેવાને પ્રવૃત્ત થાય તેમ તેમ તેને કાયદાથી પ્રતિબંધ થવો જોઇએ. કારણ કે પ્રથમ ગુન્હાથી માત્ર કાયદાનું ઉલ્લંઘન થાય છે. પરંતુ તે ગુન્હાનું વૈર લેવું એ કાયદાની સત્તા લપેટીને ઉંચી મૂકવા સમાન છે. વૈર લેવાથી મનુષ્ય પોતાના શત્રુની બરોબરીનો થાય છે એ વાત સત્ય છે, પરંતુ વૈર ન લેવાથી તે તેનાથી શ્રેષ્ઠ થાય છે; કારણ કે ક્ષમા કરવી એ રાજગુણ છે. સૉલોમને કહ્યું છે કે "અન્યોના અપરાધ લક્ષ્યમાં ન લેવા એ મનુષ્યને માટે ભૂષણાસ્પદ છે." જે ઘટના બની તે બની, તે પુનઃ બનતી નથી. શાણા માણસોને ચાલુ અને ભાવી ઘટનાઓનો વિચાર કરવાનો ઘણો હોય છે; માટે જે ગત ઘટનાનો વિચાર કર્યા કરે છે તે પોતાનો સમય વ્યર્થ ગુમાવે છે.

વિના કારણ કોઈ કોઇનું અહિત કરતું નથી. તેમ કરવામાં તેનો કાંઈ પણ ઉદ્દેશ હોય છે. પછી તે પ્રાપ્તિ હો, ગમ્મત હો, ભૂષણ હો, પ્રતિષ્ઠા હો વા એ સદૃશ અન્ય કાંઇ પણ હો. વસ્તુસ્થિતિ આવી છે તો કોઇએ મારા સ્વાર્થ કરતાં પોતાના સ્વાર્થ પ્રત્યે વિશેષ લક્ષ્ય આપ્યું હોય તેટલા સારૂ મારે તેના પર ક્રોધ શામાટે કરવો? અને તેમ નહિ હોય, પરંતુ જન્મ સ્વભાવજ દુષ્ટ હોવાથી કોઇએ દુષ્કૃત્ય કર્યું, તો પણ તેનો વિષાદ માનવો નહિ જોઇએ, કારણ કે દુષ્કૃત્ય કરવું એ તેનો સ્વભાવજ છે. કાંટા ભોંચાય અથવા કાંટાવાળાં ઝાડથી ઉઝરડા પડે તો તે માટે ક્રોધ શો કરવો? ભોંચાવું અને ઉઝરડા પાડવા એ તો તેનો ધર્મજ છે.

જે અપરાધપર કાયદાનો કાંઈ ઇલાજ ચાલતો નથી, તે અપરાધને માટે વૈર લેવું એ ચાલી શકે એમ છે. પરંતુ વૈર લેતાં પોતે કાયદાના પાશમાં ન ફસાય એવી વૈર લેનારે પોતાની ખાત્રી કરી લેવી જોઇએ. નહિ તો તેના એકને બદલે બે શત્રુઓ ઉત્પન્ન થશે. કેટલાક માણસો વૈર લેતી વખત વૈર લેનાર કોણ છે તે પોતાના શત્રુને જણાવે છે. આ તેના મનનું મોટાપણું પ્રદર્શિત કરે છે. કારણ કે એમ કરવામાં કેવળ અન્યને ઉપદ્રવ કરી આનંદ માનવાનો હેતુ હોતો નથી, પરંતુ પ્રતિપક્ષીને પશ્ચાત્તાપ કરાવવાનો હેતુ હોય છે. પરંતુ પાજી અને કપટી નામર્દો ગુપ્ત રીતે વૈર લે છે; આ અંધારામાં બાણ લાગવા સમાન છે.

ફ્લોરન્સનો ડયુક કૉસ્મસ બેઇમાન અને સ્વાર્થી મિત્રોને અત્યંત ધિક્કારે છે. તે એમ માનતો હતો કે મિત્રોએ કરેલા અપરાધ ક્ષમાપાત્ર નથી. તે કહેતો કે:-"શત્રુને ક્ષમા કરવી એવી અમને આજ્ઞા છે; પરંતુ મિત્રને ક્ષમા કરવી એવી આજ્ઞા ક્યાંય પણ પ્રાપ્ત થતી નથી." પરંતુ યોબનો* આશય અધિક સુસંગત હતો; તે જણાવે છે કે "ઈશ્વરે આપેલાં સુખો જ્યારે આપણે ભોગવીએ છીએ ત્યારે દુઃખ ભોગવવામાં પણ સંતોષ શામાટે ન માનવો ?" આ જ વાક્ય મિત્રના સંબંધમાં પણ લાગુ પડે છે.

ખચીત જે માણસ સદા વૈર લેવાની વિવંચનામાં રહે છે તે પોતાના મર્મસ્થાનના ઘાવ તાજા રાખે છે. જો તેમ ન કરવામાં આવે તો તે આપોઆપ સુકાઇને રૂઝાઇ જશે. સામાજિક કાર્યના સંબંધમાં વૈર લેવાથી બહુધા દેશનું કલ્યાણ થાય છે. ઉદાહરણાર્થ, સિઝર પર લીધેલું વૈર; પર્ટિનૅક્સ પર લીધેલું વૈર; ફ્રાન્સના તૃતીય હેન્રી પર

* યોબ કિંવા જોબ એ બાઇબલમાંનો એક પુરુષ છે. તેના પર અનેક સંકટો પડયાં હતાં, તોપણ તેની સહનશીલતા અચળ રહી હતી.

લીધેલું વૈર; અને બીજા અનેક માણસો પર લેવાયેલું વૈર. પરંતુ ખાનગી વૈરની વાત જુદી છે. વેરીલા મનુષ્યની સ્થિતિ ડાકેણના જેવી છે એમ કહીએ તોપણ ચિંતા નહિ. કારણકે જન્મભર અન્યને પીડા કરવી અને અંતે તલવલાટ કરીને મરવું એજ તેના કપાળ-માં હોય છે.

(૫)

વિપત્તિ.

“સુખના સમયની સદ્‌વસ્તુ સ્પૃહણીય છે, પરંતુ વિપત્તિ કાળની સદ્‌વસ્તુ સ્તુત્ય છે” એવી જે સેનેકાની ઉક્તિ છે તે અત્યંત પ્રગલ્ભ છે, અને ખરૂં કહીએ તો, અદ્‌ભુત ચમત્કાર એ શબ્દનો અર્થ જો પ્રકૃતિ સ્વભાવ પર સત્તા ચલાવવી એટલોજ થતો હોય તો વિપત્તિકાળમાં અદ્‌ભુત ચમત્કાર પુષ્કળ દ્રષ્ટિગોચર થાય છે. પરંતુ ઉપરોક્ત ઉક્તિ કરતાં પણ શ્રેષ્ઠ એવી તેજ તત્ત્વજ્ઞાનીની એક બીજી ઉક્તિ છે. તે એ છે કે “મનુષ્યની દુર્બળતા અને ઈશ્વરની નિર્ભયતા એ ઉભય ગુણો એકજ પુરૂષમાં હોવા એનુંજ નામ ખરૂં મોટાપણું છે.” આ વિચાર કાવ્યમાં બહુ સારી રીતે શોભ્યા હોત; કારણ કે કાવ્યમાં કલ્પનાશક્તિને ઉડ્ડયન કરવાની છૂટ છે, અને કવિએ તેમ કર્યું પણ છે. પ્રૉમિથિયસને બંધનમુક્ત કરવા માટે હર્ક્યુલીસ મહા-સાગરમાં એક માટીના વાસણમાં બેસીને ગયો હતો એવી જે પ્રાચીન કવિના ગ્રંથમાં એક વિલક્ષણ કથા છે તેનો પણ આજ અર્થ છે. તે દ્વારા મનુષ્યનો દ્રઢ સંકલ્પ આ દેહરૂપી ક્ષણભંગુર નાવની સાહા-ય્યથી સંસારસાગરના તરંગોમાં થઇને કેવી રીતે પાર જાય છે તેનું

આબેહુબ વર્ણન થાય છે. પરંતુ આપણે સાધારણ પ્રચારમાં રહેલી ગદ્ય ભાષાનોજ પ્રયોગ કરીશું. પરિમિતાચાર એ સંપત્તિકાળનો સદ્‌ગુણ છે; અને ધૈર્ય એ વિપત્તિકાળનો સદ્‌ગુણ છે. આ ઉભય પૈકી બીજો સદ્‌ગુણ નીતિમાં શ્રેષ્ઠતર છે. સંપત્તિ એ જૂના કરારનું વરદાન છે; અને વિપત્તિ એ નવા કરારનું વરદાન છેઃ આ નવા કરારમાં પ્રભુનું મહત્તર આશિર્વચન અને પ્રભુકૃપાનું સ્પષ્ટતર પ્રકટીકરણ છે. તથાપિ જૂના કરારમાં સુદ્ધાં, તમે દાઉદની સારંગી તરફ કાન આપશો તો જેટલાં આનંદમય તેટલાંજ શોકમય ગીતો તમારા સાંભળવામાં આવશે; અને પવિત્ર આત્માની લેખિની સૉલૉમનનાં સુખનું વર્ણન કરવા કરતાં જોબનાં દુઃખનું વર્ણન કરવામાં વિશેષ શ્રસાઇ ગઈ છે.

સંપત્તિકાળમાં અનેક પ્રકારના ભયો અને અસુખો નથી હોતાં એમ નથી; અને વિપત્તિકાળમાં સમાધાન અને આસ્થા હોતી નથી એમ પણ નથી. કશીદા અને નકશી કામમાં આપણે જોઇએ છીએ કે કાળા વસ્ત્રપર રંગદાર કામ જેટલું ખુલે છે તેટલું ચકચકિત કપડાપર કાળું કામ ખુલતું નથી. આંખના સુખથી હૃદયના સુખની કલ્પના કરી લેવી. સદ્‌ગુણ એ ઉત્તમ સુગંધીવાળી વસ્તુ સમાન છે; તેને અગ્નિપર નાંખવામાં આવે કિંવા ચૂર્ણ કરવામાં આવે ત્યારે તેનો સુગંધ બહાર પડે છે. તદ્વત્ વિપત્તિકાળમાં સદ્‌ગુણની ખરી કિમ્મત જાણવામાં આવે છે. સંપત્તિકાળમાં દુર્ગુણ બહાર આવે છે; અને વિપત્તિકાળમાં સદ્‌ગુણ દ્રષ્ટિગોચર થાય છે.

(૬)

કાપટચ (ઢોંગ) અને છદ્મવેષ.

છદ્મવેષ એ કેવલ નરમ પ્રકારનો વ્યવહાર અને પ્રપંચ છે. કારણ કે સત્ય ક્યારે બોલવું એ જાણવાને તથા સત્ય બોલવાને દૃઢ બુદ્ધિ અને દૃઢ અંતઃકરણ જોઇએ છે. એટલા માટે જે અશક્ત રાજકારણી પુરૂષ હોય છે તેજ છદ્મવેષ કરવામાં પરમ નિષ્ણાત હોય છે.

ટૅસિટસ જણાવે છે કે "લિવિયા એ પોતાના પતિના દાવ પેચ અને પોતાના પુત્રના છદ્મવેષ એ ઉભયને સારી રીતે પહોંચી વળે એવી હતી." આ પરથી ઑગસ્ટસ દાવપેચથી કિંવા રાજનીતિથી અને ટિબેરિયસ છદ્મવેષથી યુક્ત હતો એમ સિદ્ધ થાય છે. અને પુનઃ જ્યારે વૅસ્પેશિયનને વિહ્ટેલિયસ વિરૂદ્ધ બંડ કરવાને મ્યુસિયાનસ ઉત્તેજિત કરે છે ત્યારે તે કહે છેઃ—"ઑગસ્ટસની મર્મભેદક બુદ્ધિ કિંવા ટિબેરિયસની પરાકાષ્ઠાની સાવધગિરિ તથા ગુપ્તતા વિરૂદ્ધ આપણે ઉઠતા નથી." દાવપેચ અથવા રાજનીતિ અને છદ્મવેષ અથવા ગુપ્તતા એ ગુણો અને વર્તનક્રમ ભિન્ન ભિન્ન છે અને તેમને પૃથક્ પૃથક્ રાખવાના છે. કારણ કે એકાદ માણસની બુદ્ધિ એવી કુશાગ્ર હોય કે કયી વાત ઉઘાડી કરવી અને કયી છુપાવવી તથા કયી અર્ધી જણાવવી અને તે કોને તથા ક્યારે જણાવવી (એનેજ રાજનીતિની કલા અને જીવનક્રમની કલા ટૅસિટસે ઠીક કહી છે) તે તે સમજતો હોય તો છદ્મવેષ કરવાની ટેવ એ તેને માટે એક વિઘ્ન અને દુર્બલતા બને છે. પરંતુ જે મનુષ્યની બુદ્ધિ આવી ન હોય તેને સાધારણ રીતે વાત છુપાવતાં અને છદ્મવેષી થતાં કાંઈ હરકત નથી. કારણ કે જે કામમાં મનુષ્યને પ્રકીર્ણ બાબતમાં

જેવો વખત તેવી વાત કરતાં આવડતું ન હોય તે કામમાં તેણે સાધારણ રીતે અત્યંત સુરક્ષિત અને સાવધાનતા ભરેલા માર્ગે ચાલવું ઇષ્ટ છે; જેમ કે જેને સારી રીતે સૂઝતું ન હોય તેણે સંભાળીને ચાલવું જોઇએ. આ વાત નિશ્ચિત્ છે કે આજપર્યંત જે અત્યંત કાર્યદક્ષ પુરૂષો થઇ ગયા છે તેઓ વ્યવહારમાં ખુલ્લા દીલના અને નિષ્કપટ હતા; અને તેઓ નિશ્ચિતતા તથા સત્ય ભાષણને માટે કીર્તિ પામ્યા હતા. પરંતુ તેઓ સુનિયંત્રિત અશ્વ સમાન હતા. કારણ કે ક્યારે થોભવું અને ક્યારે વળવું એ તેઓ ઉત્તમ રીતે જાણતા હતા; એવો છદ્મવેષ કરવો આવશ્યક છે એમ જે પ્રસંગે તેમને લાગતું હતું તે પ્રસંગે જો તેઓ છદ્મવેષ કરતા તો તેમની પ્રમાણિકતા અને સરલ વ્યાવહારિકતાને માટે જે કીર્તિ પૂર્વે પ્રસરેલી હતી તેને લીધે તેઓ બહુધા બચી જતા હતા.

આ છદ્મવેષ અને આત્મગોપનના ત્રણ પ્રકાર છે:—પહેલો, પેટમાં વાત રાખવી તે અર્થાત્ ગુપ્તતા. આ પ્રસંગે મનુષ્ય લોકોની દ્રષ્ટિએ ચઢતો નથી અને પોતાનો પત્તોજ કોઇને જણાવા દેતો નથી. બીજો, નિષેધાત્મક છદ્મવેષ; આ પ્રસંગે મનુષ્ય પોતાનું સત્ય સ્વરૂપ ચિન્હો અને કોટિક્રમથી ઉલટું જણાવે છે. ત્રીજો, નિશ્ચયાત્મક ઢોંગ. આ પ્રસંગે મનુષ્ય પોતાનું જે સ્વરૂપ ન હોય તે યુક્તિપ્રયુક્તિથી અને બુદ્ધિબળથી છે એવો ભાસ આપે છે અને ઢોંગ કરે છે.

આ પૈકી પહેલો પ્રકાર જે ગુપ્તતા તે વિષે આપણે વિચાર કરીએ. ખરેખર, ગુપ્તતા એ પાપ શ્રવણ ગુરૂનો× સદ્ગુણ છે. અને

× ખ્રિસ્તિ ધર્મના રોમન કેથોલિક પંથમાં એવો રિવાજ છે કે નિયમિત વખતે પ્રત્યેક માણસને પોતાનાં પાતકો એક પાદરીને એકાંતમાં નિવેદન કરવાં પડે છે. તે પાદરીને Confessor અર્થાત્ પાપશ્રવણ-ગુરૂ કહેવામાં આવે છે.

વાસ્તવમાં ગૂઢ મનુષ્ય પુષ્કળ પાપ કથનો સાંભળે છે. કારણ કે ભડભડ બોલી દેનાર માણસની આગળ પોતાનાં ગુહ્યો કોણ કહેશે? પરંતુ જે માણસ બંધ મુખવાળો હોય તે પોતાના આ સદ્‌ગુણથી ગુહ્ય વાતોને પોતાની તરફ ખેંચી લેછે; જેમ બંધ હવા ખુલ્લી હવાને ખેંચી લે છે તેમ. અને પાપકથનમાં ગુહ્ય વાત ખુલ્લી કરવામાં આવે છે તે ઐહિક કાર્યને માટે નહિ, પરંતુ હૃદયનો (પાપનો) ભાર દૂર કરવાને માટે હોય છે, તેથી ગૂઢ મનુષ્યને એ રીતે ઘણી વાતનું જ્ઞાન થાય છે. પરંતુ મનુષ્યો પોતાનાં મનપરનો બોજો કાઢી નાંખે છે; પોતાના મનની વાત કહેતા નથી. સારાંશ શ્રોતાની ગુપ્તતાને લીધે ગુહ્ય વાતો પ્રકટ થાય છે. શિવાય (સાચું કહીએ તો) નગ્નતા જેમ શરીરને શોભતી નથી, તેમ તે મનને પણ શોભતી નથી, અને માણસો જો નિખાલસ ખુલ્લા દીલના ન હોય તો તેટલા પરથી તેમની રીતભાતોને અને તેમનાં કૃત્યોને કાંઇ થોડું પૂજ્યત્વ આવતું નથી. જે લોકો વાચાળ અને ભડભડીઆ હોય છે તેમના સંબંધમાં એટલુંજ કહેવાનું કે તેઓ બહુધા વૃથાભિમાની અને ભોળા પણ હોય છે. કારણ કે જે માણસ પોતાને જે વાત વિદિત હોય તે બોલે છે તે માણસ પોતાને જે વાત અવિદિત હોય તે પણ બોલશે. માટે લખી રાખજો કે ગુપ્ત વાત રાખવાની ટેવ એ ડહાપણ ભરેલી પણ છે અને નૈતિક પણ છે. અને એના સંબંધમાં મનુષ્યના ચ્હેરાએ બોલવાનું કામ જીભને સોંપવું એ ઇષ્ટ છે. કારણ કે મનુષ્યના અંતરનો ભાવ તેના ચ્હેરા દ્વારા ખુલ્લો થાય એ મોટી દુર્બળતા અને દગો છે. આનું કારણ એ છે કે અનેકવાર મનુષ્યના શબ્દ કરતાં તેના મુખારવિંદ તરફજ વિશેષ લક્ષ્ય હોય છે અને તે પરજ અધિક વિશ્વાસ બેસે છે.

બીજો પ્રકાર જે છદ્મવેષ તેના સંબંધમાં કહેવાનું કે તે અનેક

વેળા ગુપ્તતાની સાથે અવશ્યમેવ જડાયેલો જ હોય છે. તે એટલે સુધી કે જે માણસ બંધ મુખવાળો હોય તે કેટલેક અંશે પણ છદ્મવેષી હોવો જ જોઇએ. કારણ કે લોકો અત્યંત ધૂર્ત હોય છે; તેઓ ગુહ્ય રક્ષક મનુષ્યને ઉદાસીન રહેવા અને મનની વાત મનમાં જ રાખી મૂકવા દેતા નથી. તેઓ પ્રશ્ન કરી કરી તેનો એવો પિછો પકડશે, તેને બોલાવશે, અને તેનું હૃદ્ગત કાઢી લેશે કે જો તે સર્વથૈવ મૌન ન ધરે તો (અને મૌન ધરવું અયુક્તિક થઇ પડશે) તેને એક યા બીજી બાજુ તરફ વળવું જ પડશે. અને જો તે આમ ના વળે તો તેના ભાષણપરથી જે અનુમાનો કાઢવામાં આવ્યાં હોત તે તેના મૌનપરથી કાઢવામાં આવશે. માર્મિક અને દ્વિઅર્થી ભાષણના સંબંધમાં એટલુંજ કહેવાનું કે તે દીર્ઘકાળ પર્યંત ટકતું નથી. સારાંશ, છદ્મવેષને થોડો પણ અવકાશ આપ્યા વિના કોઇ પણ મનુષ્ય ગૂઢ બની શકતો નથી.

પરંતુ ત્રીજો પ્રકાર ઢોંગ અને ખોટો ડોળ છે; એને હું અધિક દોષાર્હ અને ઓછો ડહાપણ ભરેલો ગણું છું (મહાન અને વિરલ કામોમાંના ઢોંગ બાદ કરીને) અર્થાત્ ઢોંગનો સાધારણ પ્રચાર એ દુર્ગુણ છે તે સ્વાભાવિક અપ્રમાણિકતા અને બ્હીકણપણામાંથી ઉત્પન્ન થાય છે; અર્થાત્ જેમનામાં મોટા દોષો હોય છે તેમનામાંથી તે ઉત્પન્ન થાય છે. આવા મનના મનુષ્યને પોતાના દોષો અવશ્ય છુપાવવાના હોય છે; આથી તે અન્ય બાબતોમાં પણ ઢોંગ કરવાની ટેવ પાડે છે. તેમ ન કરે તો કદાચિત્ તેની ટેવ નિર્મૂળ થાય.

ઢોંગ અને છદ્મવેષના મોટા લાભ ત્રણ છે. પહેલો લાભ વિરુદ્ધ ભાવને ઉંઘમાં રાખવો અને તેને ઓચિંતો પકડી પાડવો એ છે. કારણ કે મનુષ્ય જ્યારે પોતાના હેતુ પ્રસિદ્ધ કરે છે ત્યારે તેનું તે કામ પ્રતિપક્ષને જાગ્રત કરનાર ડંકા સમાનજ થઇ પડે છે. બીજો

લાભ મનુષ્યને પાછા પગ લેવાની સગવડ કરી આપવી એ છે; કારણ કે જો એકાદ માણસ પ્રકટ બોલીને એકાદ કામ પોતાને માથે લે તો તે તેને પાર પાડવું પડે છે કિંવા હાર ખાવી પડે છે. ત્રીજો લાભ અન્યના મનમાંનો ભાવ સહજ કાઢી લઇ શકાય એ છે. કારણ કે જે માણસ ખુલ્લા દીલથી વાત કરે છે તેને ઇતર લોકો સહસા વિરોધ દર્શાવતા નથી; પરંતુ તેને મનગમતું બોલવા દે છે અને પોતે પણ ખુલ્લા દીલથી બોલતા હોય એવો ડોળ કરી તેના વિચાર કાઢી લે છે. માટે "અસત્ય બોલ અને સત્ય પ્રાપ્ત કર" એવી સ્પૅનિયાર્ડ લોકોમાં જે કહેવત છે તે ખરેખરી ધૂર્તતા ભરેલી છે; જાણે સત્ય પ્રાપ્ત કરવાનો ઢોંગ શિવાય બીજો માર્ગ જ ન હોય તેમ!

જેવા ત્રણ લાભ છે તેવી ત્રણ હાનિ પણ છે. પ્રથમ હાનિ ઢોંગ અને છદ્મવેષની સાથે સાધારણતઃ ડરપોકપણાનો આભાસ હોય છે એ છે. એ કોઇ પણ કામમાં ઉદ્દિષ્ટ હેતુ સાધ્ય કરવાની આડે આવે છે. બીજી હાનિ એ છે કે આ ગુણને લીધે પુષ્કળ માણસોનાં મન શંકાશીલ અને ભ્રમમય બની જાય છે. જો આમ થયું ન હોત તો તેને કદાચ સાહાય્ય પણ કરી હોત. અને સાહાય્ય મળેલી નહિ હોવાથી મનુષ્યને એકલાને પોતાના હેતુઓ પાર પાડવા પડે છે. ત્રીજો અને સૌથી મોટો ગેરલાભ એ છે કે વ્યવહારનાં જે મુખ્ય સાધનો વિશ્વાસ અને શ્રદ્ધા તે તેનાથી નષ્ટ થાય છે. ખુલ્લા દીલ માટે લોકોમાં ખ્યાતિ અને પ્રસિદ્ધિ હોય એ ઉત્તમ પ્રકારની સ્થિતિ છે; ગુહ્ય રક્ષણની ટેવ રાખવી જોઇએ; પ્રસંગાનુસાર છદ્મવેષ કરતાં પણ આવડવું જોઇએ; અને બીજો ઉપાય ન હોય તો બહાનાં કાઢવાનું સામર્થ્ય પણ હોવું જોઇએ.

(૭)

માતપિતા અને સંતાનો.

માતપિતાનો આનંદ ગુપ્ત હોય છે; તેજ પ્રમાણે તેમનાં દુઃખો અને ભયો પણ ગુપ્ત હોય છે. તે પોતાનો આનંદ શબ્દદ્વારા વ્યક્ત કરી શકતાં નથી; અને તેઓ દુઃખો અને ભયો શબ્દદ્વારા પ્રદર્શિત કરતાં નથી. સંતાનો શ્રમને માધુર્ય અર્પણ કરે છે; પરંતુ તેમને લીધે વિપત્તિકાળ વિશેષ દુઃસહ બને છે. તેમને લીધે સંસારની ચિંતા વધે છે; પરંતુ મૃત્યુની ક્ષણભર પણ વિસ્મૃતી થાય છે. સંતતિના યોગથી વંશવૃદ્ધિનું કામ પશુ સુદ્ધાં કરે છે. પરંતુ ધારણા, ગુણસંપન્નતા અને સત્કાર્યબુદ્ધિ એ મનુષ્યમાંજ હોય છે. અને ખરેખર, મહાન મહાન કામો તથા પરોપકારી કામો સંતતિવિનાના માણસોદ્વારાજ થયાં છે એમ આપણને જણાઇ આવશે; આનું કારણ એ છે કે તેમના શરીરની પ્રતિકાય નહિ હોવાથી તેઓ પોતાના મનનું પ્રતિબિંબ પાડવાના કામમાં નિમગ્ન થયા હતા. આ પરથી જણાય છે કે જેને સંતાન હોતાં નથી તેને ભાવી પ્રજાની કાળજી સૌથી અધિક હોય છે; જે લોકો પોતાના કુટુંબને પ્રસિદ્ધ કરવાને પ્રથમ કારણભૂત થાય છે તેઓ પોતાનાં સંતાનોને અત્યંત લાડ લડાવે છે; તેઓ ધારે છે કે સંતાનો આપણો વંશ ચલાવશે એટલુંજ નહિ, પરંતુ આપણા પરાક્રમની સ્મૃતિને પણ અજરામર કરશે.

માતાનો અને પિતાનો સંતાનોપર સમાન પ્રેમ હોતો નથી, અને તે પણ સર્વ સંતાનોપર સમાન હોતો નથી; અને વિશેષતઃ કોઇ કોઇ વાર માતાનો પ્રેમ અનુચિત હોય છે. સૉલૉમન જણાવે છે કે “ શાણો પુત્ર પિતાને આનંદ આપે છે, પરંતુ મૂર્ખ પુત્ર માતાને

લજ્જા આપે છે." એમ જણાય છે કે એક ઘરમાં પુષ્કળ સંતાનો હોય ત્યારે એક બે જ્યેષ્ઠ સંતાનોનું સારૂં જતન કરવામાં આવે છે; છેક નાનાને અતિશય લાડ લડાવવામાં આવે છે, પરંતુ વચલાંનો કોઇ ભાવ પૂછતું નથી; આમ થાય છે તોપણ અનેકવાર સર્વમાં તેજ સારાં નિવડે છે. સંતાનોને ખર્ચવા માટે પૈસા આપવામાં માતપિતા કરકસર કરે છે, એ તેમની ચૂક છે; તેથી પરિણામ ખરાબ આવે છે. આથી બાળકો પાજી બની જાય છે, નીચ યુક્તિ શીખે છે, હલકી સોબત કરે છે અને સમૃદ્ધિ મળી એટલે આગળ પાછળ નહિ જોતાં તેનો યથેચ્છ ઉપભોગ કરે છે. એટલા માટે માતપિતાએ બાળકો પર અંકુશ રાખવો, પરંતુ તેમને પૈસાની તાણ પડવા દેવી નહિ; આજ માર્ગ ઉત્તમ છે.

બંધુ બંધુ વચ્ચે બાલ્યાવસ્થામાં સ્પર્ધા ઉત્પન્ન કરી તે જાગૃત રાખવાની એક અવિચારી ચાલ લોકોમાં (અર્થાત્ માતપિતા, શાળાના શિક્ષક અને નોકર ચાકરમાં) હોય છે, તેથી મોટી ઉમ્મરે તેમનામાં કલહ થાય છે અને કુટુંબમાં વૈમનસ્ય ઉત્પન્ન થાય છે. ઇટાલિયન લોકો પોતાનાં સંતાનોમાં અને પોતાના બંધુનાં વા ઇતર નિકટનાં સગાંનાં સંતાનોમાં જરા પણ ભેદભાવ રાખતા નથી. સંતાનો એક કુટુંબનાં હોય એટલે થયું—પછી તે પેટનાં ન હોય તેની ફિકર નહિ. અને વાસ્તવમાં સૃષ્ટિક્રમમાં પણ આમજ છે; કારણ કે કદિ કદિ પુત્ર માતપિતા કરતાં કાકાના કિંવા બીજા એકાદ સગાના વલણ પર વિશેષ જાય છે, એમ આપણા જોવામાં આવે છે.

પોતાના પુત્રોએ કયો ધંધો કરવો કિંવા કયા માર્ગનું અવલંબન કરવું તેની યોજના માતપિતાએ તે નાના હોય ત્યારથીજ કરવી જોઇએ; કારણ કે તે સમયે તેમનાં મન જેમ વાળવામાં આવે તેમ વળે એવાં હોય છે. પરંતુ પુત્રને જે પસંદ પડશે તે કામ તે પરમ

ઉત્સાહથી કરવા લાગશે એમ સમજી તેમણે તેની વૃત્તિ જોવાની ખટપટમાં ઝાઝું પડવું નહિ. એટલું ખરૂં કે પુત્રની પ્રવૃત્તિ કિંવા તેની હુશીઆરી વિલક્ષણ હોય તો તેની આડે નહિ અવાય તો સારૂં. પરંતુ સાધારણ રીતે પુત્રને સારો ધંધો શોધી આપવો એજ ઉત્તમ નિયમ છે; આથી પ્રથમ તે ધંધા તરફ તેની વૃત્તિ ન હોય તો પણ અભ્યાસ અને ટેવથી તેજ તેને સારો અને સુલભ લાગવા માંડશે. ઘણી વાર નાના ભાઈઓ કીર્તિ પ્રાપ્ત કરે છે; પરંતુ વડીલ બંધુઓ જ્યારે બેવારસ હોય ત્યારે માત્ર નાના ભાઈઓ ક્વચિત્ આગળ આવે છે, કિંવા મૂળેજ આવતા નથી, એમ કહીશું તોપણ ચાલશે.

(૮)

વિવાહ અને બ્રહ્મચર્ય.

જેને સ્ત્રી અને સંતાનો હોય છે તે દૈવને આધીન થયા સરખો છે. કારણ કે તે સાહસિક કાર્યો—પછી તે સત્કાર્યો હો વા દુષ્કાર્યો હો—કરવાની ઇચ્છા કરે તો સ્ત્રી સંતતિ તેને બાધારૂપ થઈ પડે છે. જો આપણા જીવપર આવી પડી તો પછી આપણાં બાયડી છોકરાંનું શું થશે એવો વિચાર તેના મનમાં ઉત્પન્ન થાય છે અને તે સાહસિક કાર્ય કરવાને પ્રવૃત્ત થતો નથી.

વાસ્તવમાં અત્યુત્કૃષ્ટ લોકોપયોગી કામો અવિવાહિત અથવા અનપત્ય પુરૂષોના હાથથીજ થયાં છે. આવા લોકો સમાજનેજ વરેલા હોય છે અને તેમણે પોતાની સંપત્તિ તેનેજ અર્પણ કરેલી હોય છે, એમ કહેવું જોઇએ. વાસ્તવિક રીતે જોતાં જેમને છોકરાંછૈયાં હોય તેમણેજ ભવિષ્યતની કાળજી વિશેષ રાખવી જોઇએ. કારણ કે તે

કાળમાં પોતાની પાછળ પોતાનાં સંતાનો જીવન નિર્ગમન કરવાનાં છે એ તેમને વિદિત હોય છે. કેટલાક લોકો એવા હોય છે કે તેઓ અવિવાહિત હોય તોપણ તેમના વિચાર સ્વતઃની આગળ જતાજ નથી. તેમને લાગે છે કે ભવિષ્યતની સાથે આપણને કાંઇ પણ સંબંધ નથી. કેટલાક લોકો એવા હોય છે કે તેઓ સ્રીસંતતિ કેવળ ખર્ચનું કારણ છે એમ માને છે; એટલુંજ નહિ, પરંતુ કેટલાક મૂર્ખ, લોભી, શ્રીમાન લોકો એવા હોય છે કે તેઓ પોતાને સંતતિ ન હોય એમાં મોટું ભૂષણ માને છે. તેમની સમજ એવી હોય છે કે સંતતિ નહિ હોવાથી ખર્ચ બચે છે અને તેથી આપણે લોકોને અધિક શ્રીમંત દેખાઇએ છીએ. તેમણે કદાચ આ મતલબનું સંભાષણ સાંભળ્યું હશે:—એક કહે છે “ અલ્યા ભાઇ, ફલાણો ફલાણો માણસ તો અતિ શ્રીમંત છે.” ત્યારે બીજો કહે છે “એ વાત ખરી, પરંતુ તેને છોકરાંઓનો મોટો ખર્ચ લાગેલો છે.” અર્થાત્ જાણે આ ખર્ચથી તેની સંપત્તિ ઓછી થતી ન હોય ! પરંતુ અવિવાહિત રહેવાનું સર્વથા સાધારણ કારણ સ્વાતંત્ર્યની ઇચ્છા છે. જે માણસ આત્મસંતોષી અને લહેરી હોય છે, તેમની અવિવાહિતતાનું કારણ તો આજ છે. તેમની સ્વાતંત્ર્યપ્રિયતા એટલી પ્રબળ હોય છે કે તેમને પોતાનો તંગ અને કમરપટો સુદ્ધાં બેડી સમાન લાગે છે.

અવિવાહિત માણસો ઉત્તમ મિત્ર, ઉત્તમ સ્વામી અને ઉત્તમ નોકર હોય છે. પરંતુ તેઓ કદિ પણ ઉત્તમ પ્રકારે પ્રજાધર્મ પાળતા નથી. કારણકે પલાયન કરવામાં તેઓ આગળ પાછળ જોતા નથી. અને અહીંથી તહીં ભાગનારા લોકો આજ પ્રકારના અર્થાત્ અવિવાહિત હોય છે.

અવિવાહિત રહેવું એ ધર્મોપદેશકને માટે ઇષ્ટ છે. કારણ કે જો ગૃહ સંસારમાં તેમનું મન ગુંચવાઇ રહે તો પછી ઇતરજનોના

કલ્યાણ તરફ તે લોકોનું મન કેવી રીતે જાય ? ન્યાયાધીશો અવિવાહિત હોય કે વિવાહિત હોય તે એક સમાન જ છે. કારણ કે જો તેઓ કાચા કાનના અને લાંચખોર હોય તો તેમની સાથે સંધાન કરવાને માટે સ્ત્રી જોઇએજ એવું કાંઇ નથી. સ્ત્રી કરતાં પાંચગણો ખરાબ એવો એકાદ નોકર પણ મળી આવે છે. સૈનિકોના સંબંધમાં વિચાર કરતાં મને જણાય છે કે યુદ્ધના પ્રસંગે વીરશ્રી આણવાને માટે તેમનો સેનાપતિ જે ભાષણ કરે છે તેમાં તે ઘણું કરીને તેમની સ્ત્રીસંતતિની સ્મૃતિ કરાવે છે. અને મને લાગે છે કે તુર્ક લોકો લગ્ન કરવું તુચ્છ માને છે, એટલા માટે જ તેમના નિકૃષ્ટ પંક્તિના સૈનિકો કાયર હોય છે.

વસ્તુતઃ સ્ત્રી અને સંતતિ એ મનુષ્યને એક પ્રકારના શિક્ષણરૂપ છે. ઘણીવાર અવિવાહિત લોકો વિવાહિત માણસો કરતાં અધિક ધાર્મિક હોય છે, એ વાત ખરી છે; કારણ કે ઘરમાં તેમનું અધિક દ્રવ્ય ખર્ચાતું નથી. પરંતુ તે દયાહીન અને કઠોર મનના વિશેષ હોય છે; કારણ કે સદયતા જાગૃત કરવાના જેટલા પ્રસંગ કુટુંબવત્સલ માણસને આવે છે તેટલા તેમને આવતા નથી.

ગંભીર સ્વભાવના માણસો બહુધા એક પત્નીવાળા હોઇ સ્ત્રી પર પ્રીતિ કરનારા હોય છે. યુલિસિસના સંબંધમાં એમ કહ્યું છે કે "અમર દેવતાનો અનાદર કરી તેણે પોતાની વૃદ્ધા સ્ત્રીને જ પસંદ કરી." જે સ્ત્રીઓ નિષ્કલંક હોય છે તેઓ પોતાના પાતિવ્રત્યના જોર પર ગર્વિષ્ટ અને નિઃસ્પૃહી હોય એમ ઘણીવાર પ્રતીત થાય છે. મારો સ્વામી શાણો છે એમ સ્ત્રીને લાગતાં તે બહુધા ખરાબ ચાલની કિંવા અનાજ્ઞાંકિત થશે નહિ. પરંતુ પતિને મારા વિના એક ઘડી પણ ચ્હેન પડતું નથી એમ તેને જણાતાં તે કદિ પણ તેને શાણો ગણશે નહિ. સ્ત્રી એ તારુણ્યમાં પતિની કામિની, મધ્યમવયમાં સખી

અને વૃદ્ધાવસ્થામાં સેવિકા હોય છે. એટલા માટે ગમે તે વયમાં લગ્ન કરવાની ઇચ્છા થાય તો સબબ અનાયાસ તૈયાર જ હોય છે. થેલીસ નામક એક તત્ત્વવેત્તા થઇ ગયો, તેને કોઇએ પૂછ્યું કે "લગ્ન ક્યારે કરવાં?" ત્યારે તેણે ઉત્તર આપ્યો કેઃ–"તરુણ માણસે જલદી કરવાં નહિ, અને "વૃદ્ધ માણસે તો બિલકુલ લગ્ન કરવાં જ નહિ." આ થેલિસની શાણામાં ગણના થાય છે.

વારંવાર એમ પ્રતીત થાય છે કે પતિ ખરાબ હોય તો પણ સ્ત્રી અતિ ઉત્તમ હોય છે. એનું કારણ જે હો તે હો. પતિની મમતા ક્વચિત્ જ જણાતી હોવાથી તે બહુમૂલ્ય લાગી તેને સંપાદન કરવાને માટે સ્ત્રી સુશીલ થતી હશે; કિંવા પોતાની સહનશીલતા દર્શાવવામાં તેને ભૂષણ લાગતું હશે તે કાંઇ સમજાતું નથી. તે ગમે તેમ હો, પરંતુ આટલી વાત તો ખરી કે સ્ત્રી જો પોતાના ઇષ્ટ મિત્રોની ઇચ્છાવિરુદ્ધ કોઇને સ્વેચ્છાથી પરણી હોય અને તે પતિ ખરાબ નીકળ્યો હોય તો તે કદિ પણ પોતાના મુખમાંથી શબ્દ કાઢશે નહિ. બનતાં સુધી તે તેને અલંકૃત જ દર્શાવશે.

(૯)

ઈર્ષા.

પ્રેમ અને ઈર્ષા શિવાય ભ્રમ કિંવા મોહમાં નાંખનારા બીજા મનોવિકાર નથી. ઉભયની વાસના પ્રબળ હોય છે; તે કલ્પનામાં અને વિચારમાં તત્કાળ પ્રકટ થાય છે. અને તે સહજ આંખમાં આવે છે–વિશેષતઃ તેના વિષયો સન્નિધ હોય ત્યારે. તેજ પ્રમાણે આપણે જોઇએ છીએ કે (ખ્રિસ્તી) શાસ્ત્રમાં ઈર્ષાને

ખરાબ નજર કહેવામાં આવે છે; અને જ્યોતિષી ગ્રહની અનિષ્ટ સત્તાને ખરાબ દશા કહે છે. તાત્પર્ય એ છે કે ઇર્ષાનો અમલ ચાલુ હોય ત્યારે આંખમાંથી કાંઇક બહાર આવે છે એ વાત સર્વને કબૂલ છે. એટલું જ નહિ, પરંતુ કેટલાક વિચક્ષણ લોકોએ એવું પણ જોયું છે કે જે મનુષ્યની ઇર્ષા કરવામાં આવે તે વૈભવમાં અથવા જયોત્સવમાં હોય એવા સમયમાં દ્વેષી દ્રષ્ટિનો પ્રભાવ અત્યંત ઘાતકી નિવડે છે; કારણ કે તે સમયે દ્વેષને ધાર ચઢે છે. વળી આવા સમયમાં જેનો દ્વેષ કરવામાં આવે છે તેના પંચ પ્રાણ બહાર આવે છે અને દ્વેષના સપાટામાં સપડાય છે.

પરંતુ આ સૂક્ષ્મવિચાર એક બાજુએ રાખી (જો કે યોગ્ય સ્થળે તેનો વિચાર કરવો અનુચિત નથી) આપણે વિવેચનને માટે આટલા વિષયો લઇએ: અન્યોનો દ્વેષ કરવાને કોણ પ્રવૃત્ત થાય છે; અતિશય ઇર્ષા કોની કરવામાં આવે છે; અને સાર્વજનિક ઇર્ષા તથા ખાનગી ઇર્ષામાં ભેદ શું ?

જે મનુષ્યમાં કાંઇ પણ સદ્ગુણ હોતો નથી તે સદ્ગુણી મનુષ્યની ઘૃણા કરે છે. કારણકે મનુષ્યનો સ્વભાવ એવો હોય છે કે તે પોતાનું કલ્યાણ અને અન્યનું અકલ્યાણ કરવા માગે છે. અને જેની પાસે પોતાનું કલ્યાણ કરવાનાં સાધન હોતાં નથી તે અન્યનું અકલ્યાણ થયેલું જોઇને સંતુષ્ટ થાય છે, અને અન્યોના સદ્ગુણ પોતાનામાં આણવાની જેને આશા હોતી નથી તે અન્યોના ગુણોની ખામી દર્શાવી અમે પણ તેની બરોબરીના છીએ એમ બતાવવાનો પ્રયત્ન કરે છે.

જે માણસ સદા સર્વદા ખટપટ અને અન્યોનું છિદ્રગત શોધી કાઢવાના પ્રયત્નમાં નિમગ્ન રહે છે તે બહુધા ઇર્ષાખોર હોય છે. કારણ કે તે જે આટલી બધી ખટપટ કરી અન્યોનાં કામની પંચાતમાં પડે

છે તે સ્વતઃના લાભને માટે હોતું નથી. પરંતુ અન્યોની સારી માઠી દશા થયેલી જોઇ તેને એક પ્રકારનો નાટક જોવા જેવો આનંદ થાય છે, એમ કહેવું જોઇએ. પોતે ભલો કે પોતાનું કામ ભલું એવો જે હોય છે તેને ઇતર મનુષ્યોની ઈર્ષા કરવાનું વિશેષ કારણ હોતું નથી. ઈર્ષા એ ચંચલ વિકાર છે. ઈર્ષાખોર માણસ રસ્તામાં હીંડયા કરે છે, તે ઘેર બેસી રહેતો નથી. "જે જે માણસો અન્યોનો મર્મ શોધનારા હોય છે તેઓ બહુધા દુષ્ટબુદ્ધિ હોય છે."

નવા માણસો જ્યારે ઉદયમાં આવે છે ત્યારે ગર્ભશ્રીમંતો તેમની ઈર્ષા કરે છે. કારણકે આવી સ્થિતિમાં ઉભય વચ્ચેનો અંતર નષ્ટ થાય છે. અન્ય આગળ આવે છે એમ જોઇ ગર્ભ શ્રીમંતને એમ લાગે છે કે આપણે પાછળ હઠીએ છીએ; પરંતુ આ કેવળ નજરચૂક છે.

કદરૂપા, પંઢ, વૃદ્ધ, વ્યભિચારી, એ લોકો ઈર્ષાખોર હોય છે. કારણ કે જેઓ કોઇ પણ રીતે પોતાની સ્થિતિ સુધારી શકતા નથી તેઓ અન્યની સ્થિતિ બગાડવાને માટે બનતો પ્રયત્ન કરે છે. પરંતુ જો આ વ્યંગો એકાદ અત્યંત શૂરા અને પરાક્રમી માણસમાં હોય તો તે અન્યની ઈર્ષા કરતો નથી. ઉલટ પક્ષે તે શારીરિક વ્યંગને ભૂષણ જ માને છે. તે એમ સમજે છે કે લોકો એમ કહેશે કે "જુઓ ભાઈ, આ મહાન પરાક્રમનું કામ ફલાણા ફલાણા પંઢે વા લંગડાએ કર્યું!" અર્થાત્, અદ્ભુત ચમત્કાર કરવાથી જે પ્રતિષ્ઠા મળે છે તે પોતાને મળે એવો તેનો હેતુ હોય છે. નારસીસ, આગેસિલોસ અને તૈમૂરલંગ આજ પ્રકારના પુરૂષ હતા. નારસીસ પંઢ હતો; અને આગેસિલોસ તથા તૈમૂરલંગ એ લંગડા હતા.

સંકટ અને દુઃખ ભોગવીને જે લોકો ઉન્નત થાય છે તેઓ પણ ઈર્ષાખોર હોય છે. અન્ય લોકો સહજ કીર્તિ સંપાદન કરે છે તે જોઇને તેમને ક્રોધ ઉત્પન્ન થાય છે. તેમને એમ લાગે છે કે અમને

આટલું કષ્ટ સહન કરવું પડયું તો અન્યોને શા માટે તે સહન કરવું ન પડે ? અને અન્યોનું દુઃખ જોઇ તેમને પોતાના ભોગવેલા દુઃખનો બદલો વળી રહેલો લાગે છે.

જે લોકો ચંચળ મનના અને ખાલી આડંબર રાખનારા હોય છે અને અનેક વિષયોમાં પ્રવીણતા પ્રાપ્ત કરવાની જેમની ઇચ્છા હોય છે તેઓ પણ ઇર્ષાખોર હોય છે. સઘળા વિષયોમાં પ્રવીણતા પ્રાપ્ત કરવી અત્યંત કઠિન છે. અને એકાદ વિષયમાં પુષ્કળ લોકો તેના કરતાં વિશેષ પ્રવીણ હોયજ, નહિ હોય એમ કદિ બને નહિ. આથી તે કદિ પણ સ્વસ્થ રહેતો નથી. આડ્રિયન પાદશાહ આ પ્રકારનો માણસ હતો. કવિ, ચિત્રકાર કિંવા જે જે કામમાં તેની બુદ્ધિ ચાલે તે કામ કરનારા કારીગરોનો તે અત્યંત દ્વેષ કરતો હતો.

નિકટના આપ્ત, સમવ્યવસાયી, અને એકજ સ્થળે નાનાના મોટા થયેલા માણસો પોતાના સોબતીઓનો ઉત્કર્ષ થયેલો જોઇ તેમની ઇર્ષા કરવાને વિશેષ ઉદ્યુક્ત થાય છે, કારણ કે આપણા સોબતીઓ ઉન્નતિ પામ્યા અને આપણું નશીબ ઉઘડતું નથી એ વિચાર તેમના મર્મસ્થાનને કોતરી ખાય છે; તેઓ લોકોની પણ નજરે ચડે છે. તેમને આ વાતનું વારંવાર સ્મરણ થાય છે અને લોકો પણ તે સંબંધે ચર્ચા કરે છે. લોકો પણ ચર્ચા કરવા લાગે અને બહુધા સર્વતો-મુખે તેજ વિષય થઇ રહે, આથી ઇર્ષા બમણી વૃદ્ધિગંત થાય છે. કેને* પોતાના બંધુ એબેલની જે નિંદા કરી તે અતિ નિંદ્ય અને દુષ્ટ બુદ્ધિથી ભરેલી હતી; કારણ કે જ્યારે એબેલનો બલિ અધિક

* કેન અને એબેલ આદમ અને ઈવના પુત્રો હતા. તે ઉભયે દેવને બલિ અર્પણ કર્યા. પરંતુ એબેલનો બલિ દેવને અધિક પસંદ પડયો તેથી કેનને ક્રોધ ઉત્પન્ન થયો અને તેણે એબેલને ઠાર માર્યો, એવી બાઇબલમાં કથા છે.

માન્ય થયો ત્યારે તે જોવાને કોઈપણ નહોતો.

અહીંઆંસુધી દ્વેષ કરનાર સંબંધે કહેવામાં આવ્યું. હવે ન્યૂનાધિક દ્વેષ કોનો કરવામાં આવે છે તે જોઇએ. મહા સદ્ગુણી મનુષ્ય ઉન્નત થાય છે ત્યારે કોઈ પણ તેનો વિશેષ દ્વેષ કરતું નથી. કારણ કે તેનો ઉત્કર્ષ તેને માટે યોગ્ય છે એમ લોકોને લાગે છે. જેનું ઋણ હોય તેને તે ચૂકવી દેવામાં આવે ત્યારે કોઇને ખોટું લાગતું નથી; પરંતુ જો ઈનામ અથવા બક્ષિસ આપવામાં આવે તો તરતજ ઈર્ષા ઉત્પન્ન થાય છે. તેમજ ઈર્ષા કરનાર અને જેની તે ઇર્ષા કરતો હોય તે એ બે વચ્ચે તુલના કરવા યોગ્ય હોયતોજ ઈર્ષા જાગૃત થાય છે. જે સ્થાને તુલના કરવા યોગ્ય ન હોય તે સ્થાને ઈર્ષા હોતી નથી. આથી રાજાની ઈર્ષા રાજાજ કરે છે; ઇતર કરતા નથી. જેમનામાં કાંઈપણ યોગ્યતા ન હોય એવા લોકો જ્યારે કીર્તિ પ્રાપ્ત કરે છે ત્યારે લોકો પહેલાં પહેલાં તેમની ઇર્ષા કરે છે; પાછળથી તેમની વિશેષ ઇર્ષા કરતા નથી. પરંતુ સદ્ગુણી લોકોની વાત આથી ઉલટી છે. તેઓ દીર્ઘકાળ પર્યંત વૈભવ ભોગવે ત્યારે તેમની ઇર્ષા કરવામાં આવે છે. આનું કારણ એ છે કે તેમના ગુણ ન્યૂન થતા નથી તોપણ પૂર્વવત્ તેમનું તેજ પડતું નથી. કારણ કે નવા નવા માણસો આગળ આવે છે તેઓ તેમના ગુણને ઢાંકી દે છે.

કુલીન ઘરના લોકો ઉન્નતિ પામે છે ત્યારે તેમની ઝાઝી ઇર્ષા કરવામાં આવતી નથી. કારણ કે લોકોને એમ લાગે છે કે એમના ઘરની જે પ્રતિષ્ઠા હોવી જોઇએ તે એમને મળી. બીજું કારણ એ છે કે તેઓ ઉન્નત થવાથી કાંઇ તેમની પ્રતિષ્ઠા વધતી નથી, અને ઇર્ષા એ સૂર્યકિરણ સમાન છે. સૂર્યનાં કિરણો એકાદ ઉંચી જગ્યા પર કિંવા ડુંગરના શિખર પર જેટલી પ્રખરતાથી પડે છે તેટલી પ્રખરતાથી તેઓ સપાટ મેદાનમાં પડતાં નથી; તેજ પ્રમાણે જે મનુષ્યની

પ્રતિષ્ઠા હમ્મેશ કરતાં અધિક વૃદ્ધિંગત થાય છે તેનો જેટલો દ્વેષ કરવામાં આવે છે તેટલો દ્વેષ જેની પ્રતિષ્ઠા એકસરખી હોય છે તેનો કરવામાં આવતો નથી. આજ કારણથી જે એકાએક અને એકજ ઉદ્યમનથી પ્રતિષ્ઠાના શિખર પર આરૂઢ થાય છે તેની જેટલી ઇર્ષા કરવામાં આવે છે તેટલી જે ક્રમે ક્રમે ચઢે છે તેની કરવામાં આવતી નથી.

દીર્ઘ પ્રવાસ કરી તથા દુઃખો અને સંકટો સહન કરીને જેઓ મહત્વના પદ પર આરૂઢ થાય છે તેમનો દ્વેષ ઓછો કરવામાં આવે છે. કારણકે લોકોને લાગે છે કે ઉચ્ચ પદે ચઢતાં એને અત્યંત પરિશ્રમ પડયો છે અને તેથી કોઇ કોઇ વાર તેમને તેના પ્રત્યે દયા ઉત્પન્ન થાય છે, અને દયા ઉત્પન્ન થઇ એટલે ઇર્ષા નષ્ટ થાય છે. એટલા માટે જેઓ સૂક્ષ્મ અને સ્થિર બુદ્ધિના કારસ્થાની લોકો હોય છે તેમને જ્યારે ઉચ્ચ પદ પ્રાપ્ત થાય છે ત્યારે “અમારૂં આ જીવન વ્યર્થ છે; અહો, એમાં કેટલો બધો ત્રાસ ભોગવવો પડે છે!” એવું રોદન તેમનાં મુખેથી સાંભળવામાં આવે છે. ખરેખર તેમને ત્રાસ થાય છે એમ હોતું નથી, પરંતુ પોતાની કોઇ ઇર્ષા કરે નહિ એટલા માટેજ તેઓ તેમ બોલે છે. આ કથન જેમના પર કામ આવી પડે છે તેમનેજ માત્ર લાગુ પડે છે. જેઓ પોતાની જાતે પોતાની ઉપર કામ ખેંચી લે છે તેમને આ વાત લાગુ પડતી નથી. કારણ કે કાંઇ પણ કારણ નહિ હોવા છતાં કેવળ મહત્વાકાંક્ષાથી પોતાના હાથમાં સર્વ કામો લેવાથી માણસની જેટલી અધિક ઇર્ષા કરવામાં આવે છે તેટલી બીજા કોઇ પણ કારણથી કરવામાં આવતી નથી. તેજ પ્રમાણે મોટા અમલદારો પોતાના હાથ નીચેના કામદારોને તેમના અધિકાર અને હોદ્દાને યોગ્ય માન પૂર્ણ રીતે આપે તેથી તેમનો જેટલો ઓછો દ્વેષ થાય છે તેટલો ઇતર કોઇ પણ કારણથી થતો નથી. કારણ કે તેથી મોટા અમલદારોની મોટાઇ લોકોની આંખમાં સાલતી નથી. તે

અને ઇર્ષાની વચ્ચે નાના અમલદારો જાણે પડદારૂપજ બને છે.

જે માણસો ઉન્નત સ્થિતિને પ્રાપ્ત થયા પશ્ચાત્ ગર્વિષ્ટપણે તથા તોરથી વર્તે છે તેમની સૌથી વિશેષ ઇર્ષા કરવામાં આવે છે. આવા લોકોને બાહ્ય આડંબર કરી કિંવા પોતાના પ્રતિસ્પર્ધીઓને પરાસ્ત કરી પોતાની મોટાઇ દર્શાવ્યા વિના સારૂં લાગતું નથી. પરંતુ જેઓ શાણા હોય છે તેઓ નાની નાની બાબતોમાં—અર્થાત્ અતિ મહત્વની ન હોય એવી બાબતોમાં—જાણી જોઇને હાર ખાઇ અમે હાર્યા એમ દર્શાવે છે. આથી ઇર્ષાખોર લોકોની ઇર્ષાનું શમન થઇ જાય છે. તથાપિ એટલું ખરૂં કે માણસને મોટાઇ પ્રાપ્ત થયા પછી તેનું વર્તન જો સાદું અને નિષ્કપટ હોય—ગર્વિષ્ટતા અને શેખીભરેલું માત્ર ન હોય—તો તેનો ઝાઝો દ્વેષ થશે નહિ; પરંતુ જો તેનું વર્તન કપટી અને ઘાતકી હશે તો તેનો દ્વેષ ઝાઝો થશે. જે માણસ પોતાનું વર્તન સાદું અને નિષ્કપટી રાખે છે તે મને નશીબથી પ્રાપ્ત થયેલી મોટાઇ નિરંતર રહેનારી નથી અને મારામાં કાંઇ ભારે યોગ્યતા નથી એ હું જાણું છું એમ દર્શાવે છે; અને તેથી તેનો દ્વેષ કરવાનું કારણ રહેતું નથી.

હવે આ ભાગનો ઉપસંહાર કરીશું; અમે આરંભમાં જણાવી ગયા તે પ્રમાણે ઇર્ષાની ક્રિયામાં કુદ્રષ્ટિનો થોડો અંશ હોય છેજ; એટલા માટે કુદ્રષ્ટિનો જે ઉપાય હોય તેજ ઇર્ષાનો ઉપાય છે. અને તે ઉપાય એ છે કે પોતાની ઉપરની ઇર્ષા બીજાની ઉપર પડવા દેવી. એટલા માટે મોટા માણસોમાં જેઓ શાણા હોય છે તેઓ પોતાને ઇર્ષાની બાધા ન થાય અથવા કોઇની નજર ન લાગે એટલા માટે બીજા કોઇને આગળ કરે છે અને તેની પર ઇર્ષા પડે એવી વ્યવસ્થા કરે છે. તેઓ કોઇવાર કારભારી અને નોકરપર અને કોઇવાર સહકારી તથા સોબતી ઇત્યાદિકપર પડવા દે છે. કિંવા તે કામને માટે

ઢાંડ અને સાહસિક લોકોની કદિ વાણુ હોતી નથી. તેમને ઉદ્યોગ અને અધિકાર મળ્યો એટલે થયું; પછી ગમે તે થાઓ, પરંતુ પોતાની ઉપર ઇર્ષા ખેંચી લેવાને તેઓ આગળ પાછળ જોતા નથી.

હવે આપણે સાર્વજનિક ઇર્ષા સંબંધે વિચાર કરીશું. સાર્વજનિક ઇર્ષામાં કાંઇક ભલું હોય છે, પરંતુ અંગત ઇર્ષામાં જરા પણ ભલું હોતું નથી. રાજ્યના આગેવાન માણસો જ્યારે અતિ પ્રબળ બની જાય છે ત્યારે તેમને માટે ઇર્ષા એક પ્રકારની શિક્ષાજ છે. ઇર્ષાને લીધે તેમનું તેજ જેટલું પડવું જોઇએ તેટલું પડતું નથી. અને આજ કારણથી મોટા લોકોને અંકુશમાં રાખવાને માટે ઇર્ષા એ એક લગામ છે.

અાર્વચીન ભાષામાં ઇર્ષા શબ્દનો અર્થ અસંતોષ પણ થાય છે. રાજદ્રોહ સંબંધે જ્યારે વિવેચન કરીશું ત્યારે આ વિષે બોલીશું. રાજ્યમાં જ્યારે અસંતોષ ઉત્પન્ન થાય છે ત્યારે સ્પર્શજન્યરોગના જેવુંજ તેનું પરિણામ આવે છે, અર્થાત્ જે પ્રમાણે સ્પર્શજન્યરોગ નિરોગી માણસને લાગુ પડે છે અને તેને દુ:ખી કરી નાંખે છે, તેજ પ્રમાણે અસંતોષ એકવાર રાજ્યમાં પ્રવેશ્યો એટલે રાજ્યનિયંતા ઉત્તમ કામો કરે તો પણ તેમની નિંદાજ થાય છે અને તે કામો અપ્રિય થઇ પડે છે. આથી કોઇ કોઇવાર પ્રશંસનીય કામો કરવામાં આવે તો પણ તેના કરનારને કોઇ સારા કહેતા નથી. ઉલટપક્ષે આ કામો દ્રઢ નિશ્ચય નહિ હોવાને લીધે તથા અસંતોષથી ડરીને કરવામાં આવ્યાં છે એમ લોકો બોલે છે. અને જે પ્રમાણે સ્પર્શજન્યરોગથી ડરવાથી તે જાણે બોલાવ્યો હોય તેમ આવે છે, એમ સાધારણ રીતે જોવામાં આવે છે, તેજ પ્રમાણે અસંતોષથી ડરવાથી તેની પીડા પણ અધિક વધે છે.

આ સાર્વજનિક દ્વેષ કિંવા અસંતોષ મુખ્યત: પ્રમુખ અધિ-

કારીઓ કિંવા કારભારીઓ વિષે હોય છે. સ્વતઃ રાજાવિષે કિંવા રાજનિયંતા વિષે તે ઝાઝો હોતો નથી. પરંતુ મોટા કારણ વિના જ્યારે કારભારીઓ સંબંધે અત્યંત અસંતોષ ફેલાય છે અને તેમને દૂષણ દેવામાં આવે છે, કિંવા જ્યારે રાજ્યના સમસ્ત કારભારીઓને એક સરખી રીતે દૂષણ દેવામાં આવે છે ત્યારે તે દૂષણ પ્રકટ ન હોય તો પણ રાજનિયંતાને લાગુ પડે છે એમ પકકું સમજવું.

દ્વેષના સંબંધમાં એક સામાન્ય વાત કહેવાની રહી તે એકે સર્વ વિકારોમાં તે સદા જાગૃત અને પિછો પકડનારો હોય છે. ઇતર વિકારો જાગૃત થવાને પ્રસંગાનુસાર કારણ જોઇએ છે; પરંતુ દ્વેષના સંબંધમાં તેમ નથી. એટલા માટે, "દ્વેષને છૂટી હોતી નથી" એમ જે કહેવામાં આવ્યું છે તે યથાર્થ છે. કારણ કે કોઇપર ને કોઇપર તે ચાલૂજ હોય છે. પ્રીતિ અને દ્વેષ એ ઉભય વિકારો મનુષ્યને કૃશ કરે છે, એમ પણ જોવામાં આવે છે. ઇતર વિકારો તેમ કરતા નથી. કારણ કે તે સર્વદા એટલા જાગૃત રહેતા નથી. દ્વેષ એ સર્વ વિકારોમાં અતિ હીન અને નિંદ્ય છે. એટલા માટે તે સેતાનનો ખાસ ગુણ છે. સેતાનને "રાત્રિ સમયે ઘઉંમાં નકામા છોડ વાવનાર દ્વેષી માણસ" એવી સંજ્ઞા આપવામાં આવી છે. કારણ કે હમ્મેશાં એમ બને છે કે દ્વેષી મનુષ્યનો ઉદ્યોગ ગુપ્ત રીતે અને અંધારામાં ચાલે છે. અને તે સારા માણસની વિરૂદ્ધ ચાલે છે. દૃષ્ટાંતને માટે ઘઉં લીધા છે.

(૧૦)

પ્રેમ.

સંસાર કરતાં રંગભૂમિ એ પ્રેમની અધિક ઋણી છે; કારણ કે રંગભૂમિના સંબંધમાં જોઇએ તો પ્રેમ એ આનંદ પર્યવસાયી નાટકનો હમ્મેશ અને શોક પર્યવસાયી નાટકનો કોઇ કોઇવાર વિષય હોય છે. પરંતુ સંસારમાં તે ભારે ત્રાસ વર્તાવે છે; કોઇ કોઇવાર તે *સાયરનની પેઠે અને કોઇ કોઇવાર ચંડીની પેઠે ત્રાસ વર્તાવે છે. તમને જણાઇ આવશે કે જે જે મહાન અને મહત્વના રૂપ (પ્રાચીન અને અર્વાચીન નામાંકિત પુરૂષ) થઇ ગયા તેમનામાં પ્રેમાતિશયથી ઉન્મત્ત બનેલો એક પણ માણસ નહોતો; આ પરથી એમ સિદ્ધ થાય છે કે મહાન પુરૂષ અને મહત્કાર્ય એ આ દુર્બલતા-દર્શક વિકારને દૂર રાખે છે. તથાપિ રોમન રાજ્યના અર્ધ ભાગનો ભાગીદાર **માર્કસ આન્ટોનિયસ** અને દસમત્રીર તથા વિધિદાતા **આપિયસ કલૉડિયસ** એમને તમારે બાદ કરવા જોઇએ. એમાંનો પહેલો તો વિષયલંપટ અને અમિતાહારી હતો; પરંતુ બીજો માયા-હીન અને બુદ્ધિમાન હતો. અને એટલામાટેજ એમ જણાય છે (પરંતુ ક્વચિત્ ક્વચિત્) કે પ્રેમ માત્ર ખુલ્લા અંતઃકરણમાંજ પ્રવેશ કરી શકે છે એમ નથી, પરંતુ તે સુરક્ષિત અતઃકરણમાં પણ સારો પ્હેરો ન હોય તો પ્રવેશ કરી શકે છે. "આપણે એક બીજાને માટે અતિ મોટા નાટકગૃહ સ્વરૂપ છીએ." એમ જે એપિક્યુરસે કહ્યું છે તે મૂર્ખતા ભરેલું છે. મનુષ્યને આકાશનું અને સર્વ ઉત્તમ પદાર્થોનું ચિંતન કરવાને

* સુંદર સ્ત્રી. પ્રાચીનકાળના ખલાસીઓ એમ માનતા હતા કે કેટલાક દ્વીપોમાં સાયરન નામની સુંદર સ્ત્રીઓ હતી, તે ખલાસીઓને ભ્રમમાં નાંખીને તેમનો નાશ કરતી હતી.

માટે ઉત્પન્ન કરેલો હોવા છતાં શું તેણે નાની સરખી મૂર્તિની આગળ ઘુંટણભંડીએ પડવું અને (પશુની પેઠે) મુખના નહિ તો આંખના ગુલામ બનવું ? શું આ સિવાય તેને કાંઇ બીજું કરવાનું નથી ? આંખો તેને એ માટે આપવામાં આવી નથી, પરંતુ શ્રેષ્ઠતર કામોને માટે આપવામાં આવી છે. આ વિકારનો અતિરેક જોઇને આશ્ચર્ય ઉત્પન્ન થાય છેઃ તે એક વસ્તુનું સ્વરૂપ અને તેની કિમ્મત ઘણી વધારી દેછે. સર્વદા અતિશયોક્તિનું ભાષણ માત્ર પ્રેમમાં શોભે છે, ઇતરત્ર ક્યાંય પણ શોભતું નથી, અને અતિશયોક્તિ કેવળ બોલવામાંજ હોય છે એમ નથીઃ માણસ પોતે પોતાનો મોટામાં મોટો ખુશામતીઓ છે એમ જે કહ્યું છે તે સત્ય છે. બીજા સર્વ નાના નાના ખુશામતીઓ તેને અનુસરે છે. પરંતુ પ્રેમબદ્ધ મનુષ્ય ખરેખર તેના કરતાં પણ મોટો ખુશામતીઓ છે. કારણકે પ્રેમબદ્ધ મનુષ્ય પોતાના પ્રીતિપાત્રની ઉત્તમતા વિષે જેટલી પ્રચંડ કલ્પના કરે છે તેટલી પોતાના વિષે કરનાર ગર્વિષ્ટ મનુષ્ય આજપર્યંત કોઇ થયો નથી, અને એટલા માટેજ એમ કહેવામાં આવ્યું છે કે “ પ્રેમ કરી શાણા થવું અશક્ય છે. ” આ દોષ માત્ર બીજાને જણાય છે, પ્રેમપાત્રને તે જણાતો નથી, એમ પણ નથી; પ્રેમપાત્રને તે સૌથી વિશેષ જણાય છેઃ પ્રેમ પરસ્પર હોય ત્યારે માત્ર તેમ થતું નથી. કારણ કે આ ખરો નિયમ છે કે પ્રેમને પ્રાતપ્રેમની અથવા અંતસ્થ અને ગુપ્ત તિરસ્કારની બક્ષિસ મળે છે. આ વિકાર જ્યારે ઇતર વસ્તુઓ ગુમાવીને બેસી ન રહેતાં સ્વતઃને પણ ગુમાવે છે ત્યારે મનુષ્યે તે વિષે કેટલી ખબરદારી રાખવી જોઇએ. બીજા તોટા કયા કયા છે તે કવિની વાણીમાં સારી રીતે ચિત્રિત કરવામાં આવ્યા છે. જેણે હેલેનને § પસંદ કરી તેણે જ્યૂનો અને પાલાસની બક્ષીસોનો ત્યાગ કર્યો. કારણ કે જે પ્રેમવિકારની

---

§ પરિશિષ્ટ જુઓ.

મહત્તા અતિશય માને છે તે સંપત્તિ અને શાણપણુ એ ઉભયથી વંચિત રહે છે. આ વિકાર દુર્બળતાના સમયમાંજ પ્રબળ થાય છે; અર્થાત્ તે મોટી સંપત્તિના સમયમાં અને મોટી વિપત્તિના સમયમાંજ પ્રબળ થાય છે; તોપણ વિપત્તિકાળમાં તે તરફ વિશેષ લક્ષ્ય જતું નથી. આ ઉભયકાળ પ્રેમને પ્રજ્વલિત કરે છે અને અધિક તીવ્ર બનાવે છે અને આજ કારણથી તે મૂર્ખતાનું સંતાન છે એમ દર્શાવે છે. જે માણુસ પ્રેમને વશ થયા છતાં પણ તેને મર્યાદામાં રાખે છે અને તેને પોતાના વજનદાર કામથી તથા જીવનકૃત્યથી સર્વથા અલિપ્ત રાખે છે તે અતિ ઉત્તમ કામ કરે છે. કારણકે પ્રેમ એક વાર કામની આડે આવ્યો એટલે તે મનુષ્યની કર્મગતિમાં બિગાડ કરે છે અને ઉદ્દિષ્ટ હેતુની સિદ્ધિ અશક્ય કરે છે. લશ્કરના માણસો પ્રેમને આધીન હોય છે તેનું કારણ ગમે તે હો; પરંતુ મને લાગે છે કે તેઓ મદિરાસક્ત હોય છે એ તેનું કારણ હોવું જોઇએ. કારણકે સંકટોને બહુધા વિષયભોગનો બદલો જોઇએ છે. મનુષ્યના સ્વભાવમાં એવી એક ગુપ્ત પ્રવૃત્તિ હોય છે કે તે અન્યની ઉપર પ્રીતિ કરે છે: જો તે પ્રવૃત્તિ એક કિંવા થોડીક વ્યક્તિપર ખર્ચાય નહિ તો સ્વાભાવિક રીતે તે પુષ્કળ વ્યક્તિઓ પર પ્રસરે છે; અને તે મનુષ્યને દયાળુ તથા પરોપકારી બનાવે છે; આ પ્રવૃત્તિ મઠવાસી સાધુઓમાં કોઇ કોઇ વાર દ્રષ્ટિગોચર થાય છે. વૈવાહિક પ્રેમ માનવજાતિને ઉત્પન્ન કરે છે: મૈત્ર-પ્રેમ તેને પરિપૂર્ણ કરે છે; પરંતુ કુચ્છંદી પ્રેમ તેને ભ્રષ્ટ અને નીચ બનાવે છે.

(૧૧)

અમલદારી.

અમલદારો ત્રણ પ્રકારે તાબેદાર હોય છે; રાજાના કિંવા રાજ્યના તાબેદાર, કીર્તિના તાબેદાર, અને કામના તાબેદાર. આથી તેમને પોતાના દેહસંબંધી, પોતાના આચરણ સંબંધી, કિંવા પોતાના સમયસંબંધી સ્વાતંત્ર્ય હોતું નથી. તેમનો દેહ રાજસેવામાં અર્પણ કરેલો હોય છે; તેઓ જે કાર્ય કરે છે તે તેમને કીર્તિતરફ લક્ષ્ય આપીને કરવાં પડે છે; અને તેમને કામમાંથી અવકાશ તો કિંચિત્ મળતોજ નથી. અધિકાર પ્રાપ્ત કરવો અને સ્વતઃનું સ્વાતંત્ર્ય ગુમાવવું; અથવા અન્યોપર અધિકાર મેળવવો અને સ્વતઃપરનો અધિકાર ગુમાવવો એ ઇચ્છા વિલક્ષણ છે. અધિકારારૂઢ થવું એ અતિશ્રમનું કામ છે; અને અધિકારપર આરૂઢ થયા પછી પણ સ્વસ્થતા મળતી નથી. પ્રયાસાંતે જે પદ્વિ મળે છે તેમાં અધિકજ પ્રયાસ પડે છે. અધિકાર પ્રાપ્ત કરવાને માટે કોઇ કોઇવાર નિંદ્ય કાર્યો પણ કરવાં પડે છે. ખરાબ કૃત્યથી પ્રતિષ્ઠા મળે છે.

અધિકારારૂઢ થયેલો માણસ જો એકજ સ્થાને સ્થિર રહેવા ઇચ્છે તો તે ક્યારે નીચે પડશે તેનો કાંઇ નિયમ નથી. જો તે પાછળ પગ મૂકે તો પડયો એમજ સમજવું. નિદાન તે ફીકો તો પડે છેજ અને ફીકા પડવું એ અતિ દુઃખકારક વાત છે. તેને એમ લાગે છે કે પૂર્વે આપણી જે સ્થિતિ હતી તે હમણાં નથી તો આપણે જીવીને પણ શું કરવું છે? પરંતુ તેની આ અવસ્થાનું કારણ તે પોતેજ હોય છે. કારણ કે જે સમયે કામકાજ છોડી સ્વસ્થ રહેવું એજ તેને માટે યોગ્ય હોય છે તે સમયે તે સ્વસ્થ બેસતો નથી. વૃદ્ધાવસ્થામાં પ્રકૃતિ બગડેલી હોવાથી તેણે વિશ્રાંતિ લેવી જોઇએ, પરંતુ આવા

સગાંથી સુદ્ધાં તેને એકાંત સ્થળે ચેન પડતું નથી; અને સર્વ ખટપટ છોડી સ્વસ્થ બેસવાની જ્યારે તેને ઇચ્છા થાય છે ત્યારે તે તેમ કરી શકતો નથી.

લોકો આપણને સુખી કહે છે તેથી આપણે સુખી હોવા જોઇએ એમ મોટા લોકોને માની લેવું પડે છે; કારણ કે આપણે સુખી છીએ એમ તેમને કિંચિત્ પણ લાગતું નથી. પરંતુ તેમને વિષે લોકો જે કહે છે તે જો તે સત્ય માને અને લોકોને આપણી સ્થિતિ પ્રાપ્ત થતાં તેમને પરમ આનંદ થશે એમ જો તેઓ સમજે તો આપણે સુખી છીએ એમ નિદાન લોકોના કહેવા પરથી તો તેમને લાગશે. કદાચિત્ તેમના મનની વાસ્તવિક સ્થિતિ નિરાળીજ હોય છે. કારણ કે મોટા લોકોને પોતાના અવગુણ સૌથી અંતે સમજાય છે તો પણ તેમને પોતાનાં દુઃખો સૌથી પ્રથમ જણાય છે. સત્ય કહીએ તો મોટા લોકોને પોતાની સ્થિતિ માહિત હોતી નથી અને તેઓ કામમાં લીન થઇ ગયેલા હોવાથી તેમને પોતાના શારીરિક કિંવા માનસિક આરોગ્ય-પ્રત્યે લક્ષ્ય આપવાને અવકાશ મળતો નથી. એટલા માટે સેનેકાનું કથન તેમને લાગુ પડે છે. તે કહે છેઃ—“જે મનુષ્યને સર્વ લોકો ઉત્તમ રીતે જાણે છે, પરંતુ જે સ્વતઃને જાણતો નથી તેની ઉપર જ્યારે મૃત્યુની ઝડપ આવે છે ત્યારે તેને તે વિશેષ કઠિન લાગે છે.”

હાથમાં અમલ હોવાથી મનુષ્યને સારૂં વા માઠું કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે. જો તેનામાં માઠું કરવાની બુદ્ધિ હોય તો તેના જેવું અનિષ્ટ એક પણ નથી. મનુષ્યમાં અન્યનું માઠું કરવાની બુદ્ધિ ન હોય એ ઉત્તમ. પરંતુ જો તે હોય તો માઠું કરવાનું સામર્થ્ય ન હોય એ ઠીક. અધિકાર મળવાથી સારૂં કરવાનું સામર્થ્ય આવે છે, એટલા માટે અધિકાર મેળવવાની ઇચ્છા ધરવી એ યોગ્ય છે. કારણ કે સદ્વિચાર (ભલે દેવને પ્રિય હોય તો પણ) હોવા માત્રથી લાભ

શો ? મનુષ્યને સારા સ્વપ્નથી જેટલો લાભ થાય છે તેટલોજ લાભ તેને તે દ્વારા થશે. જ્યાં સુધી તેને કૃતિમાં મૂકવામાં ન આવે ત્યાં સુધી તેનો કાંઇ પણ ઉપયોગ નથી; અને જ્યાં સુધી અધિકાર અને અમલદારીની જગ્યા ન હોય ત્યાં સુધી તેને કૃતિમાં મૂકી શકતા નથી. ઉન્નતિની સાર્થકતા સત્કૃત્યો કરી પુણ્ય પ્રાપ્ત કરવાથીજ થાય છે; તેમ કરવાથીજ મનુષ્ય કૃતકૃત્ય થાય છે અને તેને સુખ મળે છે. કારણ કે મનુષ્ય જ્યારે દેવની રંગભૂમિનો ભાગીદાર થઇ શકે છે ત્યારે તે દેવની વિશ્રાંતિનો ભાગીદાર પણ થશે. "પોતાના હાથથી જે કામો કર્યાં હતાં તે જોવાને દેવ વળ્યો; અને તેણે જોયું કે તે સર્વે અતિ ઉત્તમ છે." અને પછી સબાથ. (વિશ્રાંતિ લીધી.)

અમલદારી બજાવતી વખતે તમારે ઉત્તમોત્તમ આદર્શો તમારી સન્મુખ રાખવા જોઇએ. કારણ કે ઉત્તમ લોકોનું અનુકરણ કરવાથી સદ્વર્તનના નિયમો એકદમ સમજાય છે. ત્યાર પછી કેટલેક દિવસે તમે તમારૂં પોતાનું ઉદાહરણ લઇ તમારાં આચરણો આરંભમાં સારાં હતાં કે નહિ તેની સૂક્ષ્મરીતે તપાસ કરો. અને હાલમાં તે કેવાં છે તેની શોધ કરો. તમારી જગ્યાપર જેઓ પૂર્વે થઇ ગયા અને જેમણે પોતાનો અમલ ખરાબ રીતે બજાવ્યો તેમનાં ઉદાહરણપ્રત્યે પણ દુર્લક્ષ્ય કરશો નહિ. તેમને દૂષણ દઇ તમે તેમના કરતાં સારા છો એમ દર્શાવવાને માટે તેમનાં ઉદાહરણ લેશો નહિ. પરંતુ તમારે શું શું તજવું જોઇએ એ તમારા લક્ષ્યમાં આવે એટલા માટે તેમનાં ઉદાહરણ લેશો. એટલા માટે પૂર્વે થઇ ગયેલા માણસોની નિંદા નહિ કરતાં કિંવા પોતાની મોટાઇનો ડંકો નહિ વગાડતાં, તમારાં આચરણ શુદ્ધ કરજો અને પોતાનો આદર્શ ઉત્તમ રાખી અન્યોને ઉત્તમ આદર્શ બનાવવા જેવું આચરણ કરવાનો નિયમ રાખજો. કોઇ પણ ઘટના પ્રારંભમાં કેવી હોય છે તેની શોધ કરજો; અને હાલમાં તે કેવી

બાબતમાં અને શા કારણથી નિકૃષ્ટ થઈ છે તે જોજો. પ્રાચીન અને અર્વાચીન એ ઉભયકાળની માહિતી મેળવજો. પ્રાચીનકાળની માહિતી દ્વારા કયી કયી વાત અતિ ઉત્તમ છે તે સમજાશે અને અર્વાચીન કાળની માહિતીદ્વારા તે પૈકી કયી કયી વાત પ્રસ્તુત કાળમાં પણ લાગુ પડે એમ છે તે સમજાશે. અમુક પ્રસંગે તમે અમુક રીતે વર્તશો એ લોકોને પ્રથમથી સમજાય એટલા માટે તમે નિયમપૂર્વક ચાલવાનો યત્ન કરજો. પરંતુ હમ્મેશાં ચોક્કસ રીતે અને એકજ માર્ગ ધરીને ચાલશો નહિ; અને નિયમ મૂકીને કાંઇ કરવું પડે તો તેમ કરવાનું કારણ પ્રકટ રીતે જણાવશો. તમારો જે અધિકાર હોય તે જવા દેશો નહિ. પરંતુ જેમાં અધિકારવિષે શંકા હોય એવી વાત બળાત્કારે કાઢશો નહિ. તેમજ તમારો જે અધિકાર હોય તે મૌનપૂર્વક બજાવી દર્શાવો. અમે એમ કરીશું ને તેમ કરીશું એવી પતરાજી કરશો નહિ. તેમજ તમારા હાથ નીચેના અમલદારોના જે અધિકાર હોય તે તેમનાજ હાથમાં રાખજો. અને સર્વ કામમાં સ્વતઃ માથું મારવા કરતાં આપણે ઉપરી તરિકે હુકમ કરીએ એમાંજ મોટું માન છે એમ સમજજો. તમારા અમલ બજાવણીના કામમાં કોઇ સાહાય્ય અથવા સલાહ આપે તો તેનો સ્વિકાર કરજો અને તમે જાતે પણ સલાહ મદદ માગજો; અને કોઇ તમને ખબર આપે તો તેને નવરો ગણી હાંકી કાઢશો નહિ, પરંતુ તેનું કથન આનંદપૂર્વક સાંભળી લેશો.

અધિકાર મળવાથી વિશેષતઃ ચાર દુર્ગુણો જડ ઘાલે છે તે આ છે. પ્રમાદ, લાંચ ખાવી, તોછડાઇથી વર્તવું અને દુષ્ટ મિત્રોનું સાંભળવું. પ્રમાદ સંબંધે કહેવાનું કેઃ જેઓ તમારી પાસે કામને માટે આવે તેમને તમારી મુલાકાત મુસ્કેલ થઇ પડે નહિ એમ કરજો. પ્રત્યેક કામને માટે સમય નિશ્ચિત કરી રાખો; જે કામ હાથમાં લો તેને પાર પાડો. પછી બીજું કામ હાથમાં લો; અને અગત્યનું કારણ ઉપસ્થિત

થયા વિના એક કામ કરતા હો તેની વચ્ચેજ બીજું કામ હાથમાં લેશો નહિ. લાંચ ખાવાના સંબંધમાં એટલુંજ કહેવાનું કે લાંચ લઇ શકાય નહિ એવી રીતે તમે તમારા પોતાના અને ચાકર નોકરોના હાથ બાંધી રાખો; એટલુંજ નહિ, પરંતુ તમારી પાસે જે કામને માટે આવે તે તમને લાંચ આપી શકે નહિ એવી રીતે તેના પણ હાથ બાંધી દેજો. તમે પ્રમાણિક રીતે વર્તો એટલે પ્રથમ કાર્ય સિદ્ધ થશે; અને અમે પ્રમાણિક રીતે વર્તીએ છીએ તથા લાંચ આપનારાઓ પ્રત્યે અમે અત્યંત તિરસ્કાર ધરાવીએ છીએ એમ સ્પષ્ટ રીતે બોલી બતાવો, એટલે બીજું કામ થશે. લાંચ તો લેશો નહિજ, પરંતુ તમે લાંચ લો છો એવો સંશય પણ આવે નહિ એમ કરશો. જેમના મતો સ્થિર હોતા નથી અને જેઓ કાંઇ પણ કારણવિના એક પક્ષથી બીજા પક્ષ તરફ વળે છે તે લાંચ ખાધાનો સંશય લેવાને કારણ ઉત્પન્ન કરે છે. એટલા માટે જ્યારે તમે તમારા મત બદલો કિંવા જે રીતે વર્તવાનો તમારો ક્રમ હોય તેથી અન્ય રીતે તમે વર્તો ત્યારે અમારા મત હવે આવા આવા છે અને હવે અમે આમ આમ કરવાના છીએ એમ હમ્મેશાં જણાવશો, અને જે કારણથી તમારા મતમાં ફેર પડ્યો હોય તે કારણ પણ સ્પષ્ટ રીતે બતાવશો, ગુપ્ત રાખશો નહિ. એકાદ નોકર કિંવા પ્રેમપાત્ર મનુષ્ય જો તમારી સાથે મસલત કરતો હોય અને તમારી તેની વચ્ચે આટલો બધો પ્રેમ હોવાનું કાંઇ સ્પષ્ટ કારણ દેખાતું ન હોય તો તે ગુપ્ત રીતે પૈસા લેવાનો એક આડ રસ્તો છે એમ લોકો સમજશે, એ લક્ષ્યમાં રાખજો.

તોછડાઇથી વર્તવાના સંબંધમાં એટલુંજ કહેવાનું કે તેવી વર્તણુંક વિનાકારણ અસંતોષ ઉત્પન્ન કરે છે. સખ્તાઇથી ભય ઉત્પન્ન થાય છે, પરંતુ તોછડાઇથી દ્વેષ ઉત્પન્ન થાય છે. અમલદારે ઠપકો આપવો હોય તો તે પણ ગંભીરપણે આપવો, છબીપણાથી આપવો નહિ.

હવે ઇષ્ટ મિત્રોનું કહેવું સાંભળવાના સંબંધમાં એટલુંજ કહેવાનું છે કે લાંચ લેવા કરતાં પણ તે ખરાબ છે. કારણ કે લાંચ કાંઇ હમ્મેશાં મળતી નથી; તે કોઇ પ્રસંગે મળે છે; પરંતુ અમલદાર જો વિનંતિથી પીગળી જાય એવો અને ઇષ્ટમિત્રોનાં મન કેવી રીતે દુભવું એવો વિચાર કરનારો હોય તો હમ્મેશાં તેની પૂઠે કોઇને કોઇ લાગ્યુંજ રહેવાનું. સૉલોમન કહે છે તે પ્રમાણે (ન્યાયના કામમાં) "કોઇની મુરવ્વત રાખશો નહિ. જે મુરવ્વત રાખે છે તે રોટલાના ટુકડા માટે પણ અન્યાય કરશે."

"અધિકાર મળ્યા પછી મનુષ્યની પરીક્ષા થાય છે" એમ જે પ્રાચીનકાળના માણસો કહેતા હતા તે સર્વથા સત્ય છે. કેટલાક માણસોને અધિકાર મળ્યા પછી તેમના સદ્‌ગુણો પ્રકટ થાય છે અને કેટલાક માણસોના દુર્ગુણો બહાર પડે છે. ગૅલ્બા પાદશાહના સંબંધમાં લખતાં ટૅસિટસ જણાવે છે કે "જો તેણે રાજ કર્યું ન હોત તો એ રાજ કરવાને યોગ્ય છે એમ સર્વાનુમતે ઠર્યું હોત." પરંતુ વ્હેસ્પેશિયન પાદશાહના સંબંધમાં તેજ ઇતિહાસકાર જણાવે છે કે "સર્વ પાદશાહોમાં ગાદી પર બેઠા પછી માત્ર વ્હેસ્પેશિયનજ સુધર્યો છે." હવે આ વાત સત્ય છે કે ગૅલ્બા વિષે જે કહ્યું છે તે તેની હુશીઆરીના સંબંધમાં કહ્યું છે અને વ્હેસ્પેશિયન વિષે જે કહ્યું છે તે તેનું વર્તન અને સ્વભાવના સંબંધમાં કહ્યું છે. પરંતુ તે પરથી અમલ પ્રાપ્ત થવાથી મનુષ્યોનો સ્વભાવ બદલાય છે એ સ્પષ્ટ થાય છે. અધિકારની જગ્યા એ સદ્‌ગુણોનું સ્થાન છે, કિંવા હોવું જોઇએ; એટલા માટે જે મનુષ્ય અધિકાર પ્રાપ્ત થયા પછી સુધરે છે તેનામાં યોગ્યતા અને મોટાઇ સ્વભાવતઃજ છે એમ નક્કી સમજવું. અને જે પ્રમાણે પદાર્થ પોતાના સ્થાન સુધી જોસથી જાય છે અને ત્યાં પહોંચ્યા પછી સ્થિર થાય છે, એવો સૃષ્ટિનિયમ છે તે પ્રમાણે સદ્‌ગુણી મનુ-

બની મહત્વાકાંક્ષા જ્યાં સુધી તૃપ્ત થઇ હોતી નથી ત્યાં સુધી તેનો સ્વભાવ ચંચળ હોય છે; પરંતુ તે તૃપ્ત થઇ તેને અધિકાર પ્રાપ્ત થાય છે એટલે તે સ્થિર અને શાંત બને છે.

મોટા હોદ્દાપર આડ માર્ગે થઇને જવું પડે છે. રાજ્યમાં જો પક્ષો હોય તો ઉન્નત થવાની ઇચ્છા રાખનારે કોઇ પણ એક પક્ષમાં મળવું અને ઉન્નત સ્થાન પર પહોંચ્યા પછી સર્વ પક્ષોની સાથે એક સરખી રીતે વર્તવું. એકજ પક્ષ તરફ ઢળી જવું નહિ. તમારી જગ્યાપર પૂર્વે જે હોય તેના સંબંધમાં બોલતી વખત નિષ્પક્ષપાતપણે અને સૌમ્યપણે બોલજો. કારણ કે જો તમે તેમ કરશો નહિ તો તમારી પશ્ચાત્ બીજાઓ પણ તેમજ કરશે. તમારા સહકારી બીજા કામદારો જો તમારી યોગ્યતાના હોય તો તેમની સાથે આદરપૂર્વક વર્તજો. તેમની સલાહ લેવાનો પ્રસંગ આવે ત્યારે તેમનો મત લીધા વિના રહેશો નહિ; એટલુંજ નહિ, પરંતુ તેમની સલાહ લેવાનો પ્રસંગ ન હોય ત્યારે પણ તેમનો અભિપ્રાય લેજો. તમે તમારા ભાષણમાં અથવા જે કોઇ કામ પ્રસંગે તમારી ખાનગી મુલાકાત લે તેની સાથે બોલતી વખત તમારા હોદ્દા પ્રત્યે ઝાઝું ધ્યાન આપશો નહિ; અને અન્યોને તેની વિશેષ સ્મૃતિ કરાવશો નહિ. તમારૂં વર્તન એવા પ્રકારનું હોવું જોઇએ કે લોકો એમ કહે કે "એ અધિકારની ગાદીપર બેઠા એટલે જાણે સર્વથા નિરાળોજ મનુષ્ય બની જાય છે."

(૧૨)

ધીટતા.

ડિમૉસ્થિનીસને કોઇએ એક વાર પૂછયું કે "વક્તાને મુખ્ય વસ્તુ શી જોઇએ છે ?" તે બોલ્યો "અભિનય." "ઠીક, પછી શું જોઇએ ?" "અભિનય" "અને તેની પછી ?" "અભિનય." આ વાત શાળામાં ભણુતા વિદ્યાર્થીઓસુદ્ધાં જાણે છે. પરંતુ શાણા માણસોને માટે પણ તે વિચારણીય છે. ડિમૉસ્થિનીસે જે ગુણની સિફારસ કરી તે ગુણ સ્વભાવતઃ તેના અંગમાં નહોતો; પરંતુ તેને તેનો પાકો અનુભવ મળ્યો હતો તેથી તે તે પ્રમાણે બોલ્યો હતો. કલ્પનાશક્તિ, ભાષણશૈલી, ઇત્યાદિ વક્તાના મોટા મોટા ગુણોને એક તરફ રાખી જે ગુણ કેવળ ઉપલકીઓ છે અને જે વક્તા કરતાં નટને વિશેષ શોભે છે તે ગુણની આટલી પ્રશંસા કરવામાં આવે; એટલુંજ નહિ, પરંતુ જાણે તે ગુણમાંજ સર્વ સમાગેલું હોય અને તે એકજ ગુણ માત્ર હોય તો બસ, એમ માનવામાં આવે, એ આશ્ચર્યની વાત છે. પરંતુ તેનું કારણ સ્પષ્ટજ છે. સાધારણરીતે માનવસ્વભાવમાં શાણપણા કરતાં મૂર્ખપણાનો અંશ અધિક છે. માટે જે ગુણથી મનુષ્યમાં રહેલો મૂર્ખપણાનો અંશ મોહિત થાય છે તે ગુણનો પ્રભાવ વિશેષ પડે છે. તેમજ રાજપ્રકરણમાં ધીટતાની વાત વિલક્ષણ છે. રાજપ્રકરણમાં મુખ્ય વસ્તુ શી ? ધીટતા. બીજી વસ્તુ શી ? ધીટતા. ત્રીજી શું ? ધીટતા. વાસ્તવિક રીતે જોતાં, અજ્ઞાન અને નિર્લજ્જતાદ્વારા ધીટતા ઉત્પન્ન થાય છે; અને તે ગુણ ઇતર ગુણો કરતાં ઘણોજ હલકો છે. તથાપિ જેઓ થોડી બુદ્ધિના અને ઓછા ધૈર્યના હોય છે (વિશેષ સંખ્યા આવા માણસોનીજ

હોય છે) તેમને ભ્રમમાં નાંખીને તે તેમને મોહિત કરી દે છે, એટલું જ નહિ, પરંતુ શાણા માણસોનાં મન જ્યારે ચંચળ થાય છે ત્યારે તેમની ઉપર સુદ્ધાં તેનો અમલ ચાલે છે. આથી પ્રજાસત્તાક રાજ્યમાં ધીટ મનુષ્યોએ ચમત્કાર કર્યા છે એમ આપણે જોઇએ છીએ. જ્યાં રાજા અને રાજસભા છે ત્યાં તેમનું ઝાઝું ચાલતું નથી, અને પ્રજા-સત્તાક રાજ્યમાં પણ ધીટ મનુષ્યોની પ્રથમ જેવી પુજ થાય છે તેવી પાછળથી થતી નથી. કારણ કે ધીટ મનુષ્ય કહેલી વાત કરી બતાવતા નથી. જેવી રીતે શારીરિક રોગોને નિવૃત્ત કરવાનો આડંબર કરનારા ઉંટવૈદ્યો હોય છે તેવી રીતે રાજકીય રોગોના પણ ઉંટવૈદ્યો હોય છે. આ લોકોને એક બે વાર સફળતા મળી હોય તેપરથી તેઓ મોટાં મોટાં કામ કરવાનું માથે લે છે; પરંતુ તેમની વિદ્યાનો પાયો સશાસ્ત્ર નહિ હોવાથી તેઓ ઝાઝો સમય ટકી શકતા નથી. ધીટ મનુષ્ય કોઇ કોઇ વાર મહમદનો ચમત્કાર કરી બતાવે છે. મહમદે એક વાર પોતાના માણસોને એમ કહ્યું કે "પર્વત મારી પાસે ચાલીને આવે એમ હું કરીશ; અને તે આવ્યા પછી તેના શિખર પર ચઢી મારૂં શાસ્ત્ર પાળનારા લોકોના કલ્યાણને માટે આપણે દેવની પ્રાર્થના કરીશું." તે લોકોને આ વાત સત્ય લાગી; તેઓ એકત્રિત થયા; મહમદે પુનઃ પુનઃ મોટેથી હાંક મારી પર્વતને પોતાની પાસે ચાલી આવવાને કહ્યું; પરંતુ પર્વત તો હાલ્યોજ નહિ. આમ જોઇ મહમદ કિંચિત્ પણ સંકોચ પામ્યા વિના બોલ્યો "જો પર્વત મહમદની પાસે નહિ આવે તો મહમદ પર્વતની પાસે જશે." તેજ પ્રમાણે ધીટ મનુષ્યો જ્યારે મોટી મોટી શેખી મારે છે અને કહ્યા પ્રમાણે ન થવાથી જ્યારે તેમની ફજેતી થાય છે ત્યારે તેઓ "અંઃ એમાં તે શું?" એમ કહી બીજી વાત તરફ વળે છે અને પોતાને તે વાતનું કાંઈ પણ લાગતું ન હોય એમ બતાવે છે.

ખરૂં કહીએ તો ધીટ મનુષ્યોની શેખી જોઇ મહાવિચારવંત માણસોને ગમ્મત થાય છે; અને ભામટાઓને સુદ્ધાં ધીટતા કેટલેક અંશે હાસ્યાસ્પદ લાગે છે. કારણ કે મૂર્ખતા જોઇ હાસ્ય ઉત્પન્ન થાય છે અને મહાન ધીટપણામાં પણ થોડી પણ મૂર્ખતા હોય છેજ એમાં કિંચિત્ પણ શંકા નથી. વિશેષતઃ ધીટ મનુષ્યની જ્યારે ફજેતી થાય છે ત્યારે ગમ્મત પડે છે; કારણકે તે સમયે તેનું મુખ સંકુચિત અને નિસ્તેજ બની જાય છે. અને તેમ થવુંજ જોઇએ. કારણ કે જે લજ્જાળ હોય છે તે જ્યારે પરાસ્ત થાય છે ત્યારે તેના મુખનું પાણી જતું આવતું રહે છે. પરંતુ તેવા પ્રસંગે ધીટ મનુષ્યના મુખનું પાણી એક વાર ગયું એટલે પુનઃ આવતું નથી.

ધીટ મનુષ્યને ભાવી સંકટો અને અડચણો દેખાતી નથી. તેટલો તે અંધ હોય છે, એ વાત લક્ષ્યમાં રાખવી જોઇએ. એટલા માટે સલાહ મસલત કરવાના કામમાં ધીટ મનુષ્ય ઉપયોગી નથી. કાંઇ કામ કરવું તો ધીટ મનુષ્ય સારી રીતે ઉપયોગી થઇ પડે છે. આ પરથી એમ ઠરે છે કે ધીટ મનુષ્યને મુખ્ત્યારીનું કામ સોપવું નહિ. તેને બીજી પંક્તિનો અમલદાર કરવો, અને તેણે અન્યના કહ્યા પ્રમાણે વર્તવું એજ તેને માટે યોગ્ય છે. કારણકે મસલત કરતી વખત ભાવી સંકટોને જોવાં એ ઉત્તમ છે અને કાર્યસિદ્ધ કરતી વખત તે (તે અત્યંત મોટાં ન હોય ત્યાં સુધી) ન જોવાં એ ઉત્તમ છે.

(૧૩)

ભલમનસાઇ અને પરોપકાર બુદ્ધિ.

ભલમનસાઇ એટલે મનુષ્યોનું કલ્યાણ કરવાની પ્રવૃત્તિ એનેજ ગ્રીક ભાષામાં ભૂતદયા એવું નામ આપવામાં આવ્યું છે. પરોપકાર બુદ્ધિ એટલે માણસોનું કલ્યાણ કરવાની વાસના. આ વાસના પ્રમાણે વર્તન થઇ માણસોનું કલ્યાણ કરાય એનું નામજ ભલમનસાઇ છે. ભલમનસાઈ એ ગુણ મનુષ્યોના સર્વ સદ્‌ગુણોમાં શ્રેષ્ઠ છે. કારણ કે એ ગુણ ઈશ્વરનો છે. અને જો તે મનુષ્યમાં ન હોય તો કેવળ નિરુપયોગી, પરાશ્રિત અને કંગાલ પદાર્થ થઇ પડશે અને તેમની કિમ્મત કીડી મંકોડી કરતાં અધિક ગણાશે નહિ. ભલમનસાઇ અને ધર્મશાસ્ત્રમાં નિર્દિષ્ટ કરેલી પરહિતબુદ્ધિ એકજ છે; તેમાં ચૂક થવાનો સંભવ છે; પરંતુ અપરિમિતપણું થવાનો સંભવ નથી. અતિશય સત્તા મેળવવાની દેવદૂતોને ઇચ્છા થઇ તેથી તેઓ પતન પામ્યા.* અતિશય જ્ઞાન મેળવવાની મનુષ્યોની ઇચ્છા થઇ તેથી મનુષ્ય પતન પામ્યો.×

---

* આપણને દેવ કરતાં વિશેષ સત્તા મળવી જોઈએ એવી ઇચ્છાથી દેવદૂતોએ દેવની વિરૂદ્ધ બંડ કર્યું. ત્યારે દેવે તેમને સ્વર્ગમાંથી હાંકી કાઢી નરકમાં હડસેલી દીધા. આ પ્રમાણે ખ્રિસ્તી લોકો માને છે.

× ખ્રિસ્તી ધર્મ પુસ્તકમાં એવી વાત નિર્દિષ્ટ કરેલી છે કે દેવે મનુષ્યનું એક જોડું ઉત્પન્ન કરી તેને એક સુંદર બાગમાં મૂકયું અને તેને કહ્યું કે "આ બાગમાંનાં સર્વ વૃક્ષોનાં ફળ તમે ખાજો. પરંતુ એમાં એક 'જ્ઞાન વૃક્ષ' છે તેનાં ફળો ખાશો નહિ." આ આજ્ઞા તેણે માની નહિ. "જ્ઞાન વૃક્ષનાં ફળો તમે ખાશો તો તમને દેવની પેઠે જ્ઞાન પ્રાપ્ત થશે." એવી સર્પે ઉશ્કેરણી કરવાથી તેણે તે વૃક્ષનાં ફળો ખાધાં; આથી દેવે તેને તે બાગમાંથી હાંકી કાઢયું.

પરંતુ પરહિતબુદ્ધિમાં અતિશયપણું નથી; માટે તેનાથી દેવદૂતોને અથવા મનુષ્યોને પણ ડરવાનું નથી. લોકોનું કલ્યાણ કરવાની વાસના સ્વભાવતઃજ મનુષ્યના મનમાં જડાઇ ગયેલી હોય છે; તે એટલે સુધી કે જો તેનો ઓઘ માનવ પ્રાણીઓ તરફ ગયો ન હોય તો તે ઇતર પ્રાણીઓ તરફ જાય છે. આ તુર્ક લોકોદ્વારા પ્રતીત થાય છે. તુર્ક લોકો નિષ્ઠુર હોય છે. તથાપિ તેઓ મૂગાં જાનવરોપ્રત્યે માયાથી વર્તે છે અને કુતરાઓ તથા પક્ષીઓને ખવરાવે છે. એમ કહેવાય છે કે કૉન્સ્ટંટિનોપલ શહેરમાં એક તોફાની ખ્રિસ્તી છોકરાએ એક લાંબી ચાંચવાળા પક્ષીની ચાંચમાં કુચો પુર્યો, તેથી લોકો તે છોકરાને પત્થરનો માર મારવાને ઉઠયા.

ભલમનસાઇ કિંવા પરહિતબુદ્ધિમાં ભૂલ થવાનો સંભવ છે. ઇટાલિયન લોકોમાં એક કઠોર કહેવત છે કે "ફલાણો માણસ એટલો ભલો છે કે તે કાંઇ કામનો નથી." અને ઈટાલિના નિકોલસ માકિયાવેલે નામના પંડિતે તો ધૃષ્ટતાપૂર્વક એમ લખ્યું છે કે "ખ્રીસ્તી ધર્મે ભલા માણસો ભક્ષ્યને માટે જુલમી અને અન્યાયી લોકોને હવાલે કર્યા છે." તેણે આ પ્રમાણે કહ્યું છે તેનું કારણ એ છે કે ખ્રીસ્તી ધર્મ ભલમનસાઇની મહત્તા જેટલી વર્ણવે છે તેટલી બીજો કોઇપણ ધર્મ અથવા કાયદો વર્ણવતો નથી. માટે આ ઉત્તમ સદ્દગુણની ચૂકો કયી કયી છે તે જાણી લેવી એ ઉત્તમ છે; કે જેથી તેમાંના અપવાદ અને ભય એ ઉભયને ટાળી શકાય. અન્ય લોકોનું કલ્યાણ કરો, પરંતુ તેમના બાહ્ય સ્વરૂપથી ભુલીને ફસાશો નહિ. તેમજ (ઈસપના કહેવા પ્રમાણે) મરઘાને રત્ન આપશો નહિ; તેને તો જવના દાણાથી જ અધિક આનંદ અને સુખ થશે. ઈશ્વરના ઉદાહરણપરથી શિક્ષણ લો. "તે ન્યાયી અને અન્યાયી લોકોપર વર્ષાદ પાડે છે અને સૂર્ય પ્રકાશ પાડે છે;" પરંતુ સંપત્તિ, અધિકાર અને ગુણ એ સર્વે મનુ-

બ્ઓને સરખા આપતા નથી. સાધારણ લાભો સર્વને આપવા, પરંતુ વિશેષ પ્રકારના લાભો તો પાત્ર જોઇને જ આપવા. અને ચિત્ર આલેખતાં મૂળ નમૂનો ભગ્ન ન કરવાની સાવધતા રાખજો: આપણો પોતાની જાતપરનો પ્રેમ એ ઇશ્વિરે મૂળ નમૂનો કરેલો છે; અને પાડોશીપરનો પ્રેમ એ એ કેવળ તેનું ચિત્ર છે. "તારૂં સર્વસ્વ વેચી નાંખી તેના પૈસા ગરીબોને વ્હેંચી દે, અને મારી પાછળ ચાલ"× પરંતુ જો મારી પાછળ ચાલવું હોય તો જ સર્વસ્વ વેચી નાંખજે, નહિતર વેચી નાંખીશ નહિ. અર્થાત્ દ્રવ્યની સહાયથી જેટલો પરોપકાર કરી શકાય તેટલો જોગી બનવાથી પણ હું પણ કરી શકીશ એવી જો તમારી ખાત્રી થઇ હોય તો જ તમે રંકતા સ્વિકારજો. નહિતર કોતરડાંમાં પાણી ભરી ભરી તમે નદીને સૂકવી નાંખશો. પરોપકારબુદ્ધિ સુવિચારશક્તિથી નિયંત્રિત હોય એમ કાંઇ નથી; પરંતુ કેટલાક માણસોમાં તે સ્વાભાવિક જ હોય છે; તેમજ અન્ય પક્ષે સ્વાભાવિક દુષ્ટબુદ્ધિ હોય છે. કારણ કે એવા પણ લોકો હોય છે કે જેમને બીજાનું સારૂં રૂચતું નથી. જો આ દુષ્ટબુદ્ધિ પ્રબલ ન હોય તો તેમાંથી તોછડાઇ, કિંવા કુટિલતા, કિંવા વક્રતા, કિંવા દુરાગ્રહ કિંવા એવું જ કાંઇક ઉત્પન્ન થાય છે; પરંતુ જો તે પ્રબલ હોય તો તેમાંથી દ્વેષ અને દુષ્કાર્ય ઉત્પન્ન થાય છે. આવા લોકોને અન્યોનો વિપત્કાળ જોઇને આનંદ ઉત્પન્ન થાય છે અને તેઓ હમ્મેશાં દુ:ખમાં ઉમેરો કરે છે. લાઝારસનાં* વ્રણ ચાટનારા કૂતરા

× એક શ્રીમંત ગૃહસ્થે ઈશુ ખ્રિસ્તને પૂછયું "તરવાને માટે હું શું કરૂં?" ત્યારે ઈશુ ખ્રિસ્તે તેને ઉપરોક્ત ઉત્તર આપ્યો.

* બાઈબલમાં એક એવી વાત છે કે એક શ્રીમંત ગૃહસ્થ હતો તે મૂલ્યવાન અને સુંદર વસ્ત્રો પરિધાન કરી નિત્ય પંચ પક્વાન્નનું ભોજન કરતો હતો. તેના દરવાજા પાસેજ લાઝારસ નામનો એક ભિખારી પડયો

જેટલા પણ તેઓ ભલા હોતા નથી; પરંતુ તેઓ તાજા ઘા પર બણબણાટ કરનાર માખ જેવા હોય છે. તેમને માણસોનો કંટાળો હોય છે. લોકોને જેર કરવા એજ તેમનો હમ્મેશનો ઉદ્યોગ હોય છે. પરંતુ જો એકાદ જેર થયેલો માણસ જીવ દેવાને તૈયાર થાય તો ટિમૉનની પેઠે* તેઓ એકાદ ઝાડ પણ રાખી મૂકતા નથી. આવી પ્રકૃતિના માણસો માનવી સ્વભાવના કેવળ અપવાદરૂપ હોય છે; તથાપિ રાજકારણી પુરૂષ થવાને તેઓ અતિ ઉત્તમ હોય છે. તેઓ સકોણ લાકડાં સમાન હોય છે. કોણવાળાં લાકડાં જહાજો બાંધવાને માટે સારાં હોય છે; કારણ કે જહાજો આંચકા ખાવાને માટે જ બનાવેલાં હોય છે; પરંતુ તેઓ ઘર બાંધવાને માટે ઉપયોગી હોતાં નથી; કારણ કે ઘરો સ્થિર રહેવાનાં હોય છે.

ભલમનસાઇનાં ચિન્હો અનેક છે અને જુદાં જુદાં ચિન્હો પ્રથક્ પ્રથક્ સ્વભાવ દર્શાવે છે. જો કોઇ મનુષ્ય બીજા લોકોની સાથે માયાથી અને આદરથી વર્તે તો તે વિશ્વકુટુંબી છે એમ સમજવું; ભૂમિપ્રદેશથી જેમ એકાદ બેટ પ્રથક્ હોય છે તેમ તે પુરૂષનું મન માનવ કુટુંબથી પ્રથક્ હોતું નથી, એમ સમજવું. અન્યનું દુઃખ જોઇ જો તેને કરૂણા ઉત્પન્ન થાય તો તેનું હૃદય એક પ્રકારના

હતો. તેનું શરીર વ્રણયુક્ત હતું અને તે શ્રીમંત ગૃહસ્થના ભાણામાંથી પડેલા ટુકડા મળે એવી આશાથી જ તે ત્યાં રહ્યો હતો. કેટલાક કુતરાઓએ આવી તેનાં વ્રણ ચાટયાં; પરંતુ તે શ્રીમંત મનુષ્યે તેનો ભાવ પૂછયો નહિ. ત્યાર પછી તે ઉભય માણસો મરણ પામ્યા. લાઝારસ સ્વર્ગમાં ગયો અને તે શ્રીમંત ગૃહસ્થ નરકમાં ગયો.

* ઍથેન્સ શહેરમાં ટિમૉન નામનો એક જનદ્વેષ્ટા હતો, પરંતુ તેણે એટલું તો કર્યું હતું કે જે માણસો ફાંસી ખાઇને પ્રાણ આપવાને કબૂલ થતા તેમને માટે તેણે એક ઝાડ રાખી મૂક્યું હતું.

સુગંધી વૃક્ષ સમાન છે એમ જાણવું. આ વૃક્ષ સુગંધ આપે છે ત્યારે સ્વતઃ ઘાયલ થાય છે. જો તે સહજ રીતે અપરાધની ક્ષમા કરનાર હોય તો એમ સમજવું કે તેનું મન અપકાર ગ્રહણથી અતીત છે. તેથી તેની આગળ અપકાર પહોંચતો નથી. જો તે નાના નાના ઉપકારોને માટે કૃતજ્ઞ થાય તો એમ સમજવું કે તે મનુષ્યના મનના મોટાપણા તરફ જુએ છે તેનાં કૃત્યોના ક્ષુલ્લકપણા તરફ જોતો નથી. પરંતુ જો તે જનસમાજનું કલ્યાણ કરવાને માટે સ્વતઃની હાનિ સહન કરવાને તૈયાર હોય તો એમ સમજવું કે તેનામાં ઈશ્વરી ગુણનો મોટો અંશ છે.

(૧૪)

અમીર ઉમરાવ.

અમીર લોકો એ રાજ્યનો એક અંશ છે, એ દ્રષ્ટિથી આપણે પ્રથમ વિચાર કરીશું. અને ત્યાર પછી અમીરી એ અમુક લોકોની સ્થિતિ છે એ દ્રષ્ટિથી વિચાર કરીશું.

જે રાજ્યમાં અમીરો બિલકુલ હોતા નથી તે રાજ્ય જૂલમી હોવું જોઇએ. ઉદાહરણાર્થે તુર્ક લોકોનું રાજ્ય.* અમીરોનું અસ્તિત્વ હોવાથી રાજાનો અધિકાર નરમ પડે છે અને લોકોની આંખ રાજકુટુંબ પ્રત્યે ઝાઝી લાગતી નથી. લોકસત્તાક રાજ્યમાં અમીરોની આવશ્યકતા હોતી નથી. જે રાજ્યમાં અમીર કુટુંબો હોય છે તે રાજ્ય કરતાં લોકસત્તાક રાજ્યની પ્રજા શાંત હોય

* તુર્કસ્થાનના રાજ્યમાં અમીરો નથી એમ બેકને શા આધારે લખ્યું છે તે કાંઇ સમજાતું નથી.

છે, અને બંડ કરવાને ઝાઝી પ્રવૃત્ત થતી નથી. કારણ કે એવા રાજ્યમાં પ્રજાનું લક્ષ્ય કામ પ્રત્યે હોય છે, વ્યક્તિ તરફ હોતું નથી; અને જો વ્યક્તિ પ્રત્યે હોય તો તે કામના સંબંધમાં હોય છે, તે વ્યક્તિ પુરાતન કુટુંબની હોવાથી હોતું નથી. સ્વીસ લોકોમાં ધર્મભેદ પુષ્કળ છે; તથાપિ તેમનું રાજ્ય સરલ રીતે ચાલે છે. આનું કારણ એ છે કે તેમનામાં વ્યક્તિ સંબંધી વિચાર હોતો નથી. સાર્વજનિક ઉપયોગિતા એજ તેમને એકત્રિત કરનારી ગ્રંથિ છે. નેધરલેંડ દેશમાં જે સંયુક્ત પ્રાંતો છે તેનું રાજ્ય ઉત્તમ પ્રકારે ચાલે છે; કારણ કે ત્યાં સર્વ માણસો સમાન દરજ્જાના હોવાથી પ્રત્યેક બાબતનો નિપષ્પક્ષપાતપણે વિચાર થાય છે અને લોકો કર વગેરે અધિક સંતોષથી આપે છે.

જો રાજ્યમાં મોટા અને પ્રબળ ઉમરાવ હોય તો રાજાનો વૈભવ અધિક દ્રષ્ટિગોચર થાય છે, પરંતુ તેની સત્તા કમી થાય છે. લોકોમાં ઉત્સાહ અને તેજ આવે છે, પરંતુ તેમને દ્રવ્યની હાનિ થાય છે. ઉમરાવોની સત્તા રાજાની કિંવા ન્યાયાધીશની સત્તા કરતાં વિશેષ હોવી જોઇએ નહિ; પરંતુ તેમનો દરજ્જો એટલો ઉંચો હોવો જોઇએ કે હલકા લોકોની દાંડાઇ એકદમ રાજા પર્યંત પહોંચ્યા પૂર્વે તે તેમની સાથે અથડાઇને ભગ્ન થઇ જાય.

જો રાજ્યમાં ઉમરાવોની સંખ્યા મોટી હોય તો દારિદ્રય આવે છે અને રાજાને પણ અગવડ પડે છે. કારણ કે તેને અતિશય ખર્ચ કરવો પડે છે; અને કાળાંતરે તેમાંના ઘણા દ્રવ્યહીન થયા વિના રહેતા નથી. અર્થાત્ તેમના રસાલાનો ખર્ચ નિભતો નથી.

હવે અમીરી એ કેટલાક લોકોની ઐહિક સ્થિતિ છે તત્સંબંધે વિચાર કરીશું. એકાદ જૂનો કિલ્લો કિંવા જૂની નહિ પડેલી ઇમારત, કિંવા એકાદ પુરાતન મજબૂત વૃક્ષ જોવાથી આપણા મનમાં પૂજ્ય-

ભાવ ઉત્પન્ન થાય છે. અને જો એમ છે તો જે પ્રાચીન કુટુંબો કાળ-ચક્રના સપાટામાંથી બચ્યાં હોય તે જોઇને આપણને કેટલો અધિક પૂજ્યભાવ ઉત્પન્ન થાય વારૂ? કારણ કે નવીન અમીરી સત્તાએ કરેલી હોય છે; પરંતુ જુની અમીરી કાળે કરેલી હોય છે.

જે પુરૂષ પ્રથમ અમીરી પદપર આરૂઢ થાય છે તે બહુધા ગુણી હોય છે; તેટલા ગુણી તેના વંશજો હોતા નથી. પરંતુ તેઓ તેમના વંશજોના જેટલા નિર્દોષ માત્ર હોતા નથી. કારણ કે સત્કૃતિ અને દુષ્કૃતિ એનું મિશ્રણ થયા વિના મનુષ્ય બહુધા ઉન્નત થતો નથી. એમ છે તો પણ તેના ગુણોનું સ્મરણ તેના વંશજોને રહે અને તેના દોષો તેની સાથેજ નષ્ટ થાય એજ યોગ્ય છે.

જેઓ ગર્ભકુલિન હોય છે તેઓ ઉદ્યોગ કરી શકતા નથી એવો સાધારણ નિયમ છે; અને જેઓ ઉદ્યોગી હોતા નથી તેઓ ઉદ્યોગી મનુષ્યોનો તિરસ્કાર કરે છે. વળી જેઓ અમીરને દરજ્જે ચઢયા હોય તેમને તે કરતાં ઉચ્ચતર જગ્યાપર ચઢવાની જગ્યા રહેલી હોતી નથી; તેમને સ્થિરજ રહેવું જોઇએ. અને જે એકજ જગ્યાપર સ્થિર હોય તેમને અન્યોને ઉન્નત થતા જોઇ દ્વેષ ઉત્પન્ન થયા વિના રહેતો નથી.

અમીર લોકો અને ઇતર લોકોની વચ્ચે અત્યંત અંતર રહેલો હોવાથી અમીરોનો કોઈ દ્વેષ કરતું નથી. કારણ કે દ્વેષ ઉત્પન્ન થવાને માટે સમાનતા હોવી જોઇએ; અને અમીરોનો માનમરતબો અગાઉ-થીજ હોવાથી માનને માટે પણ તેમનો કોઇ દ્વેષ કરતું નથી.

જો રાજાની પાસે હુશીઆર ઉમરાવ હોય તો તેમની પાસે કામ કરાવી લેવાની સવડ પડે છે અને તેમનાદ્વારા કામ પણ સરલ રીતે થાય છે. કારણ કે રૈયત તેમનું શાંત રીતે સાંભળે છે. લોકોને લાગે છે કે હુકમ કરવાનો કેટલેક અંશે એમનો હક્કજ છે.

(૧૫)

હુલ્લડ તોફાન.

રાજ્યમાં હુલ્લડ તોફાન ક્યારે થાય છે તે જાણવાની જનપ્રતિપાળને જરૂર છે. જે રીતે સૂર્ય જ્યારે વિષુવપર જાય છે ત્યારે મોટાં વાદળો થાય છે તેજ પ્રમાણે રાજ્યમાં જ્યારે સર્વત્ર સમાનતા પ્રસરી રહે છે ત્યારે હુલ્લડ થવાનો સંભવ બહુધા વિશેષ હોય છે, અને જે પ્રમાણે વાદળ થયા પૂર્વે એક પ્રકારનું તોફાન થાય છે તથા સમુદ્રનું પાણી ઉંચું ચઢે છે, તેજ પ્રમાણે રાજ્યમાં ગરબડ થયા પૂર્વે તત્સૂચક ચિન્હો દ્રષ્ટિગોચર થાય છે. રાજકર્તાની નિંદા અને તેના સંબંધમાં યદ્વાતદ્વા ભાષણો વારંવાર પ્રકટ રીતે થાય છે; તેજ પ્રમાણે રાજ્યને પ્રતિકૂળ એવી ખોટી ખબરો જ્યાં ત્યાં પ્રસાર પામે છે અને સાંભળતાંની સાથેજ લોકો તેને ખરી માને છે; આ સંકટનાં કેટલાંક ચિન્હો છે. અફવાની વંશાવળી આપતાં વર્જીલ* જણાવે છે કે તે દૈત્યની ભગિની છે. અફવા એ જાણે પૂર્વે થયેલા રાજદ્રોહનો અવશેષ છે; પરંતુ ભાવી રાજદ્રોહનું એ પૂર્વ લક્ષણ પણ છે. તથાપિ રાજદ્રોહના દંગા અને રાજદ્રોહની અફવા એ ભાઇ બ્હેન છે એમ જે તે કહે છે તે સત્ય છે. તેમાં ફરક એટલોજ છે કે દંગા પુલિંગ છે અને અફવા સ્ત્રીલિંગ છે. વિશેષતઃ રાજકર્તાનાં કામો ઉત્તમ અને પ્રશંસનીય તથા જે દ્વારા સંતોષ ઉત્પન્ન થવોજ જોઇએ એવાં હોય તોપણ લોકો તેની નિંદા કરે છે અને તેનો ભલતોજ અર્થ કરે છે; એમ થાય ત્યારે તેને રાજદ્રોહનાં પૂર્વ ચિન્હો સમજવાં. કારણ કે તે દ્વારા એમ સિદ્ધ થાય છે કે અસંતોષ વિશેષ છે. આ ખોટી ખબરો

---

* એક રોમન કવિ.

સંકટસૂચક છે તોપણુ તેને સખ્તીથી જ્યાંની ત્યાં દાબી દેવાથી સંકટ દૂર થાય છે એમ નથી; તે પ્રત્યે દુર્લક્ષ્ય કરવાથીજ ઘણી વાર તે આપોઆપ નષ્ટ થાય છે; અને તેને દાબી દેવાનો પ્રયત્ન કરવાથી તે ઘણુ઼ા દિવસ રહે છે. તેજ પ્રકારે સરકારના હુકમ પર તકરાર લેવી, કારણો માગવાં, ટીકા કરવી ઇત્યાદિ પ્રકાર એ પ્રજાધર્મ તોડવાના અને અરાજભક્તિ દર્શાવવાના પ્રયત્ન છે, અને હુકમ કરનાર જ્યારે બ્હીતાં બ્હીતાં તથા સંકોચપૂર્વક બોલવા લાગે અને વિરૂદ્ધ પક્ષના લોકો જ્યારે ધીટતાપૂર્વક બોલવા લાગે ત્યારે તે ચિન્હ વિશેષ દંગાનાં સમજવાં.

મણિયાવલી કહે છે તે પ્રમાણે રાજાએ સર્વ રૈયતનાં માતપિતા થવું જોઇએ. તેમ ન થતાં જો તે એકજ પક્ષ તરફ વળે તો નાવની એક બાજુએ અધિક વજન મૂકવાથી જેમ તે ડૂબી જાય છે તેવીજ રાજ્યની સ્થિતિ થાય છે. ફ્રાન્સ દેશમાં તૃતીય હેન્રી રાજાના સમયમાં આ વાત સારી રીતે પ્રકટ થઇ હતી. તે રાજાએ પ્રોટેસ્ટંટ લોકોનો નાશ કરવાને માટે જે સંઘ કર્યો તે કેટલાક દિવસ પછી તેની ઉપરજ ઉલટી પડયો, અને એમ થવું સ્વાભાવિકજ છે. કારણ કે રાજા જો પોતાનું વજન એક પક્ષને અર્પણ કરવા લાગે અને રાજસેવાધર્મગ્રંથિ કરતાં બીજી ગ્રંથિઓ જો અધિક મજબૂત હોય તો રાજાની સત્તા કમી થાય છે એટલુંજ નહિ, પરંતુ પ્રસંગોપાત તેને પદભ્રષ્ટ થવાનો પણ વારો આવે છે.

તેજ પ્રમાણે માંહોમાંહેનો કલહ, પક્ષો અને ટંટા બખેડા પ્રકટ રીતે તથા ઉદ્ધતાઇપૂર્વક થવા લાગે તો સરકારનો ભય નષ્ટ થયાનું તે એક ચિન્હ છે. રાજ્યના મોટા લોકોની ગતિ ગ્રહોની ગતિ સમાન હોવી જોઇએ. ગ્રહોની સ્વતઃની ગતિ મંદ હોય છે, પરંતુ તે આદિ ગ્રહની ગતિમાં મળવાથી તીવ્ર થાય છે. (એવી પ્રાચીનકાળના લોકો-

ની માન્યતા હતી.) પરંતુ મોટા લોકોની સ્વતઃની ગતિ જો વેગવાન રાજાપ્રત્યે વિસ્મૃતિદર્શક થઇ તો રાજ્ય રૂપી ગ્રહમંડળમાં બિગાડ થયાનું તે એક ચિન્હ છે.

તેજ પ્રમાણે રાજ્યના મુખ્ય સ્તંભો જે ધર્મ, ન્યાય, મંત્રી અને લક્ષ્મી તે જો હાલવા લાગ્યા અથવા નિર્બળ થયા તો ખચિત બંડો થવાનાં એમ સમજવું. પરંતુ હવે આ વાત છોડી આપણે બંડોનાં કારણ, તેમના પ્રવર્તકો અને તેમના ઉપાય એ વિષે વિચાર કરીશું.

બંડોનાં કારણો—આ વાતનો વિચાર સારી પેઠે કરવો જોઇએ. કારણ બંડનું દમન કરવાનો ઉત્તમ ઉપાય તેનું મૂળ નષ્ટ કરવું એ છે. નહિતર બળતણ તૈયાર થયું એટલે તેનો ભડકો કરનાર ચિણુ-ગારી ક્યાંથી આવશે તેનો કાંઇ નિયમ નથી. બંડનાં કારણો બે છે. એક અતિ દારિદ્ર્ય અને બીજું અતિ અસંતોષ. આ વાત નિશ્ચિત સમજવી કે જે જે માણસો સારી સ્થિતિમાંથી રંકત્વમાં આવ્યા છે તેઓ સર્વ બળવો કરવા માટે પોતાનો અભિપ્રાય આપશે. રોમમાં અંતસ્થ યુદ્ધ થયું તે પૂર્વે તેની સ્થિતિ કેવી હતી તેનું વર્ણન લૂકને આ પ્રમાણે કર્યું છે. "વ્યાજ વટાવનો ધંધો અતિશય વૃદ્ધિંગત થયો અને તેનું ભંડોળ અતિ શીઘ્રતાથી વધવા લાગ્યું. લોકોમાં વિશ્વાસનો નાશ થયો અને પુષ્કળ માણસોને લડાઇ લાભદાયક થઇ પડી."

"પુષ્કળ માણસોને લડાઇ લાભદાયક થઇ પડી" એટલે રાજ્યમાં હુલ્લડ તોફાન કરવાની પ્રવૃત્તિ ઉત્પન્ન થઇ એમ નક્કી સમ-જવું. અને ઉચ્ચ કોટિના લોકો જ્યારે ધનહીન બની નિકૃષ્ટ પંક્તિના લોકો અન્ન વસ્ત્રથી પરાઙ્‌મુખ થાય ત્યારે તો મહા અનર્થ થવાનો એમ સમજવું. કારણ કે સર્વ બંડોમાં ઉદરનાં બંડો અત્યંત ખરાબ હોય છે.

અસંતોષના સંબંધમાં એટલુંજ કહેવાનું છે કે જે પ્રમાણે

આપણા શરીરમાંના રસો કોઈ કોઇવાર અતિશય સંતપ્ત થઇ અંગનો દાહ કરી મૂકે છે તેજ પ્રમાણે અસંતોષ વધ્યો એટલે રાજ્યની તેજ દશા થાય છે. અસંતોષને લીધે કેવાં સંકટો આવશે તેનું પ્રમાણ અસંતોષના ખરાપણા ખોટાપણાદ્વારા ઠેરવશો નહિ. અર્થાત્ અસંતોષ ખરો હોય તો તેથી અધિક ભીતિ અને ખોટો હોય તો તેથી ઓછી ભીતિ એમ સમજશો નહિ. કારણ કે લોકોને એટલો ઉંડો વિચાર ક્યાંથી હોય ? તેમનામાં વિચાર કરતાં અવિચાર અધિક હોય છે. અને કોઇ કોઇ વાર તો તેઓ સ્વતઃના હિત પર પણ લત્તાપ્રહાર કરે છે. તેમજ જે ક્લેશપ્રદ ઘટનાને લીધે અસંતોષ ઉત્પન્ન થાય છે તેના લઘુત્વ ગુરૂત્વદ્વારા પણ તેનાથી થનારા અનર્થનું પ્રમાણ કાઢી શકાતું નથી; કારણ કે જે ઘટનાને લીધે ક્લેશ થાય છે તે નાની હોય અને તેનાથી થનારો ત્રાસ ઓછો લાગતો હોય, તો પણ જો તેના દ્વારા ભીતિ ઉત્પન્ન થાય તો તેજ અલ્પ ઘટના મોટા અનર્થનું કારણ બને છે. કહેવત છે કે " દુઃખની સીમા છે, પરંતુ ભીતિની સીમા નથી." વળી જુલમી અમલમાં જે ઘટનાથી અસહ્ય ત્રાસ થાય છે તે લોકોનું ધૈર્ય ખૂટાડી નાંખે છે. દુઃસહ ક્લેશ અને મનની બળતરા મનમાંની મનમાં જ રહે છે. પરંતુ ભીતિનો પ્રકાર તેવો નથી. ચૈતને ભીતિ ઉત્પન્ન થઈ એટલે તે જીવ પર ઉદાર થાય છે. તેમજ અનેકવાર અસંતોષ ઉત્પન્ન થયો હોય અને તે દીર્ઘકાળ પર્યંત રહ્યા છતાં પણ તેથી કાંઇ સંકટ આવ્યું ન હોય, તેથી રાજાએ કિંવા સરકારે નિશ્ચિંત રહેવું નહિ. પ્રત્યેક બાષ્પ તુષારથી કિંવા પવનલહરીથી વાદળ થતું નથી એ વાત સત્ય. પરંતુ જો પુષ્કળ વાદળો વારંવાર નીકળી ગયાં તો અંતે એકાદ કદિ ને કદિ પડવાનુંજ, એ વાત પણ ખરી છે. સ્પૅનિશ લોકોમાં એક કહેવત છે કે " તાણેલી દોરી અંતે અતિ અલ્પ આંચકાથી પણ તુટી જાય છે."

દંગાનાં કારણો અને તેના પ્રવર્તકો—ધર્મમાં પરિવર્તન; રૈયતપર કર; કાયદામાં અને લોકોમાં ફેરફાર; રૈયતના હક્કની પાયમાલી; સાર્વત્રિક અત્યાચાર; અયોગ્ય મનુષ્યોનો ઉત્કર્ષ; પરકીય લોકોનું આગમન; અનાવૃષ્ટિ; નોકરીમાંથી બરતરફ કરેલા શિપાઇઓ; જીવ પર ઉદાર થયેલા પક્ષાભિમાનીઓ; અને જે જે કાંઈ લોકોને દુઃખદ થઇ પડે છે અને જેને લીધે લોકો સંપીલા બને છે તે તે સર્વ બંડનાં કારણ બને છે.

હવે ઉપાય વિષે બોલીશું—અર્થાત્ જે કાંઇ સાધારણ ઉપાય છે તે કહીશું. પરંતુ કયા પ્રસંગે કયો ઉપાય લાગુ પડશે તે કહી શકાય એમ નથી. જેવો રોગ હોય તેવો ઉપાય કરવો જોઇએ, તે વિષે નિયમ બાંધી શકાય એમ નથી. પ્રસંગ જોઇ ઉપાય કરવો જોઇએ.

પ્રથમ ઉપાય એ છે કે ઉપર જે દંગાનાં મુખ્ય કારણો કહ્યાં તે હરેક પ્રયત્ને દૂર કરવાં. આ કારણો રાજ્યની દુર્દશા અને દારિદ્રય છે. એને દૂર કરવાના ઉપાય બતાવું છું. નવા નવા વ્યાપાર ધંધા કાઢવા; કળાકૌશલ્યને ઉત્તેજન આપવું; આળસ્યને દૂર કરવું; જમીનની સુધારણા કરવી; બજારભાવ ઠરાવી આપવો; કર વગેરે મધ્યમ રીતેજ લેવા, ઇત્યાદિ. સાધારણ નિયમ એ છે કે રાજ્યમાં ઉપજીવિકાની જેટલી સામગ્રી હોય તે કરતાં પ્રજાની સંખ્યા વૃદ્ધિંગત ન થવા દેવાના ઇલાજ લેવા. પ્રજાની ગણત્રી સંખ્યાથીજ કરવી નહિ. કારણ કે લોકો સંખ્યામાં થોડા હોય તો પણ જો તેઓ ઓછું કમાનાર અને અધિક ખર્ચનાર હોય તો તેઓ દેશને જલદી ભીખ મંગાવશે. અને લોકોની સંખ્યા અધિક હોય તો પણ જો તેઓ થોડો ખર્ચ કરનાર અને અધિક કમાનાર હોય તો તેઓ દેશને ઝાઝું નુકશાન કરશે નહિ. માટે જો અમીર ઉમરાવ અને ઇતર મોટા લોકો તથા આનવંતા લોકોની સંખ્યા ઇતર પ્રજાના પ્રમાણમાં વિશેષ હશે તો

રાજ્યને શીઘ્ર દૈન્ય દશા પ્રાપ્ત થશે. તેજ પ્રમાણે ધર્મોપદેશકોની સંખ્યા અતિશય વૃદ્ધિંગત થવાથી પણ તેમજ થશે; કારણ કે તેઓ પણ કાંઇ કમાતા નથી અને દેશના દ્રવ્યમાં કાંઇ ઉમેરો કરતા નથી. તેમજ નોકરીઓ કરતાં નોકરી કરનારા વિદ્વાનોની સંખ્યા અધિક થાય તો પણ તેજ દશા થશે.

દેશમાં જે સંપત્તિ વૃદ્ધિંગત થાય છે તે પરદેશમાંથી આવે છે એ લક્ષ્યમાં રાખવું જોઇએ. કારણ કે એકને તોટો થયા વિના બીજાને નફો થતો નથી. એટલા માટે પરદેશની સાથે વ્યાપાર કરવા પ્રત્યે વિશેષ લક્ષ્ય આપવું જોઇએ. એક દેશ બીજા દેશને ત્રણ વસ્તુઓનો વિક્રય કરે છે. દેશમાં ઉત્પન્ન થતો કાચો માલ; દેશમાં તૈયાર થતો માલ; અને માલ લાવવા લઇ જવાનાં વાહનો (વહાણો, આગબોટો, આગગાડીઓ વગેરે). આ ત્રણ વસ્તુઓનો વ્યાપાર અપ્રતિહત ચાલે એટલે અખાત્રીજની ભરતીની પેઠે દેશની સંપત્તિ વૃદ્ધિંગત થશે. અનેક વાર એમ બને છે કે માલ કરતાં કસબનું મૂલ્ય અધિક ઉપજે છે. એથી એક દેશમાં સ્વાભાવિક કાંઇ પણ માલ ઉત્પન્ન થતો ન હોય તો પણ જો તેમાં વસતા લોકો મહેનતુ અને કસબી હોય અને તેમની પાસે ઉપર જણાવ્યા પ્રમાણે વાહનો હોય તો તેઓ કાચા માલની કિમ્મત કરતાં અધિક દ્રવ્ય મેળવશે. ઉદાહરણાર્થ, નેધરલેંડ્ઝ લો. આ દેશમાં સ્વાભાવિક કાંઇ પણ માલ ઉપત્પન્ન થતો નથી; તો પણ તેમાં કારખાનાં વગેરે અતિ ઉત્તમ હોવાથી તે દેશ સુસંપન્ન છે. તેમ છતાં દેશની સંપત્તિ માત્ર થોડા લોકોના હાથમાંજ ન સંચિત થાય એવી યુક્તિ કાઢવી જોઇએ. નહિતર દેશમાં સંપત્તિ પુષ્કળ હોવા છતાં પણ લોકો અન્નથી પરાઙ્મુખ રહેશે. દ્રવ્ય એ ખાતર સમાન છે. તે ચોતરફ પ્રસરે નહિ ત્યાં સુધી તે ઉપયોગી થઇ પડતું નથી.

હવે અસંતોષ દૂર કરવાના—નિદાન તેની ભીતિ દૂર કરવાના ઉપાય

કહું છું. પ્રત્યેક રાજ્યમાં બે વિભાગ હોય છે. મોટા લોકો અને સામાન્ય લોકો. જો આ પૈકી એકજ પ્રકારના લોકો અસંતુષ્ટ થાય તો ઝાઝી ભીતિ નથી. કારણ કે સામાન્ય લોકોને મોટા લોકોનો ઇસારો મળ્યા વિના તેઓ પોતાની જાતે એકાદ સાહસ કરવાને પ્રવૃત્ત થતા નથી; અને મોટા લોકોની સંખ્યા નાની હોવાથી સામાન્ય લોકો ઉઠવાને તૈયાર થયા વિના તેમનું જોર ચાલતું નથી. પરંતુ નિકૃષ્ટ પંક્તિના લોકોમાં ક્યારે ચળવળ થાય અને આપણે તેમને ક્યારે મળીએ એવી પ્રતીક્ષા જ્યારે મોટા લોકો કરવા માંડે ત્યારે માત્ર ભીતિ છે એમ સમજવું. પ્રાચીન કવિ એવી વાત કહે છે કે જ્યારે ઇતર સર્વ દેવો જ્યુપિટરને સુરકાટાટ બાંધવાને તૈયાર થયા તે સમયે જ્યુપિટરે પાલસના કહેવાથી સહસ્ર હાથવાળા બ્રિયારિયસને પોતાની કુમકે બોલાવ્યો. તેણે આવીને સમસ્ત દેવોની રેવડી દાણાદાણ કરી નાંખી. આ રૂપક છે. એમાંથી એટલોજ સાર ગ્રહણ કરવાનો છે કે સામાન્ય રૈયતની પ્રીતિ સંપાદન કરવાથી રાજ્યને પરમ સુરક્ષિતતા પ્રાપ્ત થાય છે.

અસંતોષને નીકળી જવાને થોડો માર્ગ આપવો એ એક સુરક્ષિત ઉપાય છે; (પરંતુ સાવચેતી માત્ર એટલી રાખવાની છે કે તેને ઉદ્ધત કિંવા શિરજોર થવા દેવો નહિ.) કારણ કે શરીરમાંનો ખરાબ વિકાર વ્રણદ્વારા બહાર નીકળવાનો પ્રયત્ન કરે ત્યારે જો તેને બહાર નીકળવા નહિ દેતાં અંદરનો અંદર વહેવા દેવામાં આવે તો જેમ સર્વાંગ પર દુઃસાધ્ય વ્રણો થઇ આવે છે અથવા એવોજ કોઇ ભયંકર વ્યાધિ લાગુ પડે છે, તેજ પ્રમાણે રાજ્યનું પણ થાય છે.

અસંતોષના સંબંધમાં 'એપિમેથિયસ'નું* કાર્ય 'પ્રોમિથિયસ'ને શોભે એમ છે.

---

* પ્રાચીનકાળના લોકોમાં એપિમેથિયસની એવી વાત પ્રચલિત હતી કે પૃથ્વી નિર્માણ થઇ તે સમયે દેવે તેને એક પેટારો સ્વાધીન કર્યો અને

કારણ કે તેના કરતાં અસંતોષનો બીજો સારો ઉપાય નથી. એપિમેથિયસે દુઃખો અને સંકટો બહાર નીકળી ગયા પછી અંતે ઢાંકણું ઢાંક્યું અને પેટારાના તળીઆમાં આશાને રાખી.

યુક્તિ પ્રયુક્તિથી રૈયતને એક નહિ તો બીજી આશા પર ઝુલાવવી એ અસંતોષરૂપી વિષનો ઉત્તમ ઉતાર છે. રૈયતનું ખરેખરૂં સમાધાન ન કરવું હોય તોપણ કેવળ આશા બતાવી જે સરકાર લોકોનાં મન પોતાની તરફ આકર્ષી લે છે અને જે એવી રીતે રાજવ્યવસ્થા ચલાવે છે કે કોઇ પણ દુઃખ હોય તો પણ તેમાં કાંઇ પણ આશા બતાવી તેને દુઃસહ લાગવા દે નહિ તે શાણી સરકાર છે. અને એમ કરવું એ કાંઇ કઠિન નથી. કારણ કે વ્યક્તિ કિંવા રાજ્યમાંના પક્ષો આશા (તે આશા પર તેનો વિશ્વાસ ન હોય તો પણ) થી ભ્રમમાં પડયા વિના રહેતા નથી.

અસંતુષ્ટ લોકો જેની પાસે જાય કિંવા જેના કહ્યા પ્રમાણે એકત્રિત થાય એવો લાયક પુરૂષ રાજ્યમાં કોઇ ન હોય એવી ખબરદારી પ્રથમથીજ રાખવી. લાયક પુરૂષ એટલે તે આગેવાન હોઇ કીર્તિમાન હોવો જોઇએ; તેની ઉપર અસંતુષ્ટ લોકોનો વિશ્વાસ હોવો જોઇએ; તે તેમના લક્ષ્યમાં સહજ આવે એવો હોવો જોઇએ; અને તે સ્વતઃ અસંતુષ્ટ હોવો જોઇએ. જો આવો મનુષ્ય હોય તો તેને સરકારે પોતાના પક્ષમાં દ્રઢ અને ખરી રીતે મેળવી લેવો. નહિતર

તેને કહ્યું કે "આને ઉઘાડીશ નહિ." પરંતુ પેટારામાં શું છે તે જાણવાની એપિમેથિયસને ઉત્કંઠા થઈ. આથી દેવની આજ્ઞાનો લોપ કરી તેણે તે પેટારો ઉઘાડયો. તરતજ તેમાંથી નાના પ્રકારનાં દુઃખો અને સંકટો બહાર પડી સર્વે જગત્‌માં પ્રસર્યા. આ જોઈ તેણે તરતજ પેટારો બંધ કર્યો. આથી એટલું થયું કે સર્વની નીચે તળીઆંની સાથે આશા હતી તે માત્ર પેટારામાં રહી.

તેનાજ પક્ષના કોઈ તેનીજ જોડીના બીજા મનુષ્યને ઉભો કરી તેમની વચ્ચે સ્પર્ધા ઉત્પન્ન કરવી. આથી પહેલાની કીર્તિ કમી થશે. સાધારણ નિયમ એ છે કે જે પક્ષ કિંવા સંઘ રાજ્યને પ્રતિકૂળ હોય તેમાં ફૂટ પાડી પરસ્પરમાં દ્વેષ કિંવા નિદાન અવિશ્વાસ ઉત્પન્ન કરવો; આ કાંઇ ખરાબ ઉપાય નથી. નહિતર રાજપક્ષમાં કલહ અને તડ અને પ્રતિપક્ષમાં એક મત તથા સંપ થયો એટલે રાજ્યનાં સો વર્ષ પૂરાં થયાંજ સમજવાં.

રાજાનાં કેટલાંક ચટકદાર અને માર્મિક ભાષણો અસંતોષ ઉત્પન્ન થવામાં કારણભૂત થયાં છે એમ જણાય છે. "સુલા અક્ષરશત્રુ હતો અને તે ડિકટેટરનું× કામ કરી શકતો નહોતો" એવું જે સીઝરે ભાષણ કર્યું તે તેને અતિશય નડયું. કારણ કે તે ડિકટેટરનો હોદ્દો ગમે ત્યારે પણ છોડશે એવી જે લોકોને આશા હતી તે ઉપરોક્ત ભાષણથી નષ્ટ થઇ. "શિપાઇઓને મેં પગાર આપીને રાખ્યા છે, તેમને કાંઇ ખરીદ્યા નથી"–એમ જે ગૅલ્બાએ કહ્યું તેથી તેનો નાશ થયો. કારણ કે શિપાઇઓને પાદશાહ તરફથી જે બક્ષિસ મળતી હતી તે મળવાની તેમની આશા નષ્ટ થઇ. પ્રોબુસ પાદશાહે કહ્યું હતું કે "હું મુઓ જીવ્યો તો પણ રોમના રાજ્યમાં લશ્કરનું કાંઇ પ્રયોજન ઉપસ્થિત થનાર નથી" આથી શિપાઇઓ નિરાશ થયા. આવાં અનેક ઉદાહરણો છે. માટે નાજુક કામમાં અને અણીના સમયમાં રાજાએ જે બોલવું તે વિચાર કરીને બોલવું. વિશેષતઃ ઉપરનાં જેવાં નાનાં નાનાં વાક્યો સ્પષ્ટ વિચાર કરીને બોલવાં. કારણ કે તેઓ બાણની પેઠે ચોતરફ વેગથી પ્રસરે છે; અને તે મનના ગુપ્ત ઉદ્દેશો

× રોમના રાજ્યમાં પહેલી પાદશાહીનો નાશ થયા પછી રાજ્યકારભાર ચલાવનાર જે મુખ્ય અધિકારી હતો તેને 'ડિકટેટર' કહેવામાં આવતો હતો.

દર્શાવે છે એમ માનવામાં આવે છે. લાંબાં લાંબાં ભાષણો નીરસ હોય છે અને તે તરફ કોઇ વિશેષ લક્ષ્ય આપતું નથી.

અંતે એટલું કહેવાનું કે દંગા થાય ત્યારે તેને આરંભમાં જ દાબી દેવાને માટે રાજાની પાસે એક કિંવા અધિક શૂર પુરૂષ હોવા જોઇએ. નહિતર દંગાની ખબર ફેલાતાં બહુધા રાજ્યના નાશ કરતાં અધિક ગરબડ થાય છે અને રાજ્યને ધોકો લાગે છે. પરંતુ રાજાની પાસેના શૂર પુરૂષો વિશ્વાસુ હોવા જોઇએ. તે કોઇ પક્ષમાં મળેલા કિંવા લોકપ્રિય ન હોવા જોઇએ. અને તે રાજ્યમાંના ઇતર મોટા લોકોની બરોબરીના જ હોવા જોઇએ. નહિતર રોગ કરતાં ઔષધ જાલિમ થઇ પડશે.

(૧૬)

નાસ્તિકવાદ.

આ વિશ્વનો કોઇ ચાલક નથી એમ માનવા કરતાં રોમન કૅથોલિક પંથના લોકોના ‘ લિજન્ડ ’ નામક સંત ચરિત્રમાં યાહુદી લોકોના ‘ તાલમૂદ ’ ગ્રંથમાં અને મુસલમાન લોકોના ‘ અલકુરાન ’ પુસ્તકમાં જે ગપ્પાં છે તે સર્વને સુદ્ધાં હું ખરાં માનીશ. ઈશ્વરનાં સાધારણ કૃત્યો તેનું અસ્તિત્વ સિદ્ધ કરવાને પૂરતાં છે, એટલા માટે જ અનીશ્વરવાદીઓની ખાત્રી કરવાને માટે ઈશ્વરે અદ્ભુત ચમત્કારો કદિ કરી બતાવ્યા નથી. અધું પધું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું એટલે મનુષ્યના મનની વૃત્તિ અનીશ્વરવાદ તરફ જાય છે, એ સત્ય છે. પરંતુ અધિક તત્ત્વજ્ઞાન મળે એટલે તેનું મન ધર્મ તરફ વળે છે. એનું કારણ એ છે કે જ્યાં સુધી મનુષ્યની દ્રષ્ટિએ પ્રથક્ પ્રથક્ પ્રત્યક્ષ કારણો જ પડે

છે ત્યાં સુધી તેનું મન કદિ કદિ તેમાંજ મુંઝાઇ રહે છે; તેની પેલી તરફ જે આદિ કારણ છે ત્યાં સુધી તે જતું નથી. પરંતુ જ્યારે એવાં કારણોની માલિકા તેની દ્રષ્ટિએ પડે છે અને સાંકળની કડી પ્રમાણે તે એક બીજામાં પરોવાયેલાં છે એમ જ્યારે તેને પ્રતીત થાય છે ત્યારે આ સર્વ ઇશ્વરી સૂત્ર છે અને તેનો નિયંતા ઈશ્વર છે એવી તેની ખાત્રી થાય છે. એટલું જ નહિ, પરંતુ જે પંથપર અનીશ્વરવાદનો વિશેષ આરોપ છે તેજ પંથ આસ્તિકવાદનો અધિક પુરાવો આપે છેઃ અર્થાત્ લુસિપ્પસ, ડિમોક્રિટસ અને એપિક્યુરસનો પંથ આસ્તિકવાદનું પ્રબળ પ્રમાણ સાદર કરે છે. કારણ કે અસંખ્ય નાના પરમાણુઓ અથવા અસ્તવ્યસ્ત બીજોમાંથી દૈવી નિયામક શિવાય આ સુવ્યવસ્થા અને સૌંદર્યનો ઉદ્ભવ થયો એ સત્ય માનવા કરતાં ચાર અસ્થિર તત્ત્વો અને એક સ્થિર પાંચમું તત્ત્વ એ અનંત કાળથી વ્યવસ્થા પુરઃસર મૂકેલાં હોઇ તેને ઇશ્વરની જરૂર નથી એ સહ્રસ્ત્રધા વિશેષ વિશ્વસનીય છે.

ખ્રિસ્તી ધર્મ પુસ્તકમાં એવું લખેલું છે કે "મૂર્ખ મનુષ્ય પોતાના મનમાં કહે છે કે 'ઈશ્વર નથી.' ઈશ્વર નથી એમ મૂર્ખના મનને લાગે છે એમ લખ્યું નથી. આ પરથી એમ જણાય છે કે મૂઢ મનુષ્ય પોતાના મનના સમાધાન માટે "ઇશ્વર નથી" "ઈશ્વર નથી" એવો પાઠ ભણ્યા કરે છે; પરંતુ તેના મનની ખાત્રી તેવી હોય છે, અથવા તેનો ભાવ તેવો હોય છે એમ જણાતું નથી, કારણ ઈશ્વર ન હોત તો જેમને લાભ થયો હોત એવા લોકો શિવાય બીજું કોઇ ઈશ્વર નથી એમ કહેતું નથી. અનીશ્વરમત માત્ર હોઠ પર હોય છે, હૃદયમાં હોતો નથી, એ એટલા ઉપરથી જ જણાય કે અનીશ્વરવાદીઓ હમ્મેશાં પોતાના મત વિષે બોલ્યા કરે છેઃ જાણે કે તે વિષેની તેમને પોતાને જ ખાત્રી હોતી નથી અને બીજાઓની અનુ-

મતિ મળવાથી તેમને ધૈર્ય આવે છે. એટલું જ નહિ, પરંતુ બીજા પંથો પ્રમાણે અનીશ્વરવાદીઓ પણ શિષ્ય સમુદાય મેળવવાની ખટપટ કરે છે. પરંતુ આના કરતાં પણ અધિક આશ્ચર્યની વાત તો એ છે કે કેટલાક અનીશ્વરવાદીઓ પોતાનો જીવ પણ આપશે, પરંતુ ઈશ્વર છે એમ બોલશે નહિ. પરંતુ ઈશ્વર જેવી કોઇ વસ્તુ જ નથી એવી જો તેમની ખરેખરી ખાત્રી હોય તો આટલી બધી ધાંધલ તેમણે શા માટે કરવી જોઇએ ? એપિક્યુરસે કહ્યું છે કે "પુણ્યાત્માઓ છે; પરંતુ જગતની ઉથલ પાથલની તેમને કાળજી હોતી નથી. તેઓ સ્વતંત્ર રીતે કાલક્ષેપ કરે છે." આમાં એપિક્યુરસે પોતાનો સત્ય મત પ્રદર્શિત કર્યો નથી એવો તેના પર આક્ષેપ છે. એમ કહેવાય છે કે તેણે માત્ર પ્રસંગ સાચવી લેવાને આમ કહ્યું હતું, પરંતુ ઈશ્વરનું અસ્તિત્વ નથી એવો જ તેનો ગુપ્ત મત હતો. પરંતુ આ તેની ઉપર ખોટું આળ મૂકવામાં આવ્યું છે. કારણ કે એક સ્થાને તેનું એક બીજું વાક્ય છે તે ગંભીર અને દિવ્ય છે. તે કહે છે કે "અજ્ઞાન લોકોના દેવ ખરા નથી એમ કહેવાથી દેવનિંદા થતી નથી; પરંતુ દેવ વિષે અજ્ઞાન લોકોની જે માન્યતા છે તે દેવને લાગુ કરવી એ માત્ર દેવનિંદા થાય છે." પ્લેટોએ પણ આથી વિશેષ કહ્યું ન હોત; અને જગતને ચલાવવા સાથે દેવને કાંઇ પણ સંબંધ નથી એમ તેણે ધીટતાથી કહ્યું છે, તો પણ દેવ નથી એમ કહેવાની તેની છાતી ચાલી નથી. પશ્ચિમ ગોળાર્ધમાં વસતા ઇંડિયન લોકોમાં પ્રત્યેક દેવનું પ્રથક્ પ્રથક્ નામ છે, પરંતુ તેમનામાં ઈશ્વરને માટે નામ નથી—જેમકે મૂર્તિપૂજક લોકોમાં જ્યુપિટર, ઍપોલો, માર્સ એવાં નામો હોય, પણ ઈશ્વર નામ ન હોય. આ પરથી સ્પષ્ટ થાય છે કે જંગલી લોકોમાં સુદ્ધાં ઈશ્વરવિષે કલ્પના છે, પરંતુ તેનું વ્યાપ્તત્વ અને વિસ્તારની કલ્પના નથી. આ રીતે અનીશ્વરવા-

દીઓની સામે જંગલી લોકો અને મહાન્ તત્વવેત્તાઓ એકમતે છે. અંતર્નિષ્ઠ નાસ્તિક ક્વચિત્ જ હોય છે. બહુ થાય તો એકાદ ડિયાગોરાસ, અથવા બાયન, કિંવા કદાચિત્ લુશિયન—એટલે બસ. આમ છે છતાં પણ નાસ્તિકોની સંખ્યા ખરેખર છે તેના કરતાં વધારે જણાય છે, એનું કારણ એ છે કે પ્રચલિત ધર્મને કે અંધ-શ્રદ્ધાને જેઓ દોષ દે છે તેને પ્રતિપક્ષીઓ નાસ્તિક કહે છે. વસ્તુતઃ જેઓ મોટા ધાર્મિક ગણાય છે તેઓ દાંભિક હોય છે; તેઓ બહા-રથી ધર્મશીલતાનો ડોળ કરે છે, પરંતુ તેમનાં હૃદયને ધર્મતત્ત્વોનો કિંચિત્ પણ સ્પર્શ હોતો નથી.

હવે આપણે નાસ્તિકતાનાં કારણો જોઇશું: ધર્મમાં ઝાઝા પંથો હોય છે તે નાસ્તિકતાનું એક કારણ છે. ધર્મમાં જો માત્ર બેજ પંથો હોય તો ઉભયપક્ષના લોકોમાં ઉત્સાહ ઉત્પન્ન થાય છે; પરંતુ અતિશય પંથો થયા એટલે નાસ્તિકતા પ્રવેશે છે. બીજું કારણ ધર્મ-રક્ષકોનો અનાચાર છે. આથી સેન્ટ બર્નાર્ડે વર્ણવેલી સ્થિતિ ઉપ-સ્થિત થાય છે. તે જણાવે છે કે "જેવા લોક તેવા ધર્મગુરૂઓ એમ કહેવાને સુદ્ધાં જગ્યા રહી નથી; કારણ કે જેવાં લોકોનાં સુદ્ધાં આચરણ નથી તેવાં ધર્મગુરૂઓનાં આચરણ થયાં છે." ત્રીજું ધર્મ વિષયોને અપૂજ્ય ભાવથી ચુંથવાની ટેવ. એનાથી શનૈઃ શનૈઃ ધર્મ પરની શ્રદ્ધા નષ્ટ થાય છે. અને અંતિમ કારણ વિદ્યાનો પ્રસાર—વિશેષતઃ શાંતિ અને સમૃદ્ધિ હોય ત્યારે; કારણ કે સંકટ સમયે અને વિપત્તિકાળમાં મનુષ્યનાં મન ધર્મ તરફ અધિક વળેલાં હોય છે.

ઇશ્વર નથી એમ જે લોકો કહે છે તેઓ મનુષ્યનું વર્ચસ્વ નષ્ટ કરે છે. કારણકે શરીરથી મનુષ્ય પશુજાતીય છે અને જો તે આ-ત્માથી ઇશ્વરનો સંબંધી ન હોય તો તે એક નીચ અને હીન પ્રાણી છે. તેમજ નાસ્તિકતાના યોગથી મનુષ્યના ઔદાર્ય અને આત્મોન્નતિની

શક્યતા પણ નષ્ટ થાય છે. ઉદાહરણાર્થ, કૂતરાને લો. મનુષ્ય આપણું સંરક્ષણ કરે છે એમ તે સમજે એટલે તે કેટલું શૌર્ય અને ઔદાર્ય દર્શાવે છે તે જુઓ. કૂતરાને મન મનુષ્ય એ ઈશ્વર અથવા શ્રેષ્ઠ પ્રાણીને સ્થાને છે. મનુષ્ય આપણા કરતાં શ્રેષ્ઠ છે અને આપણું સંરક્ષણ કરવાને સમર્થ છે એમ જો કૂતરાને ન લાગે તો તેના અંગમાં આવું શૌર્ય ન આવે એ સ્પષ્ટ જણાય છે. તેજ પ્રકારે મનુષ્ય જ્યારે ઈશ્વર પર સર્વ મૂકે છે અને તેની કૃપાથી આપણું સંરક્ષણ થશે એમ ખાત્રીપૂર્વક માને છે ત્યારે તેના અંગમાં શ્રદ્ધા અને બળ ઉત્પન્ન થાય છે. તે સિવાય માત્ર માનવી સ્વભાવને તેની પ્રાપ્તિ થતી નથી. મનુષ્યનું માનવી દુર્બળતામાંથી મુક્ત થઈ પોતાની ઉન્નતિ કરવાનું સાધન નાસ્તિકતાના યોગથી નષ્ટ થાય છે. આ કારણથી નાસ્તિકતા સર્વ પ્રકારે નિંદ્ય છે. તે નિયમ વ્યક્તિને લાગુ પડે છે તેમજ રાષ્ટ્રને પણ લાગુ પડે છે. રોમન લોકોમાં જેવું મનનું મોટાપણું હતું તેવું ઇતર કોઇ પણ રાષ્ટ્રમાં નહોતું. રાજ્યના સંબંધમાં સિસરો શું કહે છે તે સાંભળો: "હે રોમન ગૃહસ્થો ! આપણે આપણી ગમે તેટલી પ્રશંસા કરીએ તો કોઇ ના કહેનાર નથી. પરંતુ એક વાત લક્ષ્યમાં રાખવી જોઇએ. તે એ કે આપણે જે ગૉલ લોકોને જીત્યા છે તે બાહુબળથી નહિ; હિસ્પાની લોકોને પરાસ્ત કર્યા તે સૈન્યબળથી નહિ; પીની લોકોને જીત્યા તે કુશળતાથી નહિ; ગ્રીક લોકોને વશ કર્યા તે યુક્તિથી નહિ; કિંવા ખુદ ઇટાલિયન અને લૅટિન લોકોને આપણી સત્તા નીચે આણ્યા તે આપણે અને તેઓ એકદેશીય અને એકજાતીય છીએ એવા મિષથી નહિ; પરંતુ આપણામાં ઈશ્વરભક્તિ છે, ધર્મપરાયણતા છે અને સંપૂર્ણ જગત્ અમર દેવની કૃપાથી ચાલે છે એ સમજવાનું આપણામાં જ્ઞાન છે એજ કારણથી આપણે સર્વ લોકોપર અને રાષ્ટ્રોપર વર્ચસ્વ મેળવ્યું છે."

(૧૭)

અંધશ્રદ્ધ.

ઈશ્વરને માટે અયોગ્ય એવી માન્યતા ઈશ્વરને વિષે થાય તેના કરતાં તેને વિષે કાંઇજ માન્યતા ન હોય તે ઠીક. કારણ કે તેને ન માનવો એ કેવળ નાસ્તિકતાજ છે; પરંતુ ઈશ્વરવિષે ભલતીજ માન્યતા હોવી એ ઈશ્વરનું અપમાન કરવા સમાન છે. અને અંધશ્રદ્ધા એ ખરેખર ઈશ્વરની નિંદા છે. પ્લુટાર્કનું કહેવું આવુંજ છે. તે જણાવે છે કે "પ્લુટાર્ક નામનો એક મનુષ્ય હતો તે પોતાનાં બાળકોને જન્મતાં વારજ ખાઇ જતો હતો એમ લોકો કહે તેના કરતાં પ્લુટાર્ક નામનો કોઇ માણુસજ નહોતો એમ લોકો કહે તે અતિ ઉત્તમ છે." પ્લુટાર્ક આ પ્રમાણે પ્રાચીનકાળના લોકોના સૅટર્ન નામક દેવને અનુલક્ષીને કહે છે. આ દેવ પોતાનાં સંતાનો જન્મતાંવેંતજ ખાઇ જતો હતો, એમ કવિએ વર્ણન કર્યું છે. જેટલી ઈશ્વરની નિંદા અધિક તેટલી ઇતર લોકોને અંધશ્રદ્ધાળુ લોકોની ભીતિ અધિક. મનુષ્ય નાસ્તિક હોય તો પણ તેનામાં સદસદ્વિચાર હોય છે, તત્ત્વજ્ઞાન હોય છે, સ્વાભાવિક પૂજ્યબુદ્ધિ હોય છે, કાયદાની ભીતિ હોય છે, આબરૂપર પ્રેમ હોય છે. આથી ધર્મભાવ ન હોય તોપણ નાસ્તિક મનુષ્યનું લોકો પ્રત્યેનું વર્તન નીતિ ભરેલું હોય છે. પરંતુ અંધશ્રદ્ધા તે સર્વેને પાદાક્રાંત કરે છે અને મનુષ્યના મનમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપિત કરે છે. નાસ્તિક લોકોની નાસ્તિકતાને લીધે રાજ્યને હાનિ થઇ નથી. કારણ કે મરણ પછી કાંઇ પણ નથી એવો નાસ્તિક લોકોનો મત હોવાથી તેમને પોતાના જીવનો કંટાળોજ આવે છે; અને નાસ્તિકતા શાંતિના સમયમાં ઉત્પન્ન થાય છે. (પાદશાહ ઑગસ્ટસ

સિઝરના સમયમાં નાસ્તિકતાનો પ્રચાર થયો હતો. કારણ કે તે સમય સ્વસ્થતાનો હતો.) પરંતુ અંધશ્રદ્ધાને લીધે અનેક રાજ્યો પાયમાલ થયાં છે.

સાધારણ જનસમાજ એ અંધશ્રદ્ધાનો આગર છે, અને અંધશ્રદ્ધાની બાબતમાં જ્ઞાતાઓ પણ મૂર્ખાઓને અનુસરે છે. અને પછી પોતે જે રૂઢીને અનુસરે છે તે યોગ્ય છે કિંવા નહિ તે જોવાનું છોડી દઇ તે રૂઢીના સમર્થનાર્થે કારણો અને કોટિક્રમ શોધી કાઢી ગમે તેમ તેને લાગુ કરે છે.

અંધશ્રદ્ધાનાં કારણો: મનને આલ્હાદ આપનાર અને વિષયોનું ઉદ્દીપન કરનાર સંસ્કાર વિધિ, અતિશય બાહ્ય દાંભિકતા અને ભક્તિનો ઢોંગ, પરંપરાગત કથાઓ વિષે પૂજ્યભાવ, ધર્માધિકારીઓએ સ્વહિતને માટે પ્રચલિત કરેલાં ગપાષ્ટકો, કર્તાની કૃતિ તરફ ન જોતાં તેના ઉદ્દેશને અતિશય માન આપવું, (અર્થાત્ કૃતિ ખરાબ અને નિંદ્ય હોય તો પણ જો તેના કર્તાનો ઉદ્દેશ સારો હોય તો તેની પ્રશંસા કરવી) ઇશ્વરી બાબતને માનવી માપથી માપવી, (આમ કરવાથી માત્ર કુકલ્પનાનો સુકાળ થાય છે) અને વિશેષતઃ દુઃખો અને સંકટોથી ભરેલો જંગલી સમય.

અંધશ્રદ્ધા પર જો આચ્છાદન ન હોય તો તે હીનરૂપ દેખાય છે. વાનર મનુષ્ય સમાન હોવાથી જેમ તે કુરૂપ દેખાય છે, તેમ અંધશ્રદ્ધા ખરી શ્રદ્ધા સદૃશ દેખાય છે તેથીજ તે અતિશય કદરૂપી જણાય છે, અને જે પ્રમાણે માંસ સારૂં હોય તો પણ તેમાં નાના નાના કીડા પડે છે, તેજ પ્રમાણે આરંભમાં ઉત્તમ નિયમો અને ઉત્તમ ઉદ્દેશો હોય તોપણ પાછળથી તેના અનેક નાના નાના સંસ્કારો થઇ તેમાં નિંદ્ય પ્રકારો ઘુસે છે.

અંધશ્રદ્ધાને સર્વથા નષ્ટ કરવી એ પણ એક ધર્માંધતાજ છે.

મનુષ્યને જો એમ લાગવા માંડે કે ચાલુ અંધશ્રદ્ધાને તિલાંજલિ આપી સર્વથા વિપરીત દિશાએ જવું ઇષ્ટ છે તો તે પણ એક પ્રકારની ધર્માંધતાજ છે. એટલા માટે (ખરાબ પ્રકારના વિરેચનમાં થાય છે તેમ) ખરાબની સાથે સારૂં પણ નીકળી જાય નહિ એવો પ્રયત્ન કરવો. સામાન્ય જનસમૂહ જ્યારે ધર્મસુધારણા કરવા માંડે છે ત્યારે તે ખરાબની સાથે સારૂં પણ કાઢી નાંખે છે.

(૧૮)

પ્રવાસ.

પ્રવાસ એ તરૂણોના શિક્ષણનો એક ભાગ છે; અને મોટી વયના માણસોને તે અનુભવ મેળવવાનો એક માર્ગ છે. અન્ય દેશની ભાષામાં જરા પણ પ્રવેશ કર્યા પૂર્વેજ જે તે દેશમાં પ્રવાસ કરે છે તે શાળામાં જાય છે એમ કહેવું જોઇએ. તેના ભ્રમણને પ્રવાસ કહી શકાશે નહિ. તરૂણ માણસોએ એકાદ શિક્ષકની સાથે કિંવા પુખ્ત વયના નોકરની સાથે પ્રવાસ કરવો, એ મને ઇષ્ટ લાગે છે. પરંતુ સાવધાનતા માત્ર એટલી રાખવી કે તે શિક્ષકને કિંવા તે નોકરને પરદેશની ભાષા આવડવી જોઇએ અને તે પૂર્વે તેમાં ગયેલો હોવો જોઇએ. આ યોગથી જે દેશમાં તે જશે તે દેશમાં દર્શનીય વસ્તુઓ શી શી છે, ઓળખાણ કોની કોની કરવી, તે દેશમાં શિક્ષણ કયી કયી બાબતનું મળે છે, એ સર્વ તેના જાણવામાં આવશે. જો આ જ્ઞાન આપનાર કોઇ નહિ હશે તો તરૂણો આંખ મીંચીને ચાલશે.

સમુદ્રપર્યટનમાં અર્થાત્ જેમાં આકાશ અને સમુદ્ર એ શિવાય જોવા સરખું કાંઇ પણ હોતું નથી તેમાં લોકો રોજનિશી રાખે છે;

પરંતુ જમીનપરના પ્રવાસમાં અર્થાત્ જેમાં અનેક વસ્તુઓ દર્શનીય હોય છે તેમાં તેઓ બહુધા તે રાખતા નથી, એ આશ્ચર્યની વાત છે. જાણે અવલોકિત ઘટનાઓ કરતાં આકસ્મિક ઘટનાઓ લખી રાખવાને અધિક યોગ્ય ન હોય તેમ! માટે રોજનિશીનો અવશ્ય ઉપયોગ કરવો.

દર્શનીય અને લક્ષ્યમાં રાખવા યોગ્ય વસ્તુઓ આ છેઃ રાજાના દરબાર, વિશેષતઃ પરદેશના વકીલોની મુલાકાત થાય તે પ્રસંગનો ઠાઠમાઠ, ન્યાય કાર્ય ચાલતું હોય તે સમયે ન્યાયમંદિર, ધર્માધિકારીઓની સભા, દેવાલયો અને મઠો, તેમાં રાખેલી સ્મારક વસ્તુઓ, નાનાં મોટાં શહેરના કોટ અને તટબંદી, બંદરો અને ડક્કાઓ, પ્રાચીન કાળની વસ્તુઓ, જૂનાં ખંડીયેરો, ગ્રંથાલયો, પાઠશાળાઓ, ચાલતા વાદવિવાદો અને વ્યાખ્યાનો, વહાણો, આરમારો, મોટાં શહેરોની સન્નિધ દરબાર માટે કિંવા વિલાસ માટે બાંધેલા મહાલયો અને બગીચાઓ, બરાખ, તોપખાનાં, દારૂખાનાં, સાહુકારી પેઢીઓ, વખારો, ઘોડા ફેરવતા પટાયત ઘોડેસ્વારો, પટાબાજી, સૈનિકોની કવાયત ઇત્યાદિ. ઉત્તમ પ્રતિના લોકો જેમાં જતા હોય એવાં નાટકગૃહો, જવાહીર અને વસ્ત્રોનાં જામદારખાનાં, મૂલ્યવાન કિંવા અપૂર્વ પદાર્થોનાં સંગ્રહાલયો, આ સ્થાનોની શિક્ષકે કિંવા નોકરે બારીક શોધ કરવી. ઘોડેસ્વારની પલટણો, મેજબાનીઓ, લગ્નસમારંભો, પાયદસ્તો, ફાંસી દેવાના પ્રસંગો, એ જોવાને ખાસ કહેવું જ જોઇએ એમ નથી; તેમને પણ વર્જ્ય કરવા નહિ. તરૂણ મનુષ્યે થોડું ભ્રમણ કરી અલ્પ સમયમાં પુષ્કળ માહિતી મેળવવી જોઇએ એમ જો તમારા મનમાં હોય તો કહું છું તે પ્રમાણે કરવું જોઇએ. પ્રથમ ઉપર જણાવ્યા પ્રમાણે પ્રવાસે નીકળ્યા પૂર્વે જે દેશમાં તે જવાનો હોય તે દેશની ભાષાનું તેણે કાંઇક પણ જ્ઞાન મેળવેલું હોવું જોઇએ. તેમજ તે

દેશની જેને માહિતી હોય એવો એકાદ નોકર કિંવા શિક્ષક તેની સાથે હોવો જોઇએ. તેણે તે દેશનો નકશો કિંવા જેમાં તે દેશનું વર્ણન હોય એવું એકાદ પુસ્તક પોતાની સાથે રાખવું જોઇએ. આથી તેને કયી કયી બાબતની માહિતી મેળવવી તેની સમજ પડશે. તેણે પોતાની સાથે રોજનિશી રાખવી. ઝાઝા દિવસ એક શહેરમાં રહેવું નહિ. સ્થાનની યોગ્યતા પ્રમાણે ન્યૂનાધિક દિવસ તેમાં રહેવું, પરંતુ ઘણા દિવસ રહેવું નહિ. અને એક શહેરમાં રહેતાં તેણે પોતાનો નિવાસ એક સ્થાનેથી બીજા સ્થાને બદલતા રહેવું. આથી તેને અધિક ઓળખાણ થશે. જે સ્વદેશી માણસો તે શહેરમાં હોય તેમનાથી દૂર રહેવું. તે શહેરના ઉત્તમ નાગરિકો જે સ્થાને જમે તે સ્થાને જમવા જવું. એક સ્થાનેથી બીજે સ્થાને ગયા પૂર્વે તે બીજા સ્થાનમાં રહેતા એકાદ મોટા માણુસ પર ભલામણ પત્ર મેળવવો; જેથી તેને જે જે જોવું હોય કિંવા જે જે માહિતી મેળવવી હોય તેમાં તે મોટા માણુસની તેને સહાયતા મળશે. અને આ રીતે અલ્પકાળમાં તેને વિશેષ લાભ થશે.

હવે પ્રવાસમાં કોનો કોનો પરિચય કરવો તે જણાવું છું. પરરાષ્ટ્રીય વકીલોના ચિટનીસ અને ઇતર માણુસોની ઓળખાણ અત્યંત લાભદાયક છે; કારણ કે તેમની ઓળખાણથી એકજ દેશમાં પ્રવાસ કરી અનેક દેશની માહિતી મેળવી શકાય છે. તેજ પ્રમાણે બહાર જે અતિ પ્રખ્યાત થયેલા માણુસો હોય તે સર્વની મુલાકાત લેવી. આથી તેમનું સત્ય ચરિત્ર અને તેમની પ્રસરેલી કીર્તિ એમાં કેટલે સુધી મેળ છે તે તેને સમજાશે. સાવધતાપૂર્વક અને વિચારપૂર્વક વર્તી તેણે ટંટાનો ત્યાગ કરવો. ક્રોધી અને ટંટાખોર મનુષ્યની સંગત કરવી નહિ; કારણ કે તે તેને પોતાના ટંટામાં સંડોવશે.

પ્રવાસ કરી ઘેર આવ્યા પછી જે દેશમાં પ્રવાસ કર્યો હોય તે

દેશને સર્વથા વિસરી જવો નહિ. તેમાં જે યોગ્યતાવાળા ગૃહસ્થો હોય અને જેમની ઓળખાણ થઇ હોય તેમની સાથે પત્રવ્યવહાર ચાલુ રાખવો.

અમે પ્રયાસ કર્યો છે એમ દર્શાવવાને માટે પોતાનો પોશાક અને રીતભાત બદલવી નહિ. પ્રવાસ કર્યો છે એમ ભાષણદ્વારા દર્શાવવું. કોઇ કાંઇ માહિતી પૂછે તો તે તેને સ્પષ્ટ રીતે જણાવવી, પરંતુ વિના પૂછ્યે પ્રવાસની હકીકત કહેવી નહિ. પોતાના રીત રિવાજ બદલી પરદેશની રીતભાત ગ્રહણ કરવી નહિ. પરંતુ બીજા દેશમાં જે સારા રિવાજો જોયા હોય તે ગ્રહણ કરવામાં કાંઈ હરકત નથી.

---

(૧૯)

રાજ્ય.

ઇચ્છવાની વસ્તુઓ થોડી હોય, પરંતુ બ્હીવાની વસ્તુઓ ઘણી હોય એવા પ્રકારની મનની સ્થિતિ દુઃખપ્રદ છે. પરંતુ આવી સ્થિતિ બહુધા રાજાઓની હોય છે. રાજાઓ ઐહિક સુખના શિખર પર હોવાથી તમને થોડી જ વસ્તુઓની ઇચ્છા શેષ રહેલી હોય છે. આથી તેમનાં મન ઉત્સાહભરિત હોતાં નથી. અને તેમને સંકટનો સંશય ઘણોજ હોય છે. તેમનાં મન નિઃશંક હોતાં નથી. "રાજાનાં અંતઃકરણો અગમ્ય હોય છે" એમ જે શાસ્ત્રમાં કહ્યું છે તેનું આ એક કારણ છે. કેમકે કોઇ પણ મનુષ્યને જો ઉત્કટ ઇચ્છા ન હોય અને તેને અસંખ્ય શંકા હોય તો તેનું મન સમજવું કઠિન થઇ પડે છે. આ કારણથી એમ બને છે કે રાજાઓ અનેકવાર સ્વતંત્ર ઇચ્છા ઉત્પન્ન કરે છે અને ક્ષુદ્રવસ્તુઓપર ધ્યાન

આપે છે. કોઇ ઇમારત બાંધે છે; કોઇ પદ્ધિઓ સ્થાપન કરે છે; કોઇ એકાદ મનુષ્યનો ઉદય કરવાને પ્રવૃત્ત થાય છે; કોઇ એકાદ કળામાં નિપુણતા મેળવવાની ઇચ્છા કરે છે. ઉદાહરણાર્થ, **નીરો** પાદશાહ સારંગી વગાડવામાં પ્રવીણ થવા ચાહતો હતો. ડોમિશિયન શરસંધાન કરવામાં, કામોડસ પટાબાજી ખેલવામાં, કારાકાલા રથ હાંકવામાં પ્રવીણ થવા ઇચ્છતો હતો, ઇત્યાદિ. આનો મર્મ શું છે એ જેને માહિત નથી તેને આ વાત સત્ય લાગશે નહિ. એનો મર્મ એજ છે કે "મહત્વની બાબતમાં સ્તબ્ધ રહેવા કરતાં નાની નાની બાબતોમાં પ્રવીણતા મેળવવામાં મનુષ્યના મનને આનંદ થાય છે અને ઉત્સાહ આવે છે." આપણે એવું પણ જોઇએ છીએ કે જે રાજાએ પૂર્વવયમાં પુષ્કળ દેશો જીત્યા હોય તેને વિશેષ જીતવાને અમર્યાદભૂમિ મળવી શકય ન હોવાથી અને તેની સંવૃદ્ધિને અટકાવ થયાથી તે વૃદ્ધાવસ્થામાં ઉત્સાહરહિત અને અંધશ્રદ્ધાવાન બને છે. ઉદાહરણાર્થ, મહાન સિકંદર, ડાયોકલીશન અને આપણા સ્મરણકાળનો રાજા પંચમ ચાર્લ્સ, પ્રભૂતિ. આનું કારણ એ છે કે જેને પ્રગતિ કરવાનો સ્વભાવ પડી ગયો છે તેને પ્રતિબંધ થવાથી તે નિરૂત્સાહી અને ઉદ્વિગ્ન બની જાય છે.

હવે રાજ્યના ખરા સુસંગતપણા વિષે બે શબ્દ કહીશ. સુસંગતપણું થવું કઠિન છે; અને તે રાજ્યમાં ક્વચિતજ હોય છે. સુસંગતપણું અને વિસંગતપણું એ પરસ્પર વિરૂદ્ધ એવી ઘટનામાંથી ઉત્પન્ન થાય છે; પરંતુ પરસ્પર વિરૂદ્ધ ઘટનાની યોજના ડહાપણપૂર્વક કરવી જોઇએ. વ્હેસ્પેશન પાદશાહને આપોલોનિયસે જે ઉત્તર આપ્યો હતો તેદ્વારા ઉત્તમ જ્ઞાન મળી શકે એમ છે. વ્હેસ્પેશને પૂછ્યું: "નીરોને સારગી સારી વગાડતાં આવડતી હતી અને તેના હાથ પણ સારી રીતે ચાલતા હતા, પરંતુ કોઇ વાર તે રાજ્યરૂપી સારંગીના

સુર અતિશય ચઢાવતો હતો અને કોઇ વાર અતિશય ઉતારતો હતો.” અને ખરેખર, જે વિના કારણ અતિ સખ્તાઇથી વર્તે છે અને કોઇ વાર અતિશય ઢીલાપણાથી વર્તે છે તેનો ધાક નષ્ટ થાય તેનું કારણ તે પોતેજ છે. અન્ય કોઇ કારણ હોતું નથી.

આ વાત સત્ય છે કે, સંકટો માથા ઉપર આવી પડયાં એટલે તેમાંથી કુશળતાપૂર્વક કેવી રીતે મુક્ત થવું એના જ્ઞાનને આધુનિક સમયમાં રાજકીય ડહાપણ કહેવામાં આવે છે. વિચાર અને દૂરદર્શિતાપૂર્વક સંકટોને દૂર રાખવાં એને મહાન ડહાપણ ગણવામાં આવતું નથી. પરંતુ આ મોટી ચૂક છે. આમ કરવું એ દૈવની સામે થવા સમાન છે. જે ઘટનાને લીધે પાછળથી સંકટ આવે એમ હોય તે ઘટના બનવા દેવી નહિ; અને બને તો તે પ્રત્યે દુર્લક્ષ્ય કરવું નહિ. કારણ કે અગ્નિની ચિણગારી કયી તરફથી આવશે એ કોઇ કહી શકતું નથી; અને તે આવવા માંડી એટલે તેને પ્રતિબંધ કરી શકાતો નથી. રાજ્યકારભારમાં પુષ્કળ અડચણો છે. પરંતુ અનેકવાર રાજાનું પોતાનું મન એજ સર્વથી મોટી અડચણ હોય છે. કારણ કે સાધારણ રીતે રાજાની ઇચ્છા પરસ્પર વિરુદ્ધ હોય છે. ઉદાહરણાર્થ રાજ્યમાં સુધારણા થવી જોઇએ એમ તેને લાગે છે; પરંતુ જે રીતે સુધારણા થઇ શકે તે રીત તેનાથી સહન થઇ શકતી નથી.

પાડોશના રાજાઓ, પોતાની સ્ત્રીઓ, છોકરાઓ, ધર્માધિકારીઓ, ઉમરાવો, ઇતર ગૃહસ્થો, શેઠ સાહુકારો, રૈયત અને લડવૈયા લોકો, આટલા લોકોની સાથે રાજાને પ્રસંગ પડે છે; અને સાવધતા તથા હુશીઆરી રાખવામાં ન આવે તો એ સર્વની તેને ભીતિ હોય છે.

પ્રથમ પાડોશના રાજાઓ વિષે જોઇએ; આ બાબતમાં સર્વદા લાગુ પડે એવો નિયમ નિશ્ચિત કરી શકાતો નથી. કારણ કે પ્રસંગો ભિન્ન

ભિન્ન પ્રકારના હોય છે. માત્ર એક સાધારણ નિયમ દેખાય છે. અને તે એ છે કે નિકટનો એકાદ રાજા (રાજ્ય વિસ્તાર કરવાને માટે, કિંવા વ્યાપારને માટે વા પરમુલ્લકમાં પ્રવેશ કરવાને માટે કિંવા એવા જ કાંઇ ઉદ્દેશથી) ત્રાસ આપવાને સમર્થ ન થાય એટલા માટે હમ્મેશાં જાગૃત રહેવું. આ કામ બહુધા પ્રધાનોનું હોય છે. તેમણે દૂર સુધી નજર ફેંકવી જોઇએ. અને જો એકાદ રાજા અધિક પ્રબલ થતો હોય તો તેને પ્રતિબંધ કરવો. ઇંગ્લાંડનો રાજા **અષ્ટમ હેન્રી, ફ્રાન્સનો** રાજા **પ્રથમ ફ્રાન્સીસ** અને **સ્પેનનો** રાજા **પંચમ ચાર્લ્સ** એમની ત્રગડી હતી. તેમનામાં એટલો બધો સંપ હતો કે તે પૈકી એકાદ જો જમીનનો નાનો ટુકડો લઇ લે તો બીજા બે જણ તત્કાળ સંપ કરી અને જરૂર પડે તો ત્રીજાની સાથે લડાઇ કરી સમતોલપણું જાળવી રાખતા. અને સમતોલ થયા વિના લડાઈ બંધ કરતા નહિ. કેટલાકોનો એવો મત છે કે આપણને નુકશાન થાય નહિ કિંવા આપણને ચીડવવામાં આવે નહિ ત્યાં સુધી યુદ્ધ કરવું ન્યાય્ય નથી. પરંતુ આ મત યુક્ત નથી. આપણા પર કોઇ માણસ હાથ ઉગામે નહિ તો પણ જો સંકટ આવવાની ખરેખરી ભીતિ હોય તો લડાઇ કરવાને તેટલું કારણ પૂરતું છે, એમાં કાંઇ પણ શંકા નથી.

હવે સ્ત્રીઓના સંબંધમાં જોઇશું:—કેટલાક રાજાઓની સ્ત્રીઓ નિષ્ઠુર હતી એવાં ઉદાહરણો છે. લિવિઆએ પોતાના પતિને વિષ દઇ પોતાના નામને કલંકિત કર્યું છે. **સુલેમાનની સ્ત્રી રાક્ષોલાએ મુસ્તફા** સુલતાનનો ઘાત કર્યો અને તેના કુટુંબના માણસો પર પણ અનેક પ્રકારના અત્યાચાર કર્યા. ઇંગ્લાંડના રાજા **દ્વિતીય ચાર્લ્સને** પદચ્યુત કરવામાં અને તેનો જીવ લેવામાં તેની રાણીનું મુખ્ય અંગ હતું. પુત્રને અધિકાર પ્રાપ્ત થાય એટલા માટે પ્રપંચ કરનાર સ્ત્રી હોય **અથવા તે વ્યભિચારિણી હોય તો તે દગો દેશે એવી વિશેષ ભીતિ રાખવી.**

પુત્રના સંબંધમાં:—સંતાનોએ દગો દીધો હોય. એવાં ઉદાહરણો પણ અનેક છે. સાધારણ રીતે પિતાએ સંતાનો વિષે સંશય ધારણ કરવાથી પિતાનો નાશ થયો છે. ઉપરોક્ત મુસ્તફાનું ખૂન સુલેમાનના વંશને એટલું ઘાતક નિવડયું કે સુલેમાન પછીના આજ સુધીના તુર્ક પાદશાહો મૂળ રક્તના નથી, પરંતુ પરકીય રક્તના છે એવી શંકા છે. કારણ કે દ્વિતીય સેલિમસને કૃત્રિમ ગણવામાં આવતો હતો. તેમજ મહાન્ કૉન્સ્ટન્ટીનસે પોતાના પુત્ર ક્રિસ્પસનો જે નાશ કર્યો તે તેના વંશને ઘાતક નિવડયો; કારણ કે તેના બે પુત્રો કૉન્સ્ટન્ટીનસ અને કૉન્સ્ટન્સ એ મારાના હાથથી માર્યા ગયા; અને ત્રીજા કૉન્સ્ટન્ટીયસની પણ એજ દશા થઈ; તે બિમારીથી મરણ પામ્યો એ વાત ખરી, તથાપિ જ્યુલિયાનસે તેની વિરૂદ્ધ બંડ કર્યું તેથી તે બિમાર પડયો હતો. મૅસેડોનના રાજા દ્વિતીય ફિલિપના પુત્ર ડિમેટ્રિયસનો વધ પિતાને અત્યંત દુ:ખદાયક થઇ પડયો. કારણ કે તે પશ્ચાત્તાપથી મરણ પામ્યો. અને આવાં બીજા પુષ્કળ ઉદાહરણો છે. પરંતુ આવા સંશયથી પિતાનું કલ્યાણ થયું હોય એવાં ઉદાહરણો ઘણાં થોડાં છે; બિલકુલજ નથી એમ કહીશું તો પણ ચાલશે. માત્ર પુત્રોએ પિતાની વિરૂદ્ધ પ્રકટ બંડ કર્યું હોય એવાં ઉદાહરણો છોડી દેવાં જોઇએ. પ્રથમ સેલિમસે બયાઝેત વિરૂદ્ધ અને ઇંગ્લાંડના દ્વિતીય હેન્રીના ત્રણ પુત્રોએ પોતાના પિતાની વિરૂદ્ધ બંડ કર્યું હતું. આ ઉદાહરણો બાદ કરવાં જોઇએ.

ધર્માધિકારીઓના સંબંધમાં:—ધર્માધિકારીઓ ગર્વિષ્ઠ અને શિરજોર થાય એવી તેમની તરફથી રાજાને પણ ભીતિ છે. આન્સેલ્મસ અને ટૉમસ–આ–બૅકટના સમયમાં પણ એમજ બન્યું હતું. વિલિયમ રૂફસ, પ્રથમ હેન્રી અને દ્વિતીય હેન્રી એના જેવા અભિમાની અને શૂર રાજાઓની સાથે તેમને પ્રસંગ પડયો હતો તો પણ તેઓ

તે રાજાની સામે તકરાર કરવાને ઉભા રહ્યા. ધર્માધિકારીઓને પરરાજ્યની સાહાય્ય હોય તો તેમના તરફથી વિશેષ ભીતિ છે એમ સમજવું.

ઉમરાવોના સંબંધમાં:—ઉમરાવોને દૂર રાખવા એમાં કાંઇ ખોટું નથી. પરંતુ તેમને પાદાક્રાંત કરી નાંખવા નહિ. તેમને પાદાક્રાંત કરવાથી રાજા અધિક અનિર્બંધ થશે, પરંતુ તેની સુરક્ષિતતા કમી થશે. અને એકાદ કામ કરવાની તેની ઇચ્છા થાય તો તે કરવામાં તેને અધિક આયાસ પડશે. ઇંગ્લાંડનો સપ્તમ હેન્રી પોતાના અમીરોને દાબી રાખતો હતો, આથી એમ થયું કે તેની કારકીર્દિમાં જ્યાં ત્યાં સંકટો અને અડચણો ઉપસ્થિત થઈ. કારણ કે તેના અમીરો રાજનિષ્ઠ હતા તો પણ રાજકારભારમાં તેને તેમની સાહાય્ય મળતી નહોતી; આથી સર્વ કારભાર તેને સ્વતઃનેજ કરવો પડતો હતો.

ઇતર ગૃહસ્થોના સંબંધમાં:—એમનો સમૂહ વિરલ હોવાથી તેમના તરફથી ઝાઝી ભીતિ નથી. તેઓ કોઇ કોઇવાર ખાલી બડબડાટ કરે છે; પરંતુ તે બડબડાટથી અપાયકારક પરિણામ આવતું નથી. વળી અમીરો પ્રબળ થવા લાગે ત્યારે તેમની સાથે સમતોલપણું જાળવી રાખવામાં ગૃહસ્થો ઉપયોગી થઇ પડે છે અને રૈયતની સાથે તેમનો પ્રત્યક્ષ સંબંધ હોવાથી રૈયતની ગરબડ શાંત કરવામાં પણ તેઓ સારી રીતે ઉપયોગી થઇ પડે છે.

શેઠ સાહુકારોના સંબંધમાં:—કાળજામાં રક્ત લઇ જનારી જેમ મોટી ધમની હોય છે તેમ રાજ્યમાં સંપત્તિ આવવાને માટે શેઠ સાહુકારો એ એક રાજમાર્ગ છે. માટે જો તેઓ આબાદ ન હોય અને રાષ્ટ્રાવયવ સારા હોય તો પણ તે શુષ્ક અને નિર્જીવ થઇ પડશે. તેમની ઉપર કર અને દાણ લાદવાથી સરકારી તિજોરીને ક્વાચતજ લાભ થાય છે કારણ કે પ્રગણામાં જે મળે છે તે પ્રાંતમાં જાય છે; અર્થાત્ કર

લાદવાથી કરના પૈસા અધિક આવે છે એ વાત સત્ય, પરંતુ તેથી એકંદર વ્યાપાર મંદ પડે છે.

રૈયતના સંબંધમાંઃ—જો રૈયતના મોટા અને પ્રબલ નેતા ન હોય અથવા તેમના ધર્મમાં, તેમની રીતભાતમાં અને તેમનાં ઉપજીવિકાનાં સાધનોમાં હસ્તાક્ષેપ કરવામાં ન આવે તો તેમના તરફથી ઝાઝી ભીતિ નથી.

લડવૈયા લોકોના સંબંધમાંઃ—સૈનિકો એક જથામાં રહેના હોય અને તેમને બક્ષિસ મળતી હોય તો તેમના તરફથી અતિશય ભય હોય છે. એનાં ઉદાહરણો આપણે જાનિઝારી* અને રોમની પ્રેટોરિયન ટોળીમાં જોઇએ છીએ. પરંતુ હથિયારબંધ લોકોને કવાયત શિખવવી, તેમને ભિન્ન ભિન્ન સ્થળે અને પ્રથક્ પ્રથક્ સરદારોના હાથ નીચે રાખવા, અને તેમને બક્ષિસો આપવી નહિ, ઇત્યાદિ યોજનાથી કાંઇ પણ ભીતિ નથી. આ યોજના હિતાવહજ નિવડે છે.

જેમ ગ્રહદ્વારા સારૂં માઠું થાય છે તેમ રાજાદ્વારા પણ થાય છે. તેમજ ગ્રહની પેઠે રાજાને પૂજા મળે છે, પરંતુ સ્વસ્થતા મળતી નથી. રાજાને જે વાત કહેવાની છે તે સર્વ નિમ્નલિખિત બે વાક્યમાં સમાવિષ્ટ થયેલી છેઃ—"તમે મનુષ્ય છો એ વાત લક્ષ્યમાં રાખો. અને તમે દેવ અથવા દેવના પ્રતિનિધિ છો એ લક્ષ્યમાં રાખો." પહેલી વાત તેમની સત્તાને અને બીજી તેમની ઇચ્છાને અંકુશમાં રાખે છે.

(આ ઉભય વાત ધ્યાનમાં રાખવાથી રાજા પોતાની ઇચ્છામાં આવે તેમ પોતાની સત્તાનો ઉપયોગ કરશે નહિ અને પોતાની ઇચ્છામાં આવે તેમ વર્તશે નહિ.)

---

* તુર્કસ્તાનના સૈન્યનો એક વિશેષ ભાગ.

(૨૧)

સલાહ.

વિશ્વાસની સર્વ બાબતોમાં એક મનુષ્ય બીજા મનુષ્યને સલાહ આપે એ બાબત વિશેષ વિશ્વાસની છે. કારણ ઇતર બાબતોમાં માણસ એક એક વસ્તુ બીજાને સોંપે છે; જેમ કે પોતાની જમીન, પોતાની મિલ્કત, પોતાનાં સંતાનો, પોતાની આંટ, કિંવા બીજી એકાદ વિશેષ વસ્તુ; પરંતુ જેને તે પોતાનો સલાહકાર કરે છે તેને તે પોતાનું સર્વસ્વ અર્પણ કરે છે. ત્યારે તે સલાહકારે કેટલાગણા અધિક વિશ્વાસુ અને પ્રમાણિક થવું જોઇએ? રાજા પરમ બુદ્ધિમાન હોય તો પણ કોઇની સલાહ લેવાથી તેના અધિકારમાં કિંવા તેની બુદ્ધિમાં ન્યૂનતા આવશે એમ તેણે ધારવું નહિ. ઈશ્વર સુદ્ધાં સલાહકાર વિના રહ્યો નથી; પરંતુ તેણે પોતાના સુવંદિત પુત્રને જે મોટાં મોટાં નામો આપ્યાં તેમાં "સલાહકાર" એ એક છે. સલાહ લેવાથી સુરક્ષિત દશા પ્રાપ્ત થાય છે એમ સૉલૉમને કહ્યું છે. વસ્તુની ખેંચાતાણ પ્રથમ અથવા પાછળથી જરૂર થાય છેજ; જો સલાહ મસલતના કોટિક્રમ પર તેની ખેંચાતાણ ન થાય તો દૈવની લહરિ પર અવશ્ય તેની તાણાતાણ થશે; અને એમ થયું એટલે મધસેવકની લહરિ પ્રમાણે તેનામાં ચંચલતા અને અનિશ્ચિતપણાની ભરતી થશે. સલાહની પ્રબલતા કેટલી છે તે સૉલોમનના પુત્રને જણાયું હતું; અને તેની આવશ્યકતા કેટલી છે તે તેના પિતાને જણાયું હતું. કારણ કે પ્રભુના પ્રસાદને પ્રાપ્ત થયેલું રાજ્ય* પ્રથમ ખરાબ સલાહથી વિદારિત અને ભગ્ન થઇ ગયું. આ સલાહમાં બે નિશાનીઓ છે. તે પરથી આપણે બોધ લેવો જોઇએ અને હમ્મેશાં ખરાબ સલાહને ઉત્તમ રીતે ઓળખી કાઢવી જોઇએ.

* ઈસ્રાયલ લોકોનું રાજ્ય.

સલાહકારોના સંબંધમાં જોતાં તે મસલત કોમળ (અર્થાત્ અપકવ) સલાહ હતી અને કાર્યના સંબંધમાં જોતાં તે પ્રચંડ (અર્થાત્ અનર્થકારક) સલાહ હતી.

રાજાઓએ અવશ્ય સલાહ લેવી જોઇએ; પરંતુ તેમણે સલાહનો ઉપયોગ ડહાપણપૂર્વક કરવો જોઇએ, એમ દર્શાવવાને માટે પ્રાચીન કવિઓએ રૂપકો આપ્યાં છે. તેમાંનું એક રૂપક એવું છે કે જ્યુપિટરે મેટિસની સાથે લગ્ન કર્યું. જ્યુપિટર એ દેવોનો રાજા હતો; અને મેટિસ એ શબ્દનો અર્થ સલાહ થાય છે. માટે આ રૂપકદ્વારા એમ સમજવું કે રાજા અને સલાહ એનું સદા યુગ્મ હોવું જોઇએ. બીજું રૂપક એવું છે કે જ્યુપિટરે મેટિસની સાથે લગ્ન કર્યા પશ્ચાત્ તેને તેનાદ્વારા ગર્ભસંભવ થયો. પરંતુ તે પ્રસૂત થાય ત્યાં સુધી જ્યુપિટરે વાટ જોઇ નહિ. તે તેને ગળી ગયો. આથી જ્યુપિટરને સ્વતઃનેજ ગર્ભ રહ્યો. અને પ્રસૂતિકાળે સર્વ આયુધોથી સજ્જ થયેલી પાલાસ તેના મસ્તકમાંથી બહાર પડી. આ કથા અઘટિત લાગે છે. પરંતુ રાજ્ય દૃષ્ટિથી તે રહસ્યવાન છે. રાજાએ સલાહનો ઉપયોગ કેવી રીતે કરવો તે તેનાદ્વારા સમજાય છે. પ્રથમ રાજાએ એકાદ કામ પોતાના સલાહકારોને વિદિત કરવું (ગર્ભસંભવ તે આજ); તેમના ઉદરમાં તે રહે અને તેને આકાર વગેરે પ્રાપ્ત થઇ તે સર્વથા તૈયાર થાય એટલે સલાહકારોને તે બહાર આણવા દેવું નહિ. કારણ કે તેમ કર્યાથી તે તેમણે કર્યું છે એમ કહેવાશે. એટલા માટે રાજાએ પુનઃ તેને પોતાના હાથમાં લેવું. અને હુકમ પોતે આપે છે એમ જગતને દર્શાવવું. (રાજાના હુકમ ડહાપણ ભરેલા હોવા જોઇએ અને તેને શાસ્ત્રની સમ્મતિ હોવી જોઇએ એમ દર્શાવવાને માટે તેને સજ્જ થયેલી પાલાસની× ઉપમા આપવામાં આવી છે.) અને તે હુકમ

× પાલાસ એ રોમન લોકોની સરસ્વતી દેવી છે.

પોતાના અધિકારથી આપવામાં આવ્યા છે, એટલુંજ નહિ પરંતુ તે તેના પોતાના મસ્તકમાંથી બહાર પડયા છે, એમ તેણે દર્શાવવું જોઇએ, જેથી તેની કીર્તિ અધિક પ્રસરશે.

હવે સલાહ લેવામાં શા શા ગેરલાભો છે અને તેમને કેવી રીતે દૂર કરવા તે જણાવું છું. સલાહ લેવામાં ત્રણ ગેરફાયદા છે. પ્રથમ, ગુપ્ત વાત પ્રકાશિત કરવી પડે છે. બીજો, રાજાનો અધિકાર નરમ પડે છે. ત્રીજો, અપ્રમાણિક સલાહ—અર્થાત્ આ સલાહના યોગથી સલાહ લેનાર કરતાં સલાહ દેનારનું કલ્યાણ થાય છે એવી ભીતિ હોય છે. આ ગેરફાયદા દૂર કરવાને માટે ફ્રાન્સના કેટલાક રાજાઓએ ખાસ મંત્રીઓની યોજના કરી હતી. પરંતુ આ ઉપાય વ્યાધિ કરતાં ખરાબ છે.

ગુપ્ત વાતના સંબંધમાં જણાવવાનું કે રાજાએ સર્વે મંત્રીઓને સર્વ વાતો જણાવવીજ જોઇએ એમ નથી. પોતાની ઇચ્છાનુસાર જેને જે વાત કહેવી હોય તે કહેવી. વળી "શું કરવું?" એ સંબંધે જે સલાહ પૂછે તેણે પોતે શું કરવાનો છે તે કહેવું જોઇએ એમ પણ નથી. રાજાએ પોતાનું હૃદ્‌ગત પ્રકટ કરવું નહિ. ખાસ મંત્રીઓના સંબંધમાં એટલુંજ કહેવાનું કે ગુપ્ત વાત તેમનાદ્વારા પ્રકાશિત થવાનો અધિક સંભવ છે એ લક્ષ્યમાં રાખવું. સલાહ આપનાર મંત્રીઓ પુષ્કળ હોય તો પણ ગુહ્ય ફોડવું નહિ એ આપણું કર્તવ્ય કર્મ છે એમ સમજનારા જો તેઓ હોય તોતેમના દ્વારા ઝાઝું નુકશાન થશે નહિ. પરંતુ એકજ મંત્રી હોવા છતાં જો તે બડબડીઓ હોય તો તે ઝાઝી હાનિ કરશે.

આ વાત સત્ય છે કે કેટલીક વાતો એવી હોય છે કે તે અતિ ગુપ્ત રાખવી જોઇએ. રાજા અને એકાદ બે માણસો એ શિવાય બીજા

કોઇના પણ કાનપર તે જવી જોઇએ નહિ. આ રીતે તેને ગુપ્ત રાખ-વાથી ઉત્તમ પ્રકારે કામ થાય છે. તે બહાર ફુટતી નથી એ એક લાભ. અને બીજો લાભ એ છે કે તેમાં થોડા લોકો ભાગ લેતા હોવાથી જે સલાહ મળે છે તે સદા એકજ દિશામાં જનારી હોય છે; તેની ખેંચાખેંચ થતી નથી. પરંતુ આવાં કામ કરનારો રાજા શાણો અને સ્વતઃ કામ કરનારો હોવો જોઇએ. અને વળી મંત્રીઓ પણ બુદ્ધિમાન, વિશ્વાસુ અને વિશેષતઃ રાજાના હેતુથી દૂર ન જનારા હોવા જોઇએ. ઇંગ્લાંડનો સપ્તમ હેન્રી આ પ્રકારનો રાજા હતો. તે મોટાં મોટાં કામો મૉર્ટન અને ફૉક્ષ શિવાય કોઈ ને પણ જણાવતો નહિ.

અધિકાર નરમ પડવાના સંબંધમાં જણાવવાનું કે અધિકાર કમી ન થવા દેવાનો ઉપાય ઉપરોક્ત જુપિટરની વાતમાં દર્શાવ્યો છે. વળી મંત્રણસભામાં રાજા અધ્યક્ષસ્થાને હોવાથી તેનું તેજ ન્યૂન ન થતાં ઉલટું અધિક વૃદ્ધિંગત થાય છે. મંત્રીઓના યોગથી જેની સત્તા નષ્ટ થઇ હોય એવો રાજા આજપર્યંત એક પણ થયો નથી. એકાદ મંત્રી અત્યંત પ્રબલ થાય કિંવા અનેક મંત્રીઓ મળી મહા અભેદ્ય સંપથી વર્તવા લાગે તો કદાચિત્ તેમ થવાનો સંભવ છે. પરંતુ આ વાત શીઘ્ર પ્રકાશિત થાય એવી છે અને તેનો ઉપાય પણ તાબડ તોબ કરી શકાય એમ છે.

લોકો પોતાના હિત પર દ્રષ્ટિ રાખી સલાહ આપે એ અંતિમ ગેરલાભ છે, એના સંબંધમાં એટલું જણાવવાનું કે "તેને પૃથ્વી પર વિશ્વાસ પ્રાપ્ત થશે નહિ"* એમ જે કહ્યું છે તે કાળના સંબંધમાં વિશિષ્ટ વ્યક્તિના સંબંધમાં નથી. સ્વભાવતઃ વિશ્વાસુ, નિષ્કપટી, સાદા, સત્યભાષી અને કાવાદાવા તથા કપટ નહિ કરનારા માણસો પણ જગતમાં હોય છે. વિશેષતઃ આવા પુરૂષોને રાજાએ

* ખ્રિસ્તી ધર્મશાસ્ત્રનુમાંનું આ એક વાક્ય છે.

પોતાની પાસે રાખવા. વળી મંત્રીઓમાં બહુધા સંપ હોતો નથી. તેમનામાં એક બીજા વચ્ચે વિરોધ હોય છે. આથી એકાદ મંત્રી પોતાના કિંવા પોતાના પક્ષના હિતની સલાહ આપે તો તે વાત બહુધા રાજાના કાન પર આવે છે. પરંતુ કયો મંત્રી કેવો છે તે રાજાએ જાણી રાખવું એ ઉત્તમ ઉપાય છે.

સલાહ આપનારા મંત્રીઓએ રાજાનો સ્વભાવ જાણવાની કશી પણ જરૂર નથી. પોતાના સ્વામિના કામમાં કુશલ થવું એજ મંત્રીઓનો ધર્મ છે. સ્વામિના સ્વભાવની સાથે તેમને કાંઇ પણ કર્તવ્ય નથી. જો પોતાના સ્વામિનો સ્વભાવ માહિત ન હોય તો મંત્રી ખરી સલાહ આપશે એવો સંભવ છે. જો તેને સ્વભાવ જ્ઞાત હશે તો તે પોતાના સ્વામિની ઇચ્છાનુસાર બોલશે. જો રાજા સર્વે મંત્રીઓની સલાહ સભામાં અવિચ્છિન્ન અને ખાનગી રીતે પ્રથક્ પ્રથક્ લેશે તો તો તે પરમ ઉપયોગી થઇ પડશે. કારણ કે ખાનગી રીતે આપેલા મત અધિક મોકળા મનથી આપેલા હોય છે અને અન્યોની સમક્ષ આપેલા મત અધિક સંકુચિત મનથી આપેલા હોય છે. એકાંતમાં માણસો પોતાના મત અધિક નિર્ભયપણે આપે છે અને સભામાં અન્યોની ઇચ્છા પ્રમાણે બોલે છે. એટલા માટે ઉભય રીતે મત લેવા ઉત્તમ છે. જેઓ નિકૃષ્ટ પંક્તિના હોય છે તેમના મત એકાંતમાં લેવા, જેથી તેમના સ્વાતંત્ર્યનું રક્ષણ થશે. અને જેઓ મોટા દરજ્જાના હોય તેમના મત સભામાં લેવા, જેથી તેમનું વજન રહેશે. જો રાજા કામના સંબંધમાં સલાહ લે અને માણસોના સંબંધમાં સલાહ ન લેતો તે વ્યર્થ થઇ પડશે. કારણ કે કામ કાંઇ આપોઆપ થતાં નથી. તે કરનારા જેવા માણસો હશે તેવાં તે થશે. એટલા માટે માણસોની સારી પસંદગી કરવી. પરંતુ અમુક એક કામને માટે કયા પ્રકારનો મનુષ્ય જોઇએ એટલોજ માત્ર વિચાર કરવો પૂરતો નથી.

પણ જે મનુષ્યની યોજના કરવી હોય તે કેવો છે તે જોવું. એમ કહેવાય છે કે "મૃત માણસો ઉત્તમ સલાહ આપે છે." આ વાત સત્ય છે. કારણ કે જીવંત સલાહકાર જે પ્રસંગે સંકોચ ધારણ કરે છે તે પ્રસંગે મૃત માણસોના ગ્રંથો સડસડાટ જવાબ આપે છે. માટે ગ્રંથોનું અવલોકન કરવું એ ઉત્તમ. વિશેષતઃ જેમણે સ્વતઃ કામો કર્યા હોય તેમના ગ્રંથો જોવા.


આધુનિક મંત્રણ સભા બહુધા મિત્ર સમ્મેલન સદૃશ હોય છે. તેમાં કામના સંબંધમાં ભાષણ થાય છે, પરંતુ ખરો વાદવિવાદ થતો નથી; અને અમલ બજાવણીની ભારે દોડાદોડ કરવામાં આવે છે. મહત્વના કામમાં એક દિવસ કામનો પ્રસ્તાવ સાદર કરવો અને બીજે દિવસે તેની ચર્ચા કરવી એ યુક્ત છે. કારણ કે રાત્રિના સમયે અધિક વિચાર સૂચિત થાય છે. અર્જ સાંભળવાને માટે દિવસ નિયુક્ત કરી રાખવા એ મને ઠીક લાગે છે. એમ કરવાથી કયે દિવસે હાજર રહેવું જોઇએ એ અર્જદાર સારી રીતે જાણશે, અને તે દિવસે સાર્વજનિક કામોની અડચણ પણ રહેશે નહિ. કામનો પૂર્ણ વિચાર કરવાને માટે કમિટી નીમવી. આ કમિટી સમતોલ હોવી જોઇએ. પરંતુ તેમાં ઉભય પક્ષોના આગ્રહી લોકોની યોજના કરી સમતોલતા કરવા કરતાં સમદર્શી લોકોની યોજના કરી સમતા કરવી એ ઉત્તમ છે. તેમજ, વ્યાપાર, ત્રિજોરી, યુદ્ધ, અર્જ, અને કેટલાક પ્રદેશ, ઇત્યાદિકનો વિચાર કરવાને માટે ચાલુ કમીશનો હોવાં જોઇએ એવી મારી માન્યતા છે. જે લોકોને પોતપોતાના ધંધા સંબંધી માહિતી આપવી હોય (ઉદાહરણાર્થ, વકીલોને, નૌકા સેના વિભાગના લોકોને, શિક્કા પાડનારા લોકોને ઇત્યાદિ) તેમણે પોતાનું કથન પ્રથમ કમિટીને અને પછી સંધિ પ્રાપ્ત થતાં મંત્રણસભાને દર્શાવવું પરંતુ તેમણે એકત્રિત થઇને કિંવા પોકાર કરતા કમિટી સમક્ષ આવવું નહિ. કારણ કે

એમ કરવું એ માહિતી આપવાની ચેષ્ટા નથી, પરંતુ કાન બહેરા કરી નાંખવા જેવું છે. સભાનાં મેજ લંબચોરસ રાખવાં, કે સમચોરસ રાખવાં, અને કોની ખુરશી ભીંતની પાસે રાખવી, એ નિશ્ચિત કરવાનું કામ કારોબારી ખાતાનું છે, પરંતુ તે મહત્વનું છે. કારણ કે મેજ જો લંબચોરસ હોય તો તેના આગલા છેડા પર જે થોડાક મુત્સદ્દીઓ બેસે છે તેઓજ સર્વ કામ પોતાની ઇચ્છાનુસાર કરે છે. પરંતુ જો તે સમચોરસ હોય તો પાછલા છેડા પર જે સલાહકારો બેસે છે તેમના મત પણ પૂછવા પડે છે. આ એનો મોટો ઉપયોગ છે. જો મંત્રણ સભાના અધ્યક્ષસ્થાને રાજા વિરાજમાન હોય તો તેણે પોતાનું હૃદ્‌ગત ઝાઝું દર્શાવવું નહિ. નહિતર સલાહકાર તેની ઇચ્છા પ્રમાણે બોલશે અને તેને ખુલ્લા દિલથી સલાહ નહિ આપતાં તેની હામાં હા ભેળવશે.

---

(૨૧)

વિલંબ.



દૈવ એ બજારભાવ સદૃશ છે; થોડીવાર થોભવાથી અનેકવાર બજારભાવ ઉતરે છે; અને પુનઃ તે કોઇ કોઇવાર સિબિલાની+ માગણીસદૃશ પણ બની જાય છે. સિબિલાએ પ્રથમ સમસ્ત પુસ્તકમાળાની અમુક કિમ્મત માગી અને પછી તેમાનાં કેટલાંક પુસ્તકો બાળી મૂક્યાં; પછી શેષ રહેલાં પુસ્તકોમાંથી પણ કેટલાક બાળ્યાં

\+ જે સ્ત્રી ગુપ્ત વિદ્યાની સાહાય્યથી ભવિષ્ય ભાખવાનું જ્ઞાન પ્રાપ્ત કરતી હતી તેને રોમન લોકો "સિબિલા" કહેતા હતા. એકવાર રોમન પાદશાહ ટાર્કિનનિ પાસે એક સિબિલા ભવિષ્ય કથનનાં નવ પુસ્તકો લઇને આવી પરંતુ તેની કિમ્મત અતિશય માગવા લાગી. આથી પાદશાહે

અને શેષની પણ અગાઉના જેટલીજ કિમ્મત માગી. એમ કહેવાય છે કે સમય પ્રથમ પોતાના કપાળના વાળ આગળ કરે છે અને જો તે પકડવામાં ન આવે તો પોતાની પીઠ ફેરવી દેછે; પછી માત્ર તેની લીશી ટાલજ પકડવાને મળે છે. અથવા પ્રથમ તે શીશીનું મુખ આગળ ધરે છે; અને જો તે પકડવામાં ન આવે તો પછી શીશીનો નીચેનો ભાગ આગળ ધરે છે. તે મોટો હોવાથી પકડવો મુસ્કેલ થઇ પડે છે.

આપણે જે કામો કરવાં હોય તેનો આરંભ સારી સંધિ જોઇને કરવાં, એના જેવું બીજું શાણપણ નથી. આગળ આવનારાં સંકટોનો સારી રીતે વિચાર કરવો, તેને ક્ષુલ્લક ગણી કાઢવાં નહિ, કારણ કે એકવાર તે ક્ષુલ્લક લાગવા માંડયાં કે પાછળથી તેજ સહન કરવાં મુસ્કેલ થઇ પડે છે. સંકટો નાનાં હોય છતાં પણ મોટાં દેખાય તેની હરકત નહિ. તેથી અહિત થશે નહિ. પરંતુ તે અલ્પ છે એમ માનવાથી માણસો ઘણીવાર ફસાઇ ગયા છે. કેટલાંક સંકટો એવાં હોય છે કે તે આપણી પાસે આવે નહિ તો પણ દીર્ઘકાળપર્યંત તેની વાટ જોઇને બેસી રહેવા કરતાં અગાઉથીજ આપણે આગળ ધસી તેને અર્ધે રસ્તે મળવું, એ ઉત્તમ. કારણ કે માણસ જો દીર્ઘકાળપર્યંત રાહ જોઇને બેસી રહે તો તે નવ્વાણું ટકા ઉંઘી જશે. પરંતુ અન્યપક્ષે

તે પુસ્તકો લીધાં નહિ. પછી તે સિબિલાએ તેમાંનાં ત્રણ પુસ્તકો બાળી મુકયાં અને તે શેષ છની કિમ્મત પણ અગાઉના જેટલીજ માગવા લાગી. આ વખતે પણ પાદશાહે તે પુસ્તકો ખરીદ્યાં નહિ. અંતે તેણે બીજાં ત્રણ પુસ્તકો બાળી દીધાં અને નવ પુસ્તકોની જેટલી કિમ્મત માગી હતી, તેટલીજ કિમ્મત શેષ રહેલાં ત્રણ પુસ્તકોની માગી. ત્યારે પાદશાહને આશ્ચર્ય ઉત્પન્ન થયું અને તેણે તે વેચાતાં લીધાં. એમ કહેવાય છે કે તે ત્રણ પુસ્તકોમાં રોમના રાજ્યપર ભવિષ્યમાં આવનારાં સંકટો અને તેમને નિવૃત્ત કરવાના ઉપાયો જણાવ્યા હતા.

સંકટોની છાયા મોટી દેખાય તેથી ભ્રમમાં પડી અકાળે મારો શરૂ કરવો, કિંવા સમય આવ્યા પૂર્વેજ કમ્મર બાંધી સંકટની સામે થઇ તેને આપણી ઉપર ચાલી આવવાને શીખવવું એ બીજી બાજુનો છેડો છે. ચંદ્ર ક્ષિતિજ પર હોઇ તેનો પ્રકાશ શત્રુઓની પાછળ પડયાથી તેમની છાયા લાંબી પડેલી જોઇ કેટલાક લોકો ફસાયા છે.

ઉપર જણાવ્યા પ્રમાણે સંધિ સારી છે કે નહિ તેનો હમ્મેશાં વિચાર કરવો. અને સાધારણતઃ મહાન કામો કરવાં હોય ત્યારે તેનો આરંભ કરવાનું કામ શતનયનોવાળા આર્ગસને* સોંપવું; અને તેનો અંત આણવાનું કામ સો હાથવાળા બ્રિયેરિયસને સોંપવું. આનો અર્થ એટલોજ છે કે આંખને હમ્મેશાં ખુલ્લી રાખીને સંધિની વાટ જોતને બેસવું અને તે આવે એટલે ઝપાટાબંધ કામ કરવા મંડી જવું. જે માણસ પ્લૂટોનું++ શિરસ્ત્રાણ ધારણ કરતો તે અદ્રશ્ય થઇ શકતો એવી પ્રાચીન દંતકથા છે. આ વાતમાં ગુપ્ત રીતે મસલત કરવી અને ત્વરાથી કામ કરવું એમ દર્શાવ્યું છે.××× કામની એકવાર પૂર્ણ તૈયારી થઇ એટલે ત્વરા સમાન બીજું ગુપ્તપણું નથી. ઉદાહરણાર્થ, બંદુકની ગોળી એટલા વેગથી જાય છે કે તે દેખાતી સુદ્ધાં નથી. વેગ એજ ગુપ્તપણું છે.

---

* આર્ગસ અને બ્રિયેરિયસ એ ગ્રીક અને રોમન લોકોના દેવ મનાતા હતા. આર્ગસને સો આંખ અને બ્રિયેરિયસને સો હાથ હતા એમને લોકો માનતા હતા.

++ આ પણ તેમનો દેવ હતો-તેમનો યમ હતો. ××× યમ ક્યારે અને કેવી રીતે આવશે તે જણાતું નથી અને તે આવ્યા એટલે પછી અવકાશ હોતો નથી.

(૨૨)

ધૂર્તતા.

ધૂર્તતાનો અર્થ અમે કુત્સિત કિંવા કુટિલ ડહાપણ એવો કરીએ છીએ. અને ખરેખર ધૂર્ત મનુષ્ય અને શાણો મનુષ્ય એમાં મોટો ભેદ છે: તે પ્રમાણિકતાના સંબંધમાંજ છે એમ નથી, પરંતુ હુશીઆરીના સંબંધમાં પણ છે. કેટલાક લોકો એવા હોય છે કે તેમને ગંજીફો ગોઠવતાં આવડે છે, પરંતુ સારી રીતે ખેલતાં આવડતું નથી; તેમજ કેટલાક લોકો એવા હોય છે કે પોતાના પક્ષના મતો સંગ્રહિત કરવામાં અને મતભેદ પાડવામાં તેઓ પારંગત હોય છે, પરંતુ ઇતર કામમાં તે દુર્બલ હોય છે. વળી, મનુષ્યોને ઓળખવાં અને કામને ઓળખવાં એ નિરનિરાળી બાબત છે; કારણ કે કેટલાક લોકો મનુષ્યનો સ્વભાવ ઓળખવામાં નિષ્ણાત હોય છે, પરંતુ કામનું સત્ય સ્વરૂપ ઓળખવામાં ઝાઝા હુશીઆર હોતા નથી. જેમણે પુસ્તકો કરતાં મનુષ્યોનું અધ્યયન વિશેષ કરેલું હોય તે આ પ્રકારના માણસ બને છે. આવા માણસો સલાહ આપવા કરતાં કામ કરવાને અધિક યોગ્ય હોય છે અને તેઓ માત્ર પોતાના નિયત કામમાંજ સારા હોય છે; નવીન મનુષ્યની સાથે તેમનો ભેટો થયો કે તેમનું નિશાન ચુક્યું સમજવું. આથી થાય છે એમ કે "બુદ્ધિમાન અને મૂર્ખ એ ઉભયને અપરિચિત લોકોમાં નગ્ન મોકલો, એટલે તેમની ખરી કિમ્મત પરખાઈ આવશે" એવો જે તેમને ઓળખવાનો સનાતન નિયમ છે તે તેમને ક્વચિતજ લાગુ પડે છે. અને ધૂર્ત માણસ પ્રકીર્ણ વસ્તુઓ વેચનાર દુકાનદારના જેવા હોય છે, એટલા માટે તેમની દુકાન ખુલ્લી કરી બતાવવામાં કાંઇ ખોટું નથી.

જેમની સાથે બોલતા હોઇએ તેમના મુખાર્વિંદ પર દ્રષ્ટિ રાખવી એ ધર્તપણાની એક ખૂબી છે; જેસ્યુઈટ* લોકો આજ પ્રમાણે બોલતા હતા. કારણ પુષ્કળ શાણા લોકો એવા હોય છે કે તેમનાં અંતઃકરણો ગુપ્ત હોય છે, પરંતુ તેમનાં મુખાર્વિંદ પારદર્શક હોય છે. પરંતુ આવી રીતે બોલતી વખત તમે કોઇ કોઇવાર તમારૂં મસ્તક નમ્રતાપૂર્વક નમાવજો; જેસ્યુઇટ લોકો પણ એમજ કરતા હતા.

બીજી ખૂબી એ છે કે જ્યારે તમારે કોઇ વસ્તુ તાબડતોબ જોઇતી હોય ત્યારે જેની પાસેથી તે મેળવવી હોય હોય તેને બીજીજ એકાદ વાત કાઢી ખુશ અને પ્રસન્ન કરવો; આમ કરતાં તમારે એવી ખબરદારી રાખવી કે તમે ઇષ્ટ વાત કાઢો ત્યારે વાંધો લેવાને તેનામાં ઝાઝું ભાન હોય નહિ. મારા પરિચયનો એક મંત્રી અને ચિટનીસ હતો. તે જ્યારે બીલો પર એલિઝાબેથ રાણીની સહી લેવાને આવતો ત્યારે હમ્મેશાં રાજ્યવ્યવસ્થાની કાંઇ વાત પ્રથમ કાઢી તેને સંભાષણમાં રોકતો; આ કાર્ય તે એવી કુશળતાપૂર્વક કરતો કે તે રાણીનું ધ્યાન બીલો તરફ ઝાઝું ખેંચ્યા વિના સહી કરાવી લેતો.

તેજ પ્રમાણે મનુષ્ય જ્યારે ઉતાવળમાં હોય તે સમયે કામનો ઉપક્રમ કાઢવો; કારણ કે તે સમયે કામનો પુરો વિચાર કરવાની તેને ફુરસદ હોતી નથી અને તે બેફામ હોય છે.

જો આપણને એવો અંદેશો હોય કે અમુક કામ અમુક માણસ સારી રીતે અને પોતાની ઇચ્છાનુસાર પાર પાડશે અને આપણને તે કામ તોડી પાડવાની ઇચ્છા હોય તો આપણે સ્વતઃજ એવી રીતે તે કામનો ઉપક્રમ કાઢવો કે તે સિદ્ધ થાયજ નહિ.

તમે એકાદ માણસની સાથે બોલતા હો અને ખરા રંગ પર આવ્યા પછી જાણે તમે સાવધ થયા હો તેમ દર્શાવી તમે બોલતા

* ખ્રિસ્તી મઠવાસીઓનો એક પંથ.

બંધ થશો, તો તેથી તેની અધિક જાણવાની જિજ્ઞાસા વૃદ્ધિંગત થશે.

તમે પોતે એકાદ વાત કહો તેના કરતાં લોકો પ્રશ્ન કરીને તમારી પાસેથી તે વાત કઢાવે ત્યારે તેમને સારૂં લાગે છે; આને માટે તમારો હમ્મેશનો જે ચ્હેરો અને ચર્યા હોય તે બદલી પ્રશ્ન કરવાને તમારે આમિષ આપવું; અને ફરક થવાનું કારણ પૂછવાને બીજાને સંધિ આપવી. આ પ્રમાણે નેહેમિયાસે* કર્યું હતું; તે જણાવે છે કે "તે પૂર્વે રાજા સમક્ષ હું એટલો દુઃખી કદિ થયો નહોતો."

નાજુક અને અપ્રિય વાતમાં કોઇ બીજા મનુષ્યની પાસે અર્થાત્ જેનો શબ્દ ઓછા વજનનો હોય તેની પાસે ઉપક્રમ કઢાવવો અને જેનો શબ્દ અધિક વજનનો હોય તેણે પાછળ રહેવું અને થોડા અવકાશ પછી આવવું; જાણે તે અકસ્માતજ આવ્યો હોય એમ દર્શાવવું; એવી ખૂબી વાપરવી કે પહેલા ગૃહસ્થે જે કહ્યું હોય તેના સંબંધમાં તેને પ્રશ્ન પૂછવામાં આવે. મેસાલિના અને સિલિયસના લગ્નની વાત ક્લૉડિયસને જણાવતાં નારસિસસે એમજ કર્યું હતું.

જે વાતમાં મનુષ્યે પોતાનું અંગ જણાવવું નહિ હોય તે વાતમાં તેણે જગતને હવાલો આપી દેવો, એ ધૂર્તતાની એક ખૂબી છે; અર્થાત્ એમ બોલવું કે "લોકો આમ કહે છે" અથવા "ચાર માણસના મુખે આમ સાંભળવામાં આવે છે."

મારા પરિચયનો એક માણસ હતો તે જ્યારે પત્ર લખતો

---

* નેહેમિયાસ એ એક યાહુદી હતો. તે ઈરાનના રાજા આર્ટાઝરસેસને દારૂ આપવાના કામ પર હતો. જેરૂસલેમ શહેરનો કોટ તૂટયો અને લોકો મહાવિપત્તિમાં આવી પડયા એવી વાત સાંભળી તેને અત્યંત દુઃખ થયું. એક દિવસ તે રાજાને દારૂ આપવાને ગયો ત્યારે તેનો ચ્હેરો વિષાદમય જોઇ રાજાએ તેનું કારણ પૂછ્યું. તેણે સર્વ હકિકત કહી સંભળાવી. ત્યારે જેરૂસલેમ જવાને રાજાએ તેને રજા આપી.

ત્યારે મહત્વની બાબત તાજે કલમમાં લખતો; જાણે તે બાબત સાધારણ હોય તેમ !

મારા પરિચયનો બીજો એક ગૃહસ્થ હતો તે કાંઇ કહેવાને આવતો ત્યારે મનમાંની મુખ્ય વાત સંપૂર્ણતઃ ગળી જતો અને ચાલ્યો જતો અને પાછો આવી તે વાત કહેતો; જાણે તે વાત તે સંપૂર્ણતઃ ભૂલી ગયો હોયની ! કેટલાક લોકો એવી તજવીજ રાખે છે કે જેમની સાથે તેમને કામ હોય તેમને અકસ્માત્ મળે; અને તે એવા સમયે કે જ્યારે તેના હાથમાં એકાદ પત્ર હોય વા હમ્મેશના પરિપાઠ બહારનું કાંઇ કામ તે કરતો હોય; અને એવી ખૂબી વાપરે કે જે વાત કહેવાને તે સ્વતઃ ઉત્સુક હોય તે સંબંધે તેને પ્રશ્ન પૂછવામાં આવે.

ધૂર્તપણાની બાજી એક ખૂબી એવી છે કે જે શબ્દો બીજા સાંભળે અને ઉપયોગમાં આણે એવી આપણી ઇચ્છા હોય તે શબ્દો આપણે સ્વતઃજ બોલવા; અને બીજાએ તેને ઉપયોગમાં આણ્યા એટલે તેનો લાભ લેવો. મારા પરિચયના બે ગૃહસ્થો હતા, તે રાણી એલિઝાબેથના સમયમાં મંત્રીની જગ્યા માટે ઉમેદવાર હતા; તથાપિ માંહોમાંહે તેમનામાં મૈત્રી હતી અને કામ સંબંધે તેઓ પરસ્પર મસલત કરતા હતા; તે પૈકી એક જણ બોલ્યો કે "રાજ્યની ઉતરતી કળામાં મંત્રી થવું એ ધોકાનું કામ છે અને આપણને તો એ મંત્રીપદ જોઇતું નથી;" બીજાએ તરતજ તે શબ્દો ઉંચક્યા; અને તેણે પોતાના કેટલાક મિત્રોને એમ કહ્યું કે "રાજ્યની ઉતરતી કળામાં મંત્રી થવાની ઇચ્છા રાખવાનું આપણને કાંઇ કારણ નથી." પહેલા ગૃહસ્થે તે શબ્દો પકડી લીધા અને તે રાણીના કાન પર જાય એવી તજવીજ કરી. "રાજ્યની ઉતરતી કળા" એ શબ્દો જ્યારે રાણીના સાંભળવામાં આવ્યા ત્યારે તેને એટલું ખોટું લાગ્યું કે તે બીજા ગૃહસ્થની વિનંતિ તેણે પુનઃ કદિ સાંભળીજ નહિ.

ધૂર્તતાનો એક પ્રકાર છે તેને ઇંગ્લાંડમાં આપણે "તવાપરની રોટલી ફેરવવી" એમ કહીએ છીએ. તે પ્રકાર એવો છે કે એક મનુષ્ય જે વાત બીજાને કહે છે તે બીજાએ તેને કહી હોય એવો ભાસ આપે છે, અને ખરૂં કહીએ તો જ્યારે આવો પ્રકાર બે જણની વચ્ચે બને છે ત્યારે પ્રથમ કોણે કોને કહ્યું હતું તે નિશ્ચિત કરવું કાંઇ સ્હેલું હોતું નથી.

કેટલાક માણસોની પાસે એટલી વાત અને કથા તૈયાર હોય છે કે તેમને કાંઈ કહેવું હોય ત્યારે તેઓ તેને તે વાતમાં ગુંથી દેછે; આથી બે હેતુઓ સાધ્ય થાયછેઃ તે સ્વતઃ સાવધ રહે છે અને બીજા આનંદથી તેનું કથન કબુલ કરે છે.

પોતાને જે ઉત્તર જોઇતો હોય તે મનુષ્યે પોતાનાજ શબ્દોથી અને વિધાનોથી તૈયાર કરવો, એ ધૂર્તપણાની એક ઉત્તમ ખૂબી છે. કારણકે તેના યોગથી બીજો મનુષ્ય ઓછા ઘોટાળામાં પડે છે.

કેટલાક માણસો પોતાના મનમાંનો હેતુ કહેવાને માટે ઘણીવાર સુધી વાટ જુએ છે; અને સંધિ આવી એટલે ઇચ્છિત્ વાત છોડી તેઓ ઘણે દૂર ચાલી જાય છે; અને તેના તરફ વળ્યા પૂર્વે બીજા અનેક વિષયો કાઢે છે, એ જોઇને આપણને આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. આમ કરવું એ પરમ ધૈર્યનું કામ છે, તથાપિ તે પરમ ઉપયોગી છે.

એકાદ આકસ્મિક, ધીટતા ભરેલો અને અકલ્પિત પ્રશ્ન પૂછવાથી મનુષ્ય અનેકવાર ભાન ભુલી જાય છે અને તેનું ખરૂં સ્વરૂપ પ્રકટ થાય છે. એક માણસ પોતાનું નામ બદલીને પૉલ્સ રસ્તે ચાલતો હતો; બીજો એક માણસ તેની પાછળ આકસ્મિક રીતે આવ્યો અને તેણે તેને તેના ખરા નામથી હાંક મારી તત્કાળજ તેણે ઝટ દઇને પાછા ફરી જોયું.

પરંતુ ધૂર્તપણાના આ નાના નાના પ્રકારો અને અલ્પ સ્વલ્પ

ખૂબીઓ અસંખ્ય છે; તેની એક યાદી કરવામાં આવે તો ઠીક; કારણ કે ધૂર્ત માણુસો શાણામાં ગણાય તેના કરતાં રાજ્યમાં અધિક અહિતકર બીજું કાંઇ પણ નથી.

પરંતુ ખરેખર કેટલાક માણુસો એવા હોય છે કે તેમને કામ સિદ્ધ કરવાના દાવપેચ માહિત હોય છે, પરંતુ મુખ્ય ભાગમાં તેમનો પ્રવેશ થઇ શકતો નથી; જેમ એકાદ ઘરને સગવડકારક દાદરો અને દરવાજાઓ હોય પરંતુ અંદર એક પણ સારો ઓરડો ન હોય તેમ, આથી તમને પ્રતીત થશે કે તેઓ સિદ્ધાંતમાં સુંદર છૂટવાની બારી શોધી કાઢશે, પરંતુ વિષયોનું પરીક્ષણ કરવાને કિંવા ઉહાપોહ કરવાને તેઓ કિંચિત્ પણ સમર્થ હોતા નથી. તથાપિ તેઓ સામાન્યતઃ પોતાની અસમર્થતાનોજ લાભ લે છે અને અમે માર્ગ દર્શાવવાના કામમાં પારંગત છીએ એવો ભાસ આપે છે. કેટલાક માણુસો પોતાની કૃતિની નિર્દોષિતા તપાસવા કરતાં બીજાના દોષ કાઢવા એને પોતાનું કર્તવ્ય ગણે છે; પરંતુ સૉલૉમન કહે છે કેઃ–"ડાહ્યો માણુસ પોતાના પગ તરફ લક્ષ આપે છે, અને મૂર્ખ લબાડી તરફ વળે છે."

(૨૩)

સ્વાર્થનું ડહાપણ.

ઘીડી સ્વતઃ સંપૂર્ણ રીતે શાણી હોય છે. પરંતુ તે વાડીમાં કિંવા બાગમાં ભારે નુકશાન કરે છે. તે પ્રમાણે જે માણુસો અતિશય સ્વાર્થપરાયણ હોય છે તેઓ સાર્વજનિક હિતને પૂર્ણ હાનિ કરે છે. સ્વાર્થ અને જનહિત એમાં વિચારપૂર્વક ભેદ કરવો જોઇએ. સ્વાર્થ તરફ દ્રષ્ટિ રાખવી; નહિ રાખવી એમ નહિ. પરંતુ આપણો સ્વાર્થ સાધતાં બીજાનો અને વિશેષતઃ રાજાનો અને સ્વદેશનો ઘાત

ન થાય એવી તજવીજ રાખવી. મનુષ્યે પોતાને કેન્દ્ર માની સર્વ કાંઈ પોતાના હિતને માટેજ કરવું એ ઠીક નથી; તેમ તો માત્ર મૃત્યુ લોકની પૃથ્વીજ કરે છે. તે માત્ર પોતાના કેન્દ્રની આસપાસજ ફરે છે. શેષ સર્વ વસ્તુઓ કે જેમને આકાશની સાથે કાંઈ સ્નેહ છે તે અન્યના કેન્દ્રની આસપાસ ફરેછે અને તેનું હિત કરેછે. માત્ર રાજા સર્વ કામ સ્વતઃને માટે કરે તો તે નિભે એમ છે; કારણ કે રાજાનો સ્વાર્થ એ માત્ર તેનોજ સ્વાર્થ નથી. તેનું હિત તે લોકોનું હિત છે; અને તેનું અહિત તે લોકોનું અહિત છે. પરંતુ રાજાના નોકરમાં અથવા પ્રજાસત્તાક સંસ્થાનના એકાદ અમલદારમાં સ્વાર્થબુદ્ધિ પ્રબલ હોય તો તે અતિ ખરાબ છે. કારણ કે આવા મનુષ્યના હાથમાંથી જે જે કામ પસાર થાય છે તેને તે પોતાના સ્વાર્થ તરફ વાળે છે. અને તેનો સ્વાર્થ તેના સ્વામિના કિંવા સંસ્થાનના કલ્યાણથી વારંવાર ભિન્નજ હોય છે. એટલા માટે જે મનુષ્યમાં આ અવગુણ ન હોય તેનેજ રાજાએ કિંવા સંસ્થાને નોકરીમાં રાખવો. પરંતુ નોકરીદ્વારા તેને સ્વાર્થ સાધવામાં સાહાય્ય કરવાની જો રાજાની ઇચ્છા હોય તો તે વાત જુદી છે. સ્વામિનું હિત અને નોકરનું હિત એ વચ્ચેનું પ્રમાણ નષ્ટ થાય છે એટલા માટે આ અવગુણનું પરિણામ આટલું અપાયકારક થાય છે. સ્વામિના હિત કરતાં નોકરના હિત પ્રત્યે અધિક લક્ષ્ય આપવું એ એક વિષમતા જ થઇ. પરંતુ નોકરના અલ્પ હિતને માટે સ્વામિના મોટા હિતપર છેક પાણીજ ફેરવવું એ તો મહાન વિષમતા થઈ. પરંતુ ખરાબ અમલદાર, કોષાધ્યક્ષ, પરરાષ્ટ્રમાં મોકલવામાં આવતા એલચી, સેનાપતિ અને ઇતર અપ્રમાણિક અને લાંચખોર નોકરના સંબંધમાં આમ જ બને છે. પોતાના સ્વામિનાં મોટાં અને મહત્વનાં કામો ડૂબતાં હોય તો પણ તેઓ પોતાનો ક્ષુલ્લક સ્વાર્થ સાધી લીધા વિના રહેતા

નથી. તે પોતાનું જે હિત સાધે છે તે તેમની યોગ્યતા પ્રમાણે થોડુંજ હોય છે; પરંતુ તે હિત સાધી લેવાને માટે તેઓ જે નુકશાન કરે છે તે તેમના સ્વામિની યોગ્યતા પ્રમાણે મોટું હોય છે. જેઓ અતિશય આપમતલબી હોય છે તેમનો સ્વભાવ એવો હોય છે કે તેઓ પોતાનાં ઇંડાં શેકવાને માટે બીજાનું ઘર બાળી મૂકે છે. પરંતુ આ પ્રકારના લોકો બહુધા સ્વામિને વ્હાલા હોય છે; કારણ કે તેમનું લક્ષ્ય સ્વામિને ખુશ રાખી પોતાનું કાર્ય સાધી લેવા પ્રત્યે હોય છે. અને સ્વામિને ખુશ રાખવાને માટે કિંવા પોતાનું ઘર ભરવાને માટે તેઓ સ્વામિનું તંત્ર ડુબાડવાને ચૂકતા નથી.

સ્વાર્થ સાધી લેવાનું ડહાપણ એ અનેક રીતે હલકું છે. ઉંદરોનું ડહાપણ આવુંજ હોય છે; ઘર પડી જવાની તૈયારીમાં આવે એટલે ઉંદરો તેમાંથી નીકળી જાય છે. શિયાળનું ડહાપણ પણ આવુંજ હોય છે; શિયાળ બીજાના દરમાં રહેવાની જગા માગી લે છે અને પછી દરના માલિકનેજ બહાર હાંકી કાઢે છે. મગરનું ડહાપણ પણ આજ પ્રકારનું હોય છે; મગર પોતાના ભક્ષ્યને ગળી ગયા પૂર્વે પોતાની આંખમાંથી આંસુ પાડે છે. પરંતુ ધ્યાનમાં રાખવા યોગ્ય એક વાત એ છે કે, જે માણસો અત્યંત સ્વાર્થપરાયણ હોય છે તે અનેકવાર ભાગ્યહીન હોય છે. તે પોતાના મત પ્રમાણે લક્ષ્મીને મોટા ડહાપણથી ચીવટતાપૂર્વક પકડી રાખે છે; પરંતુ સદા પોતાના સ્વાર્થને માટે અન્યનો નાશ કરતાં કરતાં અંતે તેની ચંચલતાનો તે સ્વતઃ જ ભોગ થઇ પડે છે.

(૨૪)

નવીન રિવાજ ચાલૂ કરવા.

જેમ સ્રષ્ટ પ્રાણીઓનાં સંતાનો પ્રથમ કુરૂપ હોય છે તેજ પ્રમાણે સર્વ નવા રિવાજોની પ્રાથમિક સ્થિતિ હોય છે. નવીન રિવાજ એ કાલમાનની સંતતિ છે. આ નિયમ સાધારણતઃ સત્ય છે તો પણ તેથી વિપરીત પ્રકાર કદિ બનતોજ નથી એમ નથી.

જે પુરૂષ પ્રથમ પોતાના કુળને ઉન્નત કરે છે તે જેટલો ગુણવાન હોય છે તેટલા ગુણવાન તેના વંશજો હોતા નથી. તેજ પ્રમાણે પ્રથમના સારા રિવાજો જેટલી યોગ્યતાવાળા હોય છે તેટલી યોગ્યતાવાળા પાછળથી અનુકરણથી કરેલા રિવાજો હોતા નથી. જે ગતિ સ્વાભાવિક હોય છે તે જેમ જેમ સ્થાયી થાય છે તેમ તેમ પ્રબલ થાય છે; પરંતુ જે ગતિ ખેંચીતાણીને આણેલી હોય છે તે માત્ર આરંભમાંજ પ્રબલ હોય છે. તદ્વત્ મનુષ્યની સ્થિતિ છે. મનુષ્ય સ્વભાવ પતિત થયેલો હોવાથી× ખરાબ વસ્તુનું જોર સતત રહે છે; પરંતુ સારી વસ્તુનું જોર માત્ર આરંભમાં જ હોય છે.

ખરેખર, પ્રત્યેક ઔષધ એ નવીન માર્ગ છે. અને જેણે નવા ઉપાય કરવા ન હોય તેણે નવા રોગનો મારો સહન કરવાને તૈયાર રહેવું જોઇએ.

કાલમાન સમાન નવી સ્થિતિ ઉત્પન્ન કરનાર બીજી કોઇ પણ વસ્તુ નથી. અને જો કાલમનથી આપણી સ્થિતિ ખરાબ થતી હોય અને વિચાર તથા ડહાપણપૂર્વક આપણે તે સુધારવાનો પ્રયત્ન ન કરીએ તો શું પરિણામ આવશે વારુ?

× આદમ અને ઇવ એમણે દેવની આજ્ઞા ભંગ કરી ત્યારથી સર્વ માણસો પતિત થયાં છે, એવો ખ્રિસ્તી મત છે.

એ વાત સત્ય છે કે જે વસ્તુ રૂઢીથી દ્રઢીભૂત થઇ ગઇ હોય તે યદ્યપિ સારી ન હોય તોપણ તે નિદાન સારી છે એમ લાગે છે. જે ઘટના દીર્ઘકાળ થયાં એક બીજીની સાથે સાથે બનતી ચાલી આવી હોય તે જાણે એકબીજીની મૈત્રિણીજ હોય એમ ભાસે છે. તેમજ નવી અને જૂની રીતિને બનતું નથી. નવો રિવાજ ઉપયોગી હોવાથી તેની સાહાય્ય જોઇએ છે, તોપણ તેની વિસંગતતાને લીધે તે ત્રાસદાયકવત્ લાગે છે. પરકીય લોકોના જેવીજ તેની સ્થિતિ થાય છે. લોકો પરકીય માણસોની પ્રશંસા કરે છે, પરંતુ હાથ ઉઠાવી તેમને કોઇ કાંઇ આપતું નથી. તેજ પ્રમાણે નવીન રીતિ સારી લાગે તોપણ તે ઝાઝી પ્રિય થતી નથી. કાળ જો સ્થિર રહેત તો સર્વ ઠીક થાત; પરંતુ કાળ સ્થિર ન રહેતાં તે એટલા વેગથી દોડે છે કે નવીન રિવાજ ગ્રહણ કરવાથી જેટલો ઘોટાળો થયેલો લાગે છે તેટલોજ ઘોટાળો જૂની ચાલને પકડી રહેવાથી થાય છે. અને જે તે પ્રકરણમાં જૂના રિવાજને પકડીને બેસી રહે છે તેનો નવા કાળમાં ઉપહાસ થાય છે. એટલા માટે નવા રિવાજ પ્રચારમાં આણવાના કામમાં કાળનું ઉદાહરણ લઇને ચાલવું ઠીક છે. કાળ સ્વતઃ શીઘ્ર બદલાય છે અને પોતાની સાથે નવાનવા રિવાજ પણ પુષ્કળ આણે છે; પરંતુ તે કેવો ધીમે ધીમે ઘોંઘાટ કર્યા વિના આણે છે તે સમજાતું પણ નથી. જો તેમ કરવામાં ન આવે તો નવીન રિવાજ એકદમ સ્વિકારવાને લોકો તૈયાર હોતા નથી; અને તે પ્રચારમાં આવે એટલે તેના દ્વારા કેટલાકોનું હિત થાય છે અને કેટલાકોનું અહિત થાય છે. જેનું હિત થાય છે તે આપણું નશીબ ઉઘડયું એમ સમજે છે અને કાળનો ઉપકાર માને છે. પરંતુ જેનું અહિત થાય છે તે તે નવીન રિવાજના ઉત્પાદકે આપણું નુકશાન કર્યું એમ બોલે છે. નવીન રિવાજની જો અતિશય આવશ્યકતા ન હોય કિંવા તેના દ્વારા

સ્પષ્ટ ફાયદો થવાનો સંભવ ન હોય તો માત્ર તેનો પ્રચાર કરવાથી શું પરિણામ આવે છે એ જોવાને માટેજ રાજ્યમાં નવીન રિવાજનો પ્રચાર કરવો નહિ. અને જો તેનો પ્રચાર કરવો પડે તો રાજ્યમાં થયેલા ફેરફારોને લીધે નવીન રિવાજની આવશ્યક્તા છે એમ દર્શાવવું. નવીન રિવાજ પ્રચારમાં લાવવાની ઇચ્છાથી રાજ્યમાં ફેરફાર કરવામાં આવે છે એમ ન જણાવા દેવાની સાવધગીરી રાખવી. છેવટે એટલુંજ કહેવાનું કે નવીન રિવાજ અમાન્ય ન કરવો તોપણ તે વિષે સંશય તો રાખવો. અને ખ્રિસ્તી ધર્મ પુસ્તકમાં જણાવ્યું છે તેમ "આપણે જૂના માર્ગમાં ઉભા રહી આપણી આસપાસ દ્રષ્ટિપાત કરવો અને સરલ ખરો રસ્તો કયો છે તે જોઇ તે રસ્તે જવું."

---

(૨૫)

ત્વરા.

માત્ર દેખાડવાને માટે કરેલી ત્વરાથી કામને અતિશય વિઘ્ન નડે છે. વૈદ્યો જેને શીઘ્ર પાચનક્રિયા કહે છે તેના દ્વારા જેમ શરીરમાં અપક્વ રસ ભરાય છે અને ગુપ્ત રીતે રોગોનાં બીજ ઉત્પન્ન થાય છે, તેવીજ દાંભિક ત્વરાથી કામની દશા થાય છે. દરબેઠકમાં જેટલો સમય લાગતો હોય તે પરથી ત્વરાનું પ્રમાણ કાઢવું નહિ. પરંતુ જેટલું કામ સિદ્ધ થાય તે પરથી ત્વરાનું પ્રમાણ કાઢવું, અને સરતમાં જેમ લાંબાં લાંબાં ડહેંગાં ભરવાથી કિંવા કુદકા મારવાથી ત્વરાનું માપ થતું નથી, તેજ પ્રમાણે કામ કરવામાં પણ સમજવું. એકજ વખતે ઘણું કામ ન કરતાં તે થોડું થોડું પણ નિયમિત રીતે કરવાથી ત્વરિત થાય છે. કેટલાક લોકોને એવી ટેવ હોય

છે કે અમે શીઘ્ર કામ આટોપી લઇએ છીએ એમ દર્શાવવાને માટે તેઓ ગમે તેમ કામનો નિકાલ લાવી નાંખે છે. અથવા કાંઇક હિકમત કરી કામ પૂરૂં થયું એમ દર્શાવે છે. પરંતુ સર્વ કામ પોતાના કાબુમાં આણી તેને કરવું અને કેટલાક કામને તોડી નાંખીને તેને અલ્પ કરવું એ બન્ને વાત સર્વથા ભિન્ન છે. એકાદ કામ એકાદ બેઠકમાં પૂરૂં થાય એવું ન હોવાથી જો તેને વારંવાર હાથમાં લેવું પડે અને પ્રત્યેક વેળા તેમાંનો કેટલોક ભાગ છોડી દઇ તેનો ગમે તેમ અંત આણવામાં આવે તો એ રીતે કરેલું કામ કદિ પણ પાર પડતું નથી. તેમાં અવશ્ય ઘોટાળો થાય છે. મારા પરિચયનો એક સુજ્ઞ ગૃહસ્થ હતો, તે કોઇને ઉતાવળથી કામ કરતાં જોતો ત્યારે કહેતો કે "એટલી ઉતાવળ કરો મા, જરા ધૈર્ય ધરો; એટલે કામ શીઘ્ર થશે."

અન્યપક્ષે ખરી ત્વરા એ પરમ મૂલ્યવાન વસ્તુ છે. જેમ વસ્તુની કિમ્મત પૈસાથી થાય છે તેમ કામની કિમ્મત વખતથી થાય છે, અને જે કામ થોડી ઘણી ત્વરાથી થતું નથી તે મોંઘું પડે છે, એમ કહેવું જોઇએ. સ્પાર્ટન લોકો અને સ્પેનિયાર્ડ લોકો એ ત્વરાથી કામ કરતા નહોતા, એ વાત પ્રસિદ્ધ છે; અને એ પરથીજ એવી કહેવત પડી છે કે "મને મરણ આવો તો તે સ્પેનમાંજ આવો." કારણકે તે ત્યાં કદિ વહેલું આવે નહિ.

કામમાં પ્રથમ જે માહિતી આપવા આવે તેની વાત બરાબર સાંભળી લો. જો તમારે તેમને કાંઇ કહેવું હોય તો તે પ્રથમજ કહી રાખો. તે બોલવા માંડે એટલે તેમને વચ્ચે થોભાવશો નહિ. કારણકે જે રીતે મનુષ્ય પોતાની વાત કહેતો હોય તે રીતે જો તેને તે કહેવા દેવામાં નહિ આવે તો તે બેબાકળો બની જાય છે અને સ્મરણ કરવાને થોભે છે. આથી તેનું કથન કંટાળાભરેલું લાગે છે, અને જો તેને તેની ઇચ્છાનુસાર કહેવા દેવામાં આવે તો તેમ થશે નહિ, પરંતુ

કોઇ કોઇ વાર એમ બને છે કે નટ કરતાં સૂત્રધાર અધિક કંટાળો ઉત્પન્ન કરે છે.

વારંવાર એકની એક વાત બોલવાથી બહુધા સમય વ્યર્થ જાય છે. પરંતુ જે પ્રશ્નનો વિચાર ચાલતો હોય તે પ્રશ્ન શું છે તે વારંવાર કહેવાથી પુષ્કળ સમય બચે છે. કારણકે તેમ કરવાથી નિરર્થક ભાષણને પલાયન કરી જવું પડે છે. સરતમાં ઝભ્ભો કિંવા લાંબી ઘેરવાળો જામો જેટલો ઉપયોગી થાય તેટલાંજ ત્વરાના કામમાં લાંબાં લચરક અને શૃંગારિત ભાષણો ઉપયોગી થાય છે. ભાષણના આરંભમાં વ્યક્તિ વિષયક પ્રસ્તાવના, ઉપોદ્‌ઘાત, ક્ષમાયાચના ઇત્યાદિ વેષ કાઢવાથી પુષ્કળ સમય વ્યર્થ જાય છે; અને તે વાત જાણે નમ્રપણે કરવામાં આવતી હોય એમ દેખાય છે તોપણ તે કેવળ બડાઇની હોય છે. પરંતુ જો લોકોનો મત આગળથી બંધાયેલો હોય અને તેને લીધે તમને વિઘ્ન કિંવા હરકત થવાનો સંભવ હોય તો પ્રતિપાદ્ય વિષય તરફ એકદમ વળશો નહિ. આવા પ્રસંગે પ્રથમ પ્રાસ્તાવિક ભાષણ કરવાની જરૂર છે. કારણ કે જે જગ્યા પર મલમ લગાડવો હોય તે જગ્યા પર પ્રથમ શેક કરવામાં આવે તો મલમ અંદર પ્રવેશ કરે છે; તદ્વત્ લોકોનો મત અગાઉથી બંધાયેલો હોય તો તેને વાળવાને પ્રસ્તાવનાની જરૂર પડે છે.

એક વાત મુખ્યત્વે કરીને લક્ષ્યમાં રાખવી જોઇએ. તે એ કે કામની વ્યવસ્થા અને વિભાગ કરવા અને એક વખતે એકજ ભાગ હાથમાં લેવો એજ ત્વરાની મુખ્ય ચાવી છે. પરંતુ વિભાગ અત્યંત નાના કરવા નહિ. જેઓ કામના વિભાગ કરતા નથી તેમનો તે કામમાં સારી રીતે પ્રવેશ થતો નથી; અને જે પુષ્કળ વિભાગ કરે છે તે તેમાંથી સારી રીતે બહાર પડતો નથી. સવેળા કામ કરવાથી સમય બચે છે અને કવેળા કામ કરવાથી વાયુને હાંકી કાઢ્યા

પ્રમાણે શ્રમ વ્યર્થ જાય છે. કામના ભાગ ત્રણ છે. તેની રચના કરવી; તે વિષે વાદવિવાદ કરવો અથવા તેમાંની ન્યૂનાધિકતા જોવી; અને તેને સિદ્ધ કરવું. જો ત્વરાથી કામ કરવું હોય તો તેમાંના બીજા ભાગનું કામ માત્ર પુષ્કળ લોકોને સ્વાધીન કરવું. અને પહેલા તથા ત્રીજા ભાગનું કામ થોડાનેજ કહેવું.

આપણે જે સૂચના કરવી હોય તે લખી રાખી વિચાર કરવા માટે આગળ આણવી. એમ કરવાથી બહુધા કામ શીઘ્ર થાય છે; કારણ કે આપણી સૂચનાઓ સર્વથા અમાન્ય થાય તો પણ તે પરથી ભવિષ્યમાં શું કરવું તે સમજાશે; મુખનો મોઘમ વાદ કરવાથી તે સમજાશે નહિ. એનું દ્રષ્ટાંત આ છે; ધૂળ અને રાખ એ પદાર્થો એક સરખાજ શૂન્યમય હોય છે, તો પણ ધૂળ કરતાં રાખ અધિક ઉત્પાદક હોય છે. (કારણ કે રાખનું ખાતર થાય છે.)

(૨૬)

બાહ્ય ડહાપણ.

લોકોની એક એવી માન્યતા છે કે ફ્રેંચ લોકો દેખાય છે તે કરતાં અધિક શાણા છે; અને સ્પેનિયાર્ડ લોકો છે તે કરતાં અધિક શાણા દેખાય છે. રાષ્ટ્રના સંબંધમાં ગમે તેમ હો, પરંતુ વ્યક્તિના સબંધમાં આવો પ્રકાર હોય છે એ તો નિશ્ચિતજ છે. “ કેટલાક માણસો ભક્તિનો ડોળ બતાવે છે, પરંતુ ખરેખરી તે તેમનામાં હોતી નથી ” એમ એક ધર્મગુરૂએ કહ્યું છે. તેજ પ્રમાણે કેટલાક માણસો શાણપણાનો અને હુંશીઆરીનો પોકળ દંભ કરે છે. તે કાંઇ કામ કરતા નથી; કિંવા કરે છે તો ઘણું થોડું કરે

છે અને તે પણ મહાન ગાંભીર્યથી તથા પ્રયાસથી કરે છે. જે ગુણ પોતાના અંગમાં ન હોય તે છે એમ દર્શાવવાને માટે આ પોકળ દંભ કરનાર માણુસો કેવી કેવી યુક્તિઓ લડાવે છે, તે જાણીને સમજુ લોકોને હસવું આવે છે. કેટલાક માણુસો એટલા અલ્પભાષી અને ગંભીર હોય છે કે તેઓ સ્પષ્ટ રીતે કાંઇ પણ બોલતા નથી. એક બે શબ્દો બોલે છે અને શેષ અમે કહેતા નથી એમ દર્શાવે છે. આથી અન્ય લોકોને એમ લાગે છે કે તેનામાં પુષ્કળ જ્ઞાન ભરેલું છે, પરંતુ તે બોલતા નથી. પરંતુ વસ્તુતઃ તેઓ જે બોલે છે તે પૂર્ણરીતે તેમનેજ માહિત હોતું નથી; અને એ વાત તેઓ પણ જાણે છે. પરંતુ બહાર માત્ર તેઓ ઉલટો પ્રકાર દર્શાવે છે. કેટલાક માણુસો મુખમુદ્રા અને હાવભાવ દ્વારા એમ દર્શાવે છે કે અમારામાં સંપૂર્ણ જ્ઞાન ભરેલું છે. પિસોના સંબંધમાં સિસરો એમ જણાવે છે કે જ્યારે તે મને ઉત્તર આપતો ત્યારે એક ભવું કપાળપર ચઢાવતો અને બીજું હનુવટીને લાગે એટલે નીચે ઉતારતો. કેટલાક માણુસો એવી યુક્તિ કરે છે કે મોટા મોટા શબ્દો વાપરી ધીટતાપૂર્વક બોલે છે અને એકાદ વાત સિદ્ધ કરી ન શકાય તોપણ તે ખરી છે, એમ ગૃહિતધરી એક સરખી રીતે બોલ્યા જાય છે. કેટલાક માણુસો એવા હોય છે કે જે કાંઇ તેમનાથી ન સમજાય તે સર્વને તુચ્છ માની તેને ઉડાવી દે છે; અને તે સર્વથા ક્ષુદ્રક અને નિરૂપયોગી છે એમ જણાવે છે અર્થાત વિચારીપણાનું બહાનું કરી પોતાનું અજ્ઞાન છૂપાવે છે. કેટલાકોમાં ભેદ કાઢવાની ખોડ હોય છે, અને એકાદ વિષય નીકળ્યો એટલે તેમાં સૂક્ષ્મ અને નાજૂક ભેદ કાઢી તેઓ લોકોનું મન રંજન કરે છે અને આ યુક્તિથી મૂળ વિષયને તો એક બાજુએજ મૂકી દે છે. આ પ્રકારનું એક ઉદાહરણ પ્લેટોએ પોતાના 'પ્રોટાગોરાસ' નામના નિબંધમાં બનાવ્યું છે. તેણે આવા લોકોનો ઉપહાસ કર-

વાને માટે પ્રોડિકસ નામનું એક પાત્ર આણી તેના મુખમાં એક લાંબું લચરક ભાષણ મૂક્યું છે. તેમાં આદિથી લઇને અંત પર્યંત સર્વત્ર ભેદોજ ભરેલા છે. વિચાર કરવાના કામમાં આવા લોકોને બહુધા પ્રતિકૂળ પક્ષ તરફ રહેવું સહેલું પડે છે. શંકા કાઢી, ભાવી હરકતો દર્શાવી તેઓ શાણપણનો ડોળ બતાવે છે. કારણ કે જે સૂચનાઓ વિચારને માટે સાદર કરવામાં આવી હોય તે અમાન્ય થઇ એટલે ફેંસલો થયો. તે કબૂલ કરવામાં આવે એટલે વિશેષ કામ કરવું પડે છે. પરંતુ આ પ્રકારના મિથ્યા ડહાપણથી કામની ધુળધાણી થાય છે. સારાંશ, આ આડંબરી લોકો શાણપણનો ડોળ બતાવવાને માટે જેટલી હિકમતો કરે છે તેટલી પાયમાલીની અણીપર આવેલા હોય છે; પરંતુ જેનું દેવાળું હજી લોકોની જાણમાં ન આવ્યું હોય એવો એકાદ વ્યાપારી પણ પોતાની લક્ષ્મી કાયમ છે એમ દર્શાવવાને માટે કરતો નથી.

બાહ્ય શાણપણ દર્શાવનારા લોકો કદાચિત્ લોકો પાસે પોતાને શાણા કહેવરાવશે. પરંતુ કોઇએ પણ પોતાનું કામ તેમને સોંપવું નહિ. કામ કરવાને માટે તો એવા અતિશાણા કરતાં થોડો મૂર્ખ મનુષ્ય સારો.

(૨૭)

મૈત્રિ.

“જેને એકાંત વાસમાં રહેવાથી આનંદ થતો હોય તે કાંતો જંગલી પશુ હોવો જોઇએ કે કાંતો દેવ હોવો જોઇએ.” એમ જેણે* કહ્યું છે તેને આથી અધિક સત્ય અને અસત્યથી યુક્ત એવું બીજું એકાદ નાનું સરખું વાક્ય બનાવવું કઠિન પડયું હોત.

* એરિસ્ટોટલ.

કારણુ કે કોઇ પણુ મનુષ્યના મનમાં જનસમૂહ પ્રત્યે સ્વાભાવિક તિરસ્કાર હોવો એ કેટલેક અંશે જંગલી પશુતાનું લક્ષણુ છે એ સર્વથા સત્ય છે, પરંતુ તેમાં યત્કિંચિત્ પણુ દેવપણું છે એ માત્ર સંપૂર્ણતઃ અસત્ય છે. હવે એક વાત એ છે કે એકાંતવાસમાં સુખ ઉત્પન્ન થાય છે. એટલા માટે જે લોકો આત્મોન્નતિ કરવાને માટે મનુષ્યવસ્તીથી દૂર રહે છે તેમના ક્રમને માત્ર સ્તુત્ય કહેવો પડે છે. આવો પ્રકાર મૂર્તિપૂજક લોકોમાં હતો; પરંતુ તે ખોટો અને ઢોંગી હતો. ઉદાહરણાર્થ, કાન્ડિયાનો એપિમેનિડેસ, રોમનો નૂમા, સિસિલીનો એમ્પેડોક્લીસ અને ટિયાનાનો આપોલોનિયસ એ એકાંતવાસમાં રહેતા હતા; અને ખ્રિસ્તીધર્મના આરંભમાં જે અરણ્યવાસી અને પુણ્યવાન પુરૂષ થઇ ગયા તેમનો ક્રમ ખરો અને વાસ્તવિક હતો: પરંતુ એકાંતવાસ એટલે શું અને તેની મર્યાદા ક્યાં સુધી છે તે લોકોને કિંચિત્ પણુ સમજાતું નથી. કારણુ કે મનુષ્યનો મેળો એ કાંઈ મંડળી નથી. અને જ્યાં પરસ્પર પ્રીતિ ન હોય ત્યાં લોકોનાં મુખ નજરે પડે તો પણુ તે ચિત્રવતજ છે; અને તેમનું બોલવું તાળી વગાડવા જેવુંજ હોય છે. લૅટિન ભાષામાં એક એવી કહેવત છે કે "મોટાં શહેરો એ મોટા એકાંત વાસ છે." કારણકે મોટાં નગરોમાં મિત્રો દૂર દૂરના અંતર પર પ્રસરેલા હોય છે. આથી ઓછી વસ્તીના સ્થાનમાં જેટલો સ્નેહભાવ હોય છે તેટલો બહુધા શહેરમાં હોતો નથી. પરંતુ અમે તે કહેવતને પણુ ઓળંગી જઇએ છીએ અને દ્રઢતાપૂર્વક કહીએ છીએ કે મિત્ર ન હોવા એ સંપૂર્ણતઃ નિર્બળ અને દુઃખકારક એકાંત વાસ છે. મિત્ર સિવાય આ જગત્ કેવળ અરણ્ય છે અને તેમાં જે કોઇ મૂળ સ્વભાવને લીધે કિંવા મનોવિકારને લીધે મૈત્રી કરવાને લાયક ન હોય તેના અંગમાં પશુતા છે, મનુષ્યત્વ નથી, એમ કહેવું જોઇએ.

મૈત્રિનું મુખ્ય ફળ એ છે કે તેના દ્વારા સર્વ પ્રકારના મનોવિકારથી ભરાઇ ગયેલું અંતઃકરણ ખુલ્લું કરવાની સવડ મળે છે. જે રોગને બહાર પડવાને અવકાશ મળતો નથી અને જે મનુષ્યને ભારે અકળામણમાં નાંખે છે તે શરીરને પરમઘાતક હોય છે. માનસિક રોગોની અવસ્થા પણ આજ છે. યકૃત્ મુક્ત કરવાને માટે તમે સાર્સાપરિલા લેશો, પ્લીહા મુક્ત કરવાને માટે તમે લોહભસ્મ લેશો, ફુફ્ફુસને માટે તમે ગંધક લેશો, મેંદૂના રોગ પર કાસ્ટોરિયમ લેશો; પરંતુ હૃદય ખુલ્લું કરવાને માટે ખરા મિત્ર શિવાય બીજું ઔષધ નથી. જેમ પાપ શ્રવણ ગુરૂની પાસે કાંઈ પણ ગુપ્ત ન રાખતાં સર્વ પ્રાપો કબુલ કરવામાં આવે છે, તે પ્રમાણે દુઃખ, આનંદ, ભય, આશા, શંકા, હિકમત, સંક્ષેપમાં જે કાંઇ અંતઃકરણ પર દૃઢ રીતે અંકિત થયેલ હોય તે સર્વ મિત્રને કહ્યા શિવાય મનને સ્વસ્થતા પ્રાપ્ત થતી નથી.

મૈત્રિનાં આ જે ફળ જણાવ્યાં, તેનું મૂલ્ય મોટા મોટા રાજાઓ અને પાદશાહો કેટલું ભારે ગણે છે તે જાણીને આપણને આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. તેમને તેનું મહત્વ એટલું બધું લાગે છે કે તેને માટે તેઓ અનેકવાર સ્વતઃનું રક્ષણ અને મોટાપણું પણ જોખમમાં નાંખે છે. કારણ કે રાજા અને પ્રજા કિંવા નોકર એમના દરજ્જા વચ્ચે જે અંતર રહેલું છે તેને નષ્ટ કરી એકાદ માણસને ઉન્નત કરી પોતાનો સોબતી અર્થાત્ પોતાની બરોબરીનો કર્યા શિવાય તેની મૈત્રિના આ ફળનો ઉપભોગ રાજા લઇ શકતો નથી. અને તેને ઉન્નત કરવાથી અનેક વેળા ગેરલાભ થાય છે. આવા લોકોને સાંપ્રત ભાષામાં રાજાના માનીતા કહેવામાં આવે છે. આ સંજ્ઞા પરથી રાજા તેમના પર કૃપા કિંવા અનુગ્રહ કરે છે એમ જણાય છે. પરંતુ રોમન લોકોમાં આવા લોકોની જે સંજ્ઞા હતી તે દ્વારા તેમનો ખરો ઉપયોગ

સમજાય છે. રેમન લોકો તેમને "ચિંતાના ભાગીદાર" કહેતા; અને તેઓ મિત્રની ચિંતાના ભાગીદાર થતા, તેથીજ રાજા અને તેમની વચ્ચે આટલું સખ્ય રહેતું. આવા લોકોને દુર્બલ કિંવા કુછંદી રાજાઓજ પોતાની પાસે રાખતા એમ નહોતું, પરંતુ આજપર્યંત જે પરમ શાણા અને રાજકળા કુશળ રાજાઓ થઇ ગયા છે તેમણે સુદ્ધાં પોતાના નોકરો પૈકી એક બે આસામીઓને પોતાની પાસે રાખ્યા હતા; તેમને તેઓ સ્વતઃ મિત્ર કહેતા અને ઇતર માણુસોની પાસે પણ મિત્ર કહેવરાવતા.

જ્યારે સુલ્લાનો અમલ રોમ શહેર પર સ્થાપિત થયો ત્યારે તેણે પામ્પી (જે પાછળથી મહાન પામ્પી કહેવાવા લાગ્યો) ને એટલા મોટા ઓદ્ધાપર ચઢાવ્યો કે તે અમે તો સુલા કરતાં પણ મોટા છીએ એવી ફુશારકી મારવા લાગ્યો. એક વાર કોન્સલની* જગ્યા ખાલી પડી તે મેળવવાને સુલા ખટપટ કરવા લાગ્યો; પરંતુ પામ્પીએ તેની વિરૂદ્ધ ખટપટ કરી તે પોતાના એક સ્નેહીને અપાવી. આ જોઇ સુલાને ખુબ ક્રોધ ચઢયો અને તે પામ્પીને બોલાવીને તેને કહેવા લાગ્યો. ત્યારે પામ્પીએ સડસડાટ ઉત્તર આપ્યો કે "અસ્ત પામતા સૂર્યની પૂજા કરનાર કરતાં ઉદિત થતા સૂર્યની પૂજા કરનાર લોક વિશેષ હોય છે." આ ઉત્તર સાંભળી સુલાને ચૂપ રહેવું પડયું. ડેસિમસ બ્રૂટસે જ્યુલિયસે સીઝરના મન પર એટલી સત્તા જમાવી દીધી હતી કે "મારા ભાણેજની પછી મારી સર્વ સંપત્તિનો વારસ બ્રૂટસ છે". એમ સીઝરે પોતાના મૃત્યુપત્રમાં લખી મૂકયું હતું; અને તેજ અંતે સીઝરને મૃત્યુના જડબા પાસે ખેંચી લઇ ગયો હતો. કારણ કે કેટલાંક દુશ્ચિહ્નોને લીધે અને વિશેષતઃ કૅલ્પર્નિયાને× જે ખરાબ સ્વપ્ન

---

* રેમન શહેરમાં જે મુખ્ય અમલદાર હતા તેમને 'કોન્સલ' કહેવામાં આવતા હતા. × સીઝરની સ્ત્રી.

આવ્યું હતું તેથી **સીઝર** સેનેટ સભા બરખાસ્ત કરવાની તૈયારીમાં હતો; એટલામાં આ મનુષ્યે તેનો હાથ પકડી તેને ધીમેથી ખુરસી પરથી ઉઠાડયો અને કહ્યું કે " તારી સ્ત્રીને સારૂં સ્વપ્ન આવે ત્યાં સુધી સેનેટ સભા બરખાસ્ત કરીશ નહિ. " આ મનુષ્યનો **સીઝર**ના મન પર એટલો અમલ હતો કે **આન્ટોનિયસ** તેને ' મોહિની ' કહેતો—અર્થાત્ જાણે તેણે **સીઝર**ને મોહિત કરી દીધો હતો. **આગ્રિપા** જો કે નીચ કુલનો હતો તોપણ **ઑગસ્ટસે** તેને એટલા ઉચ્ચ પદ પર ચઢાવ્યો હતો કે જ્યારે **ઑગસ્ટ**ની પુત્રી **જુલિઆ** મોટી થઇ અને તેના લગ્નની શી તજવીજ કરવી એમ **ઑગસ્ટસે મેસેનાસ**ને પૂછ્યું ત્યારે **મેસેનાસે** જરા પણ ભય ધર્યા વિના એવો ઉત્તર આપ્યો કે " તમે **આગ્રિપા**ને એટલા ઉચ્ચ પદ પર ચઢાવ્યો છે કે હવે તમે તેને પોતાની પુત્રી આપો; કિંવા તેનો જીવ લ્યો; એ શિવાય ત્રીજો ઉપાય નથી. " **ટિબેરિયસ સીઝરે સેજાનસા**ને એટલા ઉચ્ચ ઓહ્દા પર ચઢાવ્યો હતો કે તેમને મિત્રદ્રય કહેવામાં આવતા હતા. **ટિબેરિયસે** તેને એક પત્રમાં લખ્યું હતું કે " આપણી મૈત્રિને લીધે આ વાત હું તારાથી છુપાવતો નથી. " સારાંશ, ગુપ્ત વાત સુદ્ધાં તે તેને કહેતો હતો; અને તેમની વચ્ચે જે દ્રઢ મૈત્રિ હતી તેના સ્મરણાર્થે સકલ સેનેટ સભાએ, એકાદ દેવીનું દેવાલય બાંધવામાં આવે છે તેમ, મૈત્રિનું દેવાલય બાંધ્યું. તેવીજ, કિંબહુના તેથી અધિક, **સેપ્ટીમસ સેવેરસ** અને **પ્લૌટિયાનસ**ની મૈત્રિ હતી. **સેવેરસે** જબરાઇથી પોતાના જ્યેષ્ઠ પુત્રનું લગ્ન **પ્લૌટિયાનસ**ની પુત્રીની સાથે કર્યું. અને **પ્લૌટિયાનસ** જ્યારે પોતાના જમાતાનું અપમાન કરતો ત્યારે **સેવેરસ પ્લૌટિયાનસ**નો પક્ષ ગ્રહણ કરતો. તેણે સેનેટ સભા પર એક પત્ર મોકલ્યો હતો તેમાં એમ લખ્યું હતું કે " આ માણસ પર મારો એટલો જીવ છે કે એની પૂર્વે મારૂં

મરણુ થાય એજ મારી ઇચ્છા છે.” હવે આ પાદશાહો જો ટ્રાજાન કિંવા માર્કસ ઑરેલિયસ સમાન હોત તો આ પ્રમાણે તેમના અતિશય સુસ્વભાવને લીધે થયું હતું એમ કહેવામાં આવ્યું હોત. પરંતુ તેઓ એટલા ડહાપણવાળા, એટલા ધીટ મનના, દ્રઢ નિશ્ચયવાળા અને એટલા સ્વાભિમાની હતા કે તેવી કલ્પના કરવાને જગા નથી. માટે તેમને સર્વથી મહાન સુખો પ્રાપ્ત હતાં તો પણ મિત્ર વિના તે તેમને અપૂર્ણ લાગ્યાં હતાં એ સ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે. પરંતુ સર્વમાં આશ્ચર્યકારક વાત એ છે કે તેમને સ્ત્રી, સંતતિ, ભત્રિજા એ સર્વ હતાં તો પણ તેમને તેમના દ્વારા મૈત્રિનું સુખ પ્રાપ્ત થયું નહોતું.

કૉમિનિયસ પોતાના પ્રથમ સ્વામિ ડયુક ચાર્લ્સ ધિ હાર્ડીના સંબંધમાં જે કહે છે તે વિસરવું જોઇએ નહિ. તે એ કે તે પોતાની ગુપ્ત વાત કોઇને કહેતો નહોતો અને જે વાત તેના મનને અધિક પસંદ પડતી તેને તો તે બિલકુલ ઉઘાડી કરતો નહિ. પછી તે જણાવે છે કે તેના અંતિમ દિવસોમાં તે હ્રદયસંકોચને લીધેજ તેની બુદ્ધિ ભ્રષ્ટ થઇ થોડી નષ્ટ પણ થઈ હતી. તેમજ કૉમિનિયસની જો ઇચ્છા હોત તો તેના બીજા સ્વામિ એકાદશ લુઇના સંબંધમાં પણ તે તેજ પ્રમાણે બોલી શકયો હોત. તેનો હ્રદયસંકોચ એજ ખરેખર તેના સંતાપનું કારણ હતું. “ હ્રદય ખાશો નહિ ” એમ પૅથેગોરાસે દ્રષ્ટાંત રૂપે કહ્યું છે. તે કથનનો અર્થ એકાએક સ્પષ્ટ જણાતો નથી, પરંતુ તે કથન સત્ય છે. કારણ કે જેને પોતાનું હ્રદય ખુલ્લું કરવાને કોઇ મિત્ર હોતો નથી તેને જો એકાદ ખરાબ નામ આપવું હોય તો તેને “ સ્વહ્રદય ભક્ષક ” કહેવો એજ યોગ્ય છે. પરંતુ એક વાત પરમ આશ્ચર્યકારક છે તે કહી મૈત્રિના પ્રથમ ફળ વિષેનો લેખ પૂર્ણ કરીશ. તે વાત એ છે કે મિત્રની આગળ આપણું હ્રદય ખુલ્લું કરવાથી પરસ્પર વિરૂદ્ધ એવાં પરિણામો આવે છે. એ

પરિણામ આ છેઃ—મિત્રને આનંદ દર્શાવીએ તો બમણો થાય છે; દુઃખ પ્રદર્શિત કરીએ તો તે અર્ધું થાય છે. મિત્રને આનંદની વાત જણાવ્યા પછી જેનો આનંદ બમણો ન થાય કિંવા દુઃખની વાત જણાવ્યા પછી જેનું દુઃખ અર્ધું ન થાય એવો કોઇ મનુષ્યજ નથી. કિમિયાગરો પારસમણિમાં* એક બીજાથી વિરૂદ્ધ પરંતુ હિતાવહ એવા શરીરમાં જે ગુણ આણવાનું સામર્થ્ય રહેલું જણાવે છે તેજ ગુણ મન ખુલ્લું કરવાથી મનમાં આવે છે. પરંતુ કિમિયાગરોની પાસેથી ઉદાહરણ ન લેવામાં આવે તો સૃષ્ટિક્રમમાં પણ આવુંજ ઉદાહરણ આપણને પ્રાપ્ત થશે. પદાર્થોમાં જે સાધારણ ગુણ છે તે ઐક્યના યોગથી દ્રઢતર અને કાયમ થાય છે; પરંતુ તે પદાર્થ પર બીજો એકાદ વ્યાપાર બળાત્કારથી કરવામાં આવે તો તેજ ઐક્યના યોગથી તે ક્ષીણ અને મંદ થાય છે. મનના સંબંધમાં પણ આમજ છે.

મૈત્રિના યોગથી મનોવિકારોને સમાધાન મળે છે, એ તેનું પ્રથમ ફળ છે. તેના યોગથી બુદ્ધિને આરોગ્યદાયક અને રામબાણ ઔષધ મળે છે, એ તેનું બીજું ફળ છે. મનોવિકાર ઉત્તેજિત થઇ તોફાન થાય તો મૈત્રિના યોગથી તેમાં શાંતિ આવે છે એટલુંજ નહિ, પરંતુ વિચારો ગુંચવાઈ જવાથી મનપર જે અંધકાર પ્રસરે છે તે પણ મૈત્રિના યોગથી દૂર થાય છે. મિત્રદ્વારા વિશ્વસનીય સલાહ મળવાથીજ આવું પરિણામ આવે છે એમ ધારશો નહિ. પરંતુ મિત્રને તમારી હકિકત દર્શાવો તે પૂર્વે પણ તેમ થાય છે. જેના મનમાં પુષ્કળ વિચારો ભરેલા હોય તે બીજાની સાથે બોલવા લાગે અને પોતાના વિચાર તેને જણાવવા લાગે એટલે તેની બુદ્ધિ અને વિચાર શક્તિ

---

* પારસમાં લોખંડનું સોનું કરવાનો એકજ ગુણ છે એમ લોકો માને છે. પરંતુ આ પાષાણના યોગથી મનુષ્યના શરીરમાંના સર્વ વ્યાધિઓ નષ્ટ કરી શકાય છે, એવી યૂરોપના કિમિયાગરોની માન્યતા હતી.

જે પરસ્પર ગુંચવાઇ ગયેલી હોય છે તે છૂટીને પ્રથક થાય છે, અને પછી તે પોતાના વિચારને સહજ સ્વસ્થ કરે છે—તે વ્યવસ્થાપૂર્વક એક પછી એક બહાર કાઢે છે—બોલી બતાવવાથી તે કેવા દેખાય છે તે તે જુએ છે—સારાંશ, પહેલાં કરતાં તે માણસ શાણો બને છે. અર્થાત્ એક કલાક સુધી બીજા માણસની સાથે ભાષણ કરવાથી તેને જેટલું શાણપણ પ્રાપ્ત થાય છે તેટલું શાણપણ તેને એક દિવસપર્યંત સ્વતઃનીજ સાથે વિચાર કરવાથી મળ્યું નહોત.

"ભાષણ એ પાથરેલા ગાલિચા સમાન છે" એમ થેમિસ્ટોક્લીસે ઈરાનના રાજાને કહ્યું હતું તે સત્ય છે. ગાલિચાપર કાઢેલા વેલબુટ્ટા અને ચિત્રો જ્યારે ગાલિચો પાથરવામાં આવે ત્યારે દ્રષ્ટિગોચર થાય છે. તેજ પ્રમાણે ભાષાના જે અલંકારો મનમાં બાંધી મૂક્યા સમાન હોય છે, તે ભાષણમાં આણ્યા એટલે સ્પષ્ટ દેખાય છે. જે મિત્રો સલાહ આપે છે તેમની સાથેજ સંભાષણ કરવાથી બુદ્ધિ વિકાસ પામે છે એમ નથી. સલાહ આપનારા મિત્રો મળે તો તો ઘણુંજ ઉત્તમ; પરંતુ તેવા મિત્રો ન મળે તોપણ સંભાષણના યોગથી મનુષ્ય આપોઆપ શિક્ષણ સંપાદન કરે છે, અને પોતાના વિચાર પ્રદર્શિત કરતાં શીખે છે. જે પ્રકારે સરાણપર ચપ્પુ ચઢાવવાથી તે તીવ્ર બને છે, પરંતુ સરાણને તીવ્રતા આવતી નથી અને તેનામાં કાપવાનું સામર્થ્ય આવતું નથી, તેવીજ જ્ઞાનહીન મનુષ્યની વાત છે. અર્થાત્ તેની સાથે સંભાષણ કરવાથી તેનામાં જ્ઞાન આવતું નથી તોપણ સંભાષણ કરનારની બુદ્ધિ તીવ્ર થાય છે. સારાંશ, મનુષ્ય પોતાના વિચારને મનમાં ને મનમાં ગુંગળાઇ મરવા દે તેના કરતાં તે એકાદ પૂતળાની આગળ કિંવા ચિત્રની આગળ બોલી બતાવે એ સારૂં.

બીજી એક વાત કહી એટલે મૈત્રિના બીજા ફળનું પણ વિવેચન થયું સમજવું. આ વાત ખુલ્લી હોઇ તે સામાન્ય માણસોની નજરે

પણ આવે એવી છે. તે એ છે કે મિત્રદ્વારા ખરી સલાહ મળે છે. "વિશુદ્ધ પ્રકાશ ઉત્તમ" એમ હેરાકલીટસે પોતાની એક સમસ્યામાં ઉત્કૃષ્ટ રીતે કહ્યું છે. અને આ વાત સત્ય છે કે મનુષ્યને જે બુદ્ધિ પ્રકાશ ઇતર માણસની સલાહથી મળે છે તે તેના સ્વતઃના બુદ્ધિ પ્રકાશ કરતાં અધિક સ્પષ્ટ અને શુદ્ધ હોય છે. કારણ કે, મનુષ્યના સ્વતઃના બુદ્ધિપ્રકાશમાં તેના મનોવિકારોનું અને જન્મખોડાનું મિશ્રણ હોય છે, તેથી મિત્રની સલાહ અને હાજી હાજી કરનારની સલાહ એમાં જેટલું અંતર હોય છે તેટલુંજ અંતર મિત્રની સલાહ અને આપણી સ્વતઃની સલાહમાં હોય છે. કારણ કે મનુષ્ય પોતે પોતાની જેટલી ખુશામત કરે છે તેટલી તેની ખુશામત બીજો કોઇ પણ કરતો નથી અને પોતાની ખુશામતનું રોકડું પરખાવી દેનાર મિત્ર સમાન બીજું ઔષધ નથી.

સલાહની બે કામમાં જરૂર પડે છેઃ વર્તણુંકમાં અને કામમાં. પ્રથમ આપણે વર્તણુંકના સંબંધમાં વિચાર કરીશું. આપણું મન નીતિમાર્ગમાં રાખવાને માટે ખરા મિત્રના વાકૂદંડ સમાન બીજું ઉત્તમ ઔષધ નથી. મનુષ્ય જ્યારે તેની પોતાની જડતી લે છે ત્યારે કોઇ કોઇવાર તેના મનને અતિશય સંતાપ અને દુઃખ થાય છે. નીતિ વિષે લખેલા સારા સારા ગ્રંથો વાંચવામાં ઝાઝો માલ નથી. પોતાનાં વ્યંગો બીજા લોકોમાં જોવાં એ પણ કોઇ કોઇવાર અનુચિત હોય છે. પરંતુ મિત્રનો વાકૂદંડ એ ઉત્તમ ઔષધ છે. તે ગ્રહણ કરવો પણ સારો લાગે છે અને તે ગુણમાં પણ ઉત્તમ હોય છે. પુષ્કળ લોકો (વિશેષતઃ મોટા માણસો)ને મહાન ભૂલો અને અત્યંત ગાંડપણ ભરેલાં કામો કરતા જોઇને આપણને આશ્ચર્ય ઉત્પન્ન થાય છે. તે ભૂલો અને તે કામોને લીધે તેમની કીર્તિને મોટો બટ્ટો લાગે છે. પરંતુ જો તે ચૂકો તેમની દ્રષ્ટિમાં લાવનાર તેમના મિત્રો હોય તો તેમ થાય નહિ.

હવે આપણે કામના સંબંધમાં વિચાર કરીશું. એક આંખ કરતાં બે આંખથી કાંઇ વિશેષ સુઝતું નથી; ખેલમાં નિકટના લોકોના ધ્યાનમાં જે કરવાનું આવે છે તેજ હમ્મેશાં ખેલનારના ધ્યાનમાં પણ આવે છે; કિંવા ક્રોધના સપાટામાં સપડાયેલો માણસ શાંત મનુષ્યના જેટલોજ વિચારવંત હોય છે; કિંવા જેમ બંદુક કોઇ પણ વસ્તુપર ટેકવીને નિશાન મારી શકાય છે, તેવીજ રીતે તેને હાથમાં ધરીને પણ નિશાન મારી શકાય છે; આ વિગેરે વાતો કોઇને સત્ય લાગતી હોય તો લાગો પરંતુ અમને તો તે ઘેલછા ભરેલી લાગે છે. અને જેનામાં અહંતા વિશેષ હોય એવા મનુષ્યના મનમાંજ તે આવે છે. ગમે તેમ હો, પરંતુ સારી સલાહ મળ્યાથીજ કામ સુનિયંત્રિત રીતે ચાલે છે, એમાં તો કાંઈ પણ શંકા નથી. પરંતુ જો કોઇને એમ લાગતું હોય કે એક કામમાં એકની સલાહ લેવી જોઇએ અને બીજા કામમાં બીજાની સલાહ લેવી જોઇએ, તો તે પણ ઇષ્ટ છે; (અર્થાત્ કોઈની પણ સલાહ ન લેવા કરતાં તે ઇષ્ટ છે.) પરંતુ તેમ કરવામાં બમણી ભીતિ છે. એક તો તેને નિખાલસ સલાહ મળશે નહિ; કારણ કે ખરા મિત્ર શિવાય અકપટ સલાહ ક્વચિતજ મળે મળે છે. તેમાં સલાહ આપનારનો કાંઇક પણ ઉદ્દેશ હોય છે અને તે ઉદ્દેશ અનુસાર તેની સલાહને વલણ મળે છે. બીજી ભીતિ એ હોય છે કે (સલાહ આપનારને હેતુ સારો હોય તો પણ) તેની સલાહ અપાયકારક અને જોખમ ભરેલી હોવાનો સંભવ છે, તેમાં કદાચ ગુણ અને અવગુણનું મિશ્રણ હોય છે. જેમકે, એક માણસને કાંઇ રોગ થયો હોય તો તે વૈદ્યને બોલાવે છે. તે રોગ નિવૃત્ત કરવા માટે તે વૈદ્યની કીર્તિ હોય છે, પરંતુ તેને રોગીની પ્રકૃતિ માહિત હોતી નથી. આથી થાય છે એમ કે તેના ઔષધથી તે રોગ નિવૃત્ત થાય છે, પરંતુ બીજીજ એકાદ વિકૃતિ ઉત્પન્ન થાય છે. સારાંશ રોગ

નિવૃત્ત થાય છે, પરંતુ રોગી મરણુ પામે છે. આવીજ સ્થિતિ ભલતાજ માણુસની સલાહ લેવાથી થાય છે, પરંતુ મિત્રને તો તમારી સર્વ હકિકત માહિત હોય છે. એટલા માટે એક કામ કરતાં તમારા બીજા કામમાં વ્યત્યય થાય એવી સલાહ તે આપશે નહિ. એટલા માટે અનેક મનુષ્યોની પ્રકીર્ણુ સલાહ લેશો નહિ. કારણુ કે એમ કરવાથી કામની વ્યવસ્થા ન થતાં મન માત્ર ઘોટાળામાં પડે છે અને માર્ગ ન મળવાથી ભલતીજ દિશામાં નીકળી જાય છે.

આ રીતે મૈત્રિનાં બે ઉત્કૃષ્ટ ફળો વિષે વિચાર થયો. હવે ત્રીજું ફળ રહ્યું. આ ફળ દાડમ સમાન છે, અર્થાત્ તેના ઉદરમાં અનેક દાણા હોય છે. એનો અર્થ એટલોજ છે કે સર્વ કામમાં અને સર્વ પ્રસંગે મિત્રોની મદદની જરૂર પડે છે. આપણા જીવનમાં મિત્રનો ઉપયોગ અનેક રીતે કેમ કરી શકાય છે તે જો જોવું હોય તો મનુષ્યના હાથથી ન થાય એવાં કામો કેટલાં છે તેનો વિચાર કરો. મનુષ્યનું જીવન મર્યાદિત છે, તેથી તેના મનનો હેતુ સિદ્ધ થાય તે પૂર્વેજ તેનું મરણુ થાય છે એમ અનેક વેળા બને છે. આપણી પાછળ આપણાં બાલબચ્ચાંનું શું થશે કિંવા આપણાં આરંભેલાં કામ આપણી પાછળ કેવી રીતે પાર પડશે એવી ચિંતા મરનારને હોય છે. પરંતુ તેને જો ખરો મિત્ર હોય તો તે તેનો હેતુ સિદ્ધ કરશે એમ તેણે નિશ્ચિત માનવું. મિત્રને "બીજો હું" એવી સંજ્ઞા આપવામાં આવી છે, પરંતુ તે સંજ્ઞા ઓછી છે; કારણુ કે આપણી જાત કરતાં મિત્ર અધિક છે. આપણુને એક દેહ છે અને તે એકજ સ્થલે હોય છે. પરંતુ મૈત્રિ થઇ એટલે જગતનો ઘણો વ્યવહાર આપણે સ્વતઃ કરી શકીએ છીએ અને મિત્રદ્વારા પણ કરી શકીએ છીએ. મનુષ્ય ડર અથવા લજ્જાથી કેટલાં બધાં કામ કરી શકતે નથી ? મનુષ્ય પોતાના ગુણ યુક્તિ પ્રયુક્તિથી પણ કહી બતાવી

શકતો નથી; તોપછી પોતાની પ્રશંસા તો કરીજ શાનો શકે! મનુષ્ય કદિ કદિ વિનંતિ કિંવા પ્રાર્થના કરી શકતો નથી. એવી અનેક વાતો હોય છે કે જે મિત્રના મુખથી સારી લાગે છે, પરંતુ પોતાને લજ્જાસ્પદ લાગે છે. તેજ પ્રમાણે મનુષ્યની સાથે સંબંધ રાખનારા અનેક માણસો હોય છે, તેમની સાથે તેમના સંબંધ અનુસાર વર્તવું પડે છે. પુત્રની સાથે વડીલ તરીકે બોલવું જોઈએ; સ્ત્રીની સાથે પતિ તરિકે બોલવું જોઇએ; શત્રુની સાથે શત્રુ પ્રમાણે બોલવું જોઇએ. પરંતુ મિત્ર ફાવે તે રીતે બોલી શકે છે. જેની સાથે બોલવું હોય તેનો સંબંધ જોવાની તેને જરૂર રહેતી નથી. આ પ્રકારની સર્વ વાતો કહેવા જઇએ તો અંત આવે નહિ. મનુષ્ય કેવાં કેવાં કામો સ્વતઃ કરી શકતો નથી તે વિષે અમે એક નિયમ જણાવ્યો: જો તેને મિત્ર ન હોય તો તેણે રંગભૂમિપરથી ચાલ્યા જવું એજ ઠીક છે.

---

(૨૮)

ખર્ચ.

વ્યય કરવો એજ પૈસાનો ઉપયોગ છે; અને વ્યય કરવો તે કીર્તિ સંપાદન કરવાને માટે તથા સારાં કામોમાં કરવો જોઇએ. અર્થાત્ એકાદ વિશેષ ખર્ચની બાબત આવે તો પ્રસંગના મહત્વ પ્રમાણે ખર્ચ કરવો જોઇએ. પરંતુ હમ્મેશનો ખર્ચ મનુષ્યે પોતાની શક્તિ અનુસાર કરવો જોઇએ. તે પર લક્ષ્ય આપવું; તે પર નજર રાખવી. નોકર ચાકર છેતરે કિંવા અધિક ખર્ચ કરે એમ થવા દેશો નહિ. અને આડંબર એવી ખૂબીથી રાખવો કે વાસ્તવિક ખર્ચ લોકોના અનુમાન કરતાં ઓછોજ થાય. તંગીમાં આવી પડવાની

જેની ઇચ્છા ન હોય તેણે હમ્મેશનો ખર્ચ પોતાની ઉપજના અર્ધા ભાગનોજ રાખવો, અને સધન થવાની જેની ઇચ્છા હોય તેણે ત્રીજા ભાગનો રાખવો. મનુષ્ય ગમે તેટલો મોટો હોય તોપણ તેણે પોતાની સંપત્તિ પર દેખરેખ રાખવી. તેમ કરવામાં કાંઇ ઓછપ આવતી નથી. કેટલાક માણસો બેદરકારીથી તેમ કરતા નથી; કેટલાક કદાચિત આપણી સંપત્તિ ઓછી થઇ એમ જણાવવાથી દુઃખ થશે એમ ધારી કરતા નથી. પરંતુ જખમ શોધી કાઢ્યા શિવાય તેને સારો શી રીતે કરી શકાશે? જેમનાથી પોતાની મિલ્કત પર દેખરખ રાખી શકાતી ન હોય તેમણે સારી રીતે પરીક્ષા કર્યા પછી માણસો રાખવા જોઇએ. અને તેમને વારંવાર રજા આપી તેમની જગ્યાપર નવીન માણસો રાખવા જોઇએ. કારણ કે નવીન માણસોને ભીતિ અધિક હોય છે અને તે ઝાઝી લુચ્ચાઇ કરતા નથી. જેમને પોતાની મિલ્કત પર વારંવાર લક્ષ્ય આપવાની સવડ ન હોય તેમણે પોતાની ઉપજ કેટલી છે અને ખર્ચ કેટલો છે તેનો નક્કી હિસાબ કરી રાખવો જોઇએ.

જો એક માણસને એકાદ કામમાં અધિક ખર્ચ કરવો પડતો હોય તો તેણે તેટલો બચાવ બીજા કામમાં કરવો જોઇએ. જેમકે, તેનો ભોજન ખર્ચ અધિક હોય તો તેણે કપડા લત્તાનો ખર્ચ કરકસરથી કરવો જોઇએ. દિવાનખાનામાં વિશેષ ખર્ચ હોય તો તબેલામાં ઓછો ખર્ચ રાખવો ઇત્યાદિ, કારણ કે જેનો ખર્ચ સર્વ કામમાં વિશેષ હોય છે તેની દશા થોડાજ દવસોમાં માઠી થયા વિના રહેતી નથી.

જેમને પોતાની મિલ્કત કર્જના બોજામાંથી મુક્ત કરવાની હોય તેમણે બહુ ઉતાવળ કરવી નહિ, કિંવા અતિશય ઢીલાપણું પણ રાખવું નહિ. આ ઉભય પ્રકાર અપાયકારક છે. કારણ કે એકદમ કર્જ મુક્ત થવાને માટે જે કિમ્મત ઉપજે તે કિમ્મતે મિલ્કત વેચી

નાંખવી અને વ્યાજ વૃદ્ધિંગત થવા દેવું એ ઉભય પ્રકાર બહુધા એક સરખાજ ખરાબ છે. વળી જે એકદમ ઋણમુક્ત થાય છે તે પોતાની પૂર્વસ્થિતિ પર જાય છે. કારણ કે ઋણના બોજામાંથી આપણે મુક્ત થયા છીએ એમ તેને લાગ્યું કે પૂર્વની તેની ખોડો પાછી આવશે. પરંતુ જે પોતાનું ઋણ થોડું થોડું અદા કરે છે તેને કરકસર કરવાની ટેવ પડે છે અને તેથી તેનું મન અને તેની મિલ્કત એ ઉભયમાં સુધારો થાય છે.

જે માણસ એકવાર ગયેલી સંપત્તિ પુનઃ પ્રાપ્ત કરવાનો યત્ન કરતો હોય તેણે ક્ષુલ્લક બાબત પ્રત્યે પણ દુર્લક્ષ્ય કરવું નહિ, અને ખરૂં કહીએ તો અલ્પ સ્વલ્પ નફો મેળવવાનો પ્રયત્ન કરવા કરતાં નાના નાના ખર્ચો ઓછા કરી નાંખવા એમાંજ અપ્રતિષ્ઠા ઓછી છે.

જે ખર્ચ એકવાર કર્યા પછી સતત ચાલુ રહે એવા હોય તે ખર્ચ પરમ સાવધાનતાથી કરવા. પરંતુ જે પ્રસંગો વારંવાર આવે એવા ન હોય તેમાં ખર્ચ કરતી વખત હાથ જરા અધિક મોકળા કરીએ તો પણ ચાલશે.

(૨૯)

રાજ્યો અને સંસ્થાનોનું વાસ્તવિક મોટાપણું.

એથેન્સના રહેવાસી થેમિસ્ટોકલીસનું ભાષણ ઉદ્ધતાઇ ભરેલું અને ગર્વભરિત હતું; કારણ કે તેમાં તેની સ્વતઃની કુશારકી હતી. પરંતુ જો તે અન્યને લાગુ કરવામાં આવ્યું હોત તો તે ગંભીર અને ડહાપણભરેલું થયું હોત. એક મેજબાનીના પ્રસંગે તેને સારંગી વગાડવાને વિનંતિ કરવામાં આવી ત્યારે તે

બોલ્યો કે "અમને સારંગી વગાડતાં આવડતું નથી, તોપણ નાના ગામડાનું મોટું શહેર બનાવતાં આવડે છે." આ શબ્દદ્વારા (રૂપકની થોડી સાહાય્યથી) રાજકારભારમાં નિમગ્ન રહેનારા લોકોમાં બે ભિન્ન ગુણો હોય છે, એમ દર્શાવી શકાય છે. કારણ કે મંત્રી અને રાજ-કાર્ય ધુરંધર પુરૂષોનું ખરૂં નિરીક્ષણ કરવામાં આવે તો તેમાં એવા માણસો પ્રાપ્ત થશે, (પણ ક્વચિત્) કે જેમને નાનાં સંસ્થાનો મોટાં કરતાં આવડતું હશે, પરંતુ સારંગી વગાડતાં આવડતું નહિ હોય. અને અન્યપક્ષે પુષ્કળ લોકો એવા પ્રાપ્ત થશે કે જેમને સારંગી પરમ કુશલતાપૂર્વક વગાડતાં આવડતી હશે, પરંતુ જેઓ નાનાં સંસ્થાનો ને મોટાં કરવાનો કિસબ જાણતા નહિ હોય; એટલુંજ નહિ, પરંતુ તેમનો ગુણ વિપરીત હોય છે; અર્થાત્ તેમને મોટાં અને જાહોજલાલી ભરેલાં સંસ્થાનોની ધુળધાણી અને પાયમાલી કરતાં આવડે છે. અને ખરેખર, જે અધમ યુક્તિઓ અને હિકમ-તોના યોગથી પુષ્કળ મંત્રીઓ અને સૂબેદારો પોતાના સ્વામિની કૃપા સંપાદન કરે છે અને ભામટાઓની વચ્ચે માન પામે છે તેમને "સારંગી વગાડવી" એથી સારૂં નામ આપી શકાતું નથી. કારણ કે તે તેટલા વખત સુધીજ મનોરમ લાગે છે અને તેને સ્વતઃનેજ શોભા આપે છે. પરંતુ જે સંસ્થાનની તે નોકરી કરે છે તે સંસ્થા-નનું હિત કિંવા ઉન્નતિ તે દ્વારા થતી નથી. તેજ પ્રમાણે એવા પણ મંત્રી અને સુબેદારો (નિઃસંશય) હોય છે કે જેઓ કામ કર-વામાં હુશીઆર હોય છે, કારભાર ચલાવવાને અને જોખમમાંથી તથા પ્રકટ અગવડમાંથી બચાવ કરવાને સમર્થ હોય છે, તોપણ જેમનામાં રાજ્યની સત્તા, સાધનો અને સંપત્તિ વૃદ્ધિંગત કરવાની નિપુણતા હોતી નથી. તોપણ કારીગર ગમે તેવા હો, આપણે હવે કામના સંબંધમાં બોલીશું. તે કામ આ છેઃ "રાજ્યનું અને સંસ્થા-

નોનું ખરૂં મોટાપણું" અને તે મોટાપણાના ઉપાય. આ વિષય મહાન અને બલિષ્ટ રાજાએ હાથમાં લેવા સરખો છે. તેણે પોતાના સૈન્યની પ્રાજ્ઞલ મહત્તા માની નિરર્થક સાહસ કર્મમાં ઝીપલાવવું જોઇએ નહિ. કિંવા અન્યપક્ષે તેની કમી યોગ્યતા ધારી કાયરતા અને બીરુતા ધારણ કરવી નહિ.

આકાર અને વિસ્તાર સંબંધી રાજ્યનું મોટાપણું માપી શકાય એમ છે; અને મહેસુલ તથા ઉપજ સંબંધી મોટાપણું પણ માપી શકાય એમ છે. પ્રજાની સંખ્યા વસ્તીપત્રકદ્વારા જણાશે; અને શહેરો તથા ગામોની સંખ્યા તથા મહત્તા નકશા પરથી જણાશે. તથાપિ રાજ્યનું સામર્થ્ય તથા રાજ્યનું સૈન્ય એની ખરી કિમ્મત નિશ્ચિત કરવી અને તત્સંબંધી બીન ચૂક અભિપ્રાય આપવો, એના જેટલું મુલકી કારભારમાં બીજું કોઇ પણ કામ કઠિન નથી. આકાશના રાજ્યની× તુલના એકાદ મોટા ગીરવાળા ફળ અથવા કોઠાની સાથે કરી નથી, પરંતુ રાઇના એક દાણાની સાથે કરી છે. રાઇનો દાણો એ ધાન્યમાં સર્વથી નાનો છે, પરંતુ તેમાં શીઘ્ર ઉગવાનો અને પ્રસરવાનો ગુણ તથા પ્રવૃત્તિ છે. તેજ પ્રમાણે કેટલાક રાજ્યો વિસ્તારમાં મોટાં હોય છે; પરંતુ તેઓ વૃદ્ધિંગત થવાનો કિંવા અન્યપર અમલ કરવાનો ગુણ ધરાવતાં નથી. અને કેટલાંક રાજ્યો ઓછા વિસ્તારવાળાં હોય છે: પરંતુ તે મોટાં મોટાં રાજ્યોના પાયા થવાને લાયક હોય છે.

લોકોનાં કુલ, અંગ સ્વભાવ અને દ્રઢતા એ લડાયક પ્રજાને લાયક ન હોય તો કિલ્લા કોટવાળાં શહેરો, સુસંપન્ન યુદ્ધદ્રવ્યભંડાર અને તોપખાનાં, ઉત્તમ જાતવાન ઘોડા, યુદ્ધરથ, હાથી, ઇત્યાદિ

× જે સ્થિતિમાં સદાચરણ, પુણ્ય અને સ્વર્ગ સુખ હોય છે તેને બાઇબલમાં "આકાશનું રાજ્ય" એવું નામ આપ્યું છે.

સર્વ મેઢાંએ સિંહચર્મ ધારણ કર્યું હોય તે સમાન છે. એટલુંજ નહિ, પરંતુ જે દેશમાં લોકો ઓછા શૌર્યવાન હોય છે તે દેશના સૈન્યની માત્ર સંખ્યામાં કાંઇપણ અર્થ હોતો નથી. કારણ કે (વર્જીલ જણાવે છે તે પ્રમાણે) "મેંઢાં ગમે તેટલાં કાં ન હોય, તો પણ વરૂ તેમને કાંઇ લેખામાં ગણતો નથી. " આરબેલાના મેદાનમાં ઇરાની લોકો એ માનવ પ્રાણીઓનો એટલો વિરાટ મહાસાગર હતો કે તે જોઇને સિકંદરના કેટલાક સેનાપતિઓ ચકિત થઇ ગયા. તેથી તેઓ તેની પાસે ગયા અને તેને એવી સૂચના કરી કે આપણે રાત્રિ સમયે એમના પર હલ્લો કરવો ઇષ્ટ છે. પરંતુ સિકંદરે ઉત્તર આપ્યો કે " આપણે ચોરીથી વિજય મેળવીશું નહિ. " અને ઇરાની સૈન્યનો પરાભવ સહજ થયો. આરમાનિયાનો ટિગ્રાનિસ ૪૦૦૦૦૦ માણસો સહિત એક ડુંગરીપર છાવણી નાંખીને પડયો હતો અને જ્યારે તેણે રોમનોનું ૧૪૦૦૦ સૈન્ય પોતાની ઉપર ચઢી આવતું જોયું ત્યારે તે મશ્કરી કરી બોલ્યો કે " આ સામે જે લોકો આવે છે તેઓ વકીલાત કરવાને આવે છે એમ જો કહીએ તો તેઓ અત્યંત વધારે છે અને લડાઇ કરવાને આવે છે એમ જો કહીએ તો તેઓ ઘણાજ થોડા છે. " સૂર્યાસ્ત થયા પૂર્વેજ તેના પુષ્કળ માણસોની કતલ કરી તેને પલાયન કરાવવાને તેઓ પૂરતા હતા, એમ તેને જણાઇ આવ્યું. સંખ્યા અને શૌર્યની વચ્ચે મેલ ન હોવાનાં પુષ્કળ ઉદાહરણો છે; એ પરથી એમ ઠરાવી શકાશે કે કોઇપણ રાજ્યના મોટાપણાનો મુખ્ય મુદ્દો તેની શૌર્યશાળી પ્રજા છે. (પૈસા એ લડાઇનું બળ છે એમ સામાન્યતઃ કહેવામાં આવે છે) પરંતુ જે દેશમાં લોકો દુર્બલ અને નામર્દ હોવાથી તેમના બાહુમાં બળ હોતું નથી તે દેશમાં પૈસા એ લડાઇનું બળ નથી. કારણ કે (ક્રીસસે જ્યારે શેખીથી પોતાનું સુવર્ણ દર્શાવ્યું ત્યારે) સોલને ક્રીસસને

સારો ઉત્તર આપ્યો કે " મહારાજ, આપનાં કરતાં બલાઢ્ય એવો બીજો કોઇ આવશે તો આ સર્વ સુવર્ણનો સ્વામિ તે થશે. " અર્થાત્ કોઇપણ રાજાએ કિંવા સંસ્થાને, જો પોતાના રાજ્યના લોકો સારા અને શૌર્યવાન સિપાઇ ન હોય તો, પોતાના સૈન્ય પર ઝાઝો ભરોસો રાખવો નહિ. અને અન્ય પક્ષે જે રાજાની પ્રજા લડાયક જુસ્સાવાળી હોય તેણે પોતાના સામર્થ્યનું ભાન રાખવું; નહિતર, સ્વતઃને અયોગ્ય એવું વર્તન તેના હાથથી બનશે. ભાડુતી સૈન્યના સંબંધમાં એટલુંજ કહેવાનું કે જે કોઇ સંસ્થાન કિંવા જે કોઇ રાજા તે પર અવલંબન રાખે છે તે ભલેને અલ્પકાળ પર્યંત પોતાની પાંખ પ્રસારે પરંતુ શીઘ્રજ તે ગળી પડે છે એમ સર્વ ઉદાહરણો દ્વારા પ્રતીત થાય છે.

જૂડા અને ઇસાકર એ ઉભયને એકજ સ્થાને કદિ પણ એક સરખું માન મળશે નહિ; અર્થાત્ એકજ રાષ્ટ્ર અથવા જનપદ સિંહ સુત અને બોજો ઉંચકનાર ગર્દભ એ બન્ને થશે નહિ. કિંવા પાદાક્રાંત થયેલા લોકો કદિપણ શૌર્યવાન અને લડાયક બનશે નહિ. આ વાત સત્ય છે કે લોકોની સમ્મતિથી નાંખેલા કર પ્રજાનું ધૈર્ય કમી ખૂટાડે છે, એ ×ઝોરામાંના દેશોના કરદ્વારા સારી રીતે પ્રતીત થાય છે; અને તે ઇંગ્લાંડના રાજાને પાર્લામેંટની તરફથી પૈસાની મદદ મળે છે, તે દ્વારા કેટલેક અંશે પ્રતીત થાય છે. કારણ કે આ વાત તમે લક્ષ્યમાં રાખજો કે અમે હમણાં અંતઃકરણના સંબંધમાં બોલીએ છીએ; દ્રવ્યના સંબંધમાં નહિ. અર્થાત્ દ્રવ્યના સંબંધમાં જોવા જઇએ તો મહેસુલ કિંવા કર લોકોની સમ્મતિથી નાંખવામાં આવે કે અધિકારના જોર પર નાંખવામાં આવે તો પણ તેનો અર્થ એકજ છે; પરંતુ ધૈર્ય પર તેની અસર ભિન્ન ભિન્ન થાય છે. એટલા માટે

× બેલ્જીઅમ અને હાલેંડ એને ઝોરામાંના દેશો કહેવામાં આવે છે.

તમે એવો સિદ્ધાંત ઠરાવજો કે જે લોકો પર કરનો બોજો વાજબી કરતાં વિશેષ છે તે લોકો રાજ્યને માટે લાયક નથી. જે રાજાને મહત્તા પ્રાપ્ત કરવાની આકાંક્ષા હોય તેણે પોતાના ઉમરાવ અને ગૃહસ્થોની સંખ્યા અતિશય વૃદ્ધિંગત ન થવા દેવાની સાવચેતી રાખવી. કારણ કે જો તેઓ વૃદ્ધિંગત થાય તો સામાન્ય પ્રજાજન કેવળ ખેડુત અને રાંચા બની જાય છે; તેમના અંતઃકરણમાં ઉત્સાહ રહેતો નથી; અને તેઓ ખરેખર ગૃહસ્થોના મજુર બની જાય છે. જેમકે, કૃત્રિમ વનમાં તમે છોડવાઓ ઘણાજ પાસે પાસે રોપો તો તમને સ્વચ્છ ઝાડ કદિ મળશે નાહ, માત્ર ઝાંખરાંજ મળશે. તેજ પ્રમાણે દેશમાં જો ગૃહસ્થો ઘણા વધી જશે તો સામાન્ય પ્રજા જન રાંક બનશે, અને એવી સ્થિતિ થશે કે સોમાંથી એકપણ સૈન્યમાં પ્રવેશવાને લાયક રહેશે નહિ; વિશેષતઃ પાયદલમાં પ્રવેશવાને લાયક રહેશે નહિ; અને પાયદલ તો સૈન્યનો પ્રાણ છે. અને આ રીતે લોકસંખ્યા પુષ્કળ પણ બળ કમી એમ થશે. હું જે કહું છું તે ઇંગ્લાંડ અને ફ્રાન્સની તુલના કરવાથી સારી રીતે સમજાશે. ઇતરત્ર તેવું સમજાશે નહિ. દેશો પૈકી ઇંગ્લાંડ જો કે વિસ્તાર અને લોક સંખ્યાના પુષ્કળ પણ બળ કમી એમ થશે. હું જે કહું છું તે ઇંગ્લાંડ અને ફ્રાન્સની તુલના કરવાથી સારી રીતે સમજાશે. ઇતરત્ર તેવું સમજાશે નહિ. આ દેશો પૈકી ઇંગ્લાંડ જો કે વિસ્તાર અને લોક સંખ્યાના પ્રમાણમાં નાનો છે તોપણ તે ફ્રાન્સ કરતાં ચઢીઆતો છે; આનું કારણ એ છે કે ઇંગ્લાંડમાં જેમ મધ્યમ વર્ગના લોકો સારા યોદ્ધા થાય છે તેમ ફ્રાન્સમાં કૃષિકારો થતા નથી. આ સંબંધી રાજા સાતમ હેન્રીની યુક્તિ ડહાપણ ભરેલી અને પ્રશંસનીય હતી; તેણે કૃષિકારોનાં ઘર અને ખેતરો નમૂનેદાર બનાવ્યાં હતાં. અર્થાત્ કૃષિકારોને પ્રજા ઉત્પન્ન કરવાને અને દાસસ્થિતિમાં ન

રહેતાં સુખ સમૃદ્ધિમાં રહેવાને જેટલી જમીન જોઇએ તેટલી તેમને આપી હતી; અને કેવળ ભાડુતી મજુરોના હાથમાં હળનો દાંડો ન જતાં તે માલિકના હાથમાં રહે એવી વ્યવસ્થા કરી હતી. જો આમ કરવામાં આવે તોજ વર્જીલે પ્રાચીન ઈટાલિનું જે વર્ણન કર્યું છે તેવી સ્થિતિ પ્રાપ્ત થશે. (તે જણાવે છે કે તે સમયે ઈટાલિની) "જમીન શસ્ત્રધર અને શાંતિ તથા સમૃદ્ધિ પ્રસવવાને સમર્થ હતી." એક બીજી સ્થિતિ છે તે પ્રત્યે પણ દુર્લક્ષ્ય કરવું જોઇએ નહિ; (તે મારા મત પ્રમાણે માત્ર ઇંગ્લાંડમાંજ છે. તે ઇતરત્ર કવચિતજ દૃગ્ગોચર થાય છે. કદાચિત્ પોલાંડમાં માત્ર તે હશે.) અર્થાત્ સ્વતંત્ર નોકર અને ઉમરાવો તથા ગૃહસ્થોના પરિચારકો. શસ્ત્રની બાબતમાં આ લોકો કૃષિકાર યોદ્ધાઓ કરતાં કોઇ પણ પ્રકારે ઉતરતા નથી. અને એટલા માટે ઉમરાવ અને ગૃહસ્થોનો ઠાઠમાઠ, આડંબર, મોટા પગારો, અને આદરાતિથ્ય એ વ્યવહારમાં આવ્યાં× એટલે તે દ્વારા વીરશ્રીને ઉત્તેજન મળે છે એમાં સંશય નથી; અને ઉલટું ઉમરાવો અને ગૃહસ્થો મખ્ખીચુસપણાથી અને કરકસરથી રહેવા લાગ્યા એટલે સૈનિકોની તાણ પડે છે.

નેબુકાડનેઝારના રાજ્યવૃક્ષનું થડ, શાખા પ્રશાખાનો ભાર સહન કરી શકે એટલું મોટું રાખવાને હર પ્રકારે પ્રયત્ન કરવો જોઇએ. અર્થાત્ રાજાની કિંવા સંસ્થાનની દેશી પ્રજા જે પ્રજાની ઉપર તેનું રાજ્ય હોય તેના યોગ્ય પ્રમાણમાં હોવી જોઇએ. જે જે રાજ્યો પરકીય લોકોને ઉદારતાથી સ્વદેશીય કરે છે તે તે સાર્વભૌમત્વને યોગ્ય હોય છે. કારણ કે મુઠ્ઠીભર માણસો જગતમાં અત્યંત શૌર્યશાલી અને રાજકળા નિપુણ હોય તોપણ તેઓ અગાધ વિસ્તારવાળું રાજ્ય સંભાળવાને શક્તિમાન થશે એમ માનવું એ અલ્પકાળ

× પરિશિષ્ટ જુઓ.

પર્યંત સત્ય ઠરશે; પરંતુ તે અકસ્માત્ નષ્ટ ભ્રષ્ટ થશે. સ્પાર્ટન લોકો પરકીયોને પોતાનામાં મેળવી લેવાના સંબંધમાં સખ્ત હતા; આથી જ્યાં સુધી તેઓ પોતાની મર્યાદામાં હતા ત્યાં સુધી તેઓ અડગ રહ્યા હતા; પરંતુ જ્યારે તેઓ પ્રસાર પામ્યા અને તેમની શાખા થડ કરતાં મોટી થઇ ગઇ ત્યારે પવનથી ઝાડ તૂટી પડે છે તેમ તેઓ એકદમ નીચે આવ્યા. રોમન લોકો પરકીયોને પોતાનામાં મેળવી લેવાને જેટલા તૈયાર હતા તેટલા બીજા કોઇ પણ નહોતા. આથી તેમને ફળ પણ તેવુંજ મળ્યું: કારણ કે તેમને અત્યંત મહાન્ સામ્રાજ્ય પ્રાપ્ત થયું. પરકીય લોકોને સ્વદેશીયત્વ આપવું (આને તેઓ રાજકીય હક્ક કહેતા હતા) અને તે પણ પૂર્ણ રીતે આપવું એવો તેમનો નિયમ હતો; અર્થાત્ તેઓ તેમને રોમન લોકોની સાથે વ્યાપાર કરવાનો હક્ક અને લગ્ન કરવાનો હક્ક આપતા તથા વારસાનો હક્ક આપતા: એટલુંજ નાહ, પરંતુ (રાજ્યકારભારમાં) મત આપવાનો હક્ક અને માનવંત જગ્યા મેળવવાનો હક્ક પણ આપતા; અને તે માત્ર વ્યક્તિનેજ નહિ પરંતુ આખાં કુટુંબોને; અરે એટલુંજ નહિ, પરંતુ શહેરોને અને કોઇ કોઇવાર તો દેશોને સુદ્ધાં. વળી સંસ્થાનો વસાવવાનો તેમનો નિયમ હતો. આથી થતું એમ કે રોમન છોડ ઇતર રાષ્ટ્રની ભૂમિમાં રોપાતો અને આ ઉભય સંસ્થા એકત્રિત કરી તમે કહેશો કે, રોમન લોકો જગતપર પ્રસર્યા નહોતા, પરંતુ જગતજ રોમન લોકોપર પ્રસર્યું હતું. અને મહત્તા પ્રાપ્ત કરવાનો વિશ્વસનીય માર્ગ આજ છે. મને કોઇ કોઇવાર સ્પેનના સંબંધમાં કૌતુક થાય છે; આટલા થોડા સ્પૅનિયાર્ડો આવડાં મોટાં રાજ્યોને શી રીતે પકડી રહે છે? પરંતુ નિઃસંશય સ્પેનનો સઘળો વિસ્તાર વૃક્ષના એક અતિ મોટા થડ સમાન છે. આ થડ પૂર્વના રોમના અને સ્પાર્ટાના થડ કરતાં ઘણું મોટું છે; અને વળી પરકીયોને ઉદારતાથી પોતાનામાં મેળવી લેવાનો રિવાજ તેમનામાં નથી તોપણ

તેમનામાં એક બીજી ચાલ છે. અર્થાત્ તેઓ પોતાના સાધારણ સૈન્યમાં જરાપણ સંકોચ વિના સર્વ રાષ્ટ્રના યોદ્ધાને રાખે છે; એટલુંજ નહિ પરંતુ કોઇ કોઇવાર તેઓ પરકીયોને સર્વોચ્ચ સેનાપતિની જગ્યાપર પણ નિયુક્ત કરે છે. હાલમાં 'પ્રેગ્મૅટિકલ સૅંક્શન'* પ્રસિદ્ધ થયું છે તે દ્વારા જણાય છે કે તેમને સ્વદેશીઓની તાણ જણાવા લાગી છે.

ઘરમાં બેસીને કરવાનાં કામો અને નાજુક ધંધાઓ (જેમને બાહુ કરતાં આંગળાંની આવશ્યકતા અધિક હોય છે) એ સ્વભાવતઃજ લશ્કરી પ્રવૃત્તિના વિરોધી હોય છે—અને સામાન્યતઃ સર્વે લડાયક પ્રજા કેટલેક અંશે આળસુ હોય છે; અને તેમને વૈતરાં કરતાં સાહસિક કામો અધિક પ્રિય હોય છે. જો તેમનું કૌવત કાયમ રાખવું હોય તો તેમનો આ સ્વભાવ ઝાઝો નષ્ટ કરવો નહિ. સ્પાર્ટા, ઍથેન્સ, રોમ અને ઇતર પ્રાચીન રાજ્યોને આ એક લાભ હતો કે તેમની પાસે જે ગુલામો હતા તે બહુધા આવા ઉદ્યોગ ધંધા કરતા. પરંતુ ખ્રિસ્તીઓએ ઘણે અંશે ગુલામગીરી નષ્ટ કરી છે. તેની નિકટનો ઉપાય એ છે કે આવાં કામો બહુધા પરકીય લોકોને સોંપવાં (અને એટલા માટે તેમને સ્વદેશમાં અધિક છૂટથી લેવા) અને સ્વદેશના નિકૃષ્ટ પંક્તિના લોકોમાં આ ત્રણ ધંધા રાખવાઃ કૃષિ, ઐચ્છિક નોકરી, અને કડીઆ, સુતાર, લુહાર વગેરેનાં બળવાન અને દ્રઢ બનાવનારાં કામો; શિપાઇગીરીનો ધંધો તેમનામાં રાખવો નહિ.

પરંતુ સાર્વભૌમત્વ અને મોટાપણાને માટે કોઇ પણ રાષ્ટ્રે શિપાઇગીરીના ધંધાનેજ મુખ્ય માનદાયક અને અભ્યાસ લાયક સમજવો એ તેને માટે પરમાવશ્યક છે. કારણ કે ઉપર અમે જે વાતો જણાવી તે શસ્ત્ર ધારણ કરવાની લાયકાતના સંબંધમાં જણાવી, અને હેતુ તથા કૃતિ શિવાય લાયકાતનો શું ઉપયોગ? રોમ્યુલસે+ પોતાના મરણ

* પરિશિષ્ટ જુઓ. + રોમનો પ્રથમ પાદશાહ.

પ્રમાણ, એવો સંદેશો મોકલ્યો હતો (પછી તે ખરો હો વા કાલ્પનિક હો) કે તમે ઇતર સર્વ કામ છોડી દઇ શિપાઇગીરી તરફ અધિક ધ્યાન આપો, એટલે તમને પૃથ્વીપર અત્યંત મોટું સામ્રાજ્ય પ્રાપ્ત થશે. સ્પાર્ટાના રાજ્યની ઇમારત સર્વથૈવ (પરંતુ ડહાપણપૂર્વક નહિ) આજ ધોરણ અને આશયપર રચવામાં અને ઉભી કરવામાં આવી હતી. ઇરાની અને મેસેડોનિયન લોકોમાં તે પ્રવૃત્તિ ક્ષણિક હતી. ગૉલ, જર્મન, ગૉથ, સૅક્ષન, નૉર્મન પ્રભૃતિ લોકોમાં તે કેટલાક કાળપર્યંત રહી હતી. તુર્ક લોકોમાં તે અદ્યાપિ છે; પરંતુ અત્યંત નિકૃષ્ટ સ્થિતિમાં છે. યૂરોપના ખ્રિસ્તી રાષ્ટ્રોમાં તે માત્ર સ્પૅનિયાર્ડ લોકોમાં છે. જે ધંધામાં મનુષ્ય અધિક ધ્યાન આપે છે તેમાં તેને લાભ થાય છે, એ વાત એટલી સ્પષ્ટ છે કે તેને સિદ્ધ કરવાની આવશ્યકતાજ નથી. માત્ર એટલુંજ કહીશું તો બસ થશે કે જે રાષ્ટ્ર પ્રત્યક્ષ રીતે શિપાઇગીરીનો ધંધો ગ્રહણ કરતા નથી તેણે મોટાપણું આપણા મુખમાં આવીને પડશે એવી આશા કદિ પણ રાખવી નહિ. અને બીજીપક્ષે કાળ જણાવે છે કે જે રાજ્યો આ ધંધો દીર્ઘકાળ પર્યંત કરે છે (જેમ રોમન અને તુર્કલોકો મુખ્યત્વે કરીને કરતા હતા) તેઓ અલૌકિક કૃત્યો કરે છે અને જેણે શસ્ત્ર ધારણ કરવાનો ધંધો માત્ર અલ્પકાળ પર્યંત કર્યો છે તેને તે કાળમાં મોટાપણું પ્રાપ્ત થયું છે અને તેનો તે ધંધો અને શસ્ત્ર ધારણ કરવાનો અભ્યાસ નષ્ટ થયા છતાં પણ તે મોટાપણું ઘણાં વર્ષો સુધી કાયમ રહ્યું છે.

લડાઇનાં ન્યાય્ય કારણો તેને લાગુ પાડે એવા કાયદાઓ અને રીતરિવાજ રાજ્યમાં હોવા જોઇએ એ આજ મુદ્દાનું એક અંગ છે. કારણ કે મનુષ્યના મનમાં ન્યાયીપણું એવી દ્રઢ રીતે ચોંટી ગયું છે કે તેઓ કાંઇ પણ કારણ વિના—પછી તે ગમેતેવાં પોકળ કાં ન હોય—અને તકરાર વિના યુદ્ધમાં જતા નથી (કે જે લડાઇદ્વારા ઘણા

અનર્થોની ઉત્પત્તિ થાય છે.) અમે તો અમારા ધર્મ અને પંથનો પ્રસાર કરીએ છીએ એ કારણ લડાઇને માટે તુર્ક લોકોની પાસે તૈયારજ હોય છે. જ્યારે જોઇએ ત્યારે તેમને આ કારણ આગળ ધરતાં આવડે છે. રોમન સેનાપતિઓ જો રોમન રાજ્યની મર્યાદા વધારતા તો રોમન લોકો તેમને માટે તે ભૂષણાવહ માનતા, તોપણ લડાઇ શરૂ કરવાને માટે તેઓ માત્ર તેજ કારણ આગળ ધરતા નહોતા. એટલા માટે જે રાષ્ટ્રે મોટાપણું પ્રાપ્ત કરવું હોય તેણે એમ કરવું કે પોતાની સરહદ પરના લોકોને, વ્યાપારીઓને અથવા વકીલોને જે હાનિ થાય તે પોતાના અંગપર લઇ લેવી; અને લડાઇનું કારણ મળ્યું એટલે ઝાઝીવાર સ્વસ્થ બેસી રહેવું નહિ. બીજું, પોતાના મિત્ર રાજાઓને મદદ અને કુમક આપવાને તેમણે ઉત્સુક અને તૈયાર રહેવું. રોમન લોકો આમજ કરતા હતા. તેમની સાથે મિત્રતા ધરાવનાર એકાદ સંસ્થાને પોતાના સંરક્ષણને માટે જો ઇતર પ્રથક્ પ્રથક્ સંસ્થાનોની સાથે સંધિ કરી હોય અને પરકીય આક્રમણ થતાં તેમની પ્રથક્ રીતે મદદ માગી હોય તો રોમનો સર્વેથી પ્રથમ તેને મદદ કરતા; પ્રથમ કુમકે જવાનું માન તેઓ બીજાને લેવા દેતા નહોતા. પ્રાચીન કાળમાં જે લડાઇઓ વિવક્ષિત પક્ષ તરફથી અથવા રાજ્ય પદ્ધતિની સમાનરૂપતા કરવાને માટે કરવામાં આવતી હતી તેનું સમર્થન શી રીતે કરી શકાય તે હું સમજી શકતો નથી. ઉદાહરણાર્થ, રોમન લોકોએ ગ્રેસિયાની સ્વતંત્રતાને માટે, અથવા લાસેડેમોનિયન અને ઍથેનિયન લોકોએ પ્રજાસત્તાત્મક અને અલ્પજનસત્તાત્મક રાજ્યો સ્થાપન કરવાને માટે કિંવા નષ્ટ કરવાને માટે જે લડાઇઓ કરી હતી; અથવા ન્યાય અને સંરક્ષણના નિમિત્તથી, અન્ય રાજ્યની પ્રજાને અત્યાચાર અને જુલમમાંથી મુક્ત કરવાને માટે પરકીય લોકોએ જે લડાઇઓ કરી હતી; ઇત્યાદિનું સમર્થન શી રીતે કરી શકાય ?

માત્ર એટલું કહીશું તો બસ થશે કે શસ્ત્ર ધારણ કરવાનો ન્યાય્ય પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે પણ જે રાજ્ય જાગૃત થતું નથી તેણે મોટા થવાની કદિ પણ આશા રાખવી નહિ.

વ્યાયામ કર્યા શિવાય કોઇ પણ શરીર નિરોગી બની શકતું નથી. અને જે વાત હાડમાંસના શરીરને લાગુ પડે છે તેજ વાત રાજ્યરૂપી શરીરને પણ લાગુ પડે છે; અને આ વાત નિશ્ચિત છે કે ન્યાય્ય અને પ્રતિષ્ઠાદાયક લડાઇ એ રાજ્યનો કિંવા સંસ્થાનનો ખરો વ્યાયામ છે. માંહોમાંહેની લડાઇ એ જ્વરની ઉષ્ણતા સમાન છે; પરંતુ પરકીયો સાથેની લડાઇ એ વ્યાયામની ઉષ્ણતા સમાન છે અને શરીર નિરોગી રાખવાને માટે તે ઉપયોગી થઈ પડે છે, કારણ કે આલસ્યમય શાંતિમાં ધીર પુરૂષો પણ નામર્દ બની જાય છે અને તેમની રીતભાત પણ ભ્રષ્ટ થઇ જાય છે. સૌખ્યના સંબંધમાં ગમે તેમ હો, પરંતુ મોટાપણાના સંબંધમાં આ વાત નિઃસંશય સત્ય છે કે સદા સર્વદા સજ્જ રહેવું એમાંજ લાભ છે; અને જેની પાસે ઘડાયેલું અને બલાઢ્ય સૈન્ય સદા તૈયાર હોય છે (જો કે આ ખર્ચનું કામ છે) તેજ બહુધા બીજા પર કાયદા બેસાડે છે; નિદાન પાડોશનાં સર્વ રાજ્યોમાં તેની તેવી કીર્તિ હોય છે, એ સ્પેનના ઉદાહરણ પરથી સારી રીતે જણાઈ આવે છે; સ્પેન આજ એકસોવીશ વર્ષ થયાં ઘડાયેલું સૈન્ય એક અથવા બીજા ભાગમાં સતત રાખે છે.

સમુદ્રપર પ્રભુત્વ પ્રાપ્ત કરવું એ સાર્વભૌમત્વનું સંક્ષિપ્ત સ્વરૂપ છે. પામ્પીએ સીઝરની વિરૂદ્ધ જે તૈયારી કરી રાખી હતી તેના સંબંધમાં આટિકસને લખતાં સિસરો જણાવે છે કે "પામ્પીનો અભિપ્રાય બહુધા થેમિસ્ટોક્લીસના જેવોજ છે. કારણ કે તે એમ માને છે કે જેના તાબામાં સમુદ્ર છે તેના તાબામાં યશ છે." અને પામ્પીએ વૃથાભિમાનથી જો તે માર્ગ છોડ્યો ન હોત તો તેણે સીઝરને જેર કર્યો હોત. સમુદ્ર પર જે લડાઇઓ થઇ છે તેનાં મોટાં

પરિણામો આપણે જોઇએ છીએ. આક્ટિયમની લડાઇએ પૃથ્વીના સાર્વભૌમત્વના પ્રશ્નનો ફેંસલો કર્યો હતો. લેપાન્ટોની લડાઇએ તુર્ક લોકોની ઉન્નતિનો અવરોધ કર્યો હતો. સાગરયુદ્ધે લડાઇનો અંત આણ્યો હોય એવાં પુષ્કળ ઉદાહરણો છે. પરંતુ આવા પ્રસંગે રાજાએ કિંવા સંસ્થાને પોતાનું સર્વસ્વ તે યુદ્ધપર મૂકી દીધું હતું. પરંતુ આટલી વાત તો નિશ્ચિત છે કે જેને સ્વાધીન સમુદ્ર હોય છે તેને ઘણીજ સ્વતંત્રતા હોય છે અને લડાઇમાં ફાવે તેટલો ન્યૂનાધિક ભાગ લેવાનું તેના હાથમાં હોય છે. પરંતુ જમીનપર જેઓ પ્રબલતર હોય છે તેઓ અનેકવેળા ભારે સકંજામાં સપડાઇ જાય છે. ખરેખર, આજે આ પણ યૂરોપિયનોને સમુદ્રપરની પ્રભુતા (એ ગ્રેટબ્રિટનને મળેલી મુખ્ય બક્ષિસો પૈકી એક છે) પરમ લાભદાયક છે. કારણ કે યૂરોપનાં ઘણાં રાજ્યો સંપૂર્ણતઃ ભૂમિ મધ્યે નથી, પરંતુ ઘણે અંશે સમુદ્રવેષ્ટિત છે; અને બીજું કારણ એ છે કે જેના હાથમાં સમુદ્રનું પ્રભુત્વ છે તેને ઉભય *ઇન્ડીઝની સંપત્તિ ઘણે અંશે પ્રાપ્ત થાય છે.

પ્રાચીનકાળની લડાઇઓદ્વારા લોકોને જે ગૌરવ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થતી હતી તે વિષે અર્વાચીન લડાઇઓમાં અજ્ઞાન દિસે છે. હાલમાં લશ્કરી કામને માટે લોકોને ઉત્તેજિત કરવાને કેટલીક પદ્ધિઓ અને ખિતાબો છે. પરંતુ તે શિપાઇ અને બિન શિપાઇ એ સર્વને જરાપણ વિવેક વિચાર વિના આપવામાં આવે છે. અને વળી હાલમાં ઢાલપર કાંઇક સ્મારક ચિન્હ અને છિન્નાંગ શિપાઇઓને માટે દવાખાનાં અને એવીજ કાંઇક વ્યવસ્થા હોય છે. પરંતુ પ્રાચીનકાળમાં મનુષ્યોનું શૌર્ય ઉદ્દીપ્ત કરવાને માટે આ વ્યવસ્થા હતીઃ વિજયના સ્થાનપર સ્મારકો બાંધવામાં આવતાં હતાં; લડાઇમાં પડેલા લોકોની ઉત્તરક્રિયાના પ્રસંગે તેમનાં સ્તુતિગાન કરવામાં આવતાં હતાં અને

* હિંદુસ્થાન અને અમેરિકા.

છત્રીઓ બાંધવામાં આવતી હતી; સૈનિકોને મુકુટ અને હાર મળતા હતા; 'એમ્પરર '*ની પદ્વિ મળતી હતી, કે જે પદ્વિ પાછળથી જગતના મોટા મોટા રાજાઓએ ગ્રહણ કરી હતી; સેનાપતિઓ પાછા ફરતા ત્યારે તેમના માનમાં જલસા કરવામાં આવતા હતા; અને સિપાઇઓને છૂટા કરતી વખત મોટી મોટી બક્ષિસો અને ઇનામો આપવામાં આવતાં હતાં. વિશેષતઃ રોમન લોકોમાં સેનાપતિના માનમાં કરવામાં આવતો જલસો એ કેવળ તમાશો અને ગમ્મતનું સાધન નહોતું, પરંતુ તે એક અત્યંત ડહાપણભરેલી અને મહત્તાભરેલી ક્રિયા હતી. કારણ કે તેમાં ત્રણ કામ કરવામાં આવતાં હતાં: સેનાપતિને સન્માન આપવામાં આવતું હતું, લૂટમાંથી મળેલું દ્રવ્ય રાજકોશને અર્પણ કરવામાં આવતું હતું અને સૈનિકોને બક્ષિસ આપવામાં આવતી હતી. પરંતુ તેવું માન કદાચિત્ એક રાજસત્તાત્મક રાજ્યમાં સ્વતઃ રાજા કિંવા તેના પુત્ર એ શિવાય કોઇને પણ મળતું નથી. રોમન પાદશાહોના સમયમાં એમજ હતું; જે યુદ્ધ તેઓ સ્વયં જીતતા તત્સંબંધી જલસો તેમના સ્વતઃના માનમાં કિંવા તેમના પુત્રના માનમાં કરવામાં આવતો; અને જે લડાઇ તેમના પ્રજાજન જીતતા તેને માટે સેનાપતિને કેટલાંક વિજયપ્રદર્શક વસ્ત્રો અને ચિન્હો અર્પણ કરવામાં આવતાં.

હવે આ વિષયની પરિસમાપ્તિ કરીશ. આ નાના સરખા મનુષ્ય દેહમાં કોઇ પણ માણુસ ગમે તેટલો પ્રયત્ન કરી (ધર્મશાસ્ત્ર કહે છે તેમ) પોતાની ઉંચાઇ હાથભર પણ વધારી શકતો નથી. પરંતુ

---

* "એમ્પરર' એ શબ્દની ઉત્પત્તિ લૅટિન ભાષાના "ઈમ્પરાટોર" શબ્દમાંથી થઈ છે. ઇમ્પરાટોરનો અર્થ સેનાપતિ થાય છે. વિજય મેળવીને આવેલા સરદારને રોમન લોકો "ઇમ્પરાટોર" એવો ખિતાબ આપતા હતા.

રાજ્યો અને સંસ્થાનોની બૃહત્ કાયાનો વિસ્તાર અને વૃદ્ધિ કરવી એ તેમના હાથમાં છે. જે કાયદાઓ, જે સંસ્થાઓ અને જે રિવાજો અમે નિર્દિષ્ટ કરી ગયા તે પોતાના રાજ્યમાં શરૂ કરી તેમણે પોતાના વંશજોને માટે અને વારસોને માટે મોટાપણાનાં બીજ વાવવાં; પરંતુ આ વાત તરફ બહુધા કોઇ પણ લક્ષ્ય આપતું નથી, તેને દૈવને હવાલે કરવામાં આવે છે.

(૩૦)

આરોગ્યતાના નિયમો.

આરોગ્ય રક્ષણુના સંબંધમાં વૈધકમાં જે નિયમો જણાવ્યા છે તેના કરતાં આ નિયમ અતિ ડહાપણ ભરેલો છે કે પોતાને શું રુચે છે અને શું નથી રુચતું તેનો વિચાર દરેક જણે પોતેજ કરી લેવો. પરંતુ માત્ર આ વાત લક્ષ્યમાં રાખવી જોઇએ કે "મને આ ખરાબ લાગતું નથી, માટે હું એજ કરીશ" એમ ઠરાવી દેવા કરતાં "મને આ રુચતું નથી, માટે હું એ કરીશ નહિ" એવો ઠરાવ કરીને વર્તવું સારૂં છે. કારણુ કે યૌવનના જોશમાં પુષ્કળ અત્યાચારોની ખરાબ અસર જણાતી નથી, પરંતુ તેનું પરિણામ વૃદ્ધાવસ્થામાં ભોગવવું પડે છે. વૃદ્ધાવસ્થા કેવી આવે છે તેનો વિચાર કરજો અને તરુણાવસ્થામાં જે કરતા હો તેજ કરવાનો હમ્મેશાં આગ્રહ ધરશો નહિ; કારણુ કે વૃદ્ધાવસ્થા તે શા લેખામાં, એવું વર્તન ચાલે એમ નથી. ખાવાપીવામાં એકદમ પરિવર્તન કરશો નહિ અથવા જો તેવું પરિવર્તન કરવુંજ પડે તો તેને અનુરૂપ એવાં બીજાં પરિવર્તનો કરશો. કારણુ કે સૃષ્ટિ અને રાજ્ય એ ઉભયનો મર્મ એ છે કે એક બાબતમાં પરિવર્તન કરવા કરતાં અનેક બાબતોમાં પરિવર્તન કરવામાં અધિક

સુરક્ષિતતા છે. ભોજન, નિદ્રા, વ્યાયામ, પોશાક ઇત્યાદિના સંબંધમાં તમને કેવી ટેવ પડી છે તેની તપાસ કરો; અને તેમાંથી તમને જે અન્યાયકારક લાગે તેને ધીમે ધીમે છોડી દો. પરંતુ તેને એવી રીતે છોડજો કે તમારા નવીન ક્રમથી અહિત થવા લાગે ત્યારે પૂર્વક્રમપર સહજ આવી શકાય. કારણ કે જે વસ્તુ બહુમતે સારી અને આરોગ્ય-દાયક હોય તે તમારી પ્રકૃતિને રુચશેજ એવો કાંઇ નિયમ નથી. તે વસ્તુ તમારી પ્રકૃતિને રુચે છે કે નહિ તેનો અનુભવ જો લેવો હોય ધીમે ધીમેજ લેવો; આથી જો તે ન રુચે તો છોડી દઇ શકાશે. દીર્ઘાયુ થવાનો એક ઉત્તમ ઉપાય એ છે કે જમતી વખત, ઉંઘતી વખત અને વ્યાયામ કરતી વખત મન ચિંતારહિત અને આનંદી રાખવું. મનોવિકાર અને અભ્યાસના સંબંધમાં એટલુંજ કહેવાનું કે કાળજું કોતરી ખાનારી ભીતિ; અંદર ને અંદર પ્રજ્વલિત થતો ક્રોધ; સૂક્ષ્મ અને ગહન વિચાર; અત્યાનંદ અને અત્યુલ્લાસ; મનમાં ને મનમાં રાખેલાં દુઃખ; ઇત્યાદિને હમ્મેશાં ત્યાગ કરવાં. હૃદયમાં આસ્થા રાખવી, હર્ષ કરતાં વિનોદ કરવો; અનેક પ્રકારના આનંદોનું સેવન કરવું, પરંતુ તેમાં અપરિમિતપણું ન હોવું જોઇએ. નવીન નવીન અર્થાત્ જે દ્વારા આશ્ચર્ય અને આનંદ થાય એવી વસ્તુઓ જોવી. ઇતિહાસ અને કલ્પિત કથા તથા વિશ્વ સંબંધી વિચાર એના જેવા સુંદર અને ઉમદા વિચાર ઉત્પન્ન કરનારા વિષયો વાંચવા.

જો આરોગ્યમય સ્થિતિમાં કદિ પણ ઔષધ ન લેવામાં આવે તો તે જરૂર પડે ત્યારે લાગુ પડશે નહિ અને જો હમ્મેશાં ઔષધ લેવામાં આવે તો આજારીપણામાં તે યોગ્ય ગુણ આપશે નહિ. જો ઔષધ લેવાની ખોડજ પડી હોય તો તે વાત જુદી છે. નહિતર વારંવાર ઔષધ લેવા કરતાં ઋતુ અનુરૂપ ખાવાપીવામાં ફેરફાર કરવો ઇષ્ટ છે. આવો ફેરફાર કરવાથી જીવને અરુચિ ઉત્પન્ન થતી નથી, પરંતુ અધિક શાંતિ મળે છે.

જો તમારા શરીરમાં નવી વિકૃતિ થાય તો તે પ્રત્યે બેદરકારી ધારણ કરશો નહિ. તેના સંબંધમાં વૈદ્યની સલાહ લેશો. બિમારીમાં આરોગ્યપર લક્ષ્ય આપશો; અને નિરોગી સ્થિતિમાં વ્યાયામપર લક્ષ્ય આપશો. નિરોગી સ્થિતિમાં જે લોકો પોતાના શરીરને કષ્ટ સહન કરવાનો અભ્યાસ પાડે છે તેઓ બહુધા નાનાં નાનાં દુઃખોમાંથી માત્ર પથ્ય અને સંગોપનથી મુક્ત થાય છે. સેલસસ જણાવે છે કે આરોગ્ય રક્ષણ કરવાનો અને દીર્ઘાયુ થવાનો એક નિયમ એ છે કે માણસે એક બીજાથી વિરુદ્ધ કાર્યો ફેરબદલીથી અને વારાફરતી કરવાં; પરંતુ તેમાંથી જે હિતકર હોય તે પ્રત્યે અધિક લક્ષ્ય આપવું. અપવાસ કરવા અને ભરપેટ જમવું, પરંતુ ભરપેટ જમવું એ સારૂં છે. જાગરણ કરવું અને નિદ્રા લેવી; પરંતુ નિદ્રા લેવી સારી છે. સ્વસ્થ બેસવું અને વ્યાયામ કરવો, પરંતુ વ્યાયામ કરવો સારો છે, ઇત્યાદિ. આથી શરીરનું સંગોપન થાય છે અને કાંઈ પણ અડચણ આવી પડે ત્યારે તે સહન થઇ શકે છે. જો સેલસસ ડહાપણવાળો માણસ હોત તો માત્ર વૈદ્ય તરિકે તેણે આમ કહ્યું નહોત.

કેટલાક વૈદ્યો એવા મીઠાબોલા અને રોગીની ઇચ્છા પ્રમાણે ચાલનારા હોય છે કે અમુક ઉપાય કરવોજ જોઇએ એમ તેઓ સ્પષ્ટ રીતે કહી શકતા નથી, અને કેટલાક વૈદ્યો ઔષધ આપવાના કામમાં એટલા વૈદ્યકશાસ્ત્રોક્ત વિધિને અનુસરીને ચાલનારા હોય છે કે તેઓ રોગીની પ્રકૃતિ કેવી છે તેનો વિચારજ કરતા નથી. એટલા માટે વૈદ્ય બોલાવવો હોય તો આ ઉભય ગુણો જેનામાં હોય એવા વૈદ્યને બોલાવજો. જો તેવો વૈદ્ય પ્રાપ્ત ન થાય તો બે પ્રકારના બે વૈદ્યને બોલાવજો. તેમાંનો એક પોતાની વિદ્યામાં નિપુણ અને બીજો તમારી પ્રકૃતિ ઉત્તમ રીતે પારખે એવો હોવો જોઇએ, એ વાત વિસરશો નહિ.

(૩૧)

વહેમ.

પક્ષીઓમાં જેવાં વાગળાં હોય છે તેવા વિચારમાં વહેમ હોય છે; તેઓ હમ્મેશાં સંધિપ્રકાશમાં ઉડે છે. તેઓ જ્યાં હોય ત્યાંને ત્યાંજ તેમને દાબી દેવા જોઇએ; નિદાન તેમની ઉપર સખ્ત પહેરો તો રાખવોજ જોઇએ. કારણ કે તેમના યોગથી મતિ મંદ થાય છે, મિત્ર ત્યાગ કરી જાય છે અને કામ ખોળંબે પડે છે; કામ સુનિયંત્રિત રીતે અને નિરંતર ચાલતું નથી. વહેમને લીધે રાજાઓ જુલમી થાય છે, પતિ શંકિત થાય છે અને શાણા શાણા લોકો સુદ્ધાં અસ્થિરવૃત્તિના અને ઉદાસ બની જાય છે. વહેમ એ અંતઃકરણનો દોષ નથી; મસ્તિષ્કનો દોષ છે. તે ધીટ મનુષ્યના મનમાં સુદ્ધાં ઉત્પન્ન થાવ છે. આ વાતનું ઉદાહરણ ઈંગ્લાંડનો સપ્તમ હેન્રી છે. આ રાજા સમાન ધીટ બીજો કોઇ પણ નહોતો. પરંતુ તેના જેવો સંશયી પણ કોઇ નહોતો. બહુધા આવા સ્વભાવના મનુષ્યને જ્યારે વહેમ આવે છે ત્યારે તેના દ્વારા ઝાઝું અહિત થતું નથી; કારણ કે આવા માણસો સંશય ખરો છે કે નહિ તેનો વિચાર કરે છે. પરંતુ ડરપોક માણસના મનમાં વહેમનો પ્રવેશ અતિ શીઘ્ર થાય છે. થોડી માહિતી કિંવા થોડું જ્ઞાન એજ સંશયનું મુખ્ય કારણ છે. એટલા માટે સંશય આવે ત્યારે તેને મનમાં ને મનમાં દાબી નહિ રાખતાં અધિક માહિતી મેળવવી એજ એનો ઉપાય છે. મનુષ્યે અતિશય વહેમી શા માટે થવું જોઇએ? તે જેને નોકરીમાં રાખે છે કિંવા જેની સાથે વ્યવહાર કરે છે તે પ્રમાણિક છે એમ તેને લાગે છે કે? તે પોતાનોજ સ્વાર્થ સાધશે અને પોતાનાજ હિત તરફ અધિક લક્ષ્ય આપશે એમ તેને લાગતું નથી કે? એટલા માટે સંશય

ખરો છે એમ માનવું; પરંતુ ખોટો છે એવો નિગ્રહ કરીને ચાલવું; આ શિવાય તેને પોતાના તાબામાં રાખવાનો બીજો ઉત્તમ માર્ગ નથી. પરંતુ આપણો સંશય ખરો પડે તો પણ તે દ્વારા આપણું નુકસાન ન થવા પામે એટલી માત્ર ખબરદારી માણસે રાખવી.

જે સંશય મનમાં આપોઆપ ઉત્પન્ન થાય છે તે માખીની પેઠે માત્ર બણબણાટ કરનારા હોય છે; પરંતુ ચાડીઆ વગેરે લોકો કાનભંભેરણી કરીને જે વહેમ મનમાં ઘુસાડી દે છે તે દંશક હોય છે.

સંશય નષ્ટ કરવાનો ઉત્તમ ઉપાય એ છે કે જેના સંબંધમાં સંશય આવ્યો હોય તેને તે સ્પષ્ટ રીતે જણાવી દેવો. આથી સત્ય શું છે તે અવશ્ય સમજાશે. અને તે મનુષ્ય પોતાને વિષે પુનઃ સંશય આવે નહિ તે માટે સાવચેતી રાખશે. પરંતુ જે માણસો નીચ સ્વભાવના હોય છે તેમની સાથે આ રીતે વર્તવું ઇષ્ટ નથી. કારણ કે પોતાને વિષે સંશય ઉત્પન્ન થયો છે એમ તેમને એકવાર જણાયું કે તે પુનઃ કદિ પણ પ્રમાણિક થશે નહિ. ઇટાલિયન લોકોમાં એક એવી કહેવત છે કે " સંશયથી વિશ્વાસ નષ્ટ થાય છે." જાણે સંશય એ વિશ્વાસને નીકળી જવાને પરવાનોજ આપે છે ! વસ્તુતઃ એથી ઉલટો પ્રકાર બનવો જોઇએ. સંશય આવે તો તે નિરાધાર છે એમ દર્શાવવાને માટે વિશ્વાસ અધિક પ્રજ્વલિત થવો જોઇએ.

પરિશિષ્ટ.

(૧)*

સેપ્ટિકસ—ગ્રીસ દેશના તત્ત્વવેત્તાઓનો એક પંથ. આ પંથના લોકો નાસ્તિક હતા.

માન્ટિની—ફ્રાન્સ દેશનો એક નિબંધકાર.

---

(૨)

ઑગસ્ટસ સીઝર—રોમનો દ્વિતીય પાદશાહ એ જુલિયસ સીઝરની ભગિનીનો પુત્ર હતો. રોમન રાજ્યના સ્વામિત્વને માટે એની અને માર્કસ ઍન્ટોનિયસ (માર્ક ઍન્ટોની)ની વચ્ચે ઝઘડો થયો હતો. એ ઉભયની વચ્ચે ઍકિટયમ આગળ યુદ્ધ થયું. તેમાં ઍન્ટોનીનો પરાભવ થયો. ઑગસ્ટસ સ્વતઃ વિદ્યાભિલાષી અને વિદ્વાનોનો આશ્રયદાતા હતો.

ટિબેરિયસ—રોમનો તૃતીય પાદશાહ. પ્રથમ એની કારકીર્દિ સુખકર હતી, પરંતુ પાછળથી તે અતિશય જુલ્મી થઇ. સેજાનસ નામનો એક સરદાર એનો માનીતો હતો, તેની ઉપર સર્વ રાજ્ય-વ્યવસ્થાનો ભાર નાંખી ટિબેરિયસ એશઆરામમાં કાળ વ્યતીત કરવા લાગ્યો.

ટૅસિટસ—રોમન ઇતિહાસકાર.

વેસ્પેશિયન—રોમનો એક પાદશાહ. તે પ્રથમ એક સામાન્ય શિપાઇ હતો; પરંતુ પાછળથી તે સ્વપરાક્રમથી પાદશાહ થયો.

ગૅલ્બા—એ પણ આરંભમાં એક સામાન્ય શિપાઇ હતો, અને પાછળથી પોતાના પરાક્રમથી રોમનો પાદશાહ થયો હતો.

---

* આ અંક નિબંધનો અનુક્રમ દર્શાવે છે.

સેપ્ટિમિયસ સેવેરસ—એ પ્રથમ રોમમાં એક સાધારણ અમલદાર હતો, પરંતુ પાછળથી તે વધતાં વધતાં રોમનો પાદશાહ થયો. તે મહા વિદ્વાન હતો, પરંતુ ક્રૂર પણ અતિશય હતો. તેણે રોમના મોટા મોટા માણસોને વિનાકારણ મારી નંખાવ્યા અને તેમની સંપત્તિ લુટી લીધી. તેણે બ્રિટન પર આક્રમણ કર્યું હતું અને તે ત્યાંજ મરણ પામ્યો હતો.

સ્ટૉઇક—ગ્રીસ દેશના તત્ત્વવેત્તાઓનો એક પંથ. આ પંથના લોકો આસ્તિક હોઇ જ્ઞાનની શોધ કરનારા હતા. નિસર્ગના જ નિયમ પ્રમાણે રહેવું જોઇએ એવો તેમનો કટાક્ષ હતો. તેઓ એમ કહેતા હતા કે જ્ઞાની માણસ સુખ દુઃખાદિ દ્વંદ્વોમાંથી અને કામ ક્રોધાદિ વિકારોમાંથી મુક્ત હોય છે.

---

(૩)

સેન્ટપોલ—ઈશુ ખ્રિસ્તના બાર પટ્ટ શિષ્ય હતા તે પૈકી એક. તેને પ્રેષિત એવી સંજ્ઞા મળેલી છે.

રાબેલે—એક ફ્રેંચ ગ્રંથકાર. એ પ્રથમ પાદરી હતો. પરંતુ કાંઇક અપરાધ કર્યાથી એને કારાગૃહવાસ પ્રાપ્ત થયો હતો. ત્યાર પછી તેણે વૈદકનો અભ્યાસ કર્યો. તેણે એક ગ્રંથ લખ્યો છે તેમાં તેણે મોટા મોટાનો ઉપહાસ કર્યો છે.

યેહૂ અથવા જેહૂ—ઇસ્રાયલ લોકોનો રાજા જોરામ જ્યારે સિરિયાના રાજાની સાથે યુદ્ધ કરવામાં નિમગ્ન થયેલો હતો ત્યારે યેહૂ નામના એક ઇસ્રાયલે બંડ કરી જોરામ પર આક્રમણ કર્યું. જોરામ ઘાયલ થઇ એક શહેરમાં રહેલો હતો. તે શહેર તરફ યેહૂ જવા લાગ્યો. કિલ્લાપરના પહેરેદારોએ જોરામને ખબર આપી કે સૈન્યની એક ટુકડી આવે છે. ત્યારે જોરામે તપાસ કરવાને માટે

એક રથ મોકલ્યો. રથપરના માણુસે યેહૂને પૂછ્યું " સર્વત્ર શાંતિ છે ને ? " યેહૂ બોલ્યો " તારે શાંતિ સાથે શું કામ છે ? મારી પાછળ આવ " મહેરેદારોએ જોરામને જણાવ્યું કે તપાસ કરવા ગયેલો માણુસ સૈન્યની ટુકડી પાસે જઇ પહોંચ્યો છે, પરંતુ તે પાછો ફર્યો નથી. ત્યારે જોરામે બીજો માણુસ મોકલ્યો. તેની પણુ તેજ ગતિ થઇ. પછી જોરામ સ્વતઃ રથમાં બેસીને નીકળ્યો. તેણે યેહૂને જોઇ પ્રશ્ન કર્યો " યેહૂ, સર્વત્ર શાંતિ છે ને ? " યેહૂ બોલ્યો "તારી માના પાપાચરણુ અને દુષ્ટ કામો ચાલતાં હોય ત્યાં શાંતિ કેવી ? " આ સાંભળી જોરામ પાછો ફર્યો અને નાશવા લાગ્યો. પરંતુ યેહૂએ પોતાના ધનુષ્ય પર બાણુ ચઢાવી જોરામ પર છોડયું. તે જોરામના મર્મસ્થાનમાં વાગ્યું અને તે મરણુ પામ્યો.

આગામૅમનોન—આરગૉસનો રાજા મેનેલાસ તેનો બંધુ હતો. મેનેલાસની સ્ત્રી હેલેન અત્યંત સુંદર હતી. તેને ટ્રૉયનો રાજકુમાર પારિસ નસાડી લઇ ગયો. ત્યારે સમસ્ત ગ્રીક લોકોએ એકત્રિત થઇ ટ્રૉયપર આક્રમણુ કર્યું. આગામૅમનોન એ ગ્રીક સૈન્યનો અધિપતિ હતો. એક સ્થાને તેની નૌકા આગળ ચાલતી નહોતી. ત્યારે ડિયાના દેવી ક્રોધિત થઇ છે એમ ધારી તેના ક્રોધની શાંતિ અર્થે તેણે મિત્રમંડળીના આગ્રહથી પોતાની પુત્રી ઇફિજીનિયાનું બલિદાન આપ્યું.

આનાબૅપ્ટીસ્ટ—ખ્રિસ્તી ધર્મનો એક પંથ. આ પંથના લોકો બૅપ્ટિઝમ વિધિ સ્વિકારતા નથી.

પવિત્ર આત્મા કબુતરરૂપે ઇત્યાદિ—ઈશુ ખ્રિસ્તે જાર્ડન નદિમાં સ્નાન કરી બેપ્ટિઝમ લીધું ત્યાર પછી દેવનો પવિત્ર આત્મા કબુતરરૂપે તેની ઉપર ઉતર્યો એવી બાઇબલમાં કથા છે.

પ્રેષિત—સૅન્ટપૉલ જુઓ.

(४)

સૉલોમન—ઈઝ્રાયલોના રાજા દાઉદનો દીકરો.

સીઝર—જુલિયસ સીઝર. એ રોમનો એક સરદાર હતો. તેણે પુષ્કળ યુદ્ધો જીત્યાં અને રાજ્યમાં પ્રથમ પદ મેળવ્યું. તેના સમય પર્યંત રોમનું રાજ્ય પ્રજાસત્તાત્મક હતું. પરંતુ સીઝર પોતાને પાદશાહ કહેવરાવવા લાગ્યો. કેટલાકને તેનું આ કામ પસંદ પડ્યું નહિ. તેમણે તેને ઠાર મારવાનું કાવતરું રચ્યું. તેમાં તેનો મિત્ર બ્રૂટસ પણ હતો. તેણે તેને સેનેટ સભામાં ઠાર કર્યો. તેનું વૈર તેના ભાણેજ ઑગસ્ટસ સીઝરે લીધું.

પર્ટિનૅક્ષ—એ એક કોલસાના વ્યાપારીનો પુત્ર હતો. કેટલાક સમય પર્યંત તેણે શિક્ષકનો ધંધો કર્યો હતો. પરંતુ અંતે સૈન્યમાં નોકરી ગ્રહણ કરી પોતાના શૌર્યથી તેણે મહાન કીર્તિ સંપાદન કરી; અને છેવટે તે રોમનો પાદશાહ થયો. મારાઓએ તેને ઠાર માર્યો.

તૃતીય હેન્રી—ફ્રાયર ક્લેમંટ જુઓ.

---

(૫)

સેનેકા—એક રોમન તત્ત્વવેત્તા. એ **નીરો** પાદશાહનો શિક્ષક હતો. **નીરો** સિંહાસનારૂઢ થયો તત્પશ્ચાત્ તેણે **સેનેકા** એક કાવતરામાં શામેલ છે એવા સંશયથી તેને મારી નંખાવ્યો.

પ્રોમિથિયસ—એ અત્યંત લુચ્ચો માણસ હતો. તેણે જુપિટરને સુદ્ધાં છેતર્યો હતો. આથી તે દેવની આજ્ઞાથી તેને કૉકેસસ પર્વત-પર બાંધી રાખવામાં આવ્યો અને એક ગીધ આવી તેના કાળજાનું માંસ તોડી તોડીને ખાવા લાગ્યો. તેને હર્ક્યુલીસે છોડવ્યો.

હર્ક્યુલીસ—પ્રાચીન કાળનો એક વીર શિરોમણી. એણે બાર મહાન કાર્યો કર્યાં હતાં.

જૂનો કરાર અને નવો કરાર—બાઇબલના બે ભાગ છેઃ જૂનો કરાર અને નવો કરાર. જૂનો કરાર ખ્રિસ્તની પૂર્વેનો અને નવો કરાર તેની પછીનો.

દાઉદ—યાહુદી લોકોનો એક રાજા. સૉલૉમન એનો પુત્ર હતો.

યોબ અથવા જોબ—એક યાહુદી. એ અત્યંત દુઃખિત માણુસ હતો. પરંતુ પરમ ધૈર્યશાલી અને સહનશીલ હતો.

(૬)

ઑગસ્ટસ, ટિબેરિયસ અને વેસ્પેશિયન—જુઓ ઑગસ્ટસ સીઝર.

વિટેલિયસ—રોમનો એક પાદશાહ. એ પાદશાહ સ્વચ્છંદી હતો તેથી લોકોએ તેને પદભ્રષ્ટ કરી વેસ્પેશિયનને પાદશાહ બનાવ્યો.

(૮)

યુલિસિસ—ઇથાકાનો રાજા. તે પર્યટન કરતો હતો તે સમયે એક દેવી તેના પર આસક્ત થઈ. પરંતુ તેની સાથે આયુષ્ય વ્યતીત કરવાનું છોડી તે સ્વરાજ્યમાં પાછો આવ્યો.

થેલીસ—એક ગ્રીક તત્ત્વવેત્તા અને ગણિત શાસ્ત્રી. ગ્રીસમાં જે સાત બુદ્ધિમાન પુરુષો થયા તેમાં એનો પ્રથમ નંબર હતો.

(૯)

નારસિસ—એ ઇરાનનો એક ષંઢ હતો. તે રોમન સૈન્યમાં મોટો સેનાપતિ હતો. તેણે ગૉથ લોકોનો પરાભવ કર્યો.

આગેસિલોસ—સ્પાર્ટાનો રાજા. એ શરીરે કદરૂપો, ઠીંગણો અને લંગડો હતો; પરંતુ અત્યંત શૂર અને ઉદાર હતો.

આડ્રિયન—રોમનો એક પાદશાહ.

(૧૦)

માર્કસ ઑન્ટોનિયસ (માર્ક ઑન્ટોનિ)—એ સીઝરના સમ-

યમાં એક સરદાર હતો. **સીઝરના** મરણ પશ્ચાત્ તેની મહત્વાકાંક્ષા વૃદ્ધિંગત થઇ અને તેને રાજ્ય પ્રાપ્તિની ઇચ્છા ઉત્પન્ન થઇ. **ઑગસ્ટસ સીઝર** તેનો પ્રતિસ્પર્ધી હતો. તેમની વચ્ચે એવો ઠરાવ થયો કે રોમનું અર્ધું (પશ્ચિમ તરફનું) રાજ્ય ઑગસ્ટસે લેવું અને અર્ધું (પૂર્વ તરફનું) ઍન્ટોનિએ લેવું. પાછળથી ઇજીપ્ટની ગણી ક્લિયોપેટ્રા તેનાપર મોહિત થઇ અને ઍન્ટોની તેની સાથે એશઆરામમાં કાળ વ્યતીત કરવા લાગ્યો. તેનું આ કામ સેનેટ સભાને પસંદ પડયું નહિ. અને તેણે ક્લિયોપેટ્રાપર આક્રમણ કર્યું. આકિટયમ આગળ લડાઇ થઇ. તે સમયે ઍન્ટોનિ નાશી ગયો અને અંતે તેણે આત્મહત્યા કરી. જુઓ ઑગસ્ટસ સીઝર.

આપિયસ ક્લૉડિયસ—રોમમાં "દસમવીર" એ નામના જે અમલદારો હતા તે પૈકી એક. રોમન સૈન્યમાં વર્જીનિયસ નામનો એક સરદાર હતો તેની વર્જીનિયા નામની એક સુંદર કન્યા હતી. તેને પ્રાપ્ત કરવાને માટે ક્લૉડિયસે દરેક પ્રકારની યુક્તિ અજમાવી. પરંતુ તે સચ્ચારિત્ર હોવાથી તેની સર્વ યુક્તિઓ નિષ્ફળ થઇ, અંતે તેણે એક હલકા મનુષ્ય દ્વારા એવી ફરિયાદ કરાવી કે વર્જીનિયા એ મારી દાસી કન્યા છે અને તેને મારા હવાલામાં સોંપવી. ફરિયાદની તપાસ દસમવીરોએ કરી તેમાં ક્લૉડિયસ પણ હતો. તેમણે એવો ઠરાવ કર્યો કે ફરીઆદપક્ષ પોતાના સબળા પુરાવા એકઠા કરે ત્યાં સુધી વર્જીનિયાને વાદીના કબજામાં સોંપવી. આ વાતની તેના પિતાને ખબર પડતાંજ તે આવ્યો અને તેણે દસમવીરોને પોતાનો ઠરાવ ફેરવવાને પ્રાર્થના કરી પરંતુ તેમણે ઠરાવ ફેરવ્યો નહિ. ત્યારે તેણે વર્જીનિયાના હૃદયમાં કટારી મારી તેના પ્રાણ લીધા. સૈન્યે બંડ કર્યું. ક્લૉડિયસને તુરંગવાસ પ્રાપ્ત થયો અને તે ત્યાંજ મરણ પામ્યો.

હેલેન, જુનો અને પાલાસ—એકવાર સ્વર્ગમાં એક દેવનું

લગ્ન હતું. તે સમારંભમાં સર્વ દેવોને આમંત્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ ડિસ્કૉર્ડિયા નામની એક કલહપ્રિયા દેવી હતી તેને માત્ર આમંત્રણ કરવામાં આવ્યું નહોતું. આથી વૈર લેવાને માટે તેણે લગ્ન સમારંભમાં એક સુંદર સુવર્ણ ફલ નાંખ્યું; આ ફલપર નીમ્ન લીખિત શબ્દો હતા. "તમારામાં જે સુંદર હોય તેણે મને લેવું" ત્યારે સમસ્ત દેવ-સ્ત્રીઓ વચ્ચે સ્પર્ધા શરૂ થઈ. જે તે હું સુંદર છું એમ કહી ફલ માગવા લાગી. પરંતુ અંતે જુનો, વિનસ અને પાલાસ (મિનર્વા) એમની વચ્ચેંજ વાદ આવી અટક્યો. કેમે કરતાં વાદ મટતો નહોતો. આવી નાજુક બાબતનો નિકાલ કરવાનું કોઇ પણ દેવ માથે લેતો નહોતો. અંતે આ કામ ટ્રોયના રાજા પ્રિયામના પુત્ર પારિસને સોંપવાનો ઠરાવ કરવામાં આવ્યો. તેની આગળ તે ત્રણે સ્ત્રીઓ વસ્ત્રહીન દશામાં ઉભી રહી અને પોતપોતાનું સૌંદર્ય બતાવવા લાગી. એટલું જ નહિ પરંતુ પ્રત્યેક સ્ત્રીએ પોતાની તરફેણમાં ફેંસલો કરવામાં આવે એટલા માટે પારિસને એક એક બક્ષિસ આપવાનું અભિવચન આપ્યું. જુનોએ રાજ્ય આપવાનું કહ્યું, પાલાસે લશ્કરી વૈભવ આપવાનું કહ્યું અને વિનસે જગતની એક અત્યંત સુંદર સ્ત્રી આપવાનું કહ્યું. પારિસે તેમનું કહેલું સાંભળી લઇ વિનસ સર્વથી સુંદર સ્ત્રી છે અને તેનેજ સુવર્ણ ફલ મળવું જોઇએ એવો ઠરાવ કર્યો. આથી બીજી બે સ્ત્રીને ક્રોધ ઉત્પન્ન થયો. ત્યાર પછી પારિસ વિનસની સાહાય્યથી હેલેન નામની અત્યંત સુંદર સ્ત્રી નસાડી લઇ ગયો. તેથી રણસંગ્રામ થયો અને પર્વસ્વ સહિત ટ્રોય રાજ્યનો ધ્વંસ થયો. જુઓ (૩) આગામેમનોન.

(૧૨)

ડિમૉસ્થિનીસ—એક ગ્રીક વક્તા.

(૧૩)

નિકોલસ માકિયાવેલી—એક ઇટલિયન ગ્રંથકાર.

(૧૫)

સુલા કિંવા સિલા—એક રોમન સેનાપતિ. તે મોટા મોટા હોદ્દા ભોગવી અંતે ડિક્ટેટર થયો હતો. તેની કારકીર્દિ ઘણી જુલમથી ભરેલી હતી. તે અત્યંત દુરાચરણી હતો.

(૧૬)

લુસિપ્પસ—એક ગ્રીક તત્વવેત્તા. તે ઝીનોનો શિષ્ય હતો.

ડિમોક્રીટસ—એ ઝીનોનોજ શિષ્ય હતો. ઝીનો પરમાણુવાદનો આદિ સ્તંભ હતો. જગત્ સૂક્ષ્મ પરમાણુઓનું બનેલું છે એવી તેમની માન્યતા હતી. આ પરમાણુમાં ચલનશક્તિ કલ્પી એટલે ઈશ્વરની ગરજ નથી એમ તેઓ માનતા હતા.

એપિક્યુરસ—એક ગ્રીક તત્ત્વવેત્તા. તેનો મત એવો હતો કે સર્વ વસ્તુઓ નિસર્ગથી બને છે. ઈશ્વરની ઝાઝી જરૂર નથી. અને પ્રાપ્ય વસ્તુ માત્ર સુખજ છે. આનો અર્થ તેના પંથના લોકો ભલતોજ કરી ખાવું, પીવું અને મોજ કરવી એજ જીવનની ઇતિ કર્તવ્યતા છે એમ માનવા લાગ્યા.

પ્લેટો—એક ગ્રીક તત્ત્વવેત્તા. એ સૉક્રેટિસનો શિષ્ય હતો. તે મહાવિદ્વાન્ અને પરમ આસ્તિક હતો.

ડિઆગોરાસ—એ ડિમોક્રીટસનો શિષ્ય હતો. તેને "નાસ્તિક" એવું ઉપનામ મળ્યું હતું.

બાયન—સિથિયા પ્રાંતનો એક તત્ત્વવેત્તા. તે ઇશ્વરપર ઝાઝી શ્રદ્ધા રાખતો નહોતો.

લુશિયન—એક ગ્રીક ગ્રંથકાર. એ ટઠ્ઠાખોર અને નિંદક હતો. એના લેખો બહુધા અશ્લીલ છે.

સેન્ટ બર્નાર્ડ—એક ખ્રિસ્તી ઉપદેશક.

સિસરો—એક રોમન વક્તા અને ગ્રંથકાર.

(૧૭)

પ્લૂટાર્ક—એક ગ્રીક ગ્રંથકાર.

(૧૯)

નીરો, ડોમિશિયન, કોમોડસ, કારાકાલા, ડાયોક્લિશન—રોમના પાદશાહો.

એલેકઝાંડર (સિકંદર)—મેસેડોનનો રાજા; એણે હિંદુસ્થાન પર આક્રમણ કર્યું હતું.

પંચમ ચાર્લ્સ—સ્પેનનો રાજા.

આપોલોનિયસ—સ્ટૉઇક પંથનો એક તત્ત્વવેત્તા.

લિવિયા—રોમના ઑગસ્ટસ પાદશાહની સ્ત્રી.

મહાન કૉન્સ્ટૅન્ટિનસ—રોમના અગાધ સામ્રાજ્યના બે ભાગ થયા હતા. એક પૂર્વ તરફનો અને બીજા પશ્ચિમ તરફનો. કૉન્સ્ટૅન્ટિનસ એ પૂર્વ ભાગનો રાજા હતો. તેણે ખ્રિસ્તી ધર્મ સ્વિકાર્યો હતો; અને ત્યારથી તે ધર્મને રાજાશ્રય મળવાથી તે અતિ વિસ્તાર પામ્યો. તેણે કૉન્સ્ટૅન્ટિનોપલ શહેરની સ્થાપના કરી. ક્રિસ્પસ એ તેનો એક પુત્ર હતો. તે પોતાની સાપત્ન માતા સાથે આડો વ્યવહાર રાખે છે એવા સંશયથી પાદશાહે તેને મારી નંખાવ્યો.

જુલિયાનસ—મહાન કૉન્સ્ટૅન્ટિનસના બંધુનો પુત્ર. એ પ્રથમ નામ માત્રનો ખ્રિસ્તી હતો. પરંતુ રાજ્યાસન મળ્યા પછી તેણે પ્રકટ રીતે ખ્રિસ્તી ધર્મનો ત્યાગ કર્યો.

સલીમ પહેલો—તુર્કસ્તાનનો પાદશાહ અને દ્વિતીય બયાઝેતનો પુત્ર. તેણે પોતાના પિતાને પદચ્યુત કરી તેને ઠાર મરાવ્યો; અને પોતાના બંધુઓના પણ પ્રાણ લીધા.

આન્સેલ્મસ—ઇંગ્લાંડના રાજા દ્વિતીય વિલિયમ અથવા વિલિયમ રૂફસની કારકીર્દિમાં એ મુખ્ય ધર્માધિકારી હતો. વિલિયમ રાજા પાદરીઓનો વિરોધી હતો. તેની અને આન્સેલ્મસની વચ્ચે કલહ થયા કરતો હતો.

ટૅામસ-આ-બૅકેટ-ઈંગ્લાંડના રાજા દ્વિતીય હેન્રીની કારકીર્દિમાં એ મુખ્ય ધર્માધિકારી હતો. તેની અને રાજાની વચ્ચે નિત્યકલહ થયા કરતો હતો.

(૨૨)

મેસાલીના, સિલિયસ અને ક્લૅાડિયસ—ક્લૅાડિયસ રોમનો પાદશાહ હતો. મેસાલીના તેની સ્ત્રી હતી. તે અત્યંત વ્યભિચારિણી હતી. સિલિયસ તેનો યાર હતો. ક્લૅાડિયસે તેની સાથે છૂટા છેડા કર્યા ત્યાર પછી તેણે સિલિયસની સાથે લગ્ન કર્યું.

(૨૬)

પિસો—રોમ શહેરનો એક મોટો ગૃહસ્થ.

(૨૭)

ઍરિસ્ટોટલ—એક ગ્રીક તત્ત્વવેત્તા. એ પ્લૅટોનો શિષ્ય હતો.

એપિમેનિડેસ—એક પ્રાચીન કવિ. ગ્રીસ દેશના સાત બુદ્ધિમાન પુરુષોમાં તેની ગણના થતી હતી. તે એક ગુહામાં ૫૭ વર્ષ પર્યંત ઉંઘતો પડી રહ્યો હતો એવી દંતકથા પ્રચલિત છે.

નૂમા—રોમનો દ્વિતીય પાદશાહ. એ પરમ ધર્મશીલ હતો.

એમ્પેડોકલીસ—એક તત્ત્વવેત્તા. એ પાઇથેગોરાસનો અનુયાયી હતો.

આપોલોનિયસ—પ્રાચીન કાળનો એક જ્ઞાની જુઓ (૧૯)

સુલા—જુઓ (૧૫)

પામ્પી—રોમમાં પહેલી ટ્રિયેમવિરેટ (ત્રયી) થઇ તે પૈકી એક. તેમાં બીજા સભાસદો **સીઝર** અને **ક્રાસસ** એ હતા. પામ્પી અને **સીઝર**ની વચ્ચે પ્રથમ સ્નેહ હતો અને **સીઝરે** પોતાની પુત્રી પામ્પીને આપી હતી. પાછળથી તેઓ પ્રતિસ્પર્ધી થયા. ફારસેલિયા આગળ ઉભય વચ્ચે લડાઇ થઇ, તેમાં પામ્પીનો પરાભવ થયો.

ડૉસમસ બ્રૂટસ:—જુઓ (૪) સીઝર.

ટિબેરિયસ, સેજાનસ—જુઓ (૨)

ટ્રાજાન—રોમનો પાદશાહ. એ શૂર અને લોકપ્રિય હતો. પરંતુ તેણે ખ્રિસ્તીઓપર અત્યાચાર કર્યો હતો.

ફૉમિનિયસ અથવા કામીન (ફિલિપ)—એક ફ્રેંચ ઇતિહાસકાર. એ પ્રથમ બર્ગન્ડીના ડયુક ચાર્લ્સની પાસે હતો. પરંતુ પાછળથી તેણે ફ્રાન્સના પાદશાહ અગીઆરમા લુઇની નોકરી સ્વિકારી.

પાઇથેગોરાસ—એક ગ્રીક તત્ત્વવેત્તા. તેણે એશિયાખંડમાં પુષ્કળ પ્રવાસ કર્યો હતો અને તે હિંદુસ્થાનમાં આવેલો હોવો જોઇએ. સૂર્ય સ્થિર છે અને પૃથ્વી તેની આસપાસ ફરે છે એવો તેનો મત હતો. વળી મનુષ્યને પુનર્જન્મ પ્રાપ્ત થાય છે અને માણસે માંસ ભક્ષણ કરવું નહિ એમ પણ તે પ્રતિપાદન કરતો હતો.

થેમિસ્ટોક્લિસ—ઍથેન્સનો એક વિખ્યાત સેનાની.

હેરાક્લિટસ—એક ગ્રીક તત્ત્વવેત્તા. તેને એકાંતવાસ ઘણો પસંદ હતો. તે લોકોની મૂર્ખતા જોઇ રોતો હતો, તેથી તેને "શોકાકુલ" એવું ઉપનામ પ્રાપ્ત થયું હતું.

(૨૯)

વર્જીલ—એક રોમન કવિ. તેણે લૅટિન ભાષામાં " એનિયડ " નામનું કાવ્ય રચ્યું છે. કાવ્યનો નાયક એનિયાસ છે. તે પરથીજ કાવ્યને 'એનિયડ' એ નામ આપવામાં આવ્યું છે.

ક્રીસસ—લીડિયા (એશિયા માઇનર) પ્રાંતનો અંતિમ પાદશાહ. તે અત્યંત ધનાઢ્ય હતો. પાછળથી તેને ઈરાનના પાદશાહ સાયરસે જીત્યો હતો.

સોલન—અથેન્સનો એક તત્ત્વવેત્તા. ગ્રીસદેશના સાત બુદ્ધિમાન પુરુષોમાં એની ગણના થતી હતી.

જૂડા, ઇસાકાર—એ ઇસ્રાયલ લોકોમાં બે આગેવાન પુરૂષો હતા. જૂડાના વંશજો શૂર નિપજ્યા. અને ઇસાકારના વંશજોના ભાગ્યમાં વૈતરૂંજ આવ્યું.

નેબુકાડનેઝાર—બાબિલોનનો રાજા. તેણે સ્વપ્નમાં એક અત્યંત વિશાળ વૃક્ષ જોયું. તે વૃક્ષ પૃથ્વીના મધ્યભાગમાં હતું. અને તે આકાશ પર્યંત ઉંચું હતું. તેનાં પત્રો પરમ સુંદર હતાં. અને તે ફળોથી ભરેલું હતું. એટલામાં આકાશમાંથી એક માણસ આવ્યો અને બોલ્યો "આ વૃક્ષને તોડી નાંખ, એની શાખાને કાપી નાંખ અને એનાં પત્રોને ખંખેરી નાંખ, માત્ર એના થડને રહેવા દે." ભવિષ્ય વેત્તા ડૅનિયલે રાજાને આ સ્વપ્નનો અર્થ એવો જણાવ્યો કે "વૃક્ષ તે તુંજ. તારૂં રાજ્ય અત્યંત વિસ્તીર્ણ થયું છે. પરંતુ પ્રભૂ તેનો નાશ કરશે અને તને વિપત્તિ પ્રાપ્ત થશે. પરંતુ તારૂં રાજ્ય સંપૂર્ણતઃ નષ્ટ થશે નહિ. તેનું મૂળ રહેશે અને તે વિસ્તીર્ણ રાજ્ય તને પુનઃ પ્રાપ્ત થશે."

પ્રૅગ્મૅટિકલ સૅંકશન—સ્પેનનો રાજા ચતુર્થ ફિલિપ સિંહાસનપર આરૂઢ થયો ત્યાર પછી થોડાજ દિવસમાં તેણે એવો હુકમ ફરમાવ્યો કે જે કોઇ લગ્ન કરશે તેને કેટલાક હક્ક આપવામાં આવશે; અને જેને છ સંતાનો થશે તેને વિશેષ હક્ક આપવામાં આવશે. આજ હુકમને પ્રગ્મૅટિકલ સૅંકશન કહેવામાં આવે છે.

આક્ટિયમનું યુદ્ધ—આ યુદ્ધ ઑગસ્ટસ અને **માર્ક** ઍન્ટોનિની વચ્ચે થયું હતું. જુઓ **ઑગસ્ટસ** (૨) અને **માર્ક ઍન્ટોનિ** (૧૦)

લેપાન્ટોનું યુદ્ધ—તુર્ક લોકોની નૌકાસેના અને સ્પેનિશ લોકોની નૌકાસેના વચ્ચે આ યુદ્ધ થયું હતું.

(૩૦)

સેલ્સસ—એક વિખ્યાત રોમન વૈદ્ય.

"અન્યોને કોઈ પણ પ્રકારની સાહાય્ય બદલાની કાંઇ પણ આશા રાખ્યા વિના કરવી એ સામાજિક સેવા કરવાની ઇચ્છા રાખનાર પ્રત્યેક મનુષ્યનો મૂળ સિદ્ધાંત હોવો જોઇએ. જ્યાં સુધી આવો હેતૂ રાખવામાં આવતો નથી ત્યાં સુધી કરેલી સેવા ઇષ્ટ ફળને ઉપજાવતી નથી. કૈ. મહાદેવ ગોવિંદ રાનાડેને એક ક્ષુદ્ર મજુરણને માથે ટોપલો ચઢાવતાં કાંઇ પણ સંકોચ થયો નહોતો. જો આપણા દેશના પ્રત્યેક માણસનું હૃદય આવું બની જાય તો આપણે કેટલા ઉન્નત બની શકીએ ? અર્થશાસ્ત્રીઓ અને શુષ્કપંડિતો લોકોને જડવાદ સમજાવે છે અને થોડી મહેનતે વિશેષ નાણું કેમ એકત્રિત કરી શકાય તેના માર્ગ બતાવે છે. પરંતુ તેમની આ નીતિ અંતે પ્રજાને નાશના માર્ગ તરફજ દોરી લઇ જાય છે. આ સ્વાર્થિના અત્યંત નુકશાનકારક છે.

જડવાદ મનુષ્યને ઉદ્યમ કરતાં શીખવે છે, એ વાત ખરી, પરંતુ તે તેને સ્વાર્થી બનાવે છે. મનુષ્યે પોતાના ઉદ્યમનું ફળ માત્ર પોતેજ ન ભોગવતાં દુર્ભાગી લોકોને પણ તે દ્વારા આશ્રય આપવો જોઇએ. સંસારની રચના એવી છે કે કેટલાક માણસોને વગર મહેનતે દ્રવ્ય મળે છે અને કેટલાક માણસો મહેનત કરી કરીને મરી જાય તો પણ તેઓ પૈસાનું સુખ જોતા નથી. આવી સ્થિતિમાં આપણા દુર્ભાગી અને લાચાર બંધુઓ તરફ સહાનુભૂતિ અને દયાની દ્રષ્ટિથી જોવું એ આપણું પરમ કર્તવ્ય છે. જો પ્રત્યેક માણસને તેના પરિશ્રમનું યોગ્ય ફળ મળતું હોય, જો પ્રત્યેક માણસ આ જગતરૂપી સમરાંગણ પર એક સરખાં હથિયાર સહિત ઉતરતો હોય, તો કદાચ

શુષ્કપંડિતો એમ કહી શકે કે સૌ સૌનું ફોડી લેશે. પરંતુ વસ્તુ-સ્થિતિ તેથી સર્વથા વિપરીત છે. રંક માબાપના મહાબુદ્ધિશાળી પુત્રો દશબાર રૂપરડીની નોકરીમાં અથડાય છે અને શ્રીમંત પિતાના મૂર્ખ પુત્રો હજારો રૂપિઆનો પગાર ખાય છે. કુલ અને જાતિ ડગલે ડગલે બુદ્ધિના માર્ગમાં વિઘ્ન નાંખે છે. આવી સ્થિતિમાં શ્રીમંતોએ રંકોને દ્રવ્ય અથવા દ્રવ્યદ્વારા મળતાં ઉપયુક્ત સાધનોની સાહાય્ય કરવી અને પંડિતોએ રંકોને મુફ્ત જ્ઞાનદાન કરવું, એ તેમની ફરજ છે.

આ પ્રકારની સેવા કરવાનો માર્ગ જગતના મહાપુરૂષો આપણને બતાવી ગયા છે. આપણા **શ્રીરામચંદ્ર**, **શ્રીકૃષ્ણ ભગવાન**, મહાત્મા **ગૌતમ બુદ્ધ**, **શ્રીમચ્છંકરાચાર્ય**, પ્રભૃતિ તથા પરકીય **ક્રાઇસ્ટ** પ્રભૃતિ મહાત્માઓ આજ માર્ગનું અવલંબન કરી ગયા છે. તેઓ પરને કાજે જીવતા હતા—પોતાને માટે નહિ. માત્ર પૈસોજ ભેગો કરવાની અધમાધમ વૃત્તિ લઈ બેઠેલા શ્રીમંતોને આ મહાત્માઓનાં જીવન ચરિત્ર જાણવાની પરમાવશ્યકતા છે. જ્યાં સુધી આ પશુતા દૂર થશે નહિ ત્યાંસુધી કદિ પણ આપણી ઉન્નતિ થઇ શકનાર નથી."

અમદાવાદ, આર્યસમાજ મંદિરમાં રા. રા. રત્નસિંહ દીપસિંહ પરમારે "સામાજિક સેવાની અગત્ય" એ વિષય પર આપેલા વ્યાખ્યાનમાંથી ઉધ્ધૃત.

અલૌકિક જ્ઞાન ભંડાર! અદ્‌ભુત જ્ઞાન મંજુષા!
અપૂર્વ સાહિત્ય! અનન્ય વિજ્ઞાન!

ઉપયોગી જ્ઞાનમાળા.

આ માળા દ્વારા પ્રથમ વર્ષમાં નીચે લીખિત પુસ્તકો આપવામાં આવશે.

(૧) **બેકનના નિબંધો**—અંગ્રેજી ભાષામાં 'બેકનના નિબંધો' એટલા પ્રસિદ્ધ છે કે તેની પ્રશંસા કરવી એ શુદ્ધ સુવર્ણ ઉપર ઢોળ ચઢાવવા સમાન છે. બેકને આ નિબંધો લખ્યા તે લોકોને એટલા બધા પસંદ પડ્યા કે તેના જીવનકાળમાંજ તેનો અનુવાદ લૅટિન, ફ્રેંચ, ઇટાલિયન, પ્રભૃતિ ભાષાઓમાં થઇ ગયો. અંગ્રેજ વિદ્વાનો આ નિબંધોને પરમ આદર દૃષ્ટિથી જુએ છે અને વારંવાર બેકનના કથનનાં દૃષ્ટાંતો આપે છે. આ નિબંધોનો અમે ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો છે અને તે 'ઉપયોગી જ્ઞાનમાળા'ના પ્રથમ મણકા તરીકે આપવાનો છે.

(૨) **યૂરોપી મહાવિગ્રહ**—સાંપ્રત ચાલતી યૂરોપી લડાઇનાં અંતસ્થ કારણો શું છે, જર્મની કેટલા કાળથી વિવિધ દિશામાં કેવી પ્રવૃત્તિ કરી રહ્યું છે, તેણે ફ્રાન્સ તથા ઈંગ્લાંડમાં જાસુસોની જાળ કેવી રીતે ફેલાવી દીધી હતી વગેરે અનેક પ્રકારની માહિતી આ પુસ્તક દ્વારા મળશે.

(૩) **સ્વામી દયાનંદ સરસ્વતિનું જીવનચરિત્ર**—આ મહાત્માના નામથી હિંદનો કયો માણસ અજ્ઞાત છે? આ મહાપુરૂષનું જીવનચરિત્ર હજી ગુજરાતી ભાષામાં બહાર પડ્યું નથી, અને અમે એ જીવનચરિત્ર અમારા ઉપયોગી જ્ઞાનમાળાના ગ્રાહકોને આપવાનું બીડું ઝડપ્યું છે. ધર્મોપદેશક કેવા હોવા જોઇએ તેનો આદર્શ આપણને સ્વામી દયાનંદજ પૂરો પાડે છે, તો આ પુસ્તક ગુજરાતની પ્રજાને કેટલું ઉપયોગી છે તેની કલ્પના આપ સહજ કરી શકશો.

૪) **મણિપૂર ચક્ર**—આ એક યોગ સંબંધી પુસ્તક છે અને

મણિપૂરચક્ર વા સૂર્યચક્રનો વેધ કરવાથી ચિત્તને કેવી શાંતિ પ્રાપ્ત થાય છે, આત્માને કેવું બળ પ્રાપ્ત થાય છે અને શરીર કેવું સુદૃઢ થાય છે તે એમાં દર્શાવવામાં આવેલું છે. યોગાભ્યાસીઓને માટે આ પુસ્તક અમૂલ્ય છે.

(૫) **ભારતવર્ષનો પ્રાચીન ઇતિહાસ**—આપણા દેશ ઉપર આ સાધારણ આક્ષેપ છે કે એનો પ્રાચીન ઇતિહાસ છેજ નહિ. પરંતુ હરદ્વાર ગુરૂકુળના પ્રૉફેસર રામદેવે આ આક્ષેપને અસત્ય ઠરાવ્યો છે અને તેમણે હિંદી ભાષામાં આર્યાવર્તનો પ્રાચીન ઇતિહાસ અનેક સંસ્કૃત ગ્રંથોને આધારે લખી બહાર પાડ્યો છે. આ પુસ્તકનું ભાષાંતરજ ઉપયોગી જ્ઞાનમાળાના ગ્રાહકોના કરકમલમાં સાદર કરવામાં આવશે.

તદુપરાંત, **શ્રી રામકૃષ્ણ પરમહંસનું વિસ્તૃત જીવન ચરિત્ર, તેમનું ઉપદેશામૃત, સ્વામી વિવેકાનંદનાં ભાષણો તથા અત્યાર સુધી નહિ પ્રકટ થયેલા એવા પત્રો, તેમનું વિસ્તૃત જીવનચરિત્ર, મહાત્મા ગોખલેનું જીવનચરિત્ર તથા તેમનાં ભાષણો અને લેખો, મહાત્મા ગાંધીનું જીવન ચરિત્ર, તેમજ ઈતર સ્વદેશભક્તોનાં જીવનચરિત્રો અને ભાષણો, સુપ્રસિદ્ધ અમેરિકન લેખક માર્ડનનાં આત્મબળને દૃઢ કરનારાં પુસ્તકોનાં ભાષાંતરો, ઈત્યાદિ અસંખ્ય ઉત્તમોત્તમ પુસ્તકોનો ભંડાર અમારા તરફથી પૂરો પાડવામાં આવશે. આજેજ ગ્રાહક તરિકે નામ નોંધાવો.**

એકહજાર પૃષ્ઠના ઉત્તમોત્તમ વાંચનનું વાર્ષિક લવાજમ માત્ર રૂા. ૨-૦-૦. પાકા પૂઠાના રૂા. ૩-૦-૦. આફ્રિકાને માટે અનુક્રમે રૂા. ૨-૧૦-૦ તથા રૂા. ૪-૦-૦.

મળવાનું ઠેકાણું:-

રત્નસિંહ દીપસિંહ પરમાર.

સંપાદક—**સાહિત્ય પ્રચારક મંડળ.**

હેડ ઑફિસ, નવાવાસ, દાણાપીઠ—**અમદાવાદ.**

અથવા

નારાયણલાલ ગુપ્ત.

મંત્રી—**સાહિત્ય પ્રચારક મંડળ.**

બ્રાંચ ઑફિસ—**નાવલી,**તા૦ આણંદ.

(ગુજરાત.)

બાલોપયોગી ગ્રંથમાળા.

ગ્રંથ ૧ લો.

જો તમારાં બાળકોને સુશિક્ષિત અને નીતિમાન બનાવવાં હોય તો આ ગ્રંથ જરૂર મંગાવો. આપણી ભાષામાં બાલોપયોગી ગ્રંથોની ઘણી ખોટ છે અને તે ખોટ પૂરી દેવાનો અમારો હેતુ છે. અંગ્રેજી, બંગાળી, મરાઠી વગેરે ભાષાઓમાં બાલોપયોગી પુષ્કળ ગ્રંથો છે અને તેનો લાભ તે તે ભાષા જાણનાર બાળકોને મળે છે, પરંતુ આપણાં ગુજરાતી બાળકો આ પ્રકારના ઉત્તમ બોધથી પ્રાયઃ વંચિત રહ્યાં છે. માટે અમે ખાત્રીપૂર્વક કહીએ છીએ કે આ ગ્રંથ ગુજરાતી બાળકોને આશિર્વાદ સમાન થઈ પડશે અને અમે પ્રત્યેક ગૃહસ્થને આ ગ્રંથ ખરીદવાની ભલામણ કરીએ છીએ. કિમ્મત માત્ર ૭ આના પોસ્ટેજ માફ.

અપૂર્વ ગ્રંથ! વાંચો! અને વંચાવો!! અમૂલ્ય ગ્રંથ!

જો તમારે એક મહાસમર્થ વિદ્વાનનું ચરિત્ર વાંચવું હોય, જો જો તમારે પ્રથમ પંક્તિના સ્વદેશભક્ત **લાલા લજપતરાયની** વાણીનો આસ્વાદ લેવો હોય તો

ગુરૂદત્ત વિદ્યાર્થીનું જીવનચરિત્ર

મંગાવો.

મહાત્મા ગુરૂદત્ત વિદ્યાર્થી પંજાબના એક મહાનિપુણ વિદ્વાન થઈ ગયા છે. તેમણે પોતાની અલ્પવયમાં જે અગાધ પાંડિત્ય પ્રાપ્ત કર્યું હતું, જે જુસ્સાદાર અને વિદ્વત્તા પ્રપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં હતાં, જે અખૂટ જ્ઞાનથી ભરેલા લેખો લખ્યા હતા તે જાણી, સાંભળી, વાંચીને જગત આશ્ચર્યચકિત થઈ ગયું છે. તેઓ સંસ્કૃત અને અંગ્રેજી ભાષાના સમર્થ વિદ્વાન હતા અને યૂરોપીય પંડિતોએ સંસ્કૃત ભાષા બરાબર સમજ્યા વિના આર્ય ગ્રંથોના જે ભૂલભરેલા અનુવાદ કર્યા છે તે તેમણે ઉઘાડા પાડ્યા છે. તદુપરાંત તેમણે પોતાનાં વ્યાખ્યાનોથી દયાનંદ એંગ્લોવૈદિક કૉલેજ પ્રભૃતિ સંસ્થાઓની સ્થાપનાને માટે પુષ્કળ નાણાં એકઠાં કરી આપ્યાં હતાં. તેમજ તેમના અંગત ગુણો પણ ખરેખર અનુકરણીય હતા. એમનું જીવનચરિત્ર મૂળ અંગ્રેજીમાં સુપ્રસિદ્ધ દેશભક્ત **લાલા લજપતરાયે** લખ્યું છે અને તેનો ગુર્જર અનુવાદ સુપ્રસિદ્ધ લેખક, **ચુનીલાલ વર્ધમાન શાહે** કર્યો છે. એટલા માટે આ પુસ્તક ખરેખર એક અમૂલ્ય ગ્રંથ બન્યો છે એમાં જરા પણ સંશય નથી. કિ. ૧—૪—૦ પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું—

મેનેજર સાહિત્ય પ્રચારક મંડળ.

નવાવાસ, દાણાપીઠ—**અમદાવાદ.**

અથવા

મંત્રી—સાહિત્ય પ્રચારક મંડળ.

નાવલી—આણંદ.

પ્રત્યેક ભારતવાસીનું કર્તવ્ય !

"હિંદુસ્થાનને માનવ જાતિને ઉન્નત બનાવવામાં એક મોટો ભાગ ભજવવાનો છે. એટલા માટે તે ભાગ યોગ્ય રીતે ભજવવાને સજ્જ થઇ રહેવું એ પ્રત્યેક ભારતવાસીનું કર્તવ્ય છે. એ ઉત્તમ કાર્યમાં તે ભાગ લઇ શકે એટલા માટે તેની સંપૂર્ણ શક્તિઓનો યોગ્ય વિકાસ થવાની જરૂર છે: તેનું શરીર સશક્ત અને મન સુદૃઢ હોવું જોઇએ, તે સંપૂર્ણતઃ સદ્‌ગુણી માણસ હોવો જોઇએ, તેના પોતાના ધર્મના સમસ્ત ઉત્તમોત્તમ સિદ્ધાંતોથી તે પરીચિત હોવો જોઇએ, અને તેની સાથેજ પાશ્ચાત્ય સંસ્કૃતિનાં સર્વ ઉત્તમ તત્ત્વો તે જાણતો હોવો જોઇએ. જો તે આવો નિપૂણ હશે તોજ તે પોતાની સમક્ષ આવી પડેલું કામ યોગ્ય રીતે બજાવી શકશે."

રાય બહાદુર લાલા બૈજનાથ.